# ચારાંગ સૂત્ર

મૂળ નિર્યુક્તિ અને ટીકાને આધારે ભાષાંતર.

ત્રણથી પાંચ અધ્યયન

ભાગ ૩ જો.

લેખક—

મુનિરાજ શ્રી માણેકમુનિજી.

# સનિર્યુક્તિ મૂળ આચારાંગ સૂત્રનું ટીકાના આધારે ભાષાંતર.

ભાગ [illegible] મો.

પાલણપુરના શ્રાવકોની મુખ્ય સહાયતાથી.

લેખક,

મુનિ માણેક.

પ્રસિદ્ધકર્ત્તા,

શ્રીમન્ મોહનલાલજી જૈન શ્વેતામ્બર જ્ઞાન-
ભંડાર સુરત ગોપીપુરા તરફથી

મેનેજીંગ ટ્રસ્ટી,

ચુનીલાલ ગુલાબચંદ દાળીયા.

સં. ૧૯૭૮ પ્રત ૭૦૦ સને ૧૯૨૨

આચારાંગના દરેક ભાગના મૂલ્ય બે રૂપિયા.

विशारद कवि

લેખક:—

મુનિ માણેક.

## શુદ્ધિપત્ર.

પૃષ્ટ ૧ લે અધ્યયન ૫ મું છે ત્યાં ભાગ ૫ મો વાંચવું.

જૂના ગ્રાહકોને દરેક પુસ્તક પોણી કિંમતે મળશે.

આનંદ પ્રિન્ટીંગ પ્રેસ.

ભાવનગર.

# આચારાંગ સૂત્ર.

મૂળ નિર્યુક્તિ અને ટીકાને આધારે ભાષાંતર

(ભાગ ૩ જો.)

(અધ્યયન ત્રણથી પાંચ)

લેખક—

મુનિરાજ શ્રી માણેક મુનિજી.

પ્રસિદ્ધ કર્તા—

શેઠ ગીરધલાલ ડુંગરશી, ઑ. સેક્રેટરી,

શ્રીમાન્ મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડાર

ગોપીપરા—સુરત.

આવૃત્તિ ૧ લી] વીર સં. ૨૪૪૮ [પ્રત ૭૦૦

“જૈન વિજય” પ્રિન્ટીંગ પ્રેસમાં મુલચંદ કસનદાસ કાપડિયાએ છાપ્યું.—સુરત.

મૂલ્ય ૨

# પ્રસ્તાવના.

આપણા જૈન બંધુઓમાં તથા અન્ય વિદ્વાન્ ભદ્ર મનુષ્યોમાં પ્રવચનનો ફેલાવો થાય તેવા હેતુથી, આચાર્ય ભગવંતોએ અનેક ગ્રંથો નિર્માણ કર્યા છે. અને તે પ્રસિદ્ધ પણ થયા છે. છતાં પણ સૂત્રો ઉપર ગંભીર રહસ્યવાળી ટીકાઓ છે તેનું ભાષાંતર ઘણું ઉપયોગી થાય, અને લોકોને ઘણું જાણવાનું મળે તેવા હેતુથી ભાષાંતર આ ભંડાર તરફથી પ્રસિદ્ધ થાય છે, અને જૈનપત્રમાં તેની જાહેર ખબર આવે છે. આચારાંગના ભાગ ૧લાની એટલી બધી માગણી આવી કે—છેવટે જુજ નકલો આશ્રય દાતાને આપવા માટેજ રાખવાની યોજના કરવી પડી છે. તેજ પ્રમાણે બીજા ભાગની માગણી થવાથી આ ત્રીજો ભાગ આપના કરકમલમાં અર્પણ કરવામાં આવ્યો છે. અને તેજ પ્રમાણે ભાગ ૪–૫મો પણ આપને અર્પણ થશે. કાગળ ટાઇપ પુંઠાની ખામી છે તથા અશુદ્ધિ પણ રહે છે. યોગ્ય શબ્દો ગુજરાતીમાં મળી શકતા નથી ખુલ્લો ભાવાર્થ પણ ગંભીર સૂત્રનો બધી જગ્યાએ થતો નથી તેથી કોઇ ગીતાર્થ પુરૂષ બીજી આવૃત્તિમાં સુધારો કરી આપે તો મહાન્ લાભ થાય, તેથા બનતી મદદ આપવા ગીતાર્થ પુરૂષોને ભલામણ છે. આપણામાં હજુસુધી જ્ઞાન પ્રચાર માટે શ્રાવક બંધુઓ પુરતું લક્ષ આપતા નથી તેથીજ સારા પ્રેસના મોંઘા ભાવ પોષાતા નથી અને નિર્ભય સાગર જેવું કામ બીજે થઇ શકે નહી માટે જો ચોથા–પાંચમાં ભાગમાં યોગ્ય મદદ પ્રથમથી મોકલી આપે તો પ્રુફ સોધનાર વિગેરે સારા પગાર વાળા રાખી શકાય કારણ કે મુનિરાજો વિહારમાં હોય ત્યાં બે ત્રણ વખત ફરમા જઇ શકતા નથી તેથી પ્રથમથી મદદ આપવી તે યોગ્ય ક્ષેત્રમાં કલ્પવૃક્ષનું

બીજ નાંખવા સમાન મહાન્ પુન્ય છે. એમાં શું શું વિષયો છે તથા ટીકાએ મદદ કેટલી આપી છે તે અનુક્રમે દરેકે વાંચવું જોઇએ.

(૧) ત્રીજું ચોથું પાંચમું એમ ત્રણ અધ્યયનો આ ભાગમાં છે. અને દરેકના ઉદ્દેશામાં નિર્યુક્તિકાર પોતે બતાવે છે તે અનુક્રમણીકામાં દેખાશે.

## વિષય અનુક્રમણિકા.


| પૃષ્ઠ | વિષય. |
|---|---|
| ૧–૩ | શીતોષ્ણીય નામના ત્રીજા અધ્યયનમાં ૧૯૮થી નિર્યુક્તિ છે. તેમાં ચાર ઉદ્દેશા છે તેમાં સૂચવ્યું છે કે દ્રવ્યભાવથી સુતેલા જીવો દુઃખ પામે છે ત્રીજા ઉદ્દેશામાં સાધુએ દુઃખ સહન કરવું તથા નિર્મલ સંયમ પાળવું. ચોથા ઉદ્દેશામાં કષાયોનું વમન કરવું, તથા બીજા પાપોનું છોડવું બતાવેલ છે. |
| ૪–૫ | શીત અને ઉષ્ણના નિક્ષેપાનું ખુલાસાથી વર્ણન છે. |
| ૬–૯ | સુધી વિરતિ અને મોક્ષનું સ્વરૂપ છે. |
| ૧૦–૧૨ | સુધી કષાયના નિક્ષેપા છે. |
| ૧૨–સૂત્ર | ૧૦૫ સરૂ થાય છે તેમાં સુતેલાનું દુઃખ બતાવે છે. |
| ૧૭ | જાગતાનું આલોક પરલોકનું સુખ બતાવે છે. |
| ૧૯ | આચાર્ય ઉપદેશ કરે છે કે મુનિએ સારા માઠા શબ્દ વિગેરે વિષયોમાં સમભાવ રાખવો. |
| ૨૨–૧૦૭ | સૂત્રમાં બતાવે છે કે જે સાધુ સમય દર્શી હોય તે જ્ઞાન મેળવીને ધર્મ સમજીને સંસારનો મોહ સર્વથા છોડે. |

પૃષ્ઠ  વિષય.

૨૫-સુત્ર ૧૦૮ માં મુનિ પોતે બચે અને બીજાને સંસાર ભ્રમણના દુઃખથી બચાવે.

૨૭ ચારે ગતિમાં દુઃખ છે તેમાં દેવતાનું પણ દુ;ખ બતાવેલ છે.

૨૯-સુત્ર ૧૦૯ માં કહે છે કે સ્ત્રી વિગેરેની ખાતર અનેક દુઃખ ગૃહસ્થોને સહેવાં પડે છે. માટે મુનિએ અશસ્ત્રવાળા બની આઠ કર્મ છોડવાં.

૩૨ કર્મ રહીત થવા કર્મની સત્તાનું સ્વરૂપ બતાવે છે.

૩૯-૧૧૦ માં સૂત્રમાં સાધુ ભાવ શત્રુને જીતી કર્મ રહીત બને.

૪૦ બીજો ઉદ્દેશો શરૂ છે, તેમાં સૂત્રને બદલે કાવ્ય છે તેમાં સંસારીનાં દુઃખ જોવા શિષ્યને ગુરૂ કહે છે.

૪૧ જન્મ મરણ અને ગર્ભનાં દુઃખ બતાવે છે.

૪૨ કાવ્યમાં સૂચવ્યું કે મોહનું સ્વરૂપ ઘણું ભયંકર છે તેને ચોથા કાવ્ય સુધી છોડવા બતાવ્યું છે.

૪૮-સૂત્ર ૧૧૧ માં સર્વજ્ઞ સાધુ બીજું શું મેળવે તે કહે છે.

૪૯ બધા કર્મનાં બંધ સ્થાન બતાવે છે.

૫૬ લોભીયા મનુષ્યો વધની ક્રિયા કરવા સાથે કોઇ ભવ્યાત્મા ભરત મહારાજો માફક દીક્ષા પણ લે છે, તે બતાવ્યું છે. માટે દીક્ષા લેનારે સ્ત્રી સંગની બુદ્ધિ ત્યાગવી.

૫૯ ઈંદ્રિયોને દમન કરવાનું બતાવ્યું છે. અને બીજો ઉદ્દેશો સમાપ્ત થાય છે.

૬૧ ત્રીજો ઉદ્દેશો સૂત્ર ૧૧૫ થી શરૂ થાય છે. ભાવ સંધિના ભેદ બતાવ્યા છે.

| પૃષ્ઠ. | વિષય. |
|---|---|
| ૬૪ | લજ્જા વિગેરેથી દોષ ન લગાડે તો ભાવ સાધુ કહેવાય કે નહિ ? તે બાબતમાં નિશ્ચય વહેવાર નયનો ખુલાસો. |
| ૬૬ | આહારની આવશ્યક્તા બતાવી છે. |
| ૬૯ | પોતાનું પૂર્વ ભવનું સ્વરૂપ પોતે શાથી ભૂલ્યો છે તે બતાવે છે. |
| ૭૨-૧૧૬ | સૂત્રનો બીજી રીતે કાવ્યનો અર્થ કરે છે. |
| ૭૪ | સાધુને અરતિ કે આનંદમાં સમભાવ હોય: અને આત્માને ખરો મિત્ર બતાવે છે. |
| ૭૮ | પવિત્ર આત્માનું ફળ બતાવે છે. |
| ૮૦ | પ્રમાદી સાધુ માનપૂજા માટે દોષ લગાડે છે તે બતાવે છે અને ત્રીજો ઉદ્દેશો સમાપ્ત થાય છે. |
| ૮૨ | ક્રોધ વિગેરેને વમન કરનારો સાધુ છે. |
| ૮૭ | ૧૨૨ મા સૂત્રમાં એક જાણનારો બધું જાણે છે તે બતાવે છે. |
| ૮૮ | પ્રમાદી ને બતાવે છે. |
| ૯૧ | મોક્ષ તે ભવમાં મળે કે નહિ ? તે બતાવે છે. |
| ૯૩ | સાધુને ઉત્તમ લેશ્યા ક્યાં સુધી હોય ? તે બતાવે છે. |
| ૯૮ | ત્રીજું અધ્યયન સમાપ્ત થાય છે. |
| ૧૦૦ | સમ્યકત્વ નામનું ચોથું અધ્યયન શરૂ છે, તેમાં નિર્યુક્તિકાર અધ્યયના ચારે ઉદ્દેશાનું સ્વરૂપ છે. |
| ૧૦૪ | ભાવસમ્યક્ બતાવે છે. |
| ૧૦૫ | ચારિત્રના ત્રણ બતાવે છે. |
| ૧૦૮ | દ્રવ્ય અંધો શત્રુ ન જીતી શકે તે બતાવે છે. |
| ૧૧૦ | ચારિત્રની સકામ નિર્જરા બતાવે છે. |

| પૃષ્ઠ. | વિષય. |
|---|---|
| ૧૧૨ | સૂત્ર ૧૨૬ શરૂ થાય છે. |
| ૧૧૫ | જીવોને દુઃખ ન દેવાનું બતાવે છે. |
| ૧૧૬ | ત્રણે કાળના તીર્થંકર બતાવે છે. |
| ૧૨૧ | સાધુને સંસારી વાસના ત્યાગવાથી આરંભ નથી તે બતાવે છે. પહેલો ઉદ્દેશો સમાપ્ત થયો. |
| ૧૨૩ | બીજો ઉદેશો શરૂ થાય છે. |
| ૧૨૫ | આશ્રવ અને નિર્જરાનો અનેકાન્ત વાદ બતાવે છે. |
| ૧૩૩ | મરણનો ભય બધાંને છે. |
| ૧૩૯ | બીજો ઉદ્દેશો સમાપ્ત થાય છે અને જુદા જુદા મતોનું સ્વરૂપ બતાવે છે. |
| ૧૪૩ | રોહ ગુપ્ત મંત્રી બધા ધર્મનાયકોની રાજાના કહેવાથી પરીક્ષા કરે છે. |
| ૧૪૯ | ત્રીજો ઉદ્દેશો શરૂ થાય છે, તેમાં કર્મની નિર્જરા કરવા તપ બતાવે છે. |
| ૧૫૨ | કર્મનાં ઉદયસ્થાન બતાવે છે. |
| ૧૫૭ | પ્રવચનની આજ્ઞા પાળનાર સાધુનું વર્ણન છે, તેની ભાવનાઓ બતાવે છે. |
| ૧૬૪ | ચોથો ઉદ્દેશો શરૂ થાય છે, તેમાં સંયમ બતાવે છે. |
| ૧૬૮ | અસંયમનું સ્વરૂપ છે. |
| ૧૭૦ | ભાવશ્રોતનું વર્ણન છે. |
| ૧૭૩ | તીર્થંકરોના અભિપ્રાય છે. |
| ૧૭૫ | લોકસાર નામનું પાંચમું અધ્યયન છે, અને નિર્યુક્તિમાં ઉદ્દેશાનો અધિકાર છે. |

| પૃષ્ઠ. | વિષય. |
|---|---|
| ૧૭૬ | એકલવિહારીનું પહેલા ઊદ્દેશામાં વર્ણન છે. તથા વિરતિનું સ્વરૂપ બીજામાં છે. |
| ૧૭૭ | અપરિગ્રહી મુનિ છે, તે ત્રીજા ઊદ્દેશામાં, અને ચોથામાં અગીતાર્થ એકલો ફરતાં દુઃખી થાય; તે બતાવે છે. પાંચમામાં કુંડ જેવા આચાર્ય થવું તે બતાવે છે. છઠ્ઠામાં મિથ્યાત્વ, અને રાગદ્વેષ છોડવાનું બતાવ્યું છે. |
| ૧૭૮ | લોક અને સાર શબ્દના નિક્ષેપા છે. |
| ૧૮૨ | શંકા ન રાખવાનું બતાવ્યું છે. |
| ૧૮૪ | શંકા સમાધન છે. |
| ૧૮૮ | મોક્ષમાં જનારના અધ્યવસાયો |
| ૧૯૦ | શંકા થવાનું કારણ બતાવે છે |
| ૧૯૪ | એકલવિહારના સંબંધે ચારના નિક્ષેપા છે. |
| ૧૯૯ | ચાર પ્રકારની ધીરજ રાખવી તે બતાવે છે |
| ૨૦૩ | બીજો ઉદ્દેશો છે તેમાં પરિસહો સહેવાનું બતાવે છે. |
| ૨૧૭ | પરિગ્રહ છોડનારને નિર્મળ જ્ઞાન થયાનું બતાવે છે |
| ૨૨૦ | સાધુનો સમભાવ બતાવે છે |
| ૨૨૪ | જેઓ વેષધારીને ચારિત્ર ન પાળે તે ગૃહસ્થ જેવા જાણવા તે છે |
| ૨૨૮ | ભાવારિપુને જીતવાનું બતાવે છે |
| ૨૬૨ | આઠ પ્રભાવકનું વર્ણન છે |
| ૨૩૬ | ચોથો ઊદ્દેશો છે તેમાં બંને પ્રકારે જે અવ્યક્ત છે તે બતાવે છે |
| ૨૪૧ | અગીતાર્થ એકલો કેમ પડે છે તથા તે દુઃખી થાય તે બતાવે છે |

| પૃષ્ઠ. | વિષય. |
| --- | --- |
| ૨૫૧ | ઉત્તમ સાધુનું વર્ણન છે |
| ૨૫૬ | વિષયવાસનાનું દુઃખ તથા એકાંતમાં મા-બેન સાથે પણ ન બેસવું તે બતાવે છે |
| ૨૫૯ | પાંચમો ઉદ્દેશો શરૂ થાય છે |
| ૨૬૦ | હોજ અથવા કુંડનું વર્ણન |
| ૨૬૨ | આચાર્યની આઠ સંપદા બતાવે છે |
| ૨૬૪ | શિષ્યનો અધિકાર છે કે તેણે શંકા ન કરવી |
| ૨૭૩ | સાધુને થતી શંકાઓ. |
| ૨૭૫ | તેવા સાધુનું સમાધાન તથા ઉપદેશ |
| ૨૭૭ | અન્ય દર્શનીઓનું નિરાકરણ |
| ૨૮૦ | આત્મા અને જ્ઞાનનું અભેદપણું |
| ૨૮૩ | છઠ્ઠો ઉદ્દેશો પ્રારંભ |
| ૨૮૪ | સુ સાધુને ઉપદેશ |
| ૨૮૭ | જૈનેતરના મતોનું વિવેચન |
| ૨૯૦ | નાસ્તિકનું નિરાકરણ |
| ૨૯૨ | સર્વત્ર મોહ દશા છે. |
| ૨૯૫ | સિદ્ધોનું વર્ણન |
| ૩૦૧ | લોકસાર નામનું પાંચમું અધ્યયન સમાપ્ત તથા ગ્રંથકર્ત્તા ઉપર ઉપકારકાર મુનિઓની સ્તુતિ. સૂર્યપૂર (સુરત) ને ધન્યવાદ. |
| ૩૦૨-૪ | શ્રી મોહનલાલજી જૈન શ્વેતાંબર જ્ઞાનભંડાર સંસ્કૃત ધાર્મિક પાઠશાળાની યોજના |

શેઠ ગિરધરલાલ ડુંગરશી ઓ. સેક્રેટરી.

# સાભાર ધન્યવાદ.

આચારાંગ સૂત્ર સર્વ અંગોમાં મુખ્ય છે અને જિનેશ્વરે પ્રથમ તેનો ઉપદેશ દેવાથી તેનો જેમ બને તેમ વિશેષ પ્રચાર થાય તેવા હેતુથી એની ટીકાના ભાષાંતરના ત્રણ ભાગો બહાર પડી ચુકયા છે અને ચોથો ભાગ છપાવવામાં **પાલણપુરવાળા ગાંધી કેશવલાલ અમુલખ** તથા **મહેતા ચેલાભાઇ નાથુભાઇ** મહારાજ શ્રી માણેક મુનિજીના દર્શનાર્થે આવેલા તેમણે **મહેતા પરથીરાજ મૂળચંદના સ્મરણાર્થે** તેમના કુટુંબીઓ તરફથી રૂા. ૨૫૦ ભેટ આપેલ છે અને હવે પછી પણ બનતી મદદ આપવા ઇચ્છા જણાવી છે, તે બદલ તેમને **ધન્યવાદ** આપવા સાથે દરેક ધર્માત્મા બંધુને તેવી મદદ આપવા પ્રાર્થના કરિયે છિયે.

ચુનીલાલ ગુલાબચંદ દાળીયા.
મેનેજીંગ ટ્રસ્ટી,
શ્રી મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડાર તથા સંસ્કૃત પાઠશાળા.

મુ. સુરત
ગોપીપુરા
તા. ૧૧–૨–૨૨

# આ ભાગમાં મળેલી મદદ.

૧૦૦) ઝવેરી મગનભાઇ મીસ્ટરે અગાઉથી ગ્રાહક થઇ મદદ આપી છે.
 ૫૦) ઝવેરી ઝવેરભાઇ નગીનચંદ
 ૨૫) બ્યાવરવાલા શેઠ જુહારમલ સહસમલ
 ૫૧) પાનાભાઇ ગુલાબચંદ મહાજીએ
 ૫૧) ઝવેરી નગીનદાસ લલ્લુભાઇના સ્મરણાર્થે તથા એક બાઇ તરફથી ઝવેરી ડાહ્યાભાઇ નગીનદાસ
 ૧૦) કેશવલાલ મંગળજીભાઇ હ. ગાંધી કેશવલાલ અમુલખ
૧૦૦) સો રૂપીયા બીજા ભાગમાં લખેલા તે ફતેચંદભાઇના હમણાં આવી ગયેલા છે.

આ રૂપીઆ સિવાય વેચાણ પુસ્તકની જે રકમ આવી તે દશવૈકાલીક બીજા ભાગમાં ખૂટતાં ઉમેરી છે. માટે ચોથા ભાગમાં અગાઉથી મદદ મોકલવા સર્વે બંધુઓને પ્રાર્થના છે.

## બુકસેલરોને વિજ્ઞપ્તિ.

ડાક વ્યય વધી જવાથી ખર્ચનો બોજો વધે છે અને આ ભંડારને નફાની કે સંગ્રહ કરવાની અભિલાષા નથી માટે અગાઉથી ગ્રાહક થતાં યોગ્ય કમિશન મળે છે માટે જૈન વિજય પ્રેસના મેનેજરને સુરત લખી પૂછવું.

# શુદ્ધિ પત્ર.

| પ્રષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬ | ૧૦ | भवंति | भवे |
| ૭ | ૭ | उज्ज | उज्जु |
| ૯ | ૬ | ર ત | રહિત |
| ૧૫ | ૧૧ | અસંખેય | સંખ્યેય |
| ૨૪ | ૧૨ | ફુટિલ | કુટિલ |
| ૨૮ | ૬ | भंगो | भंगौ |
| ૨૯ | ૮ | જીવોને | જીવોને શરીર |
| ૩૦ | ૧૫ | વક | વક |
| ૩૨ | ૧૭ | ન વાળો | જ્ઞાન વાળો |
| ૪૮ | ૧૯ | ળો | વાળો |
| ૫૩ | ૮ | સં ન | સંસ્થાન |
| ૫૫ | ૬ | છે— | છે તેમાં ધૈર્ય રાખીને કુમાર્ગ ત્યાગ |
| ૫૭ | ૩ | नंदि | नंदिं |
| | ૧૪ | सयम | संयम |
| ૬૦ | ૫ | લોભ | લોભના કારણે હિંસાથી |
| | ૬ | અથ | અથવા |
| | ૧૪ | ઇંદ્રિયોને | તથા મનને |

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૨ | ૫ | ચોર | ચારક |
| ૬૬ | ૧ | कंचण | कंचणं |
| ૬૭ | ૪ | ન લે | લે |
| | ૧૨ | પ્રાણે | પ્રાણો |
| | ૧૪ | જાણવું | જાણવું કે |
| ૬૯ | ૫ | દ્વષ | દ્વેષ |
| ૭૧ | ૪ | લિબ્ય | વિબ્ય |
| | ૧૧ | ની | ની પણ |
| ૭૫ | ૮ | અરતિ | અરતિ પ્રાયે |
| ૭૬ | ૩ | વૃત્ત ગાત્રસુ | સંવૃત ગાત્રસુ |
| ૮૨ | ૧૬ | થા | થીજ |
| | ૨૨ | कोह | कोहं |
| ૮૩ | ૨૦ | શલ | શૈલ |
| ૮૫ | ૫ | અ'હા | આ મહા |
| | ૧૮ | ને | ના |
| ૮૮ | ૨ | चात्रि | चात्रि; |
| | ૨ | दव्व | दव्वं |
| ૮૯ | ૨૦ | અવય | અદ્યય |
| ૯૩ | ૧૦ | अमुरिंह | असुरिंद |
| ૯૬ | ૧૯ | વદ | વેદ |
| ૯૭ | ૫ | નથી | છે |
| ૯૮ | ૧૧ | જ્ઞાનને | જ્ઞાનને‌ા |

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૯૮ | ૧૯ | બુદ્ધિ | બુદ્ધિના |
| ૧૦૧ | ૨૧ | નાં | ની |
| ૧૦૩ | ૧૮ | પ્રત્યુંક | પ્રયુક્ત |
| ૧૦૫ | ૬ | ઉશમ | ઉપશમ |
| ૧૦૬ | ૧૬ | ધ્યાન | ધ્યાય |
| ૧૧૩ | ૧૧ | વ | વા |
| ૧૧૪ | ૨ | કહે કહે | કહે |
| | ૭ | પૂજા | વળી તેઓ કોણ છે ? પૂજા |
| | ૧૯ | ચાં | પાં |
| ૧૨૩ | ૬ | જ્ઞા | જ્ઞાન |
| | ૧૩ | સંવર | બંધ |
| | ૧૪ | વુંતેનું | વો અને મોક્ષ-કારણ નિર્જરા તે લેવાથી સં-વર તેનું |
| ૧૨૪ | ૩ | કર્મ | કર્મ દૂર |
| ૧૨૯ | ૧૬ | નિદા | નિંદા |
| | ૧૬ | બ | બં |
| ૧૩૩ | ૧૪ | યમ | યણ |
| ૧૪૦ | ૭ | જાણ | મેળવ |
| ૧૫૯ | ૧૪ | ગ | મ |

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૭૨ | ૬ | નિષ્કર્મ | મોક્ષઅથવા સંવરતેને દેખ-નાર તે નિષ્કર્મ |
| ૧૮૦ | ૧૧ | મળે | સંસારી ફળ મળે |
| ૨૩૦ | ૧૧ | મુનિ | મુનિન |
| ૨૩૪ | ૨ | છે | છે તે પાપકર્મ વર્જન છે, અને જે પાપકર્મ વર્જન છે, તેજ સમ્યગ પ્રજ્ઞાન છે |
| ૨૪૩ | ૯ | जा | ज्ञा |
| ૨૪૪ | ૨૧ | णि | नि |
| ૨૪૯ | ૧૪ | તમ | તેમ |
| ૨૫૮ | ૧૩ | અર્થાત્ | આથી |
| ૨૬૦ | ૧૧ | છં | તે |
| ૨૬૨ | ૧૫ | ક | ક વીગેરે |
| ૨૭૨ | ૧૫ | ને | ને દેહ રખા |
| ૨૭૪ | ૧૫ | ચ | ય |
| ૨૭૫ | ૯ | ગુ | ગૂ |
| ૨૭૮ | ૧૩ | હણુ | હણુા |
| ૨૮૧ | ૧૩ | વ્ય | ત્વ |
| ૨૮૨ | ૧૬ | દ્રિ | દ્ર |
| ૨૮૫ | ૩ | થી | થીતત્ |
| ૨૮૮ | ૭ | દુ:ખ દે | દેખ |

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| | ૧૨ | ઊત્કંઠા | ઉત્કંઠા તથા ભોગવવા |
| ૨૯૧ | ૪ | વડે જાણે | જાણે |
| | ૭ | મન | મનન |
| ૨૯૬ | ૧૫ | તે અધ્યયન (ભણવાનું ભણાવવાનું ) | તે દર્શન |
| ૨૯૭ | ૧૨ | કલંક | કલંકના અંક |
| | ૨૧ | અભ્યાસી | અભ્યાસી (રહેનારો ) |
| ૨૯૮ | ૭ | મૃદુ | મૃદુ લઘુ |
| | ૯ | ઉષ્ણ | કાઉ |
| ૨૯૯ | ૧૧ | શાસ્ત્ર | શાસન |
| ૩૦૧ | ૧૫ | सारव्य | सौख्य |



શેઠ લખમાજી જીવણજીના પૌત્ર—
શેઠ દલીચંદ વીરચંદ, નવાપુરા-સુરત.

જૈન 'વિજય' પ્રેસ-સુરત.

ॐ नमो वीतरागाय

# આચારાંગ સૂત્ર.

( મૂળ નિર્યુક્તિ અને ટીકાને આધારે ભાષાંતર
શીતોષ્ણીય નામનું ત્રીજું અધ્યયન. )

## ભાગ ૩ જો.

બીજું અધ્યયન કહ્યું. હવે, ત્રીજું કહે છે. તેનો આ પ્રમાણે સંબંધ છેઃ—પૂર્વે શસ્ત્ર-પરિજ્ઞા નામના પહેલા અધ્યયનમાં આ અધ્યયનનો અર્થાધિકાર કહ્યો છે. કે, શીત, અને ગરમીનો અનુકુળ કે, પ્રતિકુળ ( સુખ-દુઃખ ) પરિષહ આવે; તો, સમભાવે સહન કરવો. તે હવે કહે છેઃ—

અધ્યયયનો સંબંધ શસ્ત્રપરિજ્ઞામાં કહેલ મહાવ્રતને ધારણ કરેલા; અને, લોકવિજય નામના અધ્યયનમાં બતાવેલ સંયમ પાળનારા, તથા કષાય વિગેરેને જીતનારા મોક્ષાભિલાષી સાધુને કોઈ વખતે અનુકુળ કે પ્રતિકુળ પરિષહ આવે છે, તે વખતે મન નિર્મળ રાખીને તેને સમભાવે સહન કરવા. એ પ્રમાણે, સંબંધથી આ ત્રીજું અધ્યયન બતાવ્યું છે. એના ઉપક્રમ વિગેરે ચાર અનુયોગદ્વાર

થાય છે. તેમાં, ઉપક્રમમાં અર્થાધિકાર બે પ્રકારે છે, તેમાં અધ્યયનનો અર્થાધિકાર પૂર્વે કહ્યો છે. અને ઉદ્દેશાનો અર્થાધિકારને હવે, નિર્યુક્તિકાર બતાવે છે.

**पढमे सुत्ता अस्संजयत्ति,१ बिइए दुहं अणुहवंति२**
**तइए न हु दुक्खेणं, अकरण याए व समणुत्ति३ ॥**
**नि. गा. १९८**

**उद्देसंमि चउत्थे, अहिगारो उ वमणं कसायाणं ।**
**पाव विरईओ विउणो, उ संजमो एत्थ मुक्खुत्ति४॥**
**नि. गा. १९९**

(૧) પહેલા ઉદ્દેશામાં કહ્યું છે કેઃ—જે ભાવનિદ્રામાં સુતા છે, તે સારા વિવેકથીરહિત છે.

પ્રશ્નઃ—તે કયા છે?

ઉત્તરઃ—જે ગૃહસ્થો છે તે.

તે ભાવથી સુતેલાઓના દોષો કહે છે, તથા જે ભાવથી જાગતા છે, તેના ગુણોને બતાવે છે. તે સૂત્ર 'जरामच्चु' વિગેરે.

(૨) બીજા ઉદ્દેશામાં જે ગૃહસ્થો ભાવનિદ્રામાં સુતેલા છે, તેમને થતાં દુઃખો બતાવે છે. તે 'સૂત્ર कामेसुगिद्धा'

ત્રીજામાં કહ્યું છે કેઃ—ફક્ત દુઃખ સહન કરવાથીજ સાધુ ન કહેવાય; પણ જો, સંયમઅનુષ્ઠાન કરે; તો તે સાધુ છે. નહીં તો, તે સાધુ નહીં. તે સૂત્ર કહે છે. ' सहिए दुक्ख '

ચોથા ઉદ્દેશામાં કષાયોનું વમન કરવું. એટલે ન કરવા; અને બાકીનાં પાપો છોડવાં. તે પંડિત સાધુનું સંયમ છે, અને પ્રથમ ક્રોધથી લઇને લોભ સુધી કષાયો દુર થવાથી ક્ષપક શ્રેણિના ક્રમથી કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને અઘાતિ-કર્મ દુર થવાથી આઠે કર્મોનો નાશ થતાં મોક્ષ થાય છે, તે બે ગાથામાં બતાવ્યું છે. નામનિષ્પન્ન નિક્ષેપામાં શીતોષ્ણીય અધ્યયન છે માટે, શીત અને ઉષ્ણ બંનેના નિક્ષેપા કહે છેઃ—

**नामं ठवणा सीयं, दव्वे भावे य होइ नायव्वं ।**
**एमेव य उण्हस्सवि, चउव्विहो होइ निक्खेवो ॥**
**नि. गा. २००**

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારે નિક્ષેપા છે. તેમાં નામ સ્થાપના સુગમને છોડી દ્રવ્ય નિક્ષેપો શીત અને ઉષ્ણનો કહે છે.

**दव्वे सीयल दव्वं, दव्वुण्हं चेव, उण्हदव्वं तु ।**
**भावे उ पुग्गल गुणो, जीवस्स गुणो अणेगविहो ॥**
**नि. गा. २०१**

જ્ઞ શરીર ભવ્ય શરીર છોડી વ્યતિરિકતમાં ગુણ ગુણીના અભેદ પણાથી દ્રવ્ય શીત ઠંડા ગુણથી યુક્ત દ્રવ્ય, અથવા શીતનું કારણ જે દ્રવ્ય તે દ્રવ્યના પ્રધાનપણાથી તે શીત દ્રવ્ય છે. તે બરફ હિમ કરા વિગેરે છે, એજ પ્રમાણે ઉષ્ણમાં ગરમ પદાર્થ લેવા.

ભાવથી બે પ્રકારે છે એટલે પુદ્ગલાશ્રયી, તથા જીવાશ્રયી છે. તે ગાથાના બે પદમાં બતાવેલ છે, તેમાં પુદ્ગલાશ્રયી ઠંડો ગુણ ગુણના પ્રધાનપણાને બતાવવા રૂપે છે, તેમ ભાવ ઉષ્ણમાં પણ જાણવું. જીવને આશ્રયી શીત અને ઉષ્ણ રૂપવાળો અનેક પ્રકારે ગુણ છે. જેમકે ઔદયિક વિગેરે ૭ ભાવો છે. તેમાં ઔદયિક તે કર્મના ઉદયથી પ્રગટ થયેલ નારકી વિગેરે જીવોને ભવના આશ્રયી પોતાની મેળે કષાય થાય છે તે ઉષ્ણ ભાવ જાણવો. અને ઔપશમિક તે સાત પ્રકૃતિના ઉપશમથી ઉપશમ સમ્યક્ત્વ તથા વિરતિ ( ચારિત્ર ) રૂપ ઠંડો ભાવ છે. તથા ક્ષાયિક ભાવ પણ ઠંડો છે. કારણ કે તે ક્ષાયિક સમ્યક્ત્વ તથા ચારિત્ર રૂપવાલો છે.

અથવા બધા કર્મનો દાહ તે ( ક્ષાયિકભાવ ) સિવાય ઉત્પન્ન થતો નથી. માટે તે ઉષ્ણ છે. તેજ પ્રમાણે વિવક્ષાથી બીજા પણ બે પ્રકારે થાય છે ( આમાં બે ભાવ આવ્યા. બાકીનામાં પણ તેજ પ્રમાણે જાણવું )

જીવના આ ભવગુણનું શીતપણું અને ઉષ્ણપણાના રૂપનું વર્ણન નિર્યુક્તિકાર ખુલાસાથી પોતેજ કહે છે.

**सीयं परीसह पमायु, वसम विरई सुहं चउण्हंतु ।**
**परीसह तवुज्जमकसाय, सोगा हि वेयारई दुक्खं ॥**
**दारं ॥ नि. गा. २०२**

ભાવશીત, તે અહીં જીવના પરિણામ રૂપે ગૃહણ કરે છે તે આ પરિણામ છે, કે સંયમ માર્ગમાંથી ન પડતાં સાધુએ સકામ નિર્જરામાટે પરિષહો સમભાવે સહન કરવા, તથા કાર્યમાં શિથીલતા એટલે ' વિહારમાં પ્રમાદ ' ન કરવો તથા મોહનીય કર્મને શાંત કરવું તે સમ્યકૃત્વ. દેશવિરતિ તથા સર્વ વિરતિ લક્ષણવાળો છે અથવા ઉપશમ શ્રેણિ આશ્રયી છે. તે અથવા ક્ષપક શ્રેણી આશ્રયી કષાય વિગેરેના ક્ષય રૂપ છે.

## વિરતિ.

પ્રાણાતિપાત વિગેરેથી દુર રહેવું તે વિરતિ છે. એટલે, તે સત્તર પ્રકારનો સંયમ છે, તથા સુખ એટલે, પૂર્વના પુન્યના ઊદયથી ભોગવવું તે છે. આ પરિષહ વિગેરે તથા, શીત ગરમી બન્નેને ગાથાના બે પદમાં કહે છેઃ—

પરિષહ પૂર્વે કહેલા સ્વરૂપવાળા છે; અને તપમાં ઊદ્યમ કરવો; તે તપ બાર પ્રકારનું છે, તે શક્તિ પ્રમાણે આચરવું; તથા, ક્રોધ વિગેરે કષાયો છે, તથા ઈષ્ટ ન મળે; અથવા નાશ થાય, તેથી શોક થાય; તે આધિ છે, તથા સ્ત્રી, પુરૂષ, નપુંસક, એમ ત્રણ વેદ છે. અરતિ એટલે, મોહના વિપાકથી ચિત્તમાં મલિનતા થાય તે છે, તથા રોગ વિગેરે દુઃખો છે. આ પરિષહ વિગેરે પીડાકારક હોવાથી આત્મા તપે તેથી ઊષ્ણ છે. આ પ્રમાણે ટુંકાણમાં ગાથાનો અર્થ છે, અને એનું વિશેષ વર્ણન નિર્યુક્તિકાર પોતે

કહે છેઃ-પરિષહ, શીત અને ઊષ્ણુતાના કહ્યા; તેમાં મંદબુદ્ધિવાળાને વિચાર વિના શંકા થાય. કે, ઊલટું સમજાય; તેથી ખુલાસો કરે છે.

**इत्थी सक्कार परीसहो, य दो भाव सीयला एए।**
**सेसा वीसं उण्हा, परीसहा हुंति नायव्वा ॥ २०३**

સ્ત્રી-પરિષહ, અને સત્કાર-પરિષહ, એ બન્ને શીત છે, કારણકે, ભાવ મનને તે ગમે છે, બાકીના વીશ પરિષહ પ્રતિકુળ હોવાથી તે મનને ગમતા નથી; માટે ઊષ્ણુ છે. અથવા, પરિષહોનું શીત-ઊષ્ણુપણું બીજી રીતે કહે છેઃ—

**जे तिव्व प्परिणामा, परीसहा ते भवंति उण्हाउ।**
**जे मंदप्परिणामा, परीसहा ते भवंति सीया ॥**
**नि. गा, २०४ दारं ॥**

દુઃખેકરીને સહન થાય; તેવા તીવ્ર સ્વભાવવાળા ગરમ પરિષહ જાણુવા; અને જે મંદપરિણુામવાળા ( સહેલાઇથી સહન થાય; ) તે શીતપરિષહ છે, તેનો ખુલાસો કરે છે કે, જે શરીરમાં દુઃખ ઉત્પન્ન કરનારા થાય; અને સહેલાઇથી સહન ન થાય; તથા, મનમાં ખેદ કરાવે; તે તીવ્ર પરિણુામવાળા હોવાથી ઊષ્ણુ છે, અને જે પરિષહ ફક્ત શરીરને દુઃખ ઉત્પન્ન કરે છે, પણ બળવાન પુરૂષને મનનું દુઃખ તેમાં થતું ન હોય; તે ભાવથી મંદપરિણુામવાળા હોવાથી તે શીત-પરિષહ છે.

અથવા જે ઘણા જોરમાં પરિષહ આવે તે ઉષ્ણ છે, અને જે શરીર ઉપર થોડી અસર કરે; તે શીત–પરિષહ જાણવા.

હવે, પરિષહ પછી સાથેજ શીતપણે જે પ્રમાદપદ લીધું છે, અને તપશ્ચર્યામાં ઉદ્યમ કરવો; તે ઉષ્ણપણે લીધું છે. તે બન્નેને નીચલી ગાથામાં કહે છેઃ—

**धंमंमि जो पमायइ, अत्थेवा सीअलुत्ति तं बिंति ।**
**उज्जतं पुण अन्नं, तत्तोउण्हंति णं बिंति ॥ नि. गा. २०५ ॥ दारं ॥**

ધર્મ તે શ્રમણ ધર્મમાં જે સાધુ પ્રમાદ કરે, પોતાની ક્રીયા ન કરે. અથવા જેનાથી અર્થ સધાય તે ધન ધાન્ય, સોનું વિગેરે મેળવવા ઉપાય કરે, તેવાને શીત ( ઠંડા ) પરિષહ કહે છે, પણ જે સાધુ પ્રમાદ ન કરે અને સંયમમાં ઉદ્યમ કરે તે ઉષ્ણ પરિષહ કહેવાય છે. ( સૂત્રમાં णं શોભા માટે છે ) હવે ઉપશમ પદની વ્યાખ્યા કરે છે.

**सीई भुओ परिनिव्वुओ, य संतो तहेव पण्हाणो (ल्हाओ) ।**
**होउ वसंत कसाओ, तेणु वसंतो भवे जीवो ॥ नि. गा. २०६ दारं**

ઉપશમ ગુણ ક્રોધ વિગેરેના ઉદયના અભાવમાં હોય છે, અને તે કષાય અગ્નિ ઠંડા થવાથી આત્મા ઠંડા થાય

છે, તથા ક્રોધ વિગેરે અગ્નીની જ્વાળા બુઝે ત્યારે તે પરિનિર્વૃત થાય છે, અને રાગદ્વેષ રૂપ અગ્નીના ઉપશમથી ઉપશાંત છે તથા ક્રોધાદિ પરિતાપ દુર થવાથી આત્મા આનંદિત થાય છે અને તેજ સુખી છે કારણ કે જેને કષાયો શાંત છે તેજ સુખી છે. અને તેથીજ ઉપશાંત કષાયવાળો આત્મા શીત થાય છે. આ બધાં પદો એક અર્થવાળાં છે. એટલે (૧) શીતીભૂત (૨) પરિનિર્વૃત (૩) શાંત (૪) પ્રલ્હાદ. આ ઉપશાંત કષાય કહેવાય છે ( આ પદોનો અર્થ ક્રોધાદિને શાંત કરવાનો છે .)

હવે વિરતિપદ કહે છે.

**अभय करो जीवाणं सीयधरो संजमो भवइ सीओ।**
**अस्संजमो य उण्हो, एसो अन्नऽवि पज्जाओ ॥ नि.**
**गा. २०७ दारं,**

જીવોને અભય કરવાનો આચાર તે શીત ( સુખ ) છે. તેનું ઘર છે, તે, પ્ર. કયું ? ઉત્તર. સત્તર પ્રકારનો સંયમ પાળવો તે શીત છે, કારણકે; તેમાં, બધાં દુઃખનો હેતુ જે રાગદ્વેષ વગેરેનાં જોડલાં છે, તે વિરતિમાં દુર થાય છે. એથી, ઉલટો અસંયમ તે ઉષ્ણ છે.

આ શીત અને ઉષ્ણ લક્ષણરૂપ-સંયમ, અસંયમનો બીજો પર્યાય. સુખદુઃખરૂપ છે. તે વિવક્ષાના કારણથી થાય છે. તેથી હવે, સુખપદનું વિવરણ કરે છે.

**निव्वाण सुहं सायं सीइं भूयं पयं अणाबाहं ।**
**इहमवि जं किंचि, सुहं तं सीयं दुक्खमवि उण्हं ॥**
**नि. गा. २०८**

## મોક્ષસુખનું સ્વરૂપ.

અહીંયાં સુખને શીત કહ્યું છે, અને તે રાગ દ્વેષ વિગેરેનાં બધાં જોડકાં દૂર થવાથી ઘણુંજ અને એકાંત બાધારહિત લક્ષણવાળું નિરૂપાધિક પરમાર્થ ચિંતામાં વિચારતાં મુક્તિનું સુખ તેજ સાચું સુખ છે, પણ બીજું નથી. અને તે સુખ આઠે કર્મનો તાપ દૂર થવાથી શીત છે. તે નિર્વાણ સુખ બતાવે છે, અને નિર્વાણ તે બધા કર્મનો ક્ષય જાણવો, અથવા વિશિષ્ટ આકાશ પ્રદેશવાળું સ્થાન ( સિદ્ધિસ્થાન ) તેમાં ( જીવ નિશ્ચલ પણે ) રહેવાથી નિર્વાણ સુખ છે. અને આ બધાં પદો એક અર્થવાળાં છે. એટલે સાતા શીતીભુત, અનાબાધપદ એ ત્રણેનો અર્થ નિર્વાણ સુખ છે. અને આ સંસારમાં પણ સાતાવેદનીયના વિપાકથી ઉદયમાં આવેલું સુખ તે મનને આનંદ આપવાથી શીત છે. અને તેથી ઉલટું પાપથી ઉદયમાં આવેલું દુઃખ તે ઉષ્ણ છે.

### હવે કષાય વિગેરે પદો કહે છે.

**डज्झइ तिव्वकसाओ सोगाभिभूओ उइण्णवे ओय ।**
**उण्हयरो होय तवो, कषाय माईवि 'जं'डहइ ॥**
**नि. गा. २०९**

તીવ્ર એટલે ઘણા પ્રમાણમાં વિપાક ઉદયમાં આવતાં કષાયો જેને ઉદયમાં આવ્યા હોય તે બળે છે. આ કષાય અગ્નિ વાળોજીવ ફકત બળે છે, એટલુંજ નહીં પણ શોક એટલે વ્હાલાંના વિયોગથી ઉત્પન્ન થએલ શોકથી મૂઢ બનીને શુભ વ્યાપાર ( ધર્મ ) ને જે ભુલે, તે પણ બળે છે. તથા જેને સંસારી સુખ ભોગવવાની ઇચ્છા થઇ હોય, તેવો પણ બળે છે કારણ કે પુરૂષવેદવાળો સ્રીને ઇચ્છે છે. અને સ્રી પણ પુરૂષને ઇચ્છે છે, અને નપુંસક તો બંનેને ઇચ્છે છે તેની પ્રાપ્તિ ન થાય તો આકાંક્ષા પુરી ન થવાથી તે અરતિ દાહે બળે છે, અને ( ચ ) શબ્દથી (શબ્દ વિગેરે પાંચ ઇંદ્રિયના વિષયોની) ઇચ્છા અને કામની પ્રાપ્તી ન થાય તોપણ જીવ અરતિના દાહે બળે છે, તેથી આ પ્રમાણે કષાયો શોક અને વેદનો ઉદય એ ત્રણે જીવને બાળનાર હોવાથી તે ઉષ્ણ છે. અથવા બધું મોહનીય કર્મ, અથવા આઠે પ્રકારનું કર્મ ઉષ્ણ છે આથી પણ વધારે દાહકપણા વાળું તપ છે તે અડધી ગાથામાં બતાવ્યું છે, કારણ કે ઉષ્ણ કષાયને પણ તપ તપાવે છે. માટે તે તપ ઉષ્ણતર છે. મૂળ ગાથામાં કષાય જોડે આદિ શબ્દ છે. તેથી એમ જાણવું કે તપ કષાયને બાળે; તેમ શોક અને વેદ ઉદયને પણ બાળે છે. આ પ્રમાણે અનેક રીતે શીત ઉષ્ણ બતાવી જે અભિપ્રાયવડે આચાર્યે દ્રવ્યભાવથી ભેદવાળા પરિષહ પ્રમાદ ઉદ્યમ વિગેરે રૂપવાળા શીત ઉષ્ણ

બતાવેલ છે, તે આચાર્યના અભિપ્રાયને હવે પ્રગટ કરે છે.

**सी उण्ह फाससुह दुह परीसह कसाय वेय सोय सहो ।**
**हुज्जसमणो सया उज्जुओ, य तव संजमो वसमे ॥**
**नि. गा. २१०**

શીત અને ઉષ્ણ એ બન્નેનો જે સ્પર્શ છે, તેને સહન કરે; એટલે, શીતસ્પર્શ અને ઉષ્ણસ્પર્શ શરીરે ( અધિકપણામાં ) લાગવાથી જીવવેદનાને અનુભવતો હોય; છતાં આર્તધ્યાન ન કરે; એટલે, શરીર અને મનને અનુકુળ થતાં સુખ અને વિપરિત થતાં દુઃખ અનુભવે; તથા પરિષહ કષાયવેદ તથા શોક જે ઠંડી તથા ગરમીથી ઉત્પન્ન થાય તે બધાંને સહે છે. આ પ્રમાણે ઠંડ અને ઉષ્ણ વિગેરે સહીને સાધુ હંમેશાં તપ અને સંયમના ઉપશમમાં ઉદ્યમવાળો થાય, ( અર્થાત્ ગૃહસ્થ ઊનાળામાં કે, શિયાળામાં જીવોને દુઃખરૂપી–પાણી છાંટવાનું કે, અગ્નિ બાળવાનું પાપ કરે છે. તથા હાયપીટ કરે છે, અથવા, બગીચા વિગેરેમાં જઇ વનસ્પતિને દુઃખ આપી પોતે સુખ માની અહંકાર કરે છે તેવું સાધુએ ન કરવું; પણ સુખદુઃખને સમભાવે સહન કરીને સમાધિમાં રહેવું. ) હવે, સમાપ્ત કરતાં એ ઠંડ તાપને ઘણા પ્રમાણમાં સહેવાં તે બતાવે છે.

**सीयाणि य उण्हाणि य, भिक्खुणं हुंति विसहियव्वाइं ।**
**कामा न सेवियव्वा, सीओसणिज्जस्स निज्जुत्ती ॥**
**नि. गा. २११**

પરિષહ-પ્રમાદ ઉપશમ-વિરતિ સુખરૂપ જે પદો પૂર્વે ઠંડપણે બતાવ્યાં; તથા પરિષહતપ ઉદ્યમ-કષાય શોકવેદ અરતિરૂપ પૂર્વે ઉષ્ણરૂપે બતાવ્યાં છે. તે બધાંને મોક્ષાભિલાષી સાધુએ સહેવાં; પણ, તે સુખનો હર્ષ, અને દુઃખનો શોક ન કરવો; તે પરિષહોને સમ્યક્ દૃષ્ટિ જીવ જો કામની અભિલાષા દૂર કરે; તો, તેનાથી સહન થાય છે, માટે, નિર્યુક્તિકાર કહે છે કેઃ—ગમેતેવા પરિષહ ઠંડ કે, ઉષ્ણતાના આવે; તોપણ, તે કામો ( ખોટી ઇચ્છાઓ ) માં ચિત્ત ન રાખવું તથા કુમાર્ગે ન જવું.

આ પ્રમાણે, ત્રીજા અધ્યયનનો નામનિષ્પન્ન નિક્ષેપો કહ્યો. હવે, સૂત્ર અનુગમમાં અસ્ખલિત વિગેરે ગુણવાળું નિર્દોષ વચન કહેવું તે આ છેઃ—

**सुत्ता अमुणी सया मुणिणो जागरंति सूत्र. १०९**

પૂર્વ સૂત્ર સાથે એનો સંબંધ બતાવે છે, દુઃખોના આવર્ત્ત ( ચક્રાવા ) માં જે ભમે તે દુઃખી છે, એટલે આ લોકમાં જેઓ ભાવ નિદ્રામાં અજ્ઞાની જીવો સુતા છે, તે દુઃખોના ચક્રાવામાં ભમવાથી દુઃખી છે. કહ્યું છે કેઃ—

**नातः परमहं मन्ये, जगतो दुःख कारणम् ।**
**यथाऽज्ञान महारोगो, दुरन्तः सर्व देहिनाम् ॥१॥"**

આ જગતમાં જે અજ્ઞાન રૂપી મહારોગ સર્વે જીવોને દુઃખે કરીને દૂર થાય તેવો અસાધ્ય છે, તેનાથી બીજું દુઃખનું કારણ હું માનતો નથી, વિગેરે છે. અહિંઆં સુતેલા બે પ્રકારના છે, દ્રવ્યથી અને ભાવથી તેમાં નિદ્રા પ્રમાદવાળા દ્રવ્યથી સુતા છે, અને મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપ મહાનિદ્રાથી મૂઢ બનેલા જેઓ મિથ્યા દૃષ્ટિ ( મોક્ષ માર્ગથી વિમુખ ) અમુનિ છે. તેઓ નિરંતર ભાવથી સુતેલા જાણવા, કારણ કે તેઓ ( સર્વ જીવોને અભય દાન આપવા રૂપ ) સમ્યકજ્ઞાન તથા ચારિત્રની ક્રિયાથી રહિત છે. પણ નિદ્રામાં પડેલાનું આ પ્રમાણે સમજવું કે વખતે મિથ્યા દૃષ્ટિ હોય અને સમ્યકદૃષ્ટિ પણ હોય, આ અમુનિ માટે બતાવ્યું. હવે મુનિઓનું વર્ણન કરે છે. તેઓ હંમેશાં સુબોધથી યુક્ત અને મોક્ષમાર્ગથી ચલાયમાન થતા નથી પણ નિરંતર હિતને મેળવવા અહિતને છોડવા. સંયમ પાળવા પ્રયાસ કરે તેથી તેઓ જાગતા છે અને શરીરની સ્વભાવિક અશક્તિથી દ્રવ્ય નિદ્રામાં તેઓ હોય (સુવે) તો પણ રાતના નવથી ત્રણ વાગ્યા સુધી શાસ્ત્રમાં બતાવેલી વિધિએ સુવાથી તથા અલ્પ નિદ્રાથી તેઓ જાગતાજ છે, આજ ભાવ સ્વાપ ( સુવું ) તથા જાગરણ કરવું તે સંબંધી નિર્યુક્તિકાર ગાથા કહે છે:—

**सुत्ता अमुणिओ सया मुणि ओ सुत्ता वि जागरा हुंति ।**
**धम्मं पडुच्च एवं निद्दा सुत्तेण भइयव्वं ॥ नि. गा. २१२**

દ્રવ્યથી અને ભાવથી બન્ને પ્રકારે સુતા છે, તેમાં નિદ્રાથી સુતેલાનું વર્ણન પછી કહેશે. અને ભાવથી સુતેલાનું પહેલાં કહે છે. જેઓ અમુનિ ( ગૃહસ્થો ) મિથ્યાત્વથી તથા અજ્ઞાનથી ઘેરાઈને હિંસા વિગેરે પાંચ આસ્રવ દ્વારમાં સદા વર્તે છે, તેઓ ભાવથી સુતેલા છે. અને મુનિઓને મિથ્યાત્વ અજ્ઞાનરૂપ નિદ્રા દૂર થવાથી સમ્યકત્વ વિગેરેનો બોધ પામીને ભાવથી તેઓ જાગતા છે.

જો કે, આચાર્યની આજ્ઞા લઈને, મુનિઓ નવથી ત્રણ સુધી રાત્રના બીજા ત્રીજા પહોરે દીર્ઘસંયમ માટે, શરીર આધારરૂપ હોવાથી સુવે; તોપણ તેઓ સદાએ જાગતાજ છે. આ પ્રમાણે, ધર્મને આશ્રયીને સુતા અને જાગતા બતાવ્યા. હવે, દ્રવ્યનિદ્રામાં સુતેલામાં ભજના જાણવી; એટલે, તેમનામાં ધર્મ હોય અથવા ન પણ હોય.

એટલે જો, ભાવથી જાગે; અને નિદ્રાથી આંખો ઘેરાવાથી સુવે; તોપણ, તેને ધર્મ છે, અને ભાવથી જાગતો હોય; પણ, નિદ્રા અને પ્રમાદમાં તેનું ધ્યાન હોય તો, તેને ન પણ હોય; પણ જે દ્રવ્યભાવ બન્નેમાં સુતા છે, તેને ન હોય; એમ ભજનાનો અર્થ છે.

પ્રશ્નઃ—દ્રવ્યથી સુતેલાને ધર્મ કેમ ન હોય ?

ઉ૦—દ્રવ્યથી સુતેલાને નિદ્રા હોય છે, તે નિદ્રા દુઃખેથી દુર થાય છે, કારણકે, સ્ત્યાનર્દ્ધિ (થીણદ્ધિ) ત્રિકના ઉદયમાં સમ્યકત્વની પ્રાપ્તિ મોક્ષમાં જનારા ભવસિદ્ધિ જીવોને પણ થતી નથી; અને તેનો બંધ મિથ્યાદષ્ટિ, અને સાસ્વાદનની સાથે અનંતાનુબંધી કષાયના બંધવાળાને હોય છે.

અને તેનો ક્ષય અને અનિવૃત્તિ બાદર ગુણસ્થાન કાળના સંખ્યેય ભાગોમાંના કેટલાક ભાગ જાય ત્યાંસુધી હોય છે. તેજ પ્રમાણે નિદ્રા, અને પ્રચલાના ઉદયમાં પણ પૂર્વ માફક છે.

બંધનો ઉપરમ ( દુર થવું. ) તો, અપૂર્વ કરણકાળના અસંખ્યેય ભાગના અંતમાં થાય છે. પણ તેનો ક્ષય તો, જ્યારે બધા કષાયો દુર થાય; તેના દ્વીચરમ સમયમાં ( છેલ્લાનો પહેલામાં ) થાય છે.

અને ઉદય તો ઉપશમક, અને ઉપશાંત મોહવાળા મુનિઓને પણ હોય છે. એથી, નિદ્રા પ્રમાદને દુરંત કહ્યો છે.

( દર્શનાવરણીય કર્મની નવ પ્રકૃતિમાં પાંચ નિદ્રા છે, તેમાં નિદ્રા, પ્રચલા, નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા, અને થીણદ્ધિ અનુક્રમે પ્રમાણમાં વધારે નિદ્રા છે, તેનું વર્ણન કર્મગ્રંથમાં છે, ત્યાંથી જોવું. અહીં એટલું કહેવાનું છે કે, પરમાર્થ ( મોક્ષનું ) લક્ષ રાખવું; અને બને ત્યાંસુધી અલ્પ નિદ્રા કરવી. )

અને દ્રવ્યથી નિદ્રામાં સુતેલો દુઃખ પામે છે. ( જેમકે, ઊંઘણુસી માણસ ઘરમાં આગ લાગતાં બળીજાય છે, ઘરમાંથી ધન ચોરાઈ જાય છે. ) તેજ પ્રમાણે ભાવથી સુતેલા પણ દુઃખ પામે છે તે બતાવે છે.

**जह सुत्तमत्त मुच्छिय असहीणो पावए बहुं दुक्खं**
**तिव्वं अपडियारंपि वट्टमाणो तहा लोगो** नि.गा.२१३

નિદ્રાથી સુતેલો તથા દારૂ વિગેરેના નિશાથી ગાંડો થએલો તથા ઘણો ભાર મર્મસ્થનમાં પડવાથી બેશુદ્ધ થનેલો તથા વાયુ વિગેરે દોષથી ચઢી આવતાં પરવશ થયેલો જીવ બહુ દુઃખ પામે છે છતાં પોતે તે વખતે બદલો કે ઉપાય લઈ શકતો નથી તેજ પ્રમાણે ભાવ નિદ્રા એટલે મિથ્યાત્વ અવિરતિ, પ્રમાદ, કષાય વિગેરેમાં સુતેલો જીવ સમૂહ નરક વિગેરેના ભવનાં દુઃખો ભોગવે છે, હવે બીજી રીતે ઉલટા દ્રષ્ટાંતથી ઉપદેશ દેવા કહે છેઃ—

**एसेव य उवएसो पदित्त पयलाय पंथमाईसुं ।**
**अणुहवइ जह सचेओ सुहाइं समणोऽवि तहचेव ॥**
नि. गा. २१४

ઉપર કહેલો ઉપદેશ જે વિવેક અને અવિવેક સંબંધી થાય છે. તે બતાવે છે જેમકે સચેતન ( બુદ્ધિમાન ) વિવેકી આગ લાગતાં તેમાંથી નીકળીને સુખી થાય છે અને વિઘ્નવાળા અને વિઘ્નરહિત એવા માર્ગનું જ્ઞાન જેને છે તે

સુખેથી પાર પહોંચે છે. આદિ શબ્દથી જાણવું કે ચોર વિગેરેના ભયમાં વિવેકી માણસ સુખથી તે વિઘ્નને દુર કરી સુખી થાય છે. તેજ પ્રમાણે સાધુ પણ ભાવથી સદા વિવેકી હોવાથી જાગતો રહિને બધાં કલ્યાણને મેળવે છે સુતા અને જાગતા સંબંધી ગાથાઓ કહે છે:—

**जागरह णरा णिच्चं जागर माणस्स वड्ढए बुद्धी।**
**जो सुअइ न सो धण्णो जो जग्गइ सो सयाधन्नो ॥१॥**

જાગતા માણસોની બુદ્ધિ વધે છે માટે હે માણસો! તમે જાગો (અલ્પનિદ્રા કરો). જે સુવે છે, તે ધન્યવાદને યોગ્ય નથી, પણ જાગતો માણસ ધન્યવાદને યોગ્ય છે.

**सुअइ सु अं तस्स सुअं संकियखलियं भवे पमत्तस्स**
**जागरमाणस्स सुअं थिरपरिचिअमप्पमत्तस्स ॥२॥**

જે ઘણું સુવે છે તેને પ્રમાદથી તેનું ભણેલું શંકાવાળું તથા ભુલોવાળું થાય છે, પણ અપ્રમાદી જાગતા સાધુનું ભણેલું સ્થિર પરિચયવાળું (ભુલ વગરનું) રહે છે.

**नालस्सेण समं सुक्खं, न विज्जा सह निद्दया।**
**नवेरग्गं पमाएणं, नारंभेण दया लुया ॥३॥**

આળસની સાથે સુખ નથી. (આળસુને સુખ ન હોય;) તથા નિદ્રાની સાથે વિદ્યા ન હોય; પ્રમાદની સાથે વૈરાગ્ય ન હોય; તથા આરંભ કરનારને દયા ન હોય.

**जागरीआ धम्मीणं, आहम्मीणं तु सुत्तया सेआ।**
**वच्छाहिव भगिणीए अकहिंसु जिणो जयंतीए ॥४॥**

ધર્મીજીવોને જાગવું સારૂં, અધર્મીને સુવું સારૂં. એવું ભગવાન્ મહાવીરે વત્સ દેશના રાજાની બેન જયંતી શ્રાવિકાને કહ્યું છે:—

**सुवइय अयगर भूओ सुअंपि से नासइ अमयभूअं।**
**होहिइ गोणब्भूओ नट्ठंमि सुए अमयभूए ॥५॥**

જે અજગરની માફક સુવે છે, તેનું અમૃત જેવું ભણેલું નાશ થાય છે, તથા તેને અમૃત જેવું ભણેલું નાશ થતાં મુડદાલ-બળદીઆ માફક તેનું અપમાન થાય છે.

આ પ્રમાણે દર્શનાવરણીય કર્મના ઉદયથી કોઈક વખત કોઈ સાધુ સુતો હોય; પણ મોક્ષાભિલાષી, અને યતનાવાળો હોવાથી; તથા તેણે દર્શન મોહનીયરૂપ-નિદ્રા દુર કરવાથી તે જાગતોજ છે. પણ જેઓ, અજ્ઞાનના ઉદયથી સુતેલા છે, તે અજ્ઞાનીજ ખરા સુતેલા છે, અને અજ્ઞાન તે મહાદુઃખ છે, અને તે દુઃખ જંતુઓને અહિતકારી છે, તે સૂત્રકાર બતાવે છે.

**लोयंसि जाण अहियाय दुक्खं, समयं लोगस्स जाणित्ता, इत्थ सत्थोवरए, जस्सिमे सद्दाय रूवा य रसाय गंधाय फासाय अभिसमन्ना गया भवंति॥**

**सूत्र. १०६.**

છ જીવનીકાય સંબંધી તું દુઃખને જાણ; એટલે અજ્ઞાન અથવા, મોહ ( મૂઢપણું ) તે જીવને નરકાદિ ભવમાં દુઃખ આપનારૂં અહિતને માટે છે, અથવા તેનું અજ્ઞાન, તેને અહીંયાંજ બંધને માટે, વધને માટે, તથા શરીર, અને મન સંબંધી પીડાંને માટે થાય છે. ( અર્થાત્ ગુરૂ શિષ્યને કહે છે કેઃ—આ સંસારમાં અજ્ઞાની જીવો પોતે અજ્ઞાનદશામાં પાપો કરીને નરક વિગેરેમાં જાય છે, અને ત્યાં તથા, અહીં અનેક પ્રકારનાં દુઃખ સહે છે, ) તે તું ધ્યાનમાં રાખ; અને અજ્ઞાનને છોડ. હવે, એમ જાણવાનું ફળ બતાવે છે.

દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારની નિદ્રાથી સુતેલા જીવો અજ્ઞાની છે. તેમને થતા દુઃખથી દુર રહેવું એ જ્ઞાનનું ફળ છે.

વળી સમય એટલે આચારાંગ સૂત્રમાં બતાવેલ અનુષ્ઠાન ( સંયમ ) ને જાણીને અથવા લોક એટલે જીવ સમુહને જાણીને તેને જે શસ્ત્રોથી દુઃખ થાય તે શસ્ત્ર જ્ઞાની સાધુએ ન ચલાવવા ( જ્ઞાન ભણવાનું ફળ એ છે કે કોઈ પણ જીવને દુઃખ ન દેવું ) આ પ્રમાણે પહેલાંના સૂત્ર સાથે બીજા સૂત્રનો સંબંધ છે. કારણ કે સંસારી જીવો ભોગના અભિલાષી પણાથી જીવ હિંસા વિગેરે કષાય હેતુવાળું કર્મ બાંધીને નરક વિગેરે પીડાના સ્થાનમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી કોઈ વખતે નીકળીને બધા દુઃખોનું નાશ

કરનાર ધર્મનું કારણ જેમાં છે તેવું આર્યક્ષેત્ર વિગેરેમાં મનુષ્ય જન્મ પામે છે. વળી ત્યાં પણ ( ધર્મ પાળવાને બદલે) મહા મોહના કારણે મોહિત મતિવાળો બની ( ઇંદ્રિયોના સ્વાદને માટે ) એવાં એવાં કાર્ય કરે છે કે જેને લીધે તે નીચેનીચે ( નારકીમાં ) જાય છે, પણ સંસારમાંથી પાર પહોંચતો નથી ( આવું લોકોનું વર્તન જાણીને તેવું તમારે ન કરવું ). અથવા સમભાવ એટલે સમતા ( સમયનો અર્થ સમતા લીધો ) છે તેને જાણીને બધા જીવો ઉપર એટલે પોતાના આત્મા બરોબર પરને જાણીને અથવા શત્રુ મિત્રને સમભાવે જાણીને તેમના ઉપર રાગ દ્વેષ તું ન કર, અથવા બધા જીવો એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધી પોતાના ઉત્પન્ન થવાના સ્થાનમાં રમવાની ઇચ્છાવાળા છે, મરણથી ડરે છે, સુખના ચાહક છે. દુઃખના દ્વેષી છે આવું તેઓનું સમાનપણું જાણીને સાધુએ શું કરવું તે કહે છે, છ જીવનીકાયના દ્રવ્ય ભાવના ભેદવાળા શસ્ત્રથી દુર રહેવા ધર્મ જાગરણથી જાગતો રહે, અથવા જેજે સંયમનાં શસ્ત્રો છે તે તે આસ્રવદ્વાર પ્રાણાતિપાત વિગેરે છે. અથવા શબ્દ વિગેરે પાંચ પ્રકારના કામ ગુણો (વિષયપ્રેમ) છે. તેનાથી જે દુર રહે તે મુનિ છે. તેજ સૂત્રકાર કહે છે કે જેમુનિને પોતાના આત્માના અનુભવેલા બીજા બધા પ્રાણી સંબંધી ઇંદ્રિયોની પ્રવૃત્તિના વિષયરૂપ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ તે

સુંદર અને વિરૂપ એમ બે ભેદ છે, તે સમીપ આવતાં અનુકૂળ વહાલા, અને પ્રતિકૂળ તે અણગમતા લાગે છે, તેવું જે 'મુનિ જાણે તે લોકને જાણે છે. તેનો અર્થ આ છે કે:—મુનિએ તેવા વિષયો પ્રાપ્ત થાય; તોપણ અનુકૂળમાં રાગ 'ન' કરવો; અને પ્રતિકૂળમાં દ્વેષ ન કરવો; તેજ ખરીરીતે તેઓનું અભિસમન્વા ગમન ( જાણવાપણું ) છે, પણ બીજું નથી. ( આ સંસારમાં મુનિને વિહાર વિગેરેમાં પુન્યોદયથી મધુર અવાજ, સુંદર દેખાવ, રમણીય સુગંધી ખટરસ–ભોજન, તથા કોમળ સ્પર્શ વિગેરે પ્રાપ્ત થાય છે, તથા પાપના ઉદયથી તેથી ઊલટું થાય છે. તેવા સમયમાં સંસારી–જીવો હર્ષખેદ કરે છે, તેમ મુનિએ ન કરવો. )

અથવા આલોકમાંજ શબ્દ વિગેરે વિષયો પ્રાણીઓને દુઃખને માટે થાય છે, તો પરલોકનું તો, શું કહેવું ? કહ્યું છે કે:—

**उक्तंच-रक्तः शब्दे हरिणः स्पर्शे नागो रसे च वारिचरः।**
**कृपण पतङ्गो रूपे भुजगो गन्धे ननु विनष्टः ॥१॥**

હરિણ શબ્દમાં રક્ત થયલો, હાથી સ્પર્શમાં, માછલું રસમાં, અને રૂપમાં ગરીબ પતંગીયું, તથા સુગંધીમાં સાપ, ( અથવા ભમરો ) ખરેખર, નાશ પામ્યા છે.

**पञ्चसु रक्ताः पञ्च विनष्टा यत्रा गृहीत परमार्थाः।**
**एकः पञ्चसुरक्तः प्रयाति भस्मान्तताम बुधः ॥२॥**

આ પ્રમાણે, પાંચ ઇંદ્રિયોમાંથી એકમાં રક્ત થયલા પરમાર્થ ન જાણનારા તે, પાંચે અહીંયાં નાશ પામ્યા છે, તેમ મૂર્ખ માણસ એકલો પાંચેમાં રક્ત થતાં તેનો નાશ થાય છે. અથવા, પુષ્પશાળથી શબ્દમાં ભદ્રા નાશ પામી અર્જુન ચોરરૂપ જોવા જતાં નાશ પામ્યો; ગંધમાં ગંધ પ્રિય-કુમાર નાશ પામ્યો; રસમાં સૌદાસ, અને સ્પર્શમાં સત્યકિ વિદ્યાધર, અથવા સુકુમારિકાનો પતિ લલિતાંગ નાશ પામ્યો; અને તેઓને પરભવમાં નરક વિગેરે દુઃખ ભોગવવાનો ભય બાકી રહે છે. આ પ્રમાણે, ગાયન વિગેરે બંને લોકમાં દુઃખ આપનારા જાણીને જે મુનિ તજે; તે કેવા ગુણો મેળવે તે કહે છેઃ—

**से आयवं नाणवं वेयवं धंमवं बंभवं पन्नाणेहिं परियाणइ लोयं, मुणीति वुच्चे, धम्मविऊ उज्जू आवट्टसोए संगमभि जाणइ (सू. १०७)**

જે મુનિ મહામોહનિદ્રામાં સુતેલા લોકોને અહિતને માટે થતું દુઃખ જાણે; તે લોક સમયદર્શી છે, તે શસ્ત્રથી દુર રહીને મધુર ગાયન વિગેરે પાંચ કામગુણો એકલાજ દુખના હેતુઓ તરીકે જ્ઞ–પરિજ્ઞાવડે જાણે છે, તથા પ્રત્યા-ખ્યાન પરિજ્ઞાવડે ત્યાગે છે, તે મોક્ષાભિલાષી મુનિ છે, અને તે આત્માને જાણનારો છે. એટલે, જ્ઞાનાદિક ગુણવાળો આત્મા તેણે મેળવ્યો; તે આત્માવાન છે, કારણકે, શબ્દાદિ

વિષય ત્યાગવાથી એણે આત્માનું રક્ષણ કર્યું છે. જો, તેમ રક્ષણ ન કર્યું હોત; તો, પોતાનાં પાપથી નારકી, તથા એકેંદ્રિય વિગેરેમાં ઉત્પન્ન થતાં આત્માનું કાર્ય મોક્ષમાં જવાનું ન કરવાથી તેનો આત્મા કેવી રીતે ગણાય ? (આત્માનું કાર્ય જ્ઞાનમાં રમણતા કરી; ચારિત્ર પાળી; મોક્ષમાંજ જવાનું છે, તેજે પ્રાપ્ત કરે; તેણે આત્મા મેળવ્યો જાણવો; અને તેજ આત્માવાળો છે.)

અને તેજ જ્ઞાનવાન્ પણ છે એમ જાણવું; અથવા, બીજી પ્રતિમાં આયવી નાણવી છે, તેનો અર્થ આ છે કે:— પોતાના આત્માને શ્વભ્ર (નરક) વિગેરેમાં પડતાં અટકાવે; તે આત્મવિત્ (આત્મજ્ઞાની) છે તથા, પ્રભુએ જેવું પદાર્થનું સ્વરૂપ બતાવ્યું; તેવું જાણે, તે જ્ઞાનવિત્ (તત્ત્વજ્ઞાની) તે, તથા જીવાદિ સ્વરૂપને જેનાવડે જાણે; તે વેદ એટલે, આચારાંગ વિગેરે સૂત્ર જાણનારો હોય; તે વેદવિત્ કહેવાય છે. તથા, દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખનાર, તથા સ્વર્ગ-મોક્ષ અપાવનાર ધર્મને જાણે તે ધર્મવિત્ છે. એ પ્રમાણે, બધાં કર્મરૂપ–મળ, કલંકથી રહિત, એવું યોગીનું સુખ બ્રહ્મચર્ય છે, તેને જાણે તે, બ્રહ્મવિત્ છે. અથવા, અઢાર પ્રકારનું બ્રહ્મ છે. આ પ્રમાણે, જ્ઞાન, વેદ ધર્મ, અને બ્રહ્મ-ચર્ય પ્રકર્ષથી (ઉત્કૃષ્ટપણે) જેનાવડે જ્ઞેય પદાર્થો જણાય; તે પ્રજ્ઞાનો છે એટલે, મતિ વિગેરે પહેલા ભાગમાં બતા-

વેલ જ્ઞાનવડે જીવલોક જેવે રૂપે રહ્યો છે તેને જાણે; અથવા જીવલોકને રહેવાનું જે સ્થાન, જે ક્ષેત્રલોક છે, તેને પોતે જાણે. અર્થાત્ જે શબ્દાદિ વિષયોનો રાગ તજે; તેજ, જ્ઞાનિ યથાવસ્થિત લોકનું સ્વરૂપ જાણે છે, અને તેવો જ્ઞાની પ્રથમ બતાવેલા ગુણવાળો ( એટલે જે આત્મવાન્ જ્ઞાનવાન્ વેદવાન્ ધર્મવાન્ બ્રહ્મવાન્ ) થોડા અથવા, સમસ્ત પ્રજ્ઞાનવડે લોકોને જાણે તેને મુનિ કહેવો; કારણકે, જગતની ત્રણે કાળની અવસ્થાને માને અથવા, જાણે તેને મુનિશાસ્ત્રમાં કહ્યો છે.

ધર્મ તે ચેતન. અને અચેતન દ્રવ્યના સ્વભાવરૂપ, અથવા શ્રુતચારિત્રરૂપ–ધર્મને જાણે; તે ધર્મવિત્ જાણવો.

રૂજુ ( સરળ ) જ્ઞાનદર્શન–ચારિત્ર નામના મોક્ષમાર્ગનાં જે અનુષ્ટાન છે, તેનાથી અકુટિલ છે, અથવા યથાર્થરીતે પદાર્થનું સ્વરૂપ જાણવાથી સરલ છે અથવા બધી ઉપાધિથી શુદ્ધ તે અવક્ર (સરલ) છે આ પ્રમાણે ધર્મ જાણનાર રૂજુ મુનિ હોય તેને શું લાભ મળે તે કહે છે.

આવટ્ટ એટલે ભાવ આવર્ત્ત તે જન્મ જરા મર્ણ રોગ શોકના દુઃખ આપવાના સ્વભાવવાળો સંસાર છે, કહ્યું છે કે,

**रागद्वेष वशाविद्धं, मिथ्या दर्शन दुस्तरम् ।**
**जन्मावर्त्ते जगत्क्षिप्तं, प्रमादाद्भ्राम्यते भृशम् ॥१॥**

રાગ દ્વેષના વશથી વિંધાયેલ મિથ્યા દર્શનના કારણે દુસ્તર અને જન્મના આવર્ત્તમાં ફેંકાયલું જગત્ છે. તેમાં

પ્રમાદથી જીવો ઘણું ભ્રમણ કરે છે. ભાવ શ્રોતપણ શબ્દાદિ કામ ગુણનો વિષય અભિલાષ છે, અને તે બન્ને 'આવર્ત્ત' અને શ્રોત મળીને આવર્ત્ત શ્રોતઃ શબ્દ બને છે તે બન્નેમાં રાગ દ્વેષ વડે સંગ (સંબંધ) થાય છે, તેને જાણે છે કે આ આવર્ત્ત અને શ્રોતનું કારણ છે. આ જાણનારો ખરી રીતે કોને કહેવો ? તે કહે છે, જે અનર્થને જાણીને ત્યાગે, તે જાણનારો છે. અર્થાત્ સંસાર શ્રોત તે રાગ દ્વેષ રૂપ સંગ છે. તેને જાણીને જે ત્યાગે તેજ આવર્ત્ત શ્રોતના સંગનો ખરો જાણનારો છે. ઉપર બતાવ્યા પ્રમાણે સુતા અને જાગતાના દોષો તથા ગુણોને જાણનારો કયા ગુણો મેળવે, તે કહે છે.

**सीउसिणच्चाई से निग्गंथे अरइरइ सहे, फरुसयंनो वेएइ, जागर वेरोवरए, वीरे एवं दुक्खा पमुक्खसि, जरामच्चु वसो वणिए नरे सययं मूढे धम्मं नाभि जाणइ (सू. १०८)**

તે આત્માર્થી મુનિ બાહ્ય અભ્યંતર ગ્રંથ રહિત (નિર્ગ્રંથ) બનીને શીત અને ઉષ્ણતાનો ત્યાગી એટલે સુખ દુઃખને ન ગણનારો અથવા ઠંડ તાપના પરિષહને સારી રીતે સમભાવે સહન કરનારો સંયમમાં રતિ (પ્રેમ) અને અસંયમમાં અરતિ બતાવનારો બની પીડા કરનારી પરિષહો અને ઉપસર્ગોની કઠોર વેદનાને સહે છે, પણ

પીડાકારી માનસો નથી, (જેમ ગજ સુકુમાળના સસરાએ ભીની માટીની પાળ બાંધી માથામાં બળતા અંગારા ભર્યા, તે સમયે ઘણી પીડા થઇ, છતાં તેણે સસરાનો ઉપકાર માન્યો, અને કેવળ જ્ઞાન પામી મોક્ષમાં ગયો. તેમ બીજા સાધુએ કરવું) અથવા સંયમ કે તપથી શરીરમાં પીડા થતાં પરૂષતા (કઠોરપણું) આવે અથવા કર્મ લેપ દૂર થવાથી સંસારથી ખેદી મનવાળો મોક્ષાભિલાષી નિરાબાધ સુખનો ચાહક બનીને સંયમ તપમાં પીડા થાય તો પણ સમભાવે સહે પણ ખેદ ન પામે. 'જાગર' એટલે અસંયમ નિદ્રા દૂર થવાથી પોતે સંયમમાં જાગતો છે અને અભિમાનથી થતા અમર્ષ (અદેખાઇ) એટલે બીજાનું બગાડવાનો અધ્યવસાય (વિચાર) તે વૈર છે. તે વૈરથી પોતે દૂર છે એટલે જાગર અને વૈર ઉપરત ગુણવાળો વીર બને છે, તે કર્મ શત્રુને દૂર કરવાની શક્તિવાળો છે તેવા વીરને ઉદ્દેશીને ગુરૂ કહે છે હે વીર! તું ઉપરના ગુણ ધારણ કરીને પોતાને અથવા બીજાને સંસારના દુઃખથી અથવા દુઃખના કારણરૂપ કર્મથી બચીશ અને બચાવીશ.

અને ઉપરના ઉત્તમ ગુણોથી રહિત પ્રમાદી જીવ સંસારના ચક્રમાં અને દુઃખના પ્રવાહમાં સંગ કરીને ઉંઘતો રહીને તે શું મેળવે છે તે કહે છે.

જરા અને મૃત્યુ એ બેને વશ થઈને તે પ્રાણી નિરં- તર મહા મોહથી મૂઢ બનેલો સ્વર્ગ અને મોક્ષ આપનાર ધર્મને જાણતો નથી અને સંસારમાં જીવને એવું કોઈ પણ સ્થાનજ નથી કે જ્યાં જરા મૃત્યુ ન હોય.

પ્રશ્ન—દેવતાઓને જરા ( બૂઢાપો ) નથી.

ઉ—દેવતાઓને પણ ત્યાંથી ચ્યવવાના છ મહિના પહેલાં ઉત્તમ લેશ્યા બળ સુખ પ્રભુત્વ અને સુંદર વર્ણની હાનિ થાય છેજ તેથી તેમને પણ જરાનો સદ્ભાવ છે, કહ્યું છે કે.

**देवाणं भंते ! सव्वे समवण्णा ?, नो इणट्ठे समट्ठे, सेकेणट्ठेणं भंते ! एवं वुच्चइ गोयमा ! देवा दुविहा-पुव्वोव वण्णगाय पच्छोव णग्गाय तत्थणं जे ते पुव्वोच वणग्गा तेणं अविसुद्ध वण्णयरा, जेणं पच्छोव वण्णग्गा तेणं विसुद्ध वण्णयरा ।**

ગૌતમનો પ્રશ્ન—હે ભગવન ? બધા દેવતા સામાન રૂપવાળા છે ?

ઉઃ—તેમ નથી.

પ્રઃ—તેનું શું કારણ ?

ઉઃ—હે ગૌતમ ! દેવો બે પ્રકારના છે. પહેલાં ઉત્પન્ન થયેલા અને પછી ઉત્પન્ન થતા તેમાં જે પહેલા ઉત્પન્ન થયેલ છે તે કંઈક ઝાંખા રૂપવાળા અને જે પાછળથી ઉત્પન્ન

થયા તે વિશુદ્ધ સુંદર રૂપવાળા હોય છે. તેજ પ્રમાણે લેશ્યા વિગેરેમાં પણ જાણવું. અને ચ્યવનના વખતે તે બધાને બધું ઝાંખુજ હોય છે. જેમકે—

**माल्यम्लानिः कल्प वृक्ष प्रकम्पः, श्री ह्रीनाशो वाससां चोपरागः।**
**दैन्यं तन्द्रा कामरागङ्गभङ्गो, दृष्टि भ्रान्तिर्वेपथुश्चारतिश्च ॥१॥**

માલા કરમાઈ જાય છે કલ્પવૃક્ષ કંપતું દેખાય છે, શ્રી અને હ્રીનો નાશ થાય છે કપડાં ઉપરથી પ્રેમ ઉઠી જાય છે. દીનતા આવે છે, આળસ થાય છે. કામ રાગનો અને અંગનો ભંગ થાય છે, દૃષ્ટિમાં ભ્રાંતિ થાય છે, અને કંપારો થાય છે, અને બધું રમણીક તે અરમણીક લાગે છે. (જેમ, અહીંયાં મનુષ્યને મરતી વખતે ઘરની રૂદ્ધિ કે, વૈભવ ઉપરથી અણગમો થાય છે, તેમ દેવતાને પણ દેવલોક છોડતાં ઘણો ખેદ થાય છે, અને કલ્પાંત કરે છે.)

જો, આવી રીતે છે તો, નક્કી થયું કે, બધા જીવો જરા મૃત્યુને વશ છે તો, તેવું જાણીને પંડિત મુનિ શું કરે? તે કહે છે:—

**पासिय आउरपाणे अप्पमत्तो परिव्वए, मंताय मइमं, पास आरंभजं दुक्ख मिणंतिणच्चा, माई**

**पमाई पुण एइ गब्भं, उवेहमाणो सद्दरूवेसु उज्जू मारामि संकी मरणा पमुच्चई, अपमत्तो कामेहिं, उवरओ पाव कम्मेहिं, वीरे आयगुत्ते खेयन्ने जे पज्जवजाय सत्थस्स खेयन्ने, असत्थस्स खेयन्ने जे अत्थस्स खेयन्ने से पज्जवज्जायसत्थस्स खेयन्ने, अकम्मस्स ववहारो न विज्जइ, कम्मुणा उवाही जायइ, कम्मं च पडि लेहाए सूत्र १०९.**

તે ભાવથી જાગતો મુનિ ભાવનિદ્રામાં સુતેલા જીવોને મન સંબંધી દુઃખોથી પીડાતા જુવે છે, તે દુઃખી જીવો વિચારે છે કે, હવે અમારે શું કરવુ ? એમ મૂઢ બનેલા તથા, દુઃખસાગરમાં ડુબેલાં પ્રાણીઓને દેખીને પોતે તેવાં દુઃખમાં ન પડવા માટે મુનિ અપ્રમત થઇને વિચરે; અને સંયમ અનુષ્ઠાનને બરોબર કરે; તેવા શિષ્યને ગુરૂ ફરીથી કહે છેઃ—હે બુદ્ધિમાન્! હે ભણેલા શિષ્ય! તું ભાવનિદ્રાથી સુતેલા દુઃખીઓને જો, અને જાગતાના ગુણો તથા સુતાના દોષોને જાણીને સુવાની મતિ ન કર (પ્રમાદી ન થા.) વલી પાપ ક્રિયાનો આરંભ કરનારાનાં દુઃખો તથા દુઃખનાં કારણ કર્મ, તે ને તું પ્રત્યક્ષ જો! જેઓ જીવ હિંસા (ખુન) ચોરી વિગેરે કરે છે. તેઓને થતી શિક્ષા સાક્ષાત્ જો! અને તે જાણીને આરંભ રહિત બનીને આત્મહિતમાં જાગ્રત થા!

(જેઓ સાધુ છે તેમને મોક્ષ સાધવાનો હોવાથી ગ્રહસ્થ માફક ખેતી વિગેરે આરંભ કરવાનો નથી છતાં જેઓ ત્યાગી નામ ધરાવી ખેતી વિગેરે કરે છે તે પણ ગ્રહસ્થ માફક દુઃખી થાય છે.)

પણ જે વિષય કષાયથી મલીન ચિત્તવાળો ભાવ-શાયી (પ્રમાદી) છે, તે શું મેળવે તે કહે છે. માયી બને છે, અને માયા લેવાથી બધા કષાયોવાળો બને, તેજ કહે છે, ક્રોધી માની માયી લોભી બનીને દારૂ વિગેરેના નશામાં પ્રમાદી થઇ નારકીનાં દુઃખ અનુભવી પાછો તિર્યંચમાં ગર્ભના દુઃખને અનુભવે છે. પણ જે મુનિ કષાયરહિત અપ્રમાદી છે તેને શું લાભ થાય છે. તે બતાવે છે. શબ્દ રૂપ વિગેરેમાં જે રાગદ્વેષ થાય છે તેની ઉપેક્ષા કરતો રૂજુ (સરલ) યતિ થાય છે. એટલે ખરી રીતે જે યતિ (સાધુ) છે તે રૂજુ છે. પણ ગ્રહસ્થ તો સ્ત્રી વિગેરે પદાર્થ ગ્રહણ કરવાથી વક્ર છે (સ્ત્રી વિગેરેને મેળવવા. રાજી રાખવા ગ્રહસ્થને કપટ કરવું પડે છે.) વળી તે સરલ સાધુ ગાયન વિગેરેની ઉપેક્ષા કરતો મરણ (માર) ની શંકા કરે છે. એટલે બીજાને મારતાં (દુઃખ દેતાં) ડરે છે. તેથી પોતે પણ મરણથી બચે છે. વળી તે કામ (પાપ ચેષ્ટાઓ) થી અપ્રમાદી રહે છે. અને જે સાધુ કામ ચેષ્ટાના પાપોથી દૂર રહે, તેજ ખરી રીતે મન વચન કાયાના પાપથી ઉપ-

રત ( બચેલો ) છે. કોણ બચે છે ? તે કહે છે. જે વીર છે તેજ ગુપ્ત આત્મા છે. અને તે ખેદજ્ઞ છે ( એટલે બીજા જીવોના ખેદને જાણે છે તેથી કોઇને દુઃખ દેતો નથી ) તે ખેદજ્ઞ સાધુ ગાયન વિગેરેના આનંદના વિષયોના પર્યવ ( ભાગો ) અનુકુળ થતાં પોતે તેના નિમિત્તના શસ્ત્રને પ્રાણીઓને દુઃખકારક જાણીને તેમાં લીન ન થતાં તે નિપુણ સાધુ નિરવદ્ય અનુષ્ઠાન જે અશસ્ત્ર છે તે કરે છે. અને તે સંયમના ખેદને જાણનારો પર્યવ જાત શસ્ત્રના ખેદને જાણનારો છે, તેનો સાર આ છે કે જે સાધુ પાસે શબ્દાદિ પર્યાયો સુંદર કે વિરૂપ આવે તો લેવાની કે ત્યાગવાની ક્રિયા બીજા જીવોને દુઃખરૂપ છે, તેમ જાણે છે અને મધ્યસ્થપણું રાખવું; તે અપીડાકારક હોવાથી જે અશસ્ત્રરૂપ—સંયમ છે. તે પોતાને અને પરને ઉપકાર કરનારો છે, એવું જાણે છે.

આ પ્રમાણે, જાણીને શસ્ત્રને છોડે; અને અશસ્ત્ર ( સંયમ ) તેને ગ્રહણ કરે; એટલે જ્ઞાનનું ફળ એ છે કે, વિષયોના આનંદને છોડનારો; સમભાવ રાખનારો જીવોને બચાવી સંયમ પાળે છે, ( અને જીવો ઉપર રાગદ્વેષ કરે; તો, સંયમ પાળી શકતો નથી. )

અથવા, ગાયન વિગેરે પર્યાયોથી, અથવા ગાયન વિગેરેથી ઉત્પન્ન થયેલ રાગદ્વેષના પર્યાયોથી જે જ્ઞાનાવરણીય વિગેરે કર્મ બંધાય છે, તેને દાહકપણાથી તપ તે શસ્ત્ર

છે, તે તપના ખેદને જાણે; તે ખેદજ્ઞ છે. કારણકે, તેના જ્ઞાન તથા યોગ્ય અનુષ્ઠાનવડે જે અશસ્ત્ર-સંયમ છે, તેનો પણ જાણનારો છે, અને સંયમ તપ ખેદને જાણનારો આશ્રવનિરોધ વિગેરેથી ભવભ્રમણનાં કર્મ જે પૂર્વે એકઠાં કર્યાં છે, તેનો ક્ષય થાય છે, અને કર્મક્ષયથી જે લાભ થાય છે, તે કહે છેઃ—

## અકર્મનું વર્ણન.

અકર્મ એટલે, જેને આઠ પ્રકારનાં કર્મમાંથી એક પણ કર્મ ન હોય; તે છે, અને તેને નારક, તિર્યંચ, નર, દેવ એવી ચાર ગતિમાં ભ્રમણ કરવાનો વ્યવહાર નથી; તથા, પર્યાપ્ત-અપર્યાપ્ત અવસ્થા નથી; તથા બાળપણ, તથા કુમારપણું વિગેરે સંસારી વ્યપદેશો (જુદી જુદી વ્યવસ્થાન નામ) નથી; અને જે સકર્મી છે, તેને કર્મવડે નારકાદિ વ્યપદેશ હોય છે.

તથા તે કર્મની ઉપાધિવડે એટલે, જ્ઞાનાવરણીય વિગેરેથી જુદાં જુદાં વિશેષણો કર્મ સંબંધી થાય છે તે કહે છેઃ—જેમકે, મતિ, શ્રુત અવધિ, મનઃપર્યાય જ્ઞાનવાળો હોય; તેને તેની બુદ્ધિના પ્રમાણમાં મંદબુદ્ધિવાળો, અથવા તીક્ષ્ણ બુદ્ધિવાળો કહેવાય છે. (૧) તથા ચક્ષુદર્શની, અચક્ષુદર્શની નિદ્રાળુ વિગેરે છે. (૨) તથા સુખીદુઃખી કહેવાય છે. (૩) મિથ્યાદષ્ટિ, સમ્યગ મિથ્યાદષ્ટિ, સ્ત્રીપુરૂષ નપુંસક-કષાયી વિગેરે છે. (૪)

તથા સોપક્રમ નિરૂપક્રમ આયુવાળો, અલ્પ આવખાવાળો, વિગેરે છે. ( ૫ ) નારક તિર્યંચયોનીવાળો, તથા એકેન્દ્રિય, બે ઇંદ્રિય, પર્યાપ્તો-અપર્યાપ્તો, સુભગ-દુર્ભગ વિગેરે છે. ( ૬ ) ઉચગોત્રવાળો, નીચગોત્રવાળો છે. ( ૭ ) કૃપણ, ત્યાગી, નિરૂપ ભોગી, નિર્વીર્ય છે. ( ૮ ) આ પ્રમાણે આઠે કર્મને લીધે સંસારી જીવો ઓળખાય છે. જો આવી રીતે છે તો શું કરવું તે કહે છે. જ્ઞાનાવરણીય વિગેરે કર્મ છે તેની ઉપેક્ષા કરીને અથવા તેના બંધને પ્રકૃતિ સ્થિતિ અનુભાવ પ્રદેશરૂપે વિચારીને તેની સત્તા વિપાકને પામેલા પ્રાણીઓ જેવી રીતે ભાવ નિદ્રામાં સુએ છે ( અને દુઃખ ભોગવે છે ) તે વિચારીને કર્મ તોડવામાં ભાવ જાગરણ કરવા સાધુએ ઉદ્યમ કરવો, તે કર્મ તોડવાનું આવા ક્રમથી થાય છે.

પ્રથમ આઠ કર્મવાળો માણસ છે તે દીક્ષા લઇને મોહને તોડે પછી અપ્રમાદી થઈ ક્ષપક શ્રેણી કરે તે આઠમે ગુણ સ્થાને ક્રોધાદિ ઓછા કરી અગ્યારમે ગુણ સ્થાને લોભનો સર્વથા નાશ કરે અને બારમા ગુણ સ્થાનના અંતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા અંતરાય કર્મ દૂર કરી તેરમે ગુણ સ્થાને ચાર અઘાતી કર્મવાળો રહે. આ ગુણસ્થાને જઘન્યથી અંતમુહુર્ત, અને ઉત્કૃષ્ટથી પૂર્વ કોડીમાં થોડો ઓછો કાળ રહે, ત્યારપછી ૧૪ મે ગુણસ્થાને પાંચ

હ્રસ્વ અક્ષર બોલવા જેટલો કાળ શૈલેશી અવસ્થાને અનુભવીને અકર્મ થાય છે.

હવે, ઉત્તરપ્રકૃતિઓનું છતાપણું-અછતાપણું બતાવે છે. જ્ઞાનાવરણીય, તથા અંતરાય તે દરેકની પાંચ પાંચ ભેદની પ્રકૃતિ ચૌદે જીવસ્થાનમાં હોય છે. તથા, ચૌદ ગુણસ્થાનમાં મિથ્યાદષ્ટિથી માંડીને બારમા ગુણસ્થાન સુધી પાંચે પ્રકૃતિઓ હોય છે, તેમાં બીજો વિકલ્પ થતો નથી; તથા, દર્શનાવરણીયનાં ત્રણ સત્‌કર્મનાં સ્થાન છે. (સત્કર્મ એટલે સત્તા છે.)

પાંચ નિદ્રા, અને ચાર દર્શન, એ નવ પ્રકૃતિ સર્વ જીવસ્થાનમાં રહે છે. ( ૧ ) અને ગુણસ્થાનમાં અનિવૃત્તિ બાદરકાળના સંખ્યેય ભાગ સુધી હોય છે. ( ૨ ) કેટલાક સંખ્યેય ભાગના અંતમાં થીણદ્ધિનિદ્રાત્રિક ક્ષય થવાથી છ કર્મવાળું બીજું સ્થાન છે.

ત્યારપછી, ક્ષીણકષાયના અંત સમયના પહેલા સમયમાં નિદ્રા, અને પ્રચલા, એ બેના ક્ષય થવાથી ચાર કર્મનું સ્થાન છે અને તે પણ ક્ષય થવાથી ક્ષીણકષાય કાળના અંતમાં ત્રીજું સ્થાન છે.

વેદનીય-કર્મનાં બે સત્તાસ્થાન છે. તે આ પ્રમાણે:—

( ૧ ) સાતા અને અસાતા બંને હોય. ( ૨ ) તથા બંનેમાંથી એક સાતા, અથવા અસાતા જ્યારે પોતે શૈલીશી

અવસ્થામાં સૌથી છેલ્લા સમયના પહેલા સમયમાં મોક્ષ જવાના કાળમાં હોય; ત્યારે કોઈપણ એક સાતા કે, અસાતા ભોગવે તે બીજું સ્થાન છે. મોહનીયકર્મનાં પંદર સત્તાસ્થાન છે તે આ પ્રમાણેઃ—

(૧) સોળ કષાય, નવ નો કષાય અને ત્રણ દર્શન હોય; ત્યારે સમ્યક્‌દૃષ્ટિ જીવને અઠ્ઠાવીશ પ્રકૃતિ હોય છે.

(૨) સમ્યક્ત્વ વમતાં મિશ્રદૃષ્ટિએ સત્તાવીશ હોય છે.

(૩) સ્વભાવથી અનાદિ મિથ્યાદૃષ્ટિ હોય; અથવા બે દર્શન વમતાં છવીશ હોય. (૪) સમ્યક્‌દૃષ્ટિને અઠ્ઠાવીશ પ્રકૃતિમાંથી અનંતાનુબંધી ચાર કષાય વમતાં અથવા, ક્ષય થતાં ચોવીશ હોય. (૫) તેનેજ મિથ્યાત્વ ક્ષય થતાં ૨૩ (૬) મિશ્રદૃષ્ટિ ક્ષય થતાં ૨૨ (૭) ક્ષાયિક સમ્યક્‌-દૃષ્ટિને ૨૧ (૮) અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન–કષાય જતાં ૧૩ (૯) કોઈપણ એક વેદ ક્ષય થતાં ૧૨ (૧૦) બીજો વેદ ક્ષય થતાં ૧૧ (૧૧) હાસ્યાદિ છ દુર થતાં ૫ (૧૨) પુરૂષવેદના અભાવમાં ૪ (૧૩) સંજ્વલન ક્રોધ ક્ષય થતાં ૩ (૧૪) માન ક્ષય થતાં ૨ (૧૫) માયાક્ષય થતાં ૧ એક લોભ રહે.

અને એ લોભ દુર થતાં મોહનીય સત્તાનાં પણ ગઈ.

સામાન્યથી આયુષ્ય કર્મની સત્તાનાં બે સ્થાન છે. તે

આ પ્રમાણેઃ—(૧) પરભવના આયુના બંધના ઉત્તર કાળમાં એ આયુષ્ય હોય; અને તેના બંધના અભાવમાં જે આયુમાં હોય; તેજ બીજું સ્થાન છે.

## નામનાં બાર સ્થાન કહે છે.

નામકર્મની પ્રકૃતિનાં બાર સત્તાસ્થાન છે, તે આ પ્રમાણેઃ—

(૧) ૯૩ (૨) ૯૨ (૩) ૮૯ (૪) ૮૮ (૫) ૮૬ (૭) ૭૯ (૮) ૭૮ (૯) ૭૬ (૧૦) ૭૫ (૧૧) ૯ (૧૨) ૮ તેની વિગતઃ—

ગતિ ચાર. પાંચ જાતિ, પાંચ શરીર, પાંચ સંઘાત, પાંચ બંધન, છ સંસ્થાન અંગોપાંગ ત્રણ, સંહનન છ, વર્ણ, પાંચ, ગંધ બે, રસ પાંચ, આઠ સ્પર્શ, અનુપૂર્વી ચાર.

અગુરૂ લઘુ, ઊપઘાત, પરાઘાત, ઊછવાસ આતપ, ઊદ્યોત. એ છ તથા પ્રશસ્ત અને અપ્રશસ્ત, એ બે વિહાયો ગતિ, તથા પ્રત્યેક શરીર, ત્રસ, શુભ, સુભગ, સુસ્વર સૂક્ષ્મ, પર્યાપ્ત સ્થિર આદેય અને યશ આ દશ શુભ છે અને તેનાથી ઉલટી બીજી દશ અશુભ છે. કુલ ૨૦ તથા નિર્માણ અને તીર્થંકર એમ બધી મળીને નામ કર્મની ૯૩ પ્રકુતિ છે.

તેમાંથી તીર્થંકર નામના અભાવમાં ૯૨ છે અને આહારક શરીર સંઘાત બંધન અંગોપાંગ એ ચારના અભાવમાં ૯૩ માંથી ૪ બાદ કરતાં ૮૯ છે તેમાંથી પણ તીર્થંકર

નામ કર્મ બાદ કરતાં ૮૮ તથા દેવગતિ તથા અનુપૂર્વી વમેલી બાદ કરતાં ૮૬ અથવા નરકગતિ યોગ્ય બાંધતાં તેની ગતિ તથા અનુપૂર્વી તથા વૈક્રિય ચતુષ્ટ બાંધનારને ૮૦ સાથે આ છ મેળવતાં ૮૬ છે તથા દેવગતિ પ્રાયોગ્ય બાંધનારને પણ ૮૬ છે અને નરક ગતિ તથા અનુપૂર્વી મળી બે તથા વૈક્રિય ચતુષ્ક ચાર એ છ વમતાં ૮૦ રહે છે. વળી મનુષ્ય ગતિ અનુપૂર્વી બન્ને વમતાં ૭૮ છે. આ અક્ષપક જીવોનાં કર્મનાં સત્તા સ્થાન છે અને હવે ક્ષપક વાળાનાં કહે છે.

૯૩ પ્રકૃતિમાંથી નરક તિર્યંક ગતિ તથા અનુપૂર્વી બન્નેની મળી તથા ૧,૨,૩,૪, ઇંદ્રિય જાતિ મળી ચાર તથા આતપ ઉદ્યોત સ્થાવર સૂક્ષ્મ સાધારણ મળી કુલ ૧૩ પ્રકૃતિ ક્ષય થતાં ૮૦ પ્રકૃતિ રહે છે તથા તીર્થંકર નામ ન હોય તો ૯૨ માંથી ૧૩ જતાં ૭૯ છે.

તથા આહારક ચતુષ્ઠય દૂર થતાં ૯૩ માંથી ૮૯ રહે અને તેમાંથી નારકી વિગેરે સંબંધી ૧૩ દૂર થતાં ૭૬ રહે અને તીર્થંકર નામ ન હોય તો ૮૯ માંથી ૧ દૂર થતાં ૮૮ રહે અને તેમાંથી ૧૩ જતાં ૭૫ રહે છે.

તેમાં ૮૦ અથવા ૭૬ માંથી તીર્થંકર કેવળી શૈલેશી અવસ્થામાં પહોંચેલાને છેલ્લાના પહેલા ( દ્વિચરમ ) સમયમાં તીર્થંકર નામ કર્મ ઉમેરવાથી વેદાતી નવ કર્મ પ્રકૃતિ

સિવાયની પ્રકૃતિ દૂર થતાં બાકી અંત સમયે નવ પ્રકૃતિ સત્તામાં રહે છે તે કહે છે.

(૧) મનુષ્ય ગતિ (૨) પંચેંદ્રિય જાતિ (૩) ત્રસ (૪) બાદર (૫) પર્યાપ્તક (૬) સુભગ (૭) આદેય (૮) યશ કીર્તિ (૯) તીર્થંકર એ નવ સિવાયની બાકીની ૭૧ અથવા ૬૭ દ્વિચરમ સમયમાં નષ્ટ થાય છે અને તીર્થંકર સિવાયના કેવળીને આઠ હોય છે એટલે તેને તીર્થંકર નામ છોડીને બાકીની આઠ પ્રકૃતિ સત્તામાં હોય છે આ તેનું છેલ્લુ સ્થાન છે ( ત્યાર પછી મોક્ષમાં જતાં એક પણ પ્રકૃતિ નથી ) ગોત્રનાં બે સત્તા સ્થાન છે ઉંચ નીચ ગોત્રના સદ્ભાવમાં એક સત્તા સ્થાન છે તથા અગ્નિકાય અને વાયુકાયને ઉંચ ગોત્ર વમતાં મલિનભાવવાળી અવસ્થામાં ફક્ત નીચ ગોત્રની સત્તા રહે છે. અથવા અયોગી ગુણ સ્થાને દ્વિચરમ સમયે નીચ ગોત્રની સત્તા દૂર થતાં ઉંચ ગોત્ર એકલું રહે છે એટલે બે ગોત્રની અવસ્થામાં પ્રથમ સત્તા સ્થાન છે અને બંનેમાંથી એક હોય તે બીજું સત્તા સ્થાન છે ( અંતરાયની પાંચે પ્રકૃતિઓ સાથે દૂર થતી હોવાથી તેનું જુદું વર્ણન બતાવ્યું નથી. )

આ પ્રમાણે કર્મોની સત્તા જાણીને સાધુએ તે સત્તાને દૂર કરવા પ્રયત્ન કરવો. વળી બીજું કહે છે,

**कम्ममूलं च जं छणं, पडिलेहिय सव्वं समायाय**

**'दोहिं' अंतेहिं अदिस्समाणे तं परिन्नाय 'मेहावी' विइत्ता लोगवंता लोगसन्नंसे मेहावी परिक्कमिज्जासि ॥ सूत्र ११०॥ त्तिबेमि शीतोष्णीयोद्देशः १**

કર્મનું મૂળ કારણ મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય યોગ છે એને સમજીને ક્ષણ એટલે હિંસા તે પ્રાણીઓને દુઃખ દેવારૂપ કૃત્ય કર્મનું મુખ્ય મુળ સમજીને છોડવું.

પાઠાંતરમાં **कम्ममाहूअ** પાઠ છે તેનો અર્થ આ છે કે ઉપાદાન ક્ષણ આ કર્મના છે તે ક્ષણ કર્મ છે તે કર્મ મેળવીને તેજ ક્ષણે નિવૃત્તિ કરે તેનો ભાવાર્થ આ છે; અજ્ઞાન પ્રમાદ વિગેરેથી જે ક્ષણે કર્મના હેતુરૂપ અનુષ્ઠાન કર્યું તેજ ક્ષણે ચિત્ત સ્થિર કરીને તેના ઉપાદાન હેતુને નિવૃત્તિ કરે ( જેનાથી કર્મ બંધાય તેને છોડે અથવા તેની ગુરૂ પાસે શીઘ્ર આલોચના લે ) વળી ઉપદેશ કરે છે. પૂર્વે કહેલાં કર્મને સમજીને તથા કર્મના વિરૂદ્ધ ( કર્મ હણનાર ) ગુરૂનો ઉપદેશ સાંભળીને જે રાગદ્વેષ અંતરૂપે છે તેનાથી દૂર રહી અથવા તેનો સંબંધ છોડીને અથવા કર્મ ઉપાદાનનાં કારણ રાગાદિકને જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તજે અને રાગાદિથી મોહિત લોક અથવા વિષય કષાય લોક જાણીને તથા વિષયની વાંછા અથવા ધન ઉપર મમત્વભાવ છોડીને મર્યાદામાં રહેલો તે મુનિ સંયમ—અનુષ્ઠાનમાં પ્રયત્ન કરે; અથવા વિષયતૃષ્ણા, અથવા

છરિપુવર્ગને, અથવા આઠ કર્મને આવતાં અટકાવે. આ પ્રમાણે સુધર્મોસ્વામી કહે છે કે હું કહું છું. શીતોષ્ણીય નામના અધ્યયનનો પહેલો ઊદ્દેશો સમાપ્ત થયો.

## બીજો ઊદ્દેશો.

પહેલો ઊદ્દેશો કહ્યા પછી બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે છેઃ—પહેલા ઊદ્દેશામાં ભાવ સુતેલા બતાવ્યા; અને અહીં તેઓના સુવાથી "દુઃખ પડવાનું" ફળ બતાવે છે. એમ તે બન્નેનો સંબંધ છે. સૂત્ર અનુગમ હોવાથી સૂત્ર કહે છેઃ—

**जाइं च बुड्ढिं च इहऽज्ज ! पासे, भूएहिं जाणे पडिलेह सायं, तम्हाऽतिविज्जे परमंतिणच्चा, संमत्तदंसीन करेइ पावं सूत्र ॥१॥ काव्य.**

જાતિ એટલે, જન્મથી લઇને બાળકુમાર–યોવન બૂઢાપા સુધી વૃદ્ધિ છે, તે મનુષ્યલોકમાં, અથવા સંસારમાં હમણાંજ (કાળના વિલંબ વિના) તું જો. તેનો સાર આ છે કે, ગુરૂ શિષ્યને કહે છે કેઃ—હે ભદ્ર! હમણાં જનમતા જીવોને બુઢાપા સુધીમાં શરીર મન સંબધી કેવાં કેવાં દુઃખો ભોગવાય છે, તે તું વિવેક ચક્ષુથી જો. કહ્યું છે કે?—

**जाय माणस्स जं दुक्खं, मर्.माणस्स जं तुणो,**
**तेण दुक्खेण संतत्तो, न सरइ जाइ मप्पणो ॥१॥**

જનમતા માણુસનું જે દુ:ખ છે, તે માણુસને મરતી વખતે પડતાં દુ:ખથી તે તપેલો હોવાથી પૂર્વની જાતિને પણ વીસરી ગયો છે.

**विर सर सियं रसंतो तो सोजोणी मुहाउ निप्फिडइ। माऊए अप्पणोऽविअ वेअण मउलं जणेमाणो ॥२॥**

માના ચાવેલા આહારને ગર્ભમાં બેઠેલો બાળક પરવશ થઇને ખાય છે, અને પોતે જનમતી વખતે પોતાને તથા, માતાને ઘણી પીડા આપીને યોનિદ્વારા બહાર નીકળે છે.

**हीण भिण्णसरो दीणो विवरीओ विचित्तओ। दुब्बलोदुक्खिओ वसइ, संपत्तो चारिमं दसं ॥३॥**

અને તે વૃદ્ધાવસ્થામાં હીન–ભિન્ન ( ખોખરો ) અવાજ હોય છે. રાંકડું મુખ વથા, વિપરીત વિકલ્પ કરનારો દુર્બળ દુ:ખી અવસ્થામાં તે પડેલો હોય છે, અથવા હે આર્ય ! એવું મહાવીર પ્રભુ ગોતમને કહે છે, કે જાતિ વૃદ્ધિ અને તેનું મૂળ કારણ કર્મ તથા કાર્ય દુ:ખ છે તેને જો, અને દેખીને બોધ પામ, અને તેવું જન્મ વિગેરેનું દુ:ખ તને ન આવે, એવું સંયમ અનુષ્ઠાન કર.

વળી ચોદ પ્રકારના ભૂત ગ્રામ (જીવોનાં ચોદ સ્થાન) છે. તેની સાથે તારા આત્માનું સુખ સરખાવ એટલે જેમ તું સુખને વાંછે છે તેમ બધા પણ વાંછે છે અને તને દુ:ખ ગમતું નથી તેમ બીજાનું પણ સમજ, તેથી તું કોઇને

દુઃખ ન હેતો તેથી તને જન્માદિ દુઃખ નહિ મળે. કહ્યું છે કે—

**यथेष्ट विषयाः सातमनिष्टा इतरत्तव ।**
**अन्य त्रापि विदित्वैवं, न कुर्यादप्रियं जने ॥१॥**

જેવી રીતે તને ઇંદ્રિયોના રસ વ્હાલા છે અને અનિષ્ટ અપ્રિય છે એવી રીતે જાણીને બીજાને અપ્રિય કૃત્ય ન કરતો. શિષ્ય પૂછે છે તો શું કરવું ? ઉ. જાતિ વૃદ્ધિ સુખ દુઃખ દેખીને તત્વ બતાવનારી શ્રેષ્ટ વિદ્યાને જાણ, અને જે તત્વ જાણેલા હોય, તે મોક્ષ અથવા પરમ જ્ઞાન વિગેરે અથવા મોક્ષ માર્ગને જાણીને સમ્યકત્વ દર્શી બનીને પાપ ન કરે, અર્થાત્ સારો સાધુ પાપ વ્યાપાર ન કરે. હવે પાપનું મૂળ સંસારી સ્નેહના પાસો છે, તે છોડવા ઉપદેશ આપે છે.

**उम्मुं च पासं इह मच्चिए हिं, आरंभ जीवी उभयाणु पस्सी; कामेसुगिद्धा निचयं करंति, संसिच्चमाणा पुणरिंतिगब्भं सू. ॥२॥ काव्य.**

આ ચાર પ્રકારના કષાય તથા વિષયના વિમોક્ષમાં સમર્થ આધાર રૂપ મનુષ્ય લોકમાં સંસારી મનુષ્યો સાથે દ્રવ્યથી તથા ભાવથી બંને પ્રકારે જે પાશ (મોહજાળ) છે, તેને સર્વથા છોડ; કારણ કે તે જન સમૂહ કામ ભોગની લાલસા વાળો છે તથા તે મેળવવા માટે જીવ હિંસા વિગેરે પાપો આરંભે છે. તેથીજ સૂત્રમાં કહ્યું છે કે તે આરંભથી જીવવા

વાળો છે, અને મહારંભ પરિગ્રહથી રચના કરીને જીવનનો ઉપાય યોજે છે, તથા ઉભય એટલે શરીરના તથા મન સંબંધી અથવા આ લોક તથા પરલોક સંબંધી (ભોગાકાંક્ષી) છે, વળી તે કામ ભોગમાં રક્ત થઇને અશુભ કર્મનો ઉપચય કરે છે. અને તે કર્મ સંચય કરીને એક ગર્ભથી નીકળી બીજા ગર્ભમાં પ્રવેશ કરે છે. અને સંસાર ચક્રવાળ (ચક્રાવા)માં અરટની ઘટમાળ જેમ ભરાય અને ઠલવાય તે ન્યાયે જુનાં કર્મ ભોગવે, અને ફરી નવાં બાંધીને ભ્રમણ કરે છે. વળી તે અનિભૃત (વિના વિચારનો) આત્મા કેવો (દુષ્ટ) થાય છે તે કહે છે.

**आविसे हासमासज्ज, हंता नंदीत्ति मन्नई;**
**अलं बालस्स संगेण, वेरं वड्ढइ अप्पणो ॥सू. ३॥काव्य.**

લજ્જા ભય વિગેરેના નિમિત્તથી ચિત્તના વિપ્લવવાળુ જે હાસ્ય (હાંસી) છે, તેને મેળવીને ઇચ્છા પ્રેમી બની (ક્રીડાની ખાતર) જીવોને હણી (શિકારમાં) આનંદ માને છે, અને બીજાઓને ફસાવવા તે મહા મોહથી ઘેરાયલો અશુભ વિચારવાળો બોલે છે કે "આ મૃગ વિગેરે પશુઓ શીકારને માટે બનાવ્યાં છે, તથા શિકાર સુખી પુરૂષોની ક્રીડા માટે છે." જેવી રીતે જીવ હિંસા સિદ્ધ કરે છે. તેમ જુઠ ચોરીમાં પણ સિદ્ધ કરે કે. આ જુઠું બોલી ઠગવું કે ચોરી કરવી એ તો બુદ્ધિ બળનું તથા બહાદુ-

રીનું કામ છે વિગેરે સમજી લેવું, જો આવી રીતે સંસારી મનુષ્યો પાપ કરનારા છે. તો સાધુએ શું કરવું, તે આચાર્ય કહે છે.

કે જે મનુષ્યો શિકારી વિગેરે હોય, અથવા વિષય કષાયમાં રક્ત હોય, તો તેવા બાલજીવ સાથે હાસ્યાદિ તથા સંગ ન કરવો; જો પાપીનો સંગ કરે તો માંહોમાંહે લડાઇ થતાં વૈર વધે છે, અને પરસ્પર વૈર લેવાનો પ્રસંગ આવે છે. જેમકે ગુણુસેન રાજાએ જુદી જુદી રીતે કરેલા હાસ્યના કારણે અગ્નિશર્મા બ્રાહ્મણ સાથે વૈર વધીને નવ ભવ સુધી ચાલ્યું, (સમરાદિત્ય ચરિત્રમાં તેની કથા છે કે અગ્નિશર્મા બ્રાહ્મણનું કુરૂપ જોઈ રાજકુમાર ગુણુસેને તેની હાંસી કરી. તેથી બ્રાહ્મણે કંટાળી તાપસ બની તપ કરી વિખ્યાત થયો. અનુક્રમે ગુણુસેન રાજા બની તે તાપસ પાસે આવ્યો પૂર્વની વાત સાંભળી રાજાએ ક્ષમા ચાહી પારણામાં જમવાનું આમંત્રણ કર્યું. ત્રણે વાર આમંત્રણ વખતે રાજા ભૂલી ગયો. અને તાપસ પાછો ગયો. તેથી તાપસને આ દરેક વખતે હાંસી લાગી, અને વૈર લેવાનું નિયાણું કર્યું. ગુણુસેન તે સમરાદિત્ય થયો. અને નવ ભવ સુધી તેની સાથે તાપસનું વેર રહ્યું, માટે હાંસી ન કરવી, તેમ હાંસી કરનારનો સંગ પણ ન કરવો) એજ પ્રમાણે વિષય સંગ વિગેરેમાં પણ દુઃખ અને વૈર વધવાનું જાણી

તેવાઓનો સંગ ન કરવો. જો એમ છે, તો સાધુએ શું કરવું ? તે કહે છે.

**तम्हा तिविज्जो परमंतिणच्चा, आयंकदंसी न करेइ पावं, अग्गं च मूलं च विगिंच धीरे, पलिछिंदियाणं निक्कम्मदंसी ॥सू. ४॥ काव्य.**

બાળ ( પાપી ) ની સંગતિથી વૈર વધે છે, તેથી અતિ વિદ્વાન્ (ગીતાર્થ) મુનિ પરમ એટલે મોક્ષપદ અથવા સર્વ સંવર રૂપ ચારિત્ર અથવા સમ્યગ જ્ઞાન અથવા સમ્યગ્ દર્શન (એ ત્રણે ઉત્તમ હોવાથી) તેને જાણીને શું કરે તે ગુરૂ કહે છે.

**आतक दर्शी**—આતંક તે નરક વિગેરેનાં દુઃખ છે. તેને (હૃદય ચક્ષુ વડે) દેખવાના સ્વભાવ વાળો તે આતંક દર્શી છે. તે પૂર્વે કહેલા પાપોના અનુબંધ રૂપ અશુભ કર્મને કરતો નથી. તેમ પાપ કરાવે પણ નહિ, તથા અનુમોદતો પણ નથી; વળી ગુરૂ ઉપદેશ આપે છે, કે.

**अग्र**—ચાર અઘાતિ કર્મ જે ભવોપગ્રાહી છે. તે અગ્ર છે, અને **मूल**—તે ચાર ઘાતી કર્મ છે. તે મૂળ છે. (અથવા બીજી રીતે લઈએ તો) મોહનીય કર્મ મૂળ છે. બાકીનાં સાત કર્મ અગ્ર છે. અથવા મિથ્યાત્વ મૂળ છે. બાકી બધી પ્રકૃતિ અગ્ર છે. એ પ્રમાણે બધાં અગ્ર તથા મૂળ કર્મને દૂર કર; આ સૂત્રથી એમ સૂચવ્યું કે કર્મ તે પુદ્ગળનો

સમૂહ છે. તેનો સર્વથા ક્ષય થતો નથી, પણ યોગ્ય અનુષ્ઠાન કરવાથી આત્માથી સર્વથા દુર થઇ શકે છે.

મોહનીયનું અથવા મિથ્યાત્વનું બધા કર્મમાં મૂળ પણું કેવી રીતે ઘટે છે? આમ જો કોઇને શંકા હોય તો આચાર્ય કહે છે કે તેના કારણે બાકીની બધી પ્રકૃતિઓનો બંધ પડે છે. કહ્યું છે કે.

**न मोहमतिवृत्य बंध, उदितस्त्वया कर्मणां;**
**न चैक विध बंधनं, प्रकृति बंध विभवो महान्;**
**अनादि भव हेतुरेष, न च बध्यते नासकृत्;**
**त्वयाति कुटिला गतिः कुशल! कर्मणां दर्शिता॥१॥**

હે કુશળ પ્રભો! તમે કર્મોનો બંધ મોહ વિના બતાવ્યો નથી, અને તે મોહનું અનેક પ્રકારનું બંધન છે અને પ્રકૃતિનો મહાન્ વિભવ છે; અને આ મોહ અનાદિ ભવનો હેતુ છે. અને તે અનેકવાર ન બંધાય એમ નથી. પણ વારંવાર બંધાય છે. એવી કર્મોની કુટિલ ગતિ આપે બતાવી છે! તેજ પ્રમાણે આગમ કહે છે—

**कहण्णं भंते जीवा अट्ठ कम्म पगडीओ बंधंति,? गोयमा! णाणावरणिज्जस्स उदएणं दरिसणावरणिज्जं कम्मं नियच्छइ, दरिसणा वराजिज्जस्स कम्मस्स उदएणं दंसण मोहणीयं कम्मं नियच्छइ, दंसण**

**मोहणिज्जस्स उदएणं मिच्छतं नियच्छइ मिच्छत्तेणं उदिण्णेणं एवं खलु जीवे अट्ठकम्म पगडीओ बंधई।**

હે ભગવાન! જીવો કેવી રીતે આઠ કર્મ બાંધે છે? હે ગૌતમ! જ્ઞાનાવરણીયના ઉદયથી દર્શનાવરણીય કર્મ બાંધે છે. દર્શનાવરણીય કર્મના ઉદયથી દર્શનમોહનીય કર્મ બાંધે છે, અને મિથ્યાત્વના ઉદયથી આઠે કર્મપ્રકૃતિઓ બાંધે છે, તેવી રીતે ક્ષય પણ, મોહનીયકર્મના ક્ષય સાથેજ ક્ષય થાય છે. કહ્યું છે કે:—

**नायगंमि हते संते, जहा सेणा विणस्सई।**
**एवं कम्मा विणस्संति, मोहणिज्जे खयं गए ॥१॥**

નાયક હણાવાથી જેમ; સેના નાશ પામે છે, તેવી રીતે મોહનીયકર્મનો ક્ષય થવાથી બીજાં સાત કર્મો નાશ થાય છે.

અથવા મૂળ તે અસંયમ અથવા કર્મ છે, અને અગ્ર તે સંયમ તપસા અથવા મોક્ષ છે, તે મૂળના અગ્રમાં અક્ષોભ્ય ( અચળ ) ધીર તું થા; અથવા બુદ્ધિ એ શોભાયમાન એવા શિષ્યને ગુરૂ કહે છે:—હે ધીર! વિવેકથી અસંયમને દુઃખનું કારણ તથા, સંયમને સુખના કારણપણે માન, તથા, તપ અને સંયમવડે રાગ વિગેરેનાં બંધન અથવા તેનાં કાર્ય જે કર્મ છે, તેને છેદીને કર્મરહિત તું બન; એટલે તું પોતાના આત્માને કર્મરહિત બનાવ.

એવા સ્વભાવવાળો નિષ્કર્મદર્શી કહેવાય છે. અથવા, મોહનીયકર્મ ક્ષય થતાં જ્ઞાનદર્શનનાં આવરણ દુર થતાં, તે સર્વદર્શી, તથા સર્વજ્ઞાની થાય છે, અને કર્મરહિત થયેલો; અથવા સર્વજ્ઞ બનેલો બીજું શું મેળવે છે તે કહે છેઃ—

**एस मरणापमुच्चइ, से हु दिट्ठभए मुणी, लोगंसि परम दंसी विवित्तजीवी उवसंते समिए सहिए सया जए कालकंखी परिवए, बहुं च खलु पावं कम्मं पगडं ॥सू. १११॥**

એ સર્વજ્ઞ સાધુ મૂળ અને અગ્રનો રેચક ( કર્મને તોડનારો ) બનીને નિષ્કર્મદર્શી થયો છે, તે મરણથી મુકાય છે, કારણકે, ઘાતીકર્મો દુર થવાથી અઘાતીકર્મમાં રહેલું આયુ નવા ભવનું બંધાતું નથી; અથવા વારંવાર મરવું; અથવા ક્ષણે ક્ષણે મરવું એ મરણથી તે મુકાય છે. અથવા બધોજ આ સંસાર મરણ યુકત છે તેથી પોતે મુકાય છે. વળી તે, મુનિ સંસારમાં રહેલો ભય, અથવા સંસાર સંબંધી સાત પ્રકારનો ભય તેને દેખે છે. કે ( સંસારીને આવા ભયો આવે છે. ) તે દૃષ્ટભય કહેવાય છે. વળી, તે છ દ્રવ્યના આધારરૂપ-લોક અથવા, ચૌદ જીવસ્થાનવાળો લોક છે તેમાં પરમ જે મોક્ષ છે, અથવા તેનું કારણ સંયમ છે તેને દેખવાના સ્વભાવવાળો હોય તે પરમદર્શી છે તથા સ્ત્રી પશુ નપુંસક સાધુના બ્રહ્મચર્યને ઘાત કરનાર

છે, તેનાથીરહિત એવા મકાનમાં રહે છે, તે દ્રવ્યથી વિવિક્ત કહેવાય; તથા રાગદ્વેષથી રહિત નિર્મળ ચિત્ત રાખવાથી ભાવથી વિવિક્ત કહેવાય; તે ગુણવાળો હોવાથી વિવિક્તજીવી કહેવાય છે. આવો મુનિ ઇંદ્રિય તથા મનને શાંત રાખવાથી ઉપશાંત છે, અને તે પાંચ સમિતિથી યુક્ત હોવાથી અથવા સરળ તે મોક્ષમાર્ગે જવાથી સમિત છે, અને જ્ઞાન વિગેરેથી યુક્ત છે, તેમ અપ્રમાદિ પણ છે. વળી તે મુનિ તેવીરીતે આખી જીંદગી સુધી ઉત્તમ ગુણવાળો રહે; તે કાળ આકાંક્ષી કહેવાય; અને એ પ્રમાણે પંડિત મરણની આકાંક્ષાવાળો સંયમ–અનુષ્ઠાનમાં રહે.

## આવું શામાટે કરે તે કહે છે.

મૂળ ઉત્તરપ્રકૃતિના ભેદવાળું તથા પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશ, એમ ચાર પ્રકારે બંધવાળું, તથા બંધ ઉદય–સત્તાની વ્યવસ્થાવાળું, તથા બાંધવું સ્પર્શ કરવો જોડાવું, એકપણે મળવું; વિગેરે અવસ્થાવાળું કર્મ છે; અને તે થોડાક કાળમાં ક્ષય થાય; તેવું નથી, તેથી કાળ આકાંક્ષી કહ્યું છે.

તેમાં બંધસ્થાનની અપેક્ષાએ મૂળ ઉત્તરપ્રકૃતિનું બહુપણું બતાવીએ છીએ. જેમકે:—

બધી મૂળ પ્રકૃતિઓ અંતર્મૂહુર્ત સુધી સાથે બાંધે; તે આઠ પ્રકારનો કર્મબંધ છે, અને આયુષ્ય ન બાંધે; તો,

સાત પ્રકારનો છે, અને તે આયુનો કાળ જઘન્યથી અંતર્મુહુર્ત છે, અને ઊત્કૃષ્ટથી તેના શિવાયનાં ૩૩ સાગરોપમમાં પૂર્વક્રોડીનો ત્રીજો ભાગ વધારે છે, અને સૂક્ષ્મસંપરાયનો મોહનીયકર્મનો બંધ દૂર થતાં, તથા આયુના બંધનો અભાવ થવાથી છ પ્રકારનો કર્મબંધ છે, અને તે જઘન્યથી એક સમયનો અને ઊત્કૃષ્ટથી અંતર્મૂહુર્ત છે, તથા ઊપશાંત ક્ષીણમોહ તથા, સંયોગી કેવળીને સાત પ્રકારના કર્મના બંધનો ઉપરમ થતાં એક પ્રકારનું સાતાવેદનીયકર્મ બંધાય છે. તે જઘન્યથી એક સમય અને ઊત્કૃષ્ટથી પૂર્વક્રોડીમાં થોડું ઓછું છે.

હવે, ઉત્તરપ્રકૃતિનાં બંધસ્થાન કહે છેઃ—

જ્ઞાન આવરણ, અને અંતરાયના પાંચે ભેદનું ધ્રુવબંધીપણું હોવાથી એકજ બંધસ્થાન છે, તથા દર્શનાવરણીયનાં ત્રણ બંધસ્થાન કહે છેઃ—

(૧) પાંચ નિદ્રા અને ચાર દર્શન સાથે રહેવાથી તે નવેનું ધ્રુવ બંધીપણું હોવાથી નવ વિધનું એક સ્થાન છે, (૨) તેમાંથી થીણદ્ધિ નિદ્રાત્રિક અનંતાનુબંધીની ચોકડી સાથે દૂર થવાથી તે ત્રણના બંધનો અભાવ થતાં છ પ્રકૃતિનો બંધ છે. (૩) અપૂર્વ કરણના સંખ્યેય ભાગે નિદ્રા અને પ્રચલાનો બંધ દૂર થતાં ચાર પ્રકારના દર્શનાવરણનો બંધ રહેવાથી તે ત્રીજું સ્થાન છે.

વેદનીય કર્મનું એકજ બંધ સ્થાન છે. ચાહે સાતા બાંધે ચાહે અસાતા બાંધે, પણ એક બીજાની વિરોધી હોવાથી બંને સાથે ન બાંધે.

**મોહનીય કર્મનાં દશ બંધ સ્થાન છે.**

(૧) એક મિથ્યાત્વ ૧, સોળ કષાયો ૧૬, કોઈ પણ એક વેદ ૧, હાસ્ય રતિનું જોડકું અથવા અરતિ શોકનું એક જોડકું તેમાંથી એક જોડકું લેતાં તે બે ૨ તથા ભય ૧, જુગુપ્સા ૨, મળી કુલ ૨૨ પ્રકૃતિનો બંધ હોય છે.

(૨) મિથ્યાત્વનો બંધ દૂર થતાં સાસ્વાદન ગુણસ્થાનમાં ૨૧નો બંધ છે.

(૩) તેમાંથી મિશ્ર દૃષ્ટિ અથવા અવિરત સમ્યગ દૃષ્ટિને અનંતાનુબંધી ચોકડી દૂર થવાથી ૧૭ પ્રકારનો બંધ છે.

(૪) તેમાંથી દેશ વિરતિ ગુણસ્થાને અપ્રત્યાખ્યાનની ચોકડીના બંધનો અભાવ થવાથી ૧૩ નો બંધ છે.

(૫) તેમાંથી પ્રમત્ત અપ્રમત્ત અપૂર્વકરણમાં વર્તતા સાધુને પ્રત્યાખ્યાનની ચોકડી દૂર થવાથી ૯નો બંધ છે.

(૬) તેમાંથી હાસ્ય વિગેરેનું જોડકું તથા ભય જુગુપ્સા દૂર થવાથી ફક્ત ૫નો બંધ અપૂર્વ કરણના ચરમ (છેલ્લા) સમયે છે.

(૭) તેમાંથી અનિવૃત્તિકરણના સંખ્યેય ભાગ વીતે થકે પુરૂષ વેદના બંધનો અભાવ થતાં ચારનો બંધ છે.

(૮) તેમાંથી તેજ ગુણસ્થાને સંખ્યેય ભાગ ગયે થકે અનુક્રમે ક્રોધનો ક્ષય થતાં ૩ નો બંધ છે.

(૯) માનનો ક્ષય થતાં ૨નો બંધ છે (૧૦) માયાનો ક્ષય થતાં ૧નો બંધ છે ત્યાર પછી અનિવૃત્તિકરણના છેલ્લા સમયમાં મોહનીયના બંધનો અભાવ થવાથી અબંધક છે.

## સામાન્યથી આયુકર્મતો બંધ એક પ્રકારનો છે

ચાર પ્રકારના આયુમાંથી કોઇ પણ એકનો બંધ હોય પણ બે અથવા ત્રણ સાથે બંધાવાનો અભાવ હોવાથી એક બંધ જાણવો—

નામ કર્મનાં આઠ બંધ સ્થાન છે.

( ૧ ) ૨૩ પ્રકૃતિ તિર્યંચ ગતિને યોગ્ય બાંધતાં થાય છે. તે નીચે પ્રમાણે તિર્યંચ ગતિ, ૧ એકેંદ્રિય જાતિ ૧ ઔદારિક તેજસ કાર્મણ શરીરો ૩ હુંડ સંસ્થાન ૧ વર્ણ ગંધ રસ સ્પર્શ ૪ તિર્યગ્ ગતિને યોગ્ય અનુપૂર્વી ૧ અગુરૂ લઘુ ૧ ઉપઘાત ૧ સ્થાવર ૧ બાદર સૂક્ષ્મમાંથી ૧ કોઇ પણ એક, અપર્યાપ્તક ૧ પ્રત્યેક સાધારણમાંથી એક ૧ અસ્થિર ૧ અશુભ ૧ દુર્ભગ ૧ અનાદેય ૧ અયશ કીર્તિ ૧ નિર્માણ ૧ એમ કુલ ૨૩ છે તેનો બંધ એકેંદ્રિય અપર્યાપ્તાને યોગ્ય મિથ્યા દષ્ટિને બાંધતાં હોય છે.

(૨) તે ત્રેવીશમાં પરાઘાત અને ઉચ્છવાસ મળી એમ

૨૫ પર્યાપ્તા એકેંદ્રિયને બંધ જાણવો. ( અપર્યાપ્તાને બદલે પર્યાપ્તાને ૨૫ પ્રકૃતિ લેવી. )

( ૩ ) એમાં આતપ અથવા ઉદ્યોત એક પ્રકૃતિનો બંધ મેળવતાં ૨૬ થાય પણ સાધારણની જગ્યાએ પ્રત્યેક અને સૂક્ષ્મની જગ્યાએ બાદર લેવી.

( ૪ ) દેવ ગતિને યોગ્ય બાંધતાં ૨૮ પ્રકૃતિનો બંધ નીચે મુજબ છે. દેવગતિ ૧ પંચેંદ્રિય જાતિ ૧ વૈક્રિય તેજસ કાર્મણ ત્રણ શરીર ૩ સમચતુરસ્ર સંસ્થાન ૧ અંગોપાંગ ૧ વર્ણ વિગેરે ચતુષ્ટય, ૪ અનુપૂર્વી ૧ અગુરૂલઘુ ૧ ઉપઘાત ૧ પરાઘાત ૧ ઉચ્છવાસ ૧ પ્રશસ્ત વિહાયો ગતિ ૧ ત્રસ ૧ બાદર ૧ પર્યાપ્ત ૧ પ્રત્યેક ૧ સ્થિર અસ્થિરમાંથી એક, ૧ શુભ ૧ સુભગ ૧ સુસ્વર ૧ આદેય ૧ યશઃકીત્તિ ૧ અથવા અયશઃકીત્તિ નિર્માણ ૧ ( ટીકામાં શુભ અશુભમાંથી કોઈ પણ એક હોય છે, એમ લખ્યું છે. ટીપણમાં એકલી શુભ લીધી છે ) એમ કુલ ૨૮ નો બંધ થાય છે.

( ૫ ) તેમાં તીર્થંકર નામ કર્મ ઉમેરવાથી ૨૯.

( ૬ ) હવે ત્રીશનો બંધ બતાવે છે. દેવગતિ, ૧ પંચેદ્રિય જાતિ ૧ વૈક્રિય આહારક શરીર ૨ અંગોપાંગ ૨ તેજસકાર્મણ ૨ પહેલું સંસ્થાન ૧ વર્ણાદિ ચતુષ્ક ૪ અનુપૂર્વી ૧ અગુરૂલઘુ ૧ ઉપઘાત ૧ પરાઘાત ૧ ઉચ્છવાસ

૧ પ્રશસ્તવિહાયો ગતિ ૧ ત્રસ બાદર પર્યાપ્ત પ્રત્યેક સ્થિર શુભ સુભગ સુસ્વર આદેય યશઃકીર્ત્તિ એ દશક ૧૦ તથા નિર્માણ ૧ નામ મળી કુલ ૩૦.

( ૭ ) એમાં તીર્થંકર નામ મેળવવાથી ૩૧ થાય છે.

આ પ્રમાણે એકેંદ્રિય બેઇંદ્રિય ત્રીઇંદ્રિય નરકગતિ વિગેરે આશ્રયી અનેક ભેદે બંધના ઘણા પ્રકારો છે. તે કર્મ ગ્રંથથી જાણવા.

( ૮ ) અપૂર્વકરણ આદિ ત્રણ ગુણ સ્થાને દેવગતિ પ્રાયોગ્ય બંધના ઉપરમથી યશઃકીર્ત્તિ જ ફક્ત બાંધે છે. તેથી એક વિધબંધ છે. ત્યાર પછી નામ કર્મના બંધનો અભાવ છે.

ગોત્રકર્મમાં સામાન્યરીતે ઊંચ અથવા નીચમો એકમો બંધ છે. ઊંચ અને નીચ બંને વિરોધી હોવાથી સાથે બંધાવાનો અભાવ છે. કર્મોનું આ પ્રમાણે બંધદ્વારમાં લેશથી ઘણા પ્રકારપણું બતાવ્યું.

સૂત્રકાર તેથી કહે છે કેઃ—આ કર્મ જીવે બાંધ્યાં છે. તે ખુલ્લેખુલ્લું છે, કારણકે, તે પ્રમાણે ભોગવતાં દરેકને અનુભવાય છે. ( સૂત્રમાં ખલુ શબ્દ વાક્યાલંકારમાં છે અથવા નિશ્ચયઅર્થમાં છે કે, કર્મ બહુ પ્રકારેજ છે. ) જો આ પ્રમાણે છે, તો તે કર્મબંધનને દૂર કરવા શું કરવું ? તે કહે છેઃ—

**सच्चं मि धि इं कुवहा, एत्थो वरए मेहावी, सव्वं पावं कम्मं जोसइ (सू. ११२)**

ઉત્તમ જીવોને હિત કરનાર તે સત્ય છે, અને તેનેજ સંયમ કહે છે. તે સંયમમાં ધૈર્યતા રાખ, અથવા યથાવસ્થિત વસ્તુનું સ્વરૂપ જિનેશ્વરે બતાવવાથી તેમનું કહેલું મૌનીંદ્ર આગમ (જૈન સિદ્ધાંત) સત્ય (તત્વ) છે. તે ભગવંતના વચનમાં ઉપરત (અતિશય રકત) બનીને મેધાવી (તત્વ દર્શી) સાધુ બધાં પાપ કર્મ જે સંસાર સમુદ્રમાં ભ્રમણ કરાવે છે તેને (સંયમ અનુષ્ઠાન તથા તપ વડે) ક્ષય કરે છે. આ પ્રમાણે અપ્રમાદી સાધુના ઉત્તમ ગુણો બતાવ્યા તે અપ્રમાદનો શત્રુ પ્રમાદ છે, તે કષાય વિગેરે પ્રમાદથી પ્રમત્ત બનેલો કેવો દુર્ગુણી થાય છે, તે કહે છે.

**अणेगचित्ते खलु अयं पुरिसे, से केयणं अरिहए, से अण्णवहाए अण्णपरियावाए अण्णपरिग्गहाए जणवय वहाए जणवय परियावाए जणवय परिग्गहा ॥सू. ११३॥**

ખેતી વેપાર મજુરી વિગેરે અનેક પ્રકારના કાર્યમાં તેનું ચિત્ત લાગવાથી તે સંસારી જીવ અનેક ચિત્તવાળોજ છે. એટલે સંસાર સુખનો અભિલાષી અનેક ચિત્ત (ચંચળ ચિત્ત) વાળો હોય છે. "આ પુરૂષ" એમ કહેવાથી સંસારી જીવ બતાવ્યો. અહીં પૂર્વે કહેલ દધિ ઘટિકા અને કપિલ

દરિદ્રીનો દૃષ્ટાંત કહેવો. (ઉત્તરાધ્યયન સૂત્રમાં કપિલનો દૃષ્ટાંત બતાવેલ છે.) હવે જે અનેક ચિત્તવાળો છે તે શું કરે છે, તે બતાવે છે. દ્રવ્ય કેતન એટલે ચાલણી પૂરનારો અથવા સમુદ્ર છે. અને ભાવ કેતન તે લોભની ઇચ્છા છે. એટલે પૂર્વે કોઇએ પણ ભર્યું નથી, તેને પોતે ભરવા ઇચ્છે છે, તેનો સાર આ છે કે પૈસાના લોભમાં શક્ય અથવા અશક્ય કાર્યમાં વિચાર્યા વિના અશક્ય અનુષ્ઠાનમાં વર્તે છે, અને લોભની ઇચ્છા પૂરણ કરવામાં વ્યાકુળ મતિવાળો બનીને શું કરે છે, તે કહે છે, તે લોભીઓ બીજા પ્રાણીઓના વધમાં તત્પર થાય છે, અને બીજા જીવોને શરીર તથા મન સંબંધી પરિતાપ કરાવે છે તેજ પ્રમાણે બે પગવાળાં ચાર પગવાળાં મનુષ્ય પશુ વિગેરેનો સંગ્રહ કરે છે, તથા જાનપદ એટલે જન પદમાં થએલા કાળ પ્રષ્ટ વિગેરે અથવા રાજા વિગેરેનો વધ કરવા તૈયાર થાય છે, અથવા લોકોની નિંદા માટે કૃત્ય કરે છે, એટલે આ ચોર છે એમ બીજાની ચુગલી કરે છે, અથવા પારકાનાં છિદ્ર ઉઘાડે છે, અથવા મગધ વિગેરે દેશો જીતવા યત્ન કરે છે (મૂળ સૂત્રમાં ક્રિયાપદ નથી લીધું તે લેવું)

આ પ્રમાણે લોભીઆ મનુષ્યો વધ વિગેરે ક્રિયા કરે છે કે બીજું પણ કરે છે તે બતાવે છે.

**आसे विसा एतं (वं) अट्ठं इच्चे वेगे समुट्ठिया,**

**तम्हा तं बिइयं नो सेवे, निस्सारं पासिय नाणी, उववायं चवणं णच्चा, अणण्णं चर माहणे, से नछणे न छणावए छणं तं नाणुजाणइ, निव्विंद नंदि, अरए पयासु, अणोमदंसी, निसण्णे पावेहिं कम्मेहिं सूत्र. ११४.**

ઉપર બતાવ્યા પ્રમાણે બીજા જીવોનો વધ કરવો, સંગ્રહ કરવો, તથા બીજા જીવોને દુઃખ દેવું વિગેરે પાપ કરીને પોતાના લોભની ઇચ્છા પૂર્ણ કરીને કેટલાક મનુષ્યો ભરત ચક્રવર્તી વિગેરે (તે જીવોના થતા દુઃખને નજરે દેખીને વૈરાગ્ય પામીને) મન વચન કાયાના દુષ્ટ વ્યાપારને ધિક્કારી શુભ વ્યાપારમાં એટલે સંયમ અનુષ્ઠાનમાં યત્ન કરે છે અને મહાન તપશ્ચર્યા કરવાથી તેજ ભવમાં મોક્ષમાં જાય છે, અને તે પ્રમાણે વિચારી સંયમ અનુષ્ઠાનમાં વર્તીને કામ ભોગ તથા હિંસા વિગેરે આશ્રવદ્વારને ત્યાગીને શું કરવું તે કહે છે. જેણે ભોગ ત્યાગ્યા તે માણસે પ્રતિજ્ઞા કરીને બીજી વખત ભોગના લાલચુ ન થવું, અથવા જુઠ અથવા અસંયમમાં વર્તવું નહિ. કારણ કે પાંચ ઇંદ્રિયોના સ્વાદને ખાતર અસંયમ સેવે છે પણ તે વિષયો સાર વિનાના છે કારણ કે જે સાર વસ્તુ છે તે મેળવવાથી તૃપ્તિ થાય છે પણ જે વસ્તુથી તૃષ્ણા વધે તેથી તે નિઃસાર છે, એવું દેખીને તત્વ જાણનારો સાધુ વિષય અભિલાષ ન કરે,

આ મનુષ્યોના વિષયરસો અસાર છે, અને અનિત્ય છે એટલુંજ નહિ પણ દેવતાઓનું પણ વિષય સુખ તથા જીવિત અનિત્ય છે તે બતાવે છે. ઉપપાત (ઉત્પન્ન) થવું, ચ્યવન ( નાશ પામવું ) તે જાણીને વિષય સંગના સુખનો ત્યાગ કરજે. કારણ કે વિષયસમૂહ અથવા બધો સંસાર અથવા સર્વે સ્થાન અશાશ્વત છે તેથી શું કરવું તે કહે છે.

મોક્ષ માર્ગથી અન્ય અસંયમ છે તે અન્યને છોડીને અનન્ય જ્ઞાનાદિક છે, તેનું સેવન કર, માહણ એટલે મુનિ તેને આ ઉપદેશ આપ્યો છે. વળી તે મુનિ સંયમ પાળનારો પ્રાણીઓને દુઃખ ન દે, ન હણે, ન હણાવે, ન હિંસા કરનારને અનુમોદે, આ પ્રમાણે હિંસાથી નિવૃત થઇ ચોથું વ્રત પાળે, તે કહે છે વિષયથી ઉત્પન્ન થએલ જે આનંદ તેને ધિક્કાર, તથા સ્ત્રી વિગેરેમાં રાગ રહિત થઇને આવી ભાવના ભાવ, “ આ વિષયો કિંપાક ફળની ઉપમાવાળા છે અને કડવા તુરિયાના જેવા કડવાં ફળ આપનારા છે ” એમ જાણીને તે વિષય સુખ લેવાના પરિગ્રહના મમત્વને ત્યાગી દે, હવે ઉત્તમ ધર્મ પાળવા માટે કહે છે. અવમ એટલે મિથ્યા દર્શન અવિરતિ વિગેરે છે તેનાથી ઉલટું અનવમ એટલે સંયમ છે, તેને દેખવાના સ્વભાવવાળો તે સમ્યગ દર્શન જ્ઞાન ચારિત્રવાળો થઇને ઉપર કહ્યા મુજબ તું સ્ત્રી સંગની બુદ્ધિને દૂર કર. વિષયોની નિંદા કર, આ સૂત્રનો પરમાર્થ છે.

જે અનવમદર્શી છે તે નિસન્ન છે એટલે પાપ કર્મોથી બેદી બનીને તે કરતો નથી, અથવા પાપ કર્મોથી દૂર રહે છે. વળી બીજા ગુણો મેળવવા બતાવે છે.

**कोहाइ माणं हणियाय वीरे, लोभस्स पासे निरयं महंतं, तम्हा य वीरे विरए वहाओ, छिंदिज्ज सोयं लहु भूयगामी ॥१॥ गंथं परिण्णाय इहऽज्ज! धीरे, सोयं परिण्णाय, घरिज्ज दंते। उम्मज्ज लद्धुं इह माणवेहिं, ओपाणिणं पाणे समारभिज्जा सि २ काव्य. त्तिबेमि। द्वितीय उद्देशकः ३-२॥**

ક્રોધ જેમાં પહેલો છે તે ક્રોધાદિ કષાયો છે. તથા જેના વડે મપાય તે માન, એટલે અનંતાનુંબંધી વિગેરે કષાયોના ચાર ભેદો છે તે અથવા ક્રોધ અને માન જે ક્રોધનું કારણ છે તે ગર્વને સાધુ હણે અને તે હણનારો વીર છે, તથા જેમ દ્વેષરૂપ ક્રોધ માનને હણે, તેમજ રાગ દૂર કરવા કહે છે. લોભ પણ અનંતાનુબંધી વિગેરે ચાર પ્રકારનો છે તેની સ્થિતિ અને વિપાકને જો, કારણ કે તેની સ્થિતિ સૂક્ષ્મ સંપરાય નામના દશમા ગુણ સ્થાન સુધી મોટી છે. અને તેનો વિપાક અપ્રતિષ્ઠાન વિગેરે નરકાવાસની પ્રાપ્તિ સુધી છે.

તેથી સૂત્રમાં કહ્યું છે કે "**गच्छा मणुआ य सत्तमिं पुढविं**" માછલાં અને મનુષ્યો મરીને સાતમી નારકી સુધી

જાય છે, તે પ્રમાણે તે મોટા લોભમાં પરવશ થઇને સાતમી નારકીમાં દુઃખ ભોગવે છે.

તેથી શું કરવું તે કહે છે.

જો લોભથી આવું દુઃખ છે તો પ્રાણી વધ વિગેરેની પ્રવૃત્તિથી નરકમાં જવું ન પડે માટે વીર પુરૂષ લોભથી દૂર રહે. વળી શોકને અથવા સંસાર ભ્રમણ કરાવનાર ભાવ શ્રોતને દૂર કર તથા તું લઘુ ભૂત એટલે મોક્ષ અથવા સંયમ તે તરફ જનારો લઘુભૂતગામી થા, અથવા લઘુભૂત થવાની ઇચ્છાવાળો લઘુભૂત કામી બન; ફરી ઉપદેશ આપે છે તું બાહ્ય તથા અભ્યંતર બે પ્રકારે ગાંઠને જ્ઞપરિજ્ઞા વડે જાણીને હમણાંજ ધીર બનીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે છોડ.

વળી વિષય અભિલાષ તે સંસાર પ્રવાહ છે તેને જાણીને દાંત એટલે ઇંદ્રિયોને દમન કરીને સંયમ પાળ, કેવી રીતે પાળે તે કહે છે, અહીંયાં મિથ્યાત્વાદિ શેવાલથી આચ્છાદિત સંસાર કુંડમાં જીવ રૂપી કાચબો તું બનીને શ્રુતિ (જ્ઞાન ભણવું) શ્રદ્ધા તથા સંયમમાં વીર્ય જોડીને કાચબો જેમ તરી આવે તેમ તું તરીજા, મનુષ્ય સિવાય મોક્ષ નથી, માટે મનુષ્ય પણામાં તરવાનું કહ્યું પણ પ્રાણીની હિંસાના આરંભનાં કૃત્યો ન કરતો, પાંચ ઇંદ્રિયો ત્રણ બળ શ્વાસોશ્વાસ અને આયુ તે દશ પ્રાણને ધારણ કરવાથી પ્રાણી

કહેવાય તેને દુઃખ ન દે, ન દુઃખ દેનારાં કૃત્ય કર. આ પ્રમાણે શીતોષ્ણીય અધ્યયનમાં બીજો ઉદ્દેશો અર્થ રૂપે પુરો થયો. સુધર્માસ્વામી એ જંબુસ્વામીને કહ્યું વિગેરે પૂર્વ માફક જાણવું.

## હવે ત્રીજો ઉદ્દેશો કહે છે.

એનો બીજા સાથે આ પ્રમાણે સંબંધ છે.

ગયા ઉદ્દેશામાં દુઃખ તથા તેને સહન કરવાનું બતાવ્યું અને તે સહન ન કરે તો સાધુ નહિ એટલુંજ નહી પણ સંયમ અનુષ્ઠાન કરે તથા પાપ કર્મ ન કરે, તોજ સાધુ થાય છે. તે આ ઉદ્દેશામાં બતાવે છે. આ સંબંધ વડે આવેલા ત્રીજા ઉદ્દેશાના સૂત્ર અનુગમમાં સૂત્ર ઉચ્ચારવું જોઈએ.

**संधिं लोयस्स जाणित्ता, आयओ बहिया पास, तम्हा न हंता न विघायए, जमिणं अन्न मन्न वितिगिच्छाए पडिलेहाए न करेइ पावं कम्मं किं तत्थ मुणी कारणं सिया ? (सूत्र ११९)**

દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે સંધિ છે, એટલે ભીત વિગેરેમાં ફાટ પડે તે દ્રવ્ય સંધિ છે, અને ભાવથી સંધિ કર્મ વિવર છે એટલે દર્શન મોહનીય કર્મ જે ઉદયમાં આવ્યું તે ક્ષય થયું અને બીજું બાકીનું શાંત છે તે સમ્યકત્વની પ્રાપ્તિરૂપ ભાવ સંધિ છે, અથવા જ્ઞાના-

વરણીય વિશિષ્ટ ક્ષાયો પશમિક ભાવને પામેલ તે સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિરૂપ ભાવ સંધિ છે. અથવા ચારિત્ર મોહનીય ક્ષય ઉપશમરૂપ ભાવ સંધિ જે છે તેને જાણીને વિચાર જે કે પ્રમાદ કરવો સારો નથી.

જેમકે લોકમાં ચોર વિગેરે શત્રુના સૈન્યથી ઘેરાયેલા લોકમાં ભીંત અથવા બેડી વિગેરેમાં સાંધો અથવા છિદ્ર દેખીને પ્રમાદ કરવો સારો નથી તેજ પ્રમાણે મોક્ષાભિલાષીએ કર્મ વિવર મેળવીને લવ ક્ષણ જેવા થોડા કાળને પણ સ્ત્રી પુત્રનાં સંસારીસુખનો વ્યામોહ (પ્રેમ) કરવો સારો નથી; અથવા સાંધો તેજ સંધિ છે, તે ભાવસંધિ જ્ઞાન-દર્શન–ચારિત્રના પરિપાલનમાં અશુભકર્મના ઉદયથી ફાટ પડે; તો પાછું સંધાણ કરીદેવું. ( કુભાવને દુર કરવો. )

આ ક્ષય ઉપશમિક વિગેરે ભાવ લોકના આશ્રયી છે, અથવા સૂત્રમાં વિભક્તિ બદલીએ; તો, સાતમી વિભક્તિ લેતાં લોકમાં એટલે, જ્ઞાનદર્શન–ચારિત્રને યોગ્ય લોક છે, તેમાં ભાવસંધિ જાણીને અક્ષુણ્ણ (સંપૂર્ણ) પાળવાને પ્રયત્ન કરવો.

અથવા સંધિ એટલે અવસર ધર્મ અનુષ્ઠાન કરવાનો આવ્યો છે તેને જાણીને લોક એટલે, ૧૪ પ્રકારના જીવોને ઉપજવાનાં ૧૪ સ્થાન છે, તેને જાણીને જીવોને દુઃખ દેવાનું કૃત્ય ન કરવું. ( સંધિના ત્રણ જુદા અર્થ બતાવ્યા. પ્રથમમાં, વિવર એટલે બાકું અથવા ફાટ બતાવ્યું કે, શત્રુથી ઘેરાતાં અવસર

જોઈને પ્રમાદ ન કરતાં નાસીજવું; તેમ મોહ દુર થતાં, સંસારથી તરીજવું; બીજો અર્થ સાંધો બતાવ્યો. એટલે, જેમ ગૃહસ્થો ઘરમાં ફાટ પડે; તો, પ્રમાદ કર્યા વિના પુરીદે તેમ, સાધુને પાપના ઉદયથી ચારિત્રમાં દોષ લાગે; તો, તરત શુદ્ધિ કરીલે. ત્રીજો અર્થ અવસર કર્યો છે. એટલે, ધર્મના અવસરે ધર્મ કરી બીજા જીવોને દુઃખ થાય; તેવું કૃત્ય ન કરવું એમ બતાવ્યું.)

વળી કહે છે કેઃ—હે સાધુ ! તું જેમ, પોતાના આત્માને સુખ વ્હાલું ગણે છે, અને દુઃખ અપ્રિય માને છે, તેવી રીતે બહારનાં જીવો ઉપર પણ માની લે; અને પોતાના આત્મા સમાન માનીને બધાં જીવો સુખના વાંચ્છક, અને દુઃખના દ્વેષી જાણીને તેઓને મારનારો ન થઈશ; તેમ, બીજાઓથી જુદા જુદા ઉપાયોવડે તેમનો ઘાત ન કરાવીશ.

જો કે, બીજા મતના કેટલાક સાધુઓ જીવદયાને મુખ્ય માનીને સ્થુળસત્ત્વ (મોટા જીવ અથવા હાલતા–ચાલતા જીવ)ને મારતા નથી; તોપણ, તેઓ પોતાને માટે રંધાવીને ખાય છે; તથા ગૃહસ્થ માફક, વસ્તુનો સંચય કરવાથી તેમના લીધે, સૂક્ષ્મ (નાનાં જંતુઓ, અથવા એકેંદ્રિય) જીવો વિગેરે હણાય છે, તેથી તેઓ ઘાતક છે, એટલે બીજા પાસે હણાવે છે, અને હણનારની અનુમોદના કરે છે. (માટે સાધુએ તેવો પણ દોષ ન લાગે; માટે,

સાધુ માટે રાંધેલો આહાર ન વાપરવો; તેમ, સંચય પણ ન કરવો. ) હવે એમ બતાવે છે કે, ઉપર પ્રમાણે ત્રણ કરણથી હિંસા ન કરવી. તેટલાથી સાધુ ન કહેવાય; પણ જેમાં, પાપકર્મનું ન કરવાનું કારણ છે, તે બતાવે છે. અન્યોન્ય જે શંકા અથવા, એકબીજાનો ભય અથવા લજ્જા, તે લજ્જાવડે અથવા લજ્જાને ધ્યાનમાં લઇને, પરસ્પર આશંકા અથવા અપેક્ષાવડે, પાપના ઉપાદાનરૂપ-જે કર્મનું અનુષ્ઠાન છે, તે સાધુ ન કરે; એટલું પાપ ન કરવાથી મુનિ કહેવાય ! એટલે જો, પરની લજ્જાથી પાપ ન કરે; તો, તે મુનિ કહેવાય ? ઉ. તેટલાથી મુનિ ન કહેવાય; પણ, અદ્રોહના વિચારવાળો મુનિજ નિશ્ચયથી સાધુ છે. જો, તે પ્રમાણે, બીજી ઉપાધિના વશથી તે નિર્મળ ભાવવાળો ન હોય; તો, મુનિ ન કહેવો. મુનિપણાના ભાવવાળો મુનિ કહેવાય.

એટલે, સૂત્રમાં સરળ શિષ્ય ગુરૂને પુછે છે કે:— કોઇ સાધુ બીજા સાધુઓના ડર અથવા લજ્જાથી, આધાકર્માદિ આહાર ન લે; તો, તે મુનિ ભાવસાધુ કહેવાય કે નહિ ?

આચાર્ય કહે છે બીજો વ્યાપાર છોડીને સાંભળ.

બીજી ઉપાધિ જે પાપના વ્યાપારરૂપ છે, તેને ત્યાગવાથી ભાવ સાધુપણું થાય છે, એથી એમ સમજવું કે, અંતઃકરણ નિર્મળ કરીને સાધુનાં અનુષ્ઠાન કરે; તેજ ભાવમુનિપણું છે, શિવાય નહિ.

ઉપર કહેલ અભિપ્રાય નિશ્ચયનયનો છે. હવે, વ્યવહારનયનો અભિપ્રાય કહે છે:—જે સમ્યક્‌દૃષ્ટિ છે, અને પંચમહાવ્રત લીધેલાં છે, તેનો ભારવહન કરવામાં પ્રમાદ કરીને પણ બીજા સમાન સાધુની લજ્જાવડે, અથવા ગુરૂ મહારાજના ભયથી અથવા ગૌરવ (પોતાનાં ઉત્તમ કુળ વિગેરેના કારણે કોઈ સાધુ આધાકર્મ વિગેરે દોષિત આહાર વિગેરે છોડી પડિલેહણા વિગેરે ક્રિયા કરે; અથવા તીર્થની શોભા માટે મહિનાના ઉપવાસ વિગેરે લોકપ્રસિદ્ધ ક્રિયા કરે; તો, તેમાં તેના મુનિભાવપણાનુંજ કારણ જાણવું. કારણકે; તેવી ધર્મક્રિયા કરતાં પરંપરાએ (ધીરે ધીરે) તેની શુભ ભાવની ઉત્પત્તિ થશે.

આ પ્રમાણે શુભ અંતઃકરણના વ્યાપારથી રહિત સાધુના સાધુપણામાં સત્ અસદ્ભાવ બતાવ્યો; ત્યારે શિષ્ય પૂછે છે કે:—નિશ્ચયનયનો મુનિભાવ કેવીરીતે છે? તેનો વિશેષ ખુલાસો શાસ્ત્રકાર કહે છે:—

**समयं तत्थुवेहाए अप्पाणं विप्पसायए "अणन्न परमं 'नाणी; नो पमाए कयाइवि आयगुत्ते सया वीरे, जायामायाइ जावए" ॥१॥ 'विरागं' रूवेहिं गच्छिज्जा महया खुड्डएहिय, आगइं गइं परिण्णाय दोहिंवि अंतेहिं अदिस्समाणेहिं से न छिज्जइ न**

**भिज्जइ 'न' डज्झइ 'न' हं मइ कंचण सव्वलोए (सूत्र ११६)**

સમભાવ તે, સમતા તેને વિચારીને એટલે, સમતામાં રહેલો સાધુ જે જે કરે છે, તે તે કોઈપણ પ્રકારે દોષિત આહાર વિગેરે લજ્જા વિગેરેથી છોડે; અને લોકમાં દેખાડવા ઉપવાસ વિગેરે કરે; તે બધું મુનિપણાના ભાવનું કારણ છે. અથવા, સમય તે જૈનાગમ છે, તે આગમમાં બતાવેલી વિધિએ વિચારીને સંયમ–અનુષ્ઠાન કરે; તે બધું મુનિભાવનું કારણ છે, એટલે આગમમાં કહ્યા પ્રમાણે ચાલીને અથવા, સમતાને ધારણ કરીને આત્માને પ્રસન્ન રાખે; અથવા, આગમ ભણીને વિચારીને અથવા, સમદૃષ્ટિ રાખીને જુદા જુદા ઉપાયોવડે ઇંદ્રિયો તથા મનના અપ્રમાદ વિગેરેથી આત્માને પ્રસન્ન કરે; અને આત્માને પ્રસન્ન રાખવો; તે સંયમમાં રહેલાથી થાય છે, અને તેમાં હંમેશા સાધુ એ અપ્રમાદીપણું ભાવવું તેજ કહે છે:—

મૂળ સૂત્રમાં अणण्ण વિગેરે શ્લોક છે તેનો અર્થ કહે છે:—

જેનાથી બીજું કંઇ મોટું નથી; તે અનન્ય પરમ-સંયમ છે, તેને પરમાર્થ જાણનારો જ્ઞાની પ્રમાદવડે દોષ ન લગાડે. અર્થાત્ સંયમક્રિયામાં કોઇપણ વખત પ્રમાદ ન કરે. હવે જેમ, અપ્રમાદી થવાય તે બતાવે છે.

ઇંદ્રિયો તથા મન એ બન્નેની આત્માને કુમાર્ગે ન

જવા દઈ ગુપ્ત રાખે તે આત્મ ગુપ્ત સાધુ જાણવો, તથા હંમેશાં યાત્રા તે સંયમ યાત્રા અને સંયમ નિર્વાહમાં માત્રા વાપરે તે યાત્રા માત્રા કહેવાય, માત્રાનો અર્થ અતિહાર ન ન લે, એટલે આત્માને જેવી રીતે સંયમમાં શક્તિ રહે પણ ઇંદ્રિયો ઉન્મત્ત ન થાય, અને સંયમના આધારરૂપ દેહનું પ્રતિપાલન લાંબા કાળ સુધી થાય, તેવી રીતે આહાર વિગેરે વાપરે. કહ્યું છે કે—

**आहारार्थं कर्म्म कुर्यादनिन्द्यं, स्यादाहारः प्राण-सन्धारणार्थम् । प्राणाः धार्यास्तत्त्व जिज्ञासनाय, तत्त्वं ज्ञेयं येन भूयो न भूयात् ॥१॥**

આહાર માટે નિર્દોષ ગોચરી વાપરે કારણ કે આહાર છે તે પ્રાણોને ધારણ કરવા માટે છે, અને તે પ્રાણોતત્વની જીજ્ઞાસા પૂર્ણ કરવા માટે ધારવાના છે, કારણ કે એવું તત્વ જાણવું વારંવાર જન્મ લેવો ન પડે.

હવે તે આત્મ ગુપ્તતા કેવી રીતે થાય તે ગુરૂ બતાવે છે.

વિરાગ એટલે મનોહરરૂપ આંખો આગળ આવે, તો પણ તેમાં પ્રેમ ન કરે, અહિં રૂપ લેવાનું કારણ આ છે કે તે રૂપ સુંદર દેખતાં ગમે તેવાનું મન ખેંચી લે છે, તેથી સૂત્રમાં રૂપ લીધું છે, ખરી રીતે તો પાંચે વિષયોમાં વિરાગી બનવું, તથા દિવ્ય ભાવનું રૂપ હોય અથવા ક્ષુલ્લક

એટલે મનુષ્યરૂપ હોય ( દેવાંગના અથવા સુંદર રૂપવાળી સ્ત્રી દેખીને ) તેમાં લલચાય નહિં, અથવા દેવ સંબંધી કે મનુષ્ય સંબંધી મોટું નાનું રૂપ એટલે તેમાં પણ મધ્યમ રૂપવાળી કે ઘણા રૂપવાળી દેવી કે સ્ત્રી હોય તો તેમાં લલચાવું નહિં, અહિં " નાગાર્જુનીયા " કહે છે.

**विसयंमि पंचगंमीवि, दुविहंमि तियं तियं ।**
**भावओ सुट्ठु जाणित्ता, से न लिप्पइ दोसुवि ॥१॥**

શબ્દ વિગેરે પાંચે પ્રકારના વિષયોમાં તથા બન્ને પ્રકારમાં એટલે જે ઇષ્ટ અનિષ્ટ છે, તેમાં હીન મધ્યમ ઉત્કૃષ્ટ ને ભાવથી એટલે પરમાર્થથી જાણીને રાગદ્વેષ વડે પાપ કર્મથી ન લેપાય, અર્થાત્ તેમાં રાગદ્વેષ ન કરે, તેમાં શું આલંબન લે કે રાગદ્વેષ ન થાય તે કહે છે. આગમન તથા ગમન તે તિર્યંચ અને મનુષ્યને ચારે ગતિમાં આવવા જવાનું છે. તથા દેવતા નારકીને તિર્યંચ મનુષ્યમાંથીજ આવવું જવું છે, નારકી માફક દેવને પણ બેજ ગતિ આગતિ છે, ફક્ત મનુષ્યને મોક્ષ ગતિનો સદ્ભાવ હોવાથી પાંચ ગતિ છે, આ પ્રમાણે જીવને ગતિ આગતિ થાય છે તે વિચારીને સંસાર ચક્રવાળમાં કુવાના અરટના ન્યાયે ભ્રમણ છે, તે સમજીને અને મનુષ્યપણામાં મોક્ષ મળે છે તેવું જાણીને સુગતિનો અંત લાવનાર જે રાગદ્વેષ છે તેને દૂર કરીને આગતિ ગતિ ને આપનાર રાગદ્વેષ જાણીને તે બંનેને

દૂર કરી કોઇ પણ જીવને પોતે તરવાર વિગેરેથી છેદે નહિં, તથા ભાલા વિગેરેથી ભેદે નહિં, તથા અગ્નિ વિગેરેથી બાળે નહિં તથા નરકગતિ વિગેરે અથવા અનુપૂર્વી વિગેરે ઘણી વાર વિચારીને પોતે હણે નહિ.

અથવા રાગદ્વષનો અભાવ થાય તો ઉપર કહેલાં પાપ પોતાની મેળે દૂર થાય, એટલે રાગદ્વેષ છોડનારો મુનિ છેદવા વિગેરેનાં કૃત્ય પોતે ન કરે, સૂત્રમાં कंचण વિગેરે છે તેની વિભક્તિ બદલીને ત્રીજીમાં અર્થ લઇએ, તો એમ થાય કે केनचित् કોઇ પણ માણસ એવો નથી કે આ બધા લોકમાં રાગદ્વેષ વિનાનો હોય તે રાગદ્વેષના અભાવે છેદે, ભેદે, અર્થાત્ રાગદ્વેષ છોડયા પછી છેદે ભેદે નહિં.

જો કે આ પ્રમાણે ગતિ આગતિના જ્ઞાનથી રાગદ્વેષનો ત્યાગ થાય છે, અને તેના અભાવથી છેદનાદિ સંસાર દુઃખનો અભાવ થાય છે, તેવું મુનિ જાણે છે, પણ વર્ત્તમાન સુખને દેખનારા અમે કયાંથી આવ્યા, ક્યાં જઇશું ? અથવા અમને ત્યાં શું મળશે, એવો વિચાર નથી કરતા, તેથી રાગ દ્વેષ કરીને નવાં કર્મ બાંધીને સંસાર ભ્રમણની યોગ્યતા અનુભવે છે. એવું સૂત્રકાર બતાવે છે.

**अवरेण पुव्विं न सरंति एगे, किमस्स तीयं किं वाऽऽग मिस्सं । भासंति एगे इह माणवाओ, जमस्स तीयं तमाग मिस्सं ॥१॥ नाईय मट्ठं न य**

**आगमिस्सं, अट्ठं नियच्छान्ति तहागयाउ। विहुय कप्पे एयाणुपस्सी, निज्झोस इत्ता खवगे महेसी ॥२॥**

ઉપરની બે સૂત્ર ગાથાનો અર્થ કહે છે. પહેલાં હું કોણ હતો? કે હું હાલ આવો છું? એવું કેટલાક મોહ અને અજ્ઞાનથી ઘેરાયેલી બુદ્ધિવાળા જીવો જાણતા નથી, એટલે આ જીવને નરકાદિ ભવથી ઉત્પન્ન થયેલું અથવા બાળ કુમાર વિગેરે વયવાળું એકઠું થયલું પૂર્વનું દુઃખ વિગેરે કેવી રીતે આવેલું છે? અથવા, ભવિષ્યમાં કેવી રીતે થશે? એટલે, આ વિષય સુખના વાંછક, અને દુઃખના દ્વેષી જીવનું ભવિષ્યકાળમાં શું થશે? તે તેઓ જાણતા નથી; પણ જો, કદી તેઓના હૃદયમાં ભૂત-ભવિષ્યની વિચારણા હોત; તો, તેઓને સંસારમાં રતિ ( આનંદ ) થાત નહીં, કહ્યું છે કેઃ—

**केण ममेत्थुप्पत्ती, कहं इओ तह पुणोऽविगं तव्वं ?**
**जो एत्तिय पि चिंतइ, इत्थं सो को न निव्विण्णो ?**
**॥१॥**

અહીં મારી ઉત્પત્તિ કેવીરીતે થઇ છે? અને અહીંથી મારે ક્યાં જવું છે? જે માણસ આટલું પણ, અહીં ચિંતવે; તો, તેવો કેમ દુઃખ-સંસારથી વૈરાગ્યવાળો ન થાય? ( અર્થાત્ થાયજ! ) પણ, કેટલાક મહામિથ્યાજ્ઞાનિઓ કહે છે કેઃ—આ સંસારમાં અથવા મનુષ્ય-લોકમાં જેવીરીતે

હાલ મનુષ્યો કે, બીજાં પ્રાણીઓ જેવી અવસ્થામાં છે, તેવીજ રીતે ભૂતકાળમાં સ્ત્રીપુરૂષ નપુંસક સૌભાગ્યવાળો, દુર્ભાગ્યવાળો, કૂતરો, શીયાળ, બ્રાહ્મણ, ક્ષત્રી, વિટશુદ્ર વિગેરે ભેદોમાં ભોગવતા હતાં; અને તેવુંજ ભવિષ્યમાં થવાનું છે. ( આ પ્રમાણે જૈનેતર એક વાદીનો મત કહયો. તે લોકો એવું માને છે કે જેમ જીવો હાલની દશામાં છે, તેવા ભૂતકાળમાં હતા; અને હવે પછી રહેશે. ) ( બીજો અર્થ ) જેનાથી બીજો પર ( શ્રેષ્ટ ) નથી તે સંયમ અપર છે, તેનાથી જેનું ચિત્ત રંગાયલું છે. તેઓ પૂર્વે ભોગવેલાં વિષયસુખ વિગેરેને ( સ્થુળભદ્રમુનિ માફક ) યાદ કરતા નથી. કેટલાક રાગદ્વેષથી મુકાયલા ભવિષ્યના દેવ સંબંધી ભોગોની આકાંક્ષા રાખતા નથી. વળી, આત્મા-રમણતામાં રમતા મુનિઓને અમુક સંસારી જીવને ભૂતકાળનું સુખદુઃખ કે, ભવિષ્યનું થવાનું સુખદુઃખ લક્ષ્યમાં રહેતું નથી; અથવા ઉત્તમ ધ્યાનમાં બેઠેલા સાધુને કેટલો કાળ વીતીગયો; અથવા કેટલો બાકી રહયો તે પણ લક્ષ્યમાં નથી.

અથવા લોકોત્તર પુરૂષો જેઓ રાગદ્વેષરહિત છે, તેવા કેવળી ભગવંતો, અથવા ચઉદપૂર્વી મુનિઓ સંસારી જીવને અનાદિ અનંતકાળ સુધી ( અભવ્ય આશ્રયી, અથવા બીજાં બધા જીવ આશ્રયી) દરેક કાળમાં સુખ વિગેરે કેટલાં હતાં, અને આવશે તેની ગણુતરી પણ કહી શકતા નથી.

બીજા આચાર્યો નીચે પ્રમાણે કહે છે:—

( પ્રથમનું સૂત્રકાવ્ય ) બીજી રીતે કહે છે:—

**"अवरेण पुव्वं किह से अतीतं, किह आगमिस्सं न सरंति एगे ॥ भासन्ति एगे इह माणवा ओ, जह स अईअं तह आगमिस्सं ॥१॥"**

પૂર્વ જન્મ સાથે બીજા જન્મનો સંબંધ જાણતા નથી, કે કેવી રીતે અથવા કયા પ્રકારે પૂર્વે સુખ દુઃખ હતું, અને ભવિષ્યમાં કેવી રીતે સુખ દુઃખ થશે તે જાણતા નથી.

અથવા બીજા વાદીઓ આમ બોલે છે કે.

આમાં શું જાણવાનું છે ? જેવી રીતે હમણાં પૂર્વના રાગદ્વેષથી ઉત્પન્ન થએલા કર્મ વડે જીવને બંધાયલા કર્મનાં ફળ સંસારમાં ભોગવવાં પડે છે. તેમજ પૂર્વે પણ હતું અને ભવિષ્યમાં થવાનું છે, ( તેમાં વધારે શું જાણવાનું છે ? )

અથવા પ્રમાદ વિષય કષાય વિગેરેથી કર્મો એકઠાં થવાથી ઇષ્ટ અનિષ્ટ વિષયોને અનુભવતા જીવો સર્વજ્ઞની વાણીરૂપ અમૃતના સ્વાદને ન જાણનારા જેઓ છે, તેમને જેમ ભૂતકાળમાં સંસારમાં સુખ દુઃખ અનુભવ્યું, તેવું ભવિષ્યમાં પણ અનુભવશે.

પણ જેઓ સંસાર સમુદ્રથી તરવાવાળા છે, તેઓ કર્મનું ફળ જાણે છે, તે બતાવે છે, તે સૂત્રના બીજા કાવ્યમાં કહે છે જે જીવોનું સંસારમાં ફરી આવવું નથી

તેઓ સિદ્ધ છે, અથવા જેવુંજ જાણવાનું છે તેવુંજ તેમને જ્ઞાન છે. તેવા સર્વજ્ઞો છે, તેઓ અતીત ( જુના ) પદાર્થને ભવિષ્યના રૂપપણે નથી માનતા, તથા ભવિષ્યના પદાર્થને ભૂતકાળના રૂપપણે નથી માનતા, કારણ કે પરિણતિની વિચિત્રતા છે, સૂત્રમાં " અર્થ " શબ્દ ફરી લેવાનું કારણ એ છે કે પર્યાય રૂપ બદલાય છે ( બાળક જુવાન બૂઢો એ પર્યાય છે અને તે બદલાય છે ) પણ દ્રવ્યાર્થપણે તો ત્રણે અવસ્થામાં એકપણુંજ છે ( બાળપણમાં અને બૂઢાપણમાં જીવનો ભેદ નથી. )

અથવા અતીત અર્થ તે વિષય ભોગાદિક ભોગવેલાં અને ભવિષ્ય સંબંધી દેવાંગનાના વિલાસને ભોગવવાનાં છે. તેને જેઓ રાગદ્વેષના અભાવવાળા છે તેઓ યાદ કરતા નથી અથવા વાંછતા નથી. ( તુ શબ્દ વિશેષ બતાવે છે ) જેમ મોહનઃ ઉદયથી કેટલાક પૂર્વના અથવા ભવિષ્યના ભોગોને વાંછે છે, તેમ સર્વજ્ઞ ભોગોને ઇચ્છતા નથી; અને તેના માર્ગ ( શાસન ) માં ચાલનારા પણ એવાજ નિઃસ્પૃહી હોય છે તે બતાવે છે, ' विहूय कप्पे. '

એટલે અનેક પ્રકારે આઠ પ્રકારના કર્મને ધોનાર તે વિધુત છે, અને કર્મ ધોવું તે સાધુનો આચાર છે, તેવો કલ્પ પાળનાર સાધુ વિધૂત કલ્પવાળો કહેવાય, અને તેજ સર્વજ્ઞનો અનુદર્શી કહેવાય છે, અને તે અતીત અનાગત

વિષય સુખનો અભિલાષી ન હોય, વળી તેને બીજા કયા ગુણો હોય તે કહે છે.

પૂર્વે બાંધેલાં અશુભ ચીકણાં કર્મનો ક્ષપક એટલે નાસ કરનારો છે, અથવા તે ભવિષ્યમાં નાશ કરનારો થશે (સૂત્રમાં 'निज्झोस इत्ता' શબ્દ છે, તેનો અર્થ વર્તમાન અને ભવિષ્યનો લીધો છે)

કર્મ નાશ કરવાને જે મુનિ ઉદ્યમ કરે તે ધર્મ ધ્યાન અથવા શુકલ ધ્યાન ધ્યાનાર મહા યોગીશ્વરને સંસારના સુખ દુઃખના વિકલ્પનો પણ નાશ થવાથી હવે શું થશે તે બતાવે છે.

**का अरई के आणंदे ?, इत्थंपि अग्गहे चरे, सव्वं हासं परिचज्ज, आलीण गुत्तो परिव्वए ?; पुरिसा ! तुम मेव तुमं मित्तं किं बहिया मित्तमिच्छसि ? (सूत्र. ११७)**

ઇચ્છિત વસ્તુની અપ્રાપ્તિ અથવા ઇષ્ટ વસ્તુનો નાશ થતાં મનમાં જે વિકાર થાય તે અરતિ છે, અને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિમાં આનંદ થાય છે, આ અરતિ કે આનંદ યોગિના ચિત્તમાં હોતો નથી, કારણ કે તે મહાત્માને ધર્મ ધ્યાન કે શુકલ ધ્યાનમાં ચિત્ત રોકાવાથી તેને સંસારી વસ્તુની અરતિ કે આનંદ ઉત્પન્ન થવાના કારણનો અભાવ છે. તેથી સૂત્રમાં કહ્યું, કે અરતિ અને આનંદ એ શું છે?

(અર્થાત્ કંઈજ નથી) પણ સંસારી જીવની માફક તેમણે તે વિકલ્પને રાખ્યો નથી.

જો આ પ્રમાણે હોય તો તેવા જીવને અસંયમમાં અરતિ અને સંયમમાં આનંદ તેને હોવો જોઇએ એમ સિદ્ધ થયું, તેનું આચાર્ય સમાધાન કરે છે, કે તેવું નથી અને અમારો અભિપ્રાય તમે સમજ્યા નથી, કારણ કે જેમાં રતિ અરતિના વિકલ્પનો અધ્યવસાય નિષેધ કર્યો છે, તો બીજા પ્રસંગમાં પણ રતિ અરતિ ન હોય તેજ સૂત્રકાર કહે છે; એ મહાત્માને અરતિ અને આનંદ બન્ને દૂર થવા રૂપ છે એટલે તેમને તેવો આગ્રહ નથી તેથી તે 'અગ્રહ' કહેવાય છે, એનો ભાવાર્થ આ છે કે ઉત્તમ સાધુ શુકલ ધ્યાનથી બીજે કંઇ રતિ આનંદ કોઈ નિમિત્તે આવે તો પણ તેના આગ્રહ રહિત બને, અને તે બંનેમાં મધ્યસ્થ રહે (સંયમ અને અસંયમ વ્યવહારથી બાહ્ય ક્રિયારૂપ છે. શુકલ ધ્યાનવાળાને તે બાહ્ય ક્રિયાઓની શ્રેણીમાં જરૂર નથી; અને તે ધ્યાનવાળાને થોડા સમયમાં કેવળ જ્ઞાન થવાનું છે. તે અપેક્ષાએ આ વચન છે કે, સંયમમાં રતિ, અસંયમમાં અરતિ ન હોય; પરંતુ શુકલધ્યાન શિવાયના બીજા આત્માર્થી સાધુને તો, કંઇક હોય છે) ફરી ઉપદેશ આપે છે. સર્વ હાસ્ય, અથવા હાસ્યનાં કારણો તજે; અને મર્યાદામાં રહી ઈંદ્રિયોને કબજે રાખી લીન રહે;

તથા મન, વચન, કાયાની સાવદ્ય-ક્રિયા છોડવાથી ગુપ્ત રહે; અથવા કાચબા માફક પોતાનું શરીર સંભાળી રાખે; કે, કોઈ જીવને પીડા ન થાય; તે સંવૃતગાત્ર મુનિ છે, અને તે આલીન ગુપ્ત કહેવાય છે, તેવો મુનિ સાધુનાં અનુષ્ઠાનો બરોબર રીતે કરે.

તે મુમુક્ષુ સાધુને પોતાનાં આત્મબળથી સંયમ-અનુષ્ઠાન ફળવાળું થાય છે, પણ પારકાના ઉપરોધ ( આગ્રહથી ) નહીં એમ બતાવે છે. ગુરૂ શિષ્યને કહે છેઃ—હે પુરૂષ! જો, તેં ગ્રહ ( ઘર ) પુત્ર, સ્ત્રી, ધન-ધાન્ય, સોનું વિગેરેથી રહિત, તૃણ અને મણિ-મોતીમાં, તથા ઢેકું સોનામાં સમાનદૃષ્ટિ રાખનાર મોક્ષાર્થી જીવને પણ કદાચ ઉપસર્ગ આવતાં વ્યાકુળ મતિ થતાં મિત્ર વિગેરેની આકાંક્ષા થાય; તો, તે દુર કરવા કહે છેઃ—( હે શિષ્ય! ) પુરૂષ એટલે, સુખદુઃખથી પૂર્ણ માટે પુરૂષ અથવા પુરિમાં શયન કરવાથી પુરૂષ ( જીવ ) છે, તેમાં બધા જીવોમાં ઉપદેશ, તથા સંયમ-અનુષ્ઠાન કરવામાં મનુષ્ય યોગ્ય હોવાથી તેને આશ્રયી કહે છે. એટલે સુશિષ્યને કહે; અથવા, કોઈ પુરૂષ સંસારથી ખેદ પામેલો ખરાબ અવસ્થામાં હોય; અને તે પોતાના આત્માને શીખામણ આપતો હોય; અથવા અન્ય ભવ્યાત્માને સાધુ ઉપદેશ આપે કે—

" હે પુરૂષ! હે જીવ! સારાં અનુષ્ઠાન કરવાથી તુંજ

તારો મિત્ર છે, અને પાપકર્મ કરવાથી તુંજ તારો શત્રુ છે! તોપછી, બીજા મિત્રને કેમ શોધે છે? કારણકે, ઉપકાર કરે તે મિત્ર છે અને તે ઉપકારી પરમાર્થ-દૃષ્ટિએ અત્યંત અને એકાંત-ગુણયુક્ત સન્માર્ગે ચાલતા આત્માને છોડીને બીજો કોઈ શોધવો શક્ય નથી; અને સંસારનાં કાર્યમાં સહાયકારીપણે બીજાને મિત્રપણે માનવો; તે મોહનું વિજૃંભન (ચેષ્ટા) છે. કારણ કે સંસારીની મિત્રતાથી પરિણામે મોટા દુઃખમાં પડવા રૂપ સંસાર સમુદ્રમાં ભ્રમણ કરાવવાથી તે ખરી રીતે અમિત્રજ છે! તેનો સાર આ છે.

"આત્માજ આત્માનો અપ્રમત્ત પણાથી મિત્ર છે. કારણ કે અપ્રમત્ત આત્મા અત્યંત એકાંત પરમાર્થ સુખ ઉત્પન્ન કરે છે. અને જો આત્મા પ્રમાદી થાય તો દુર્ગતિમાં જાય, માટે બીજા મિત્રને શોધવાની જરૂર નથી. પણ આત્મા સિવાય બીજો બહારનો આ મિત્ર આ શત્રુ એવો વિકલ્પ અદૃષ્ટ ઉદયના નિમિતથી ઔપચારિક છે. કહ્યું છે કે—

**दुपत्थिओ अमित्तं, अप्पा सुपत्थिओ अ ते मित्तं।**
**सुह दुक्ख कारणाओ, अप्पा मित्तं अमित्तं च ॥१॥**

કુમાર્ગે ગયેલો આત્મા શત્રુ છે, સુમાર્ગે ચાલનારો મિત્ર આત્માજ છે. કારણ કે તેથીજ દુઃખ સુખ પામે છે અને તેથીજ તે અમિત્ર કે મિત્ર છે.

વળી કહ્યું છે કે—

अप्येकं मरणं कुर्यात्, संक्रुद्धो बलवानरिः
मरणानि त्वनन्तानि, जन्मानि च करोत्यम् ॥१॥

એક બળવાન શત્રુ ક્રોધાયમાન થઈને ઘણું તો એક વાર મારી નાંખશે, પણ કુમાર્ગે ગયેલો આત્મા અનંતાં જન્મમરણ આપે છે."

એટલે એમ સમજવું કે નિર્વાણ આપનાર સંયમ વ્રત ને જેણે ઉચર્યાં અને પાળ્યાં તે આત્માનો મિત્ર છે. હવે આવો પવિત્ર આત્મા કેવી રીતે જાણવો. અને તેનું શું ફળ થશે. તે કહે છે.

जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं, पुरिसा ? अत्ताणमेवं अभिणिगिज्झ एवं दुक्खा पमुच्चसि, पुरिसा ? सच्चमेव समभिजाणाहि, सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ, सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥सू. ११८॥

જે પુરૂષ વિષય સંગનાં કર્મ જાણીને છોડનાર હોય તેને તું તારનારો માનજે; તથા બધાં પાપ ધર્મો (કારણો) ને જે આલય (ઘર) દૂર છે. તે દૂરાલય (મોક્ષ) અથવા મોક્ષ માર્ગ (સંયમ) છે. તે મોક્ષ માર્ગ જેને હોય તે દૂરાલયિક છે,

હવે હેતુ તથા હેતુવાળો પદાર્થ જણાવવા ગત પ્રત્યાગત સૂત્ર કહે છે.

( બીજી રીતે ) કહે છે, જેને દૂરાલયિક જાણે તેને ઉચ્ચાલયિતા ( તારનારો ) જાણે, એનો સાર આ છે. જે કર્મ તથા આસ્રવ દ્વારનો રોકનાર છે તેજ મોક્ષ માર્ગમાં રહેલો છે અથવા મુક્ત થએલો છે અથવા જે સન્માર્ગે વર્ત્તન કરે તે કર્મનો કાઢનારો છે. અને તેજ આત્માનો મિત્ર છે, તેથી કહે છે, હે પુરૂષ ! હે જીવ ! આત્માનેજ ઓળખીને ધર્મ ધ્યાનથી બહાર ઇંદ્રિયોના વિષય સ્વાદને લેતા મનને રોકીને આ પ્રકારે દુઃખના પાસામાંથી આત્માને મુકાવજે ! એ પ્રમાણે કર્મોને દૂર કરી આત્મા આત્માનો મિત્ર બને છે. વળી ગુરૂ કહે છે, હે પુરૂષ ! સદાચરણવાળા પુરૂષનું હિત કરનાર સત્ય તેજ સંયમ છે. તે સંયમનેજ બીજા વ્યાપારથીજ નિરપેક્ષ તું બનીને જાણ, અને તે પ્રમાણે વર્ત્તવાની પરિજ્ઞા વડે પ્રયત્ન કર, અથવા આજ સત્ય જાણ, કે હે શિષ્ય ! ગુરૂ સાક્ષિએ લીધેલાં મહાવ્રતોની પ્રતિજ્ઞાનો નિર્વાહકર્થા, અથવા સત્ય એટલે જૈનાગમ, તેનું સંપૂર્ણ જ્ઞાન મેળવ, અને મોક્ષાભિલાષીએ તે પ્રમાણે વ્રતોનું પાલન કરવું.

પ્ર.—શા માટે ?

ઉત્તર—સત્ય જૈનાગમની આજ્ઞા પ્રમાણે વર્ત્તીને મેધાવી

( બુદ્ધિમાન ) સાધુ માર ( સંસાર ) ને તરે છે. વળી સહિત તે જ્ઞાનાદિથી યુક્ત અથવા હિત સહિત શ્રુત ચારિત્ર બંને પ્રકારના ધર્મ ગ્રહણ કરીને સાધુ શું કરે, તે કહે છે.

શ્રેય તે પુણ્ય અથવા આત્મહિતને બરોબર રીતે દેખે ( તે મોક્ષ મેળવે ) આ પ્રમાણે અપ્રમત્ત સાધુ તથા તેના ગુણો બતાવ્યા હવે તેથી ઉલટું કહે છે.

**दुहओ जीवियस्स परि वंदण माणण पूयणाए, जं सि एगे पमायंति ॥सू. ११९॥**

રાગદ્વેષ, એ બે પ્રકારે અથવા આત્મા કે બીજા માટે અથવા આ લોક પરલોક માટે અથવા રાગદ્વેષ એ બે પ્રકારે હણાયલો અથવા ખરાબ રીતે હણાયલો તે દ્વિહત અથવા દુર્હત ( દુ:ખી ) હોય તે શું કરે છે. તે કહે છે. આ જીવિત કેળના ગર્ભ માફક નિ:સાર છે, તથા વીજળીના ચળકાટના ઝબકારા માફક ચંચળ છે. તેવા શરીરના પરિવંદન ( વંદન કરાવવા ) માનન ( માન મેળવવા ) તથા પૂજન ( પૂજાવા ) માટે હિંસા વિગેરે પાપોમાં પ્રવર્ત્તે છે. પરિવંદન તે લોકો મારા પછવાડે ભમે તે માટે પ્રયત્ન કરે છે. એટલે લાવક વિગેરેના માંસથી મારૂં બધું શરીર પુષ્ટ તથા સુંદર દેખીને લોકો ખુશીથીજ મને વાંદશે, તમે શ્રીમાન્ ઘણા લાખો વર્ષ જીવો ! વિગેરે બોલશે વિગેરે પરિવંદન છે. તેજ પ્રમાણે માન મેળવવા કર્મ બાંધે છે કે, લોકો

મારૂં બળ પરાક્રમ દેખીને અભ્યુત્થાન, વિનય, આસન દાન, તથા અંજલિ કરી માથું નમાવી મને માન આપશે. તે માન ન ( માન ) છે, તથા પૂજન માટે વર્તનારા કર્મ આસ્રવવડે આત્માને બાંધે છે. એટલે, વિદ્યા ભણીને હું ધનવાન થવાથી બીજો માણુસ દાન, માન, સત્કાર પ્રણામવડે મારી સેવા વિશેષ પ્રકારે કરી પૂજા કરશે, તે પૂજન છે. વળી, ઉપ-રના નિમત્ત, એટલે વંદન વિગેરે માટે કેટલાક જીવો રાગ-દ્વેષથી હણાયલા પ્રમાદ કરે છે, પણ તેઓ પોતાના હિતને માટે હિત ( ધર્મ ) કરતા નથી. એથી ઉલટું કહે છેઃ—

**सहिओ दुक्खमत्ताए पुट्ठो ना झंझाए, पासिमं दविए लोकालोक वं चाओ मुच्चइ (१२०) त्तिबेमि तृतीय उद्देशो ॥३-३॥**

જ્ઞાનાદિ યુક્ત અથવા હિતવાળો ઉપસર્ગથી આવેલાં દુઃખ માત્રથી અથવા રોગ થવાથી પીડાતાં વ્યાકુળ મતિ-વાળો ન થાય, તે દૂર કરવા પ્રયત્ન ન કરે, અથવા ઇચ્છેલું મળતાં રાગ વિકલ્પ તથા અનિષ્ટ મળતાં દ્વેષ વિકલ્પ ન કરે, અર્થાત રાગદ્વેષ બંનેને તજે (ન સહેવાય તો મધ્યસ્થ બની દવા કરે, અને સ્થવિર સાધુને યોગ્ય ઉપાયનો નિષેધ ન હોવાથી સંતોષથી કરે).

વળી ઉપર કહેલા બધા ઉદ્દેશાના રહસ્યને સમજીને કરવું ન કરવું તે વિવેકથી સમજે ! કોણ ? જે મોક્ષમાં

જવા યોગ્ય છે તે સાધુ, એ વિવેકી સાધુ કયા ગુણો મેળવે.

જે આલોકાય (દેખાય) તે લોક છે, અને ૧૪ રજ્જુ પ્રમાણ તે છે. લોકમાં આ લોક તે લોકા લોક છે. તેના પ્રપંચથી મુક્ત થાય છે. લોકમાં પ્રપંચ આ છે. પર્યાપ્ત, સુભગ દુર્ભગ તથા નારકીના જીવપણે ઓળખાય, એકેંદ્રીમાં અપર્યાપ્ત, એકેંદ્રીપણે ઓળખાય એ પ્રમાણે બધો સંસારી પ્રપંચ જાણવો. તેનાથી મુકાય એટલે ચૌદ રાજલોકમાં જીવોનું જુદું જુદું રૂપ તેને મળતાં તે નામે ગણાય છે. તેવો પોતે નહીં થાય.

આ પ્રમાણે સુધર્મા સ્વામી કહે છે. ત્રીજો ઉદ્દેશો અર્થથી સમાપ્ત.

## ચોથો ઉદ્દેશો

ત્રીજો પુરો થવા પછી ચોથો કહે છે તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં કહ્યું કે ફક્ત પાપ ન કરવાથી કે દુઃખ સહન કરવાથી સાધુ ન કહેવાય, પણ નિષ્પ્રત્યુહ (અવિઘ્નપણે) સંયમ અનુષ્ઠાન કરવાથી સાધુ થાય. તે બતાવ્યું. અને નિષ્પ્રત્યુહતા (અવિઘ્નપણું) કષાયને દૂર કરવાથી થાય છે. તેથી હવે પૂર્વ કહેલ ઉદ્દેશાના અર્થાધિકારવાળું સિદ્ધ કરે છે, તેથી આ પ્રમાણે સંબંધે આવેલ ઉદ્દેશાના સૂત્ર અનુગમમાં સૂત્ર કહે છે.

**से वंता कोहं च माणं च मायं च लोभं च, एयं**

**पासगस्स दंसणं, उवरयसत्थस्स पलियंतकरस्स आयाणं सगडब्भि ॥सू० १२१॥**

તે સાધુ જ્ઞાનાદિ સહિત દુઃખ માત્રથી ઘેરાયલો છતાં અવ્યાકુલ મતિવાળો આત્મદ્રવ્ય ભૂત લોકાલોક પ્રપંચથી મુક્ત થયા જેવો પોતાનું તથા પરનું હિત બગાડનાર ક્રોધને વમન કરનારો છે (વમ ધાતુનો અર્થ દૂર કરવાના અર્થમાં છે તેનો ભવિષ્યકાળ લઈએ તો બીજી વિભક્તિ લાગે, નહિતો છઠ્ઠી વિભકિત લાગુ પડે) અર્થાત શાસ્ત્રમાં કહેલ અનુષ્ઠાનને જે સાધુ વિધિ પ્રમાણે કરે, તે થોડા કાળમાં ક્રોધને દૂર કરશે એ પ્રમાણે બીજે પણ સમજી લેવું. એટલે પોતાના ઉપઘાત કરનાર ઉપર ક્રોધ કર્મના વિપાકના ઉદયથી ક્રોધ થાય, જાતિ કુળ રૂપ બળ વિગેરે કારણે જે ગર્વ થાય તે માન છે, પરને ઠગવા રૂપ વિચાર તે માયા છે. તૃષ્ણાના આગ્રહનો પરિણામ તે લોભ છે. તે બધાંને ક્ષપણા (કર્મ ખપાવવા) તથા ઉપશમ (શાંત કરવા) તેને આશ્રયી આ ક્રોધ વિગેરે ચારનો અનુક્રમ છે. અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની તથા સંજવલની અંદર રહેલ ભેદો બતાવવાને માટે જુદા જુદા બતાવ્યા છે, અને ચશબ્દ મુકવાથી તે દરેકની ઉપમા પર્વત પૃથ્વી રેણુ જળ રાજીની ક્રોધની છે, તથા શૈલ સ્તંભ હાડકું લાકડું તિનિશલતા માનની છે, તથા વાંસ કુડંગી (થડીઉં) મેષ શ્રૃંગ

ગોમુત્રિકા અવલેખનીની ઉપમા માયાની છે, તથા કૃમીરાગ કર્દમ ખંજન હરિદ્રાની ઉપમા લોભને છે, તથા આખી જીંદગી સુધી એક વરસ સુધી ચાર માસ અને પંદર દિવસની સ્થિતિ અનુક્રમે દરેકની છે, (આ બધાનું વર્ણન આજ સૂત્રમાં પાને છે ત્યાંથી જોવું.)

આ પ્રમાણે ક્રોધ, માન માયા લોભ ત્યાગવાથી ખરી રીતે સાધુપણું છે પણ ક્રોધ હોય ત્યાં સુધી સાધુપણું નથી; કહ્યું છે કે:—

**सामण्णमणुचरं तस्स कसाया जस्स उक्कडा हुंति ।**
**मन्नामि उच्छुपुप्फं व निप्फलं तस्स सामण्णं ॥१॥**

સાધુપણું પાળતા સાધુને જો કષાયો વધારે પ્રમાણુમાં હોય તો શેરડીના ફુલ માફક તેનું સાધુપણું હું નિષ્ફળ માનું છું. ॥

**जं अज्जिअं चरित्तं देसूणाएवि पूव्वकोडीए ।**
**तंपि कसाइयमेत्तो हारेइ नरो मुहुत्तेणं ॥२॥**

પુર્વ કોડીમાં થોડા વર્ષ ઓછાં એવું (આટલી લાંબી મુદતનું) ચારિત્ર પાળ્યું હોય, તે જો ઉત્કૃષ્ટ ક્રોધ કરે તો તે માણસ એક મુહુર્તમાં સાધુપણું હારી જાય છે.

આ બધું પોતાની બુદ્ધિથી નથી કહ્યું એવું બતાવવા ગૌતમ સ્વામી કહે છે કે "**एय**" વિગેરે આકષાય દુર કરવાનું હમણાં ઉપર બતાવ્યું, તે બધું સર્વદર્શી પશ્યક

સાક્ષાત્ દેખે છે, કારણ કે તેને નિરાવરણ (કેવળ) જ્ઞાન-દર્શન છે, અને તે પશ્યક તીર્થંકૃત વર્ધમાન સ્વામી છે, અને તેમનું દર્શન ( અભિપ્રાય મંતવ્ય ) આ છે,

અથવા જેનાવડે વસ્તુ તત્ત્વ યથા અવસ્થિત દેખાડાય (કહેવાય) તે દર્શન એટલે ઉપદેશ છે, અર્થાત્ અમહાવીર (વર્ધમાન) સ્વામીનું કહેલું છે તે હું કહું છું પણ સ્વબુદ્ધિથી નથી કહેતો, તે સર્વદર્શી પશ્યક કેવા છે. કે જેનું આ દર્શન છે તે કહે છે,

**ઉવરય,** વિગેરે—જેનું દ્રવ્ય ભાવથી (સર્વ જીવોને દુઃખ દેવારૂપ) શસ્ત્ર બંને પ્રકારે દુર થયું છે, અથવા શસ્ત્રથી પોતે દુર રહેલા છે, અહીં ભાવ શસ્ત્રમાં અસંયમ અથવા કષાયો જાણવા, તેનાથી પોતે દુર છે. તેનો ભાવાર્થ આ છે કેઃ—

તીર્થંકરને પણ કષાયને વમ્યા સિવાય નિરાવણ બધા પદાર્થને દેખનારૂં પરમ (કેવળ)જ્ઞાન પ્રાપ્ત થતું નથી, તેના અભાવમાં મોક્ષ સુખનો અભાવ છે, એથી બીજો પણ મોક્ષ વાંછક સાધુ જે તેનો ઉપદેશ માને છે અને તેના માર્ગે ચાલે છે તેણે પણ કષાયનું વમન કરવું, શસ્ત્રને ઉપરમનું કાર્ય બતાવી બીજાપણ તીર્થંકરનાં વિશેષણ બતાવે છે. **पलिंयतकरस्स** એટલે બધાં કર્મનો અથવા સંસારનો અંત લાવવાનો જે યત્ન કરે તે પર્યંતકર છે, તેનું આદર્શન છે.

હવે જેમ તીર્થંકરે સંયમને વિઘ્ન કરનાર કષાય શત્રુને દુર કરી સંસારનો અંત કર્યો તેમ બીજો પણ સાધુ જે તેનું કહેલું કરનારો હોય તે પણ કરે, તેવું બતાવે છે.

**आयाण** વિગેરે જેના વડે આઠ કર્મ આત્મ પ્રદેશ સાથે એકમેકપણે થાય તે આ દાન છે, અથવા હિંસા વિગેરે આશ્રવ દ્વાર અથવા અઢારે પાપસ્થાન છે. તેની સ્થિતિનું નિમિત્ત કષાયો હોવાથી તે આ દાન છે. તે કષાયોનો વમન કરનાર સ્વકૃત ભિદ્ (કર્મ ભેદનારો) બને છે. અર્થાત્ પોતે (અજ્ઞાનદશામાં) પૂર્વે જે કર્મો અનેક ભવમાં એકઠાં કર્યાં હોય; તેને ભેદી નાંખે; તે સ્વકૃત્ભિદ્ જાણવો; અને જે કર્મોનાં આદાન (બીજરૂપ)–કષાયોને રોકે; તે અપુર્વકર્મ પ્રતિષિદ્ધમાં પ્રવેશ કરનારો છે, અને પોતે પોતાનાં પૂર્વકર્મનો ભેદનારો છે. તીર્થંકરના ઉપદેશવડે પણ, પારકાનાં કરેલાં કર્મના ક્ષયના ઉપાયનો અભાવ હોય તેથી સ્વકૃત લીધું.

તેથી તીર્થંકરે પણ પારકાના કરેલા કર્મના ખપાવવાનો ઉપાય નથી જાણ્યો એવી કોઇને શંકા થાય તેનો ઉત્તર. એમ નથી. કારણ કે તેમના જ્ઞાનમાં બધા પદાર્થોની સત્તા વ્યાપીને રહેલી છે. (પરંતુ કરે તે ભોગવે એ નિયમથી દરેકે કર્મ કાપવા ઉદ્યમ કરવો જોઇએ.)

શંકા—હેય ઉપાદેય પદાર્થને છોડવું ગ્રહણ કરવું

તેના ઉપદેશને જાણવાથી સર્વજ્ઞ નથી એવું અમે કહીએ છીએ. કારણ કે ઉપદેશ માત્રથી પરોપકાર કરવાથી તીર્થંકરપણાની ઉત્પત્તિ ઘટતી નથી. ઉત્તર યુકિતના વિકલ પણાથી ઉત્તમ પુરૂષના મનને તમારૂં કહેવું આનંદ આપતું નથી, કારણ કે ઉત્તમ જ્ઞાન વિના હિત અહિતની પ્રાપ્તિ તથા ત્યાગ ઉપદેશનો અસંભવ છે. અને એક પદાર્થનું પણ સંપૂર્ણ જ્ઞાન સર્વજ્ઞપણા વિના ઘટતું નથી તે સૂત્રકાર બતાવે છે.

**जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ (सूत्र. १२२)**

જે કોઇ પણ જ્ઞાની પરમાણુ વિગેરે એક દ્રવ્યને, તેના પછીના કે પૂર્વના પર્યાય સહિત જાણે, અથવા પોતાના અથવા પારકાના બધા પર્યાયોને જાણે છે; કારણ કે તેવા પુરૂષને અતીત અનાગતમા બનેલા અને બનવાના પર્યાયો સહિત દ્રવ્યને જાણવાથી તેને બધી વસ્તુનું જ્ઞાંન અવિનાભાવી પણે છે. હવે તેને હેતુ તથા હેતુવાળા પદાર્થ સહિત બીજી રીતે કહે છે.

જે સર્વ પદાર્થો સંસાર ઉદરમાં રહેલા છે તેને જાણે છે તે એક ઘટ વિગેરે એક વસ્તુને જાણે છે, તેજ જ્ઞાનીને અતીત અનાગત પર્યાય-ભેદોવડે તે તે સ્વભાવની આપત્તિવડે અનાદિ અનંતકાળપણે સમસ્ત વસ્તુ સ્વભાવમાં જાણપણું થાય છે. કહ્યું છે:—

**एग दवियस्स जे अत्थ, पज्जवा वयण पज्जवा वाचित्तीयाणा गय भूया, तावइयं तं हवइ दव्व ॥१॥**

એક દ્રવ્યના જેટલા અર્થના પર્યાયો, અથવા વચનના પર્યાયો છે, તે ભૂત–વર્તમાન, ભવિષ્યસહિત હોય; ત્યારે તે દ્રવ્ય થાય છે.

( ઉપરના સૂત્રનો પરમાર્થ એ છે કે, કોઇપણ વસ્તુમાં દ્રવ્ય એટલે વસ્તુ છે છતાં, તેમાં જે સ્વરૂપ બદલાય છે તે પર્યાયો છે. પૂર્વે જે બદલાયા તે ભૂતપર્યાયો છે. ચાલુમાં છે, તે વર્તમાન, અને થવાનો તે ભવિષ્યના છે. એ બધાંને જે સાથે જાણે; તેજ એક વસ્તુના એક પર્યાયને પણ જાણે અને તે એક પર્યાયને પણ બરોબર જાણે; તે સર્વને પણ જાણે; અને તે આ ગાથામાં બતાવ્યું છે કે, એકદ્રવ્યમાં ત્રણે કાળના પર્યાયો છે, અને પર્યાયોસહિત હોય; તેજ દ્રવ્ય છે. )

ઉપર કહેલ સર્વજ્ઞ તે તીર્થંકર છે, અને તેજ સર્વજ્ઞપ્રભુ સર્વ સત્ત્વોને ઉપકાર કરનારો, અને બનીશકે તેવો ઊપદેશ આપે છે તે સૂત્રકાર બતાવે છે.

**सव्वओ पमत्तस्स भयं, सव्वओ अपमत्तस्स नत्थि भयं, जे एगं नामे से बहुं नामे, जे बहुं नामे से एगं नामे, दुक्खं लोगस्स जाणित्ता वंता लोग-**

**रस संजोगं जंति धीरा महाजाणं, परेण परं जंति, नावकं खंति जीवियं ॥ सू० १२३ ॥**

દ્રવ્ય વિગેરેથી સર્વ પ્રકારે જે ભય કરનારૂં કર્મ ઉપાર્જન કરે; તે ભય, મદ્ય વિગેરેથી જે પ્રમાદી બને તેને થાય છે. તે બતાવે છે કે, પ્રમાદિ દ્રવ્યથી બધા આત્મપ્રદેશોથી કર્મ એકઠું કરે છે. ક્ષેત્રથી છએ દિશામાં રહેલું; કાળથી પ્રત્યેક સમયે, અને ભાવથી હિંસા વિગેરેથી ભયજનક કર્મ બાંધે છે.

અથવા સર્વત્ર એટલે, અહીં અને પરલોકમાં બંને ઠેકાણે પ્રમાદ કરનારને ભય છે. પણ, અપ્રમાદીને ક્યાંય પણ ભય નથી. તે બતાવે છે કે, આલોક કે, પરલોકમાં અપાયોથી આત્મહિતમાં જાગૃત રહેનાર અપ્રમાદીને સંસાર અપસદ ( નિમકહરામ વિશ્વાસઘાતી, ) થી અથવા અશુભ કર્મથી કોઈ પ્રકારે ભય નથી; અને કષાયના અભાવથી અપ્રમત્તતા થાય છે, તેથી બધાં મોહનીયકર્મનો અભાવ થાય છે, તેથી સંપૂર્ણ કર્મનો ક્ષય થાય છે. તેથી એ પ્રમાણે એકના અભાવમાં ઘણાના અભાવનો સંભવ થાય છે, તથા એકનો અભાવ પણ બહુ અભાવથી જુદો નથી. તેટલા માટે હેતુ, અને હેતુવાળા પદાર્થના ભાવને ગત પ્રત્યાગત સૂત્રવડે બતાવેલ છે. જે પ્રવર્ધમાન શુભ અવયવસાયના કંડકમાં ચઢેલો સાધુ જે, એકલા અનંતાનુબંધી ક્રોધને

ક્ષય કરે છે, તે, માન વિગેરે બહુને ખપાવે છે. અથવા, પોતાનાજ ભેદવાળા અપ્રત્યાખ્યાન વિગેરેને ખપાવે છે. તથા, એકલા મોહનીયને ખપાવતાં બીજી પ્રકૃતિઓને પણ ખપાવે છે. અથવા જે, ઘણી સ્થિતિવાળાને ખપાવે છે, તે સાધુ અનંતાનુબંધી એકને અથવા, મોહનીયકર્મને ખપાવે છે, તે બતાવે છે. જેમકે–અગણોતેર ૬૯ મોહનીય કોડા–કોડી ક્ષય ગયા પછી, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય, એ ચારની ૨૯ તથા નામગોત્રની ૧૯ કોડા–કોડી ખપી ગયા પછી, અને તેમાં પણ થોડું ઓછું થયા પછી, મોહનીય કર્મનો ક્ષપણ થવાને યોગ્ય થાય છે, પણ, તે શિવાય ન થાય. તેથી કહ્યું છે કેઃ—જે બહુ નામ હોય; તેજ પરમાર્થથી એકનામવાળો છે. અહીં નામનો અર્થ કર્મપ્રકૃતિનો ક્ષય, અથવા ઊપશમ કરનાર જાણવો. એક ઊપશમ શ્રેણીના આશ્રયથી એક તથા, બહુ ઊપશમ કરવાવડે બહુ ઊપશમતા જાણવી. તેથી એ પ્રમાણે બહુ તથા, એક કર્મના અભાવ શિવાય મોહનીયક્ષય અથવા, ઊપશમનો અભાવ થાય; અને તેના અભાવમાં એટલે, જો, મોહનીયક્ષય અથવા, ઊપશમ ન થાય; તો, જંતુઓને બહુ દુઃખનો સંભવ છે, તે સૂત્રમાં બતાવે છે.

દુઃખ એટલે અસાતાવેદનીય–કર્મ અથવા પીડા થાય. તે જીવોને દુઃખ થતું જ્ઞ–પરિજ્ઞાવડે જાણીને, અને પ્રત્યા-

ખ્યાન-પરિજ્ઞાવડે જેમ, તેનો અભાવ થાય; તેમ, સાધુએ કરવું.

પ્રશ્નઃ—અભાવ કેવીરીતે થાય ? અથવા તે અભાવથી શું લાભ થાય ? તે બંને બતાવે છે. **वंता** વિગેરે. જે સ્વઆત્માથી જુદું ધન, પુત્ર, શરીર, વિગેરે છે, તેનો મમત્ત્વ ભાવનો સંબંધ છે, અને તેનાથી શરીર વિગેરેને દુઃખ થાય છે, તે દુઃખના હેતુરૂપ-ઊપાદાન કારણ, અથવા કર્મને ત્યાગ કરવા પ્રયત્ન કરે છે. એટલે, કર્મવિદારણ કરવામાં ધૈર્ય રાખનારા ધીરપુરૂષો જેનાવડે મોક્ષમાં જવાય; તેવું ચારિત્રયાન જે, અનેક કરોડો ભવમાં મળવું દુર્લભ છે, અને કેટલાક જીવો તે મેળવીને પૂર્વના અશુભકર્મના ઊદયથી, પ્રમાદથી તે હારીજાય છે. એટલે, જેમ કોઈને સ્વપ્નામાં મેળવેલ ધનનો ભંડાર નકામો થાય છે, તેમ પ્રમાદથી હારનારને મળેલાં ચારિત્રનો લાભ થતો નથી. માટે તેને મોટું યાન, એવું વિશેષણ આપેલ છે.

અથવા સમ્યગ્ દર્શન વિગેરે ત્રણ રત્નરૂપ મહાયાન છે, અને જેને મોટું યાન છે, તે મોક્ષ છે, તેને ધીર પુરૂષો પ્રાપ્ત કરે છે,

પ્રશ્ન-એ વાત ઠીક છે. પણ એક ભવ વડેજ મહાયાનરૂપ ચારિત્ર મેળવવાથી મોક્ષ મળે કે પરંપરાએ મોક્ષ મળે.

ઉત્તર—અમે બન્ને પ્રકારે માનીએ છીએ. એટલે કોઇ થોડા કર્મવાળાને યોગ્ય ક્ષેત્ર કાળ મળતાં તેજ ભવમાં મુક્તિ થાય છે, અને બીજાને પરંપરાએ મોક્ષ થાય છે, તે બતાવે છે, परेण परं જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું, તેણે નરક તિર્યંચ ગતિ અટકાવી, અને જ્ઞાન પ્રાપ્ત કરીને યથાશક્તિ સંયમ પાળીને આયુ કર્મ પુરૂં થતાં સૌધર્માદિ દેવ લોકમાં જાય છે, ત્યાંથી પણ પુન્ય થોડું બાકી રહે ત્યારે ત્યાંથી ચવીને કર્મ ભૂમિ આર્ય ક્ષેત્ર સારા કુળમાં જન્મ આરોગ્યતા ધર્મ શ્રદ્ધા, તત્વ સાંભળવું અને સંયમ લઇને પુરૂં પાળી અનુત્તર વિમાન સુધીના દેવલોકમાં ઉત્પન્ન થાય છે, ફરીથી ચવીને પૂર્વ માફક ઉત્તમ સંયોગો મનુષ્ય જન્મ વિગેરે મેળવી સંયમ લઇને બધા કર્મનો ક્ષય કરે છે, તેથી એમ કહ્યું કે પર એટલે સંયમ વડે ઉપર બતાવેલી વિધિએ પરં એટલે સ્વર્ગમાં જાય છે, અને પરંપરાએ મોક્ષમાં પણ જાય છે.

અથવા પર એટલે સમ્યગદષ્ટિ ગુણસ્થાન જે ચોથું છે, તેના વડે દેશ વિરતિ (પાંચમું ગુણ સ્થાન) થી લઇને અયોગી ( ચૌદમું ગુણ સ્થાન ) સુધી ચઢે છે.

અથવા પર એટલે અનંતાનુબંધી ક્ષય થવાથી કંડક સ્થાન નિર્મળ થતાં ચઢતા ભાવે સાધુઓ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય રૂપ પર મેળવે છે, અથવા ઘાતી કર્મ અથવા અઘાતી કર્મનો ક્ષય કરે છે.

આ પ્રમાણે કર્મ ખપાવવા તૈયાર થયેલા સાધુઓ પોતાનું આયુષ્ય કેટલું બાકી રહ્યું તેની આકાંક્ષા કરતા નથી, એટલે લાંબુ આયુ ઇચ્છિતા નથી, અથવા અસંયમ જીવિતને વાંછતા નથી,

અથવા પર વડે પર એટલે ઉત્તર ઉત્તર તે જો લેશ્યાને મેળવે છે કહ્યું છે કે.

“जे इमे अज्जत्ताए समणा निग्गंथा विहरंति, एए णं कस्स तेय लेस्सं वीइवयंति ? गोयमा !, मास-परियाए समणे निग्गंथे वाणमंतराणं देवाणं तेय-लेस्सं वीइवयइ, एवं दुमास परियाए असुरिंदव-ज्जियाणं भवणवासीणं देवाणं तिमास परियाए असुरकुमाराणं देवाणं चउमास परियाए गहगण-नक्खत्ततारारूवाणं जोइसियाणं देवाणं पंच मास परियाए चंदिमसूरियाणं जोइसिंदाणं जोइ सरा-ईणं तेउलेस्सं छम्मास परियाए सोहम्मी साणाणं देवाणं, सत्तमास परियाए सणंतकुमारमाहिंदाणं देवाणं, अट्ठमास परियाए बंभ लोगलंतगाणं देवाणं नवमास परिआए महासुक्कसहस्साराणं देवाणं, दसमास परियाए आणयपाणयआरणच्चुआणं देवाणं, एगारसमास परियाए गेवेज्जाणं, बारसमासे

समणे निग्गंथे अणुत्तरोववाइयाणं देवाणं तेयलेसं वीयवयइ, तेण परं सुक्के सुक्काभिजाई भवित्ता तओ पच्छा सिज्झइ ॥ ”

## વીર પ્રભુને ગૌતમ સ્વામી પૂછે છે.

જે હમણાં સાધુઓ સાધુપણામાં વિચરે છે, તે કઇ તેજો લેશ્યાને પામે છે ?

ઉ.—હે ગૌતમ ! એક માસ સાધુપણાનો પર્યાય થવાથી વ્યંતર દેવોની તેજો લેશ્યાને પામે છે, બાકીનું કોષ્ટક નીચે પ્રમાણે.

| | | | |
|---|---|---|---|
| બે | માસ | દીક્ષા પર્યાયવાળો | અસુર ઇંદ્ર છોડીને ભવનપતિ દેવોની. |
| ત્રણ | ,, | ,, | અસુર કુમાર દેવોની |
| ચાર | ,, | ,, | ગ્રહગણ નક્ષત્ર તારારૂપ જ્યોતિષીની |
| પાંચ | ,, | ,, | ચંદ્ર સૂર્ય જ્યોતિષ ઇંદ્રની |
| છ | ,, | ,, | સૌધર્મ ઇશાન દેવોની |
| સાત | ,, | ,, | સન્નત કુમાર માહેન્દ્રની |
| આઠ | ,, | ,, | બ્રહ્મ લોકાંતકની |
| નવ | ,, | ,, | મહાશુક્ર સહસ્રારની |
| દશ | ,, | ,, | આનંત પ્રાણત તથા આરણ અચ્યુતની |
| અગીયાર | ,, | ,, | ગ્રૈવેયકની |
| બાર | ,, | ,, | અનુત્તર વિમાનની |

ત્યાર પછી શુક્લ લેશ્યાને પામીને કેવળ જ્ઞાન પામીને મોક્ષમાં જશે.

જે અનંતાનુબંધી વિગેરે કષાયોને ખપાવવા તૈયાર થયો તે એક ક્ષય કરવામાંજ વર્ત્તે છે કે નહિં? તે બતાવે છે.

**एगं विगिंचमाणे पुढो विगिंचइ, पुढोवि, सड्ढी आणाए मेहावी. लोगंच आणाए अभिसमिच्चा अकुओभयं, अत्थि सत्थं परेण परं, नत्थि असत्थं परेण परं । सू० १२४ ।**

અનંતાનુબંધી એક ક્રોધને ક્ષપકશ્રેણીમાં ચઢેલો સાધુ ખપાવે; તે સમયે પૃથક્ બીજી પણ દર્શનાદિ કર્મપ્રકૃતિ ખપાવે છે, અને તેણે આયુ બાંધ્યું છે, તે પણ દર્શન-સપ્તક એટલે, અનંતાનુબંધી કષાય ચાર તથા, દર્શનમોહનીયની ત્રણ સુધી ખપાવે છે: અથવા, બીજી પ્રકૃતિ ખપાવતાં અવશ્યે અનંતાનુબંધી નામની પ્રકૃતિ ખપાવે છે. જો, તેમ ન ખપે તો, સૂત્રમાં કહેલ એકના ક્ષયમાં બીજી ક્ષય થાય તેવું ન કહેવાય.

કેવા ગુણવાળો ક્ષપક શ્રેણીને યોગ્ય થાય તે કહે છે:—

સડ્ઢી વિગેરે. શ્રદ્ધા એટલે મોક્ષમાર્ગ મેળવવાના ઉદ્યમની ઇચ્છા કરે; તે શ્રદ્ધાવાળો (શ્રદ્ધી) કહેવાય. એટલે, તીર્થંકર પ્રણીત આગમ અનુસારે યથોક્ત અનુષ્ઠાન કર-

નારો મેધાવી (અપ્રમત્ત સાધુ) જે મર્યાદામાં રહે છે, તેજ શ્રેણીને યોગ્ય છે પણ બીજો યોગ્ય નથી.

વળી, લોક એટલે છ જીવનિકાય, અથવા કષાય-લોકને જિનેશ્વરના આગમ પ્રમાણે જાણીને તે જીવોના સમૂહને કોઈપણ રીતે ભય ન થાય તેમ સાધુએ વર્તન કરવું.

અને કષાયના સમૂહને દૂર કરવાથી તે દૂર કરનાર સાધુને કોઈથી ભય રહેતો નથી; અથવા ચરાચર લોકને આગમની આજ્ઞા પ્રમાણે સમજીને ચાલે; તેને આલોક-પરલોક અપાય; ને સારીરીતે દેખવાથી (સીધે માર્ગે ચાલનારને) ક્યાંયથી ભય નથી.

ઉપર બતાવેલો ભય શસ્ત્રથી થાય છે, પણ તે શસ્ત્રની પ્રકર્ષગતિ છે કે નહિ? ઉત્તર–છે, તે બતાવે છે.

તેમાં દ્રવ્યશસ્ત્ર તલવાર વિગેરે છે. તે પરથી પણ પર છે, તીક્ષ્ણથી પણ તીક્ષ્ણ થાય છે. કારણકે, લોઢા ઉપર પાણી વિગેરે ચઢાવાનો સંસ્કાર કરાય છે. અથવા, શસ્ત્ર એટલે, ઊપઘાતકારી, તેથી એક પીડાકારીથી બીજો પીડાકારી ઉત્પન્ન થાય છે. તે ન્યાયે એકથી બીજો અપર છે તે બતાવે છે. જેમકે—તલવારના ઘાથી ધનુર્વા થાય; તેનાથી માથાની વેદના થાય; તેનાથી તાવ ચઢે; પછી મુખમાં શોષ પડે; અને છેવટે, મૂર્છા વિગેરે થાય છે.

પણ ભાવશસ્ત્ર પરંપરાએ જોડલા સૂત્રથી સૂત્રકાર મહા-

રાજ પોતાની મેળેજ પ્રત્યાખ્યાન પરિજ્ઞાના દ્વારવડે કહેશે કે જેવી રીતે શસ્ત્રની પ્રકર્ષ ગતિ છે, અથવા પરંપરાએ વિદ્યમાન છે, પણ અશસ્ત્રને તેમ નથી, તે બતાવે છે, કે અશસ્ત્ર તે સંયમ છે, તે સંયમ પરથી બીજું પર નથી, એટલે તે પ્રકર્ષ ગતિને પામેલ નથી, તે આ પ્રમાણે.

પૃથ્વી વિગેરેની સમાનતા કરવી, તેમાં મંદ તીવ્રનો ભેદ નથી, એટલે પૃથ્વી વિગેરેમાં સમભાવપણું ધારવાથી સામાયિકની સિદ્ધિ છે.

અથવા શૈલેશી અવસ્થામાં રહેલા સંયમથી બીજો સંયમ નથી, અર્થાત્ તેનાથી બીજું ગુણસ્થાન ઉપર કોઇ નથી.

જે ક્રોધના ઉપાદાનથી બંધ કરે છે, તે સ્થિતિ તથા વિપાકથી તથા અનંતાનુબંધીના લક્ષણથી જે કર્મ બંધાય તેના ક્ષયને આશ્રયી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે જે જાણે છે તે સાધુ અપર માન વિગેરેને પણ તોડવાનું દેખનારો છે, તે પછીના સૂત્રમાં બતાવે છે.

**जे कोहदंसी से माणदंसी, जे माणदंसी से मायादंसी, जे मायादंसी से लोभदंसी, जे लोभदंसी से पिज्जदंसी, जे पिज्जदंसी से दोसदंसी, जे दोसदंसी से मोहदंसी, जे मोहदंसी से गब्भदंसी, जे**

गब्भदंसी से जम्मदंसी, जे जम्मदंसी से मारदंसी, जे मारदंसी से नरयदंसी, जे नरयदंसी से तिरियदंसी, जे तिरियदंसी से दुक्खदंसी, से मेहावी अभिणिवट्टिज्जा कोहं च माणं च मायं च लोभं च पिज्जं च दोसं च मोहं च गब्भं च जम्मं च मारं च नरयं च तिरियं च दुक्खं च। एयं पासगस्स दंसणं उवरय सत्थस्स पलियं त करस्स, आयाण निसिद्धा सगडब्भि, किमत्थि ओवाही पासगस्स? न विज्जइ?, नत्थि (सू० १२५) त्तिबेमि॥ शीतोष्णीयाध्ययनम् ॥३॥

જે ક્રોધને સ્વરૂપથી જાણે અને જ્ઞાનને અનર્થ કરનારૂં જાણી ત્યાગવારૂપ માનીને (જ્ઞાન વડે) ક્રોધને ત્યાગ કરે, તે સાધુ નિશ્ચે માનને પણ અનર્થ કરનારૂં દેખે છે, અને તેને ત્યાગે છે.

અથવા જે ક્રોધને જાણે છે, અને સમય આવતાં ક્રોધી બને છે, તેવો માણુસ માન પણ દેખે છે, અર્થાત્ તે અહંકારી પણ થાય છે, એ પ્રમાણે હવે પછી પણ સમજી લેવું. જ્યાં સુધી તે દુઃખ દેખનારો થાય ત્યાં સુધી જાણવું, સૂત્ર સુગમ હોવાથી ટીકા કરી નથી. તો પણ મંદ બુદ્ધિ હિતાર્થે થોડામાં લખીએ છીએ.

જે અહંકારી બને તે સમય આવતાં કપટી પણ બને, લોભી પણ બને, અને જે લોભી હોય, તે અનુક્રમે પ્રેમી પણ બને, અને પોતાનું ઇચ્છિત ન થતાં દ્વેષી પણ બને, અને તે મોહ કરનારો પણ થાય, અને તે મોહ કરીને ગર્ભમાં ઉત્પન્ન થાય, પછી જન્મનું દુઃખ વેઠે, તે માર (હિંસા અથવા આરંભના કૃત્ય) પણ કરે, અને પછી તે નરક ગામી પણ થાય, ત્યાંથી ચવીને તિર્યંચ થાય, એમ પરંપરાએ અનેક દુઃખોને તે સંસારી જીવ ભોગવે છે, પણ જે મેધાવી (બુદ્ધિમાન) સાધુ છે તે ક્રોધ વિગેરેથી દૂર રહે છે તે બતાવે છે, એટલે ક્રોધ માન માયા લોભ પ્રેમ દ્વેષ મોહ ગર્ભ જન્મ માર નરક તિર્યંચ વિગેરેનાં દુઃખો ક્રોધ રૂપ બીજને ત્યાગ કરવાથી ભોગવતો નથી, આ બધું જે તત્વજ્ઞાન બતાવ્યું તે બધા ઉદ્દેશાનું શરૂઆતથી તે અહિં સુધી તીર્થંકરનું કહેલું છે, અને તે તીર્થંકર જીવોને પીડા કરનાર શસ્ત્રને છોડીને આઠ કર્મનો અંત કરનાર થયા છે એટલે તેઓ કર્મનું ઉપાદાન કારણ ક્રોધ વિગેરે પ્રથમ ત્યાગીને પોતાના કર્મો જે પૂર્વે બાંધેલાં તેને ભેદનારા થયા, તેઓને કેવળજ્ઞાન થવાથી સંસારી કોઈપણ જાતની ઉપાધિ નથી, એટલે દ્રવ્યથી સોનું ચાંદી વિગેરે નથી તેમ ભાવથી આઠ પ્રકારનાં કર્મ નથી, આ પ્રમાણે શિષ્યના પ્રશ્નમાં તીર્થંકરને

કોઇ પણ જાતની દ્રવ્યથી કે ભાવથી કોઇ પણ જાતની ઉપાધિ છે કે નહિં ? તેનો ઉત્તર કહયો કે નથી.

આ વચન સુધર્માસ્વામિ જંબુસ્વામિને કહે છે, કે મેં ભગવાનના ચરણની સેવા કરતાં જે સાંભળ્યું તેને અનુસારે તને કહું છું, પણ મારી મતિ કલ્પનાથી હું કહેતો નથી.

સૂત્ર અનુગમ કહ્યો, ચોથો ઉદ્દેશો પુરો થયો અને તેની સમાપ્તિથી અતીત અનાગત નય વિચારને સૂત્રમાં થોડામાં બતાવવાથી શીતોષ્ણીય નામનું ત્રીજું અધ્યયન સમાપ્ત થયું.

## સમ્યક્ત્વ નામનું ચોથું અધ્યયન.

ત્રીજું અધ્યયન પુરૂં થવાથી હવે ચોથું કહે છે. તેનો આ પ્રમાણે—સંબંધ છે. પહેલા શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં અન્વય વ્યતિરેકવડે છ જીવનિકાયનું સ્વરૂપ બતાવતાં જીવ અને અજીવ, એમ બે પદાર્થ સિદ્ધ કર્યા; તથા જીવોના વધમાં બંધ થાય છે, અને તે ત્યાગવાથી વિરતિ થાય; તેવું બતાવતાં આસ્રવ સંવર બે પદાર્થ બતાવ્યા; તથા લોકવિજય નામના બીજા અધ્યયનમાં લોકો જેમ બંધાય છે, અને જેમ મુકાય છે, તે બતાવતાં બંધ અને નિર્જરા બતાવી; તથા ત્રીજા અધ્યયનમાં શીતોષ્ણરૂપ–પરિસહો સહેવા; તે બતાવતાં તેના ફળરૂપ–મોક્ષ બતાવ્યો; તેથી ત્રણ અધ્ય-

ચનમાં જીવ-અજીવ, આસ્રવ, સંવર, બંધ નિર્જરા અને મોક્ષ, એમ સાત પદાર્થરૂપ-તત્ત્વ બતાવ્યું; અને તત્ત્વ પદાર્થનું શ્રદ્ધાન (વિશ્વાસ) રાખવું; તે સમ્યક્ત્વ કહેવાય છે, તે હુવે બતાવે છે.

આ સંબંધવડે આવેલા આ ચોથા અધ્યયનના ચાર અનુયોગદ્વાર બતાવતાં ઉપક્રમમાં અર્થ અધિકાર બે પ્રકારે છે. અધ્યયનનો અર્થાધિકાર સમ્યક્ત્વ નામનો છે તે શસ્ત્રપરિજ્ઞામાં પ્રથમ કહેલ છે, અને ઉદ્દેશાનો અર્થાધિકાર અહીં બતાવવા નિર્યુક્તિકાર કહે છેઃ—

**पढमे सम्मावाओ, बीए धम्मप्पवाइयपरिक्खा।**
**तइए अणवज्जतवो, न हु बालतवेण मुक्खुत्ति ।२१५।**
**उद्देसंमि चउत्थे, समासवयणेण णियमणं भणियं।**
**तम्हा य नाणदंसण,तवचरणे होइ जइयव्वं ॥२१६॥**

(૧) પહેલા ઉદ્દેશામાં સમ્યક્વાદ એ નામનો અર્થાધિકાર છે. એટલે, અવિપરીતવાદ તે સમ્યગ્વાદ છે. અર્થાત્ યથાઅવસ્થિત વસ્તુને બતાવવવી. (૨) બીજા ઉદ્દેશામાં ધર્મપ્રવાદિકોની પરીક્ષાનો વિષય છે. એટલે, જેઓ ધર્મનું સ્વરૂપ બતાવે છે, તે ધર્મપ્રવાદિક કહેવાય. તેઓનું અયુક્ત તથા, યુક્તકથનને વિચારવું. (૩) ત્રીજામાં, અનવદ્ય તપનું વર્ણન છે. એટલે, જે બાળતપ કરે; તેવા અજ્ઞાનાં કરેલાં તપથી મોક્ષ ન થાય તે અહીં બતાવ્યું છે. (૨૧૫)

ચોથા ઉદ્દેશામાં સંક્ષેપ વચનમાં સંયતનું સ્વરૂપ બતાંવ્યું છે, તેથી પહેલામાં સમ્યગ્દર્શન, બીજામાં સમ્યક્જ્ઞાન ત્રીજામાં બાળ તપનો નિષેધ કરવાથી સમ્યક્ તપ બતાવ્યો છે, અને ચોથામાં સમ્યક્ ચારિત્ર બતાવ્યું છે, ગાથામાં तस्मात् અને च શબ્દ છે તે બન્ને હેતુમાં છે, જેથી એ ચારે પણ મોક્ષનાં અંગ પૂર્વે કહ્યાં છે, તેથી એમ જાણવું કે જ્ઞાન દર્શન તપ ચરણમાં મોક્ષાભિલાષી સાધુએ યત્ન કરવો, અને તેનું પ્રતિપાલન કરવા જીવતાં સુધી પ્રયત્ન કરવો, આ પ્રમાણે બે ગાથાનો અર્થ થયો.

હવે નામ નિષ્પન્ન નિક્ષેપામાં બતાવેલ સમ્યક્ત્વ નામનો નિક્ષેપો કહે છે.

**नामंठवणासम्मं दव्वसम्मं च भावसम्मं च ।**
**एसो खलु सम्मस्सा, निक्खेवो चउव्विहो होइ ।२१७।**

નામ સ્થાપનાનો અક્ષરાર્થ સુગમ છે, અને તેનો ભાવાર્થ નામ સ્થાપના છોડીને દ્રવ્ય અને ભાવ સંબંધી નિર્યુક્તિકાર કહે છે.

**अह दव्वसम्म, इच्छाणु लोमियं तेसु तेसु दव्वेसुं ।**
**कयसंखयसंजुत्तो, पउत्त जढ भिण्ण छिण्णं वा ।२१८**

જ્ઞ શરીર ભવ્ય શરીરથી વ્યતિરિક્ત દ્રવ્ય સમ્યક્ત્વ બતાવે છે, ઇચ્છા એટલે ચિત્તની પ્રવૃત્તિ ( અભિપ્રાય ) છે, તેને અનુકુળ કરવું, તે “ ઐચ્છાનુલોમિક ” છે તેવી તેવી

ઈચ્છા અને ભાવને અનુકુળ દ્રવ્યમાં કૃત વિગેરે ઉપાધિના ભેદ વડે સાત પ્રકારે થાય છે, તે આ પ્રમાણે છે.

(૧) કૃત એટલે અપૂર્વ રથ વિગેરે બનાવ્યો હોય, તે રથમાં યોગ્ય રીતે ભાગો ગોઠવ્યાથી સારા બનાવનારને લીધે બેસનારને ચિત્તમાં શાંતિ થાય છે, અથવા જેના માટે તે બનાવ્યો તે શોભાયમાન અને યોગ્ય સમયમાં જલદી બનાવી આપવાથી કરાવનારને સમાધાન ( સમાધિ ) નો હેતુ હોવાથી તે દ્રવ્ય સમ્યક છે. આ પ્રમાણે સંસ્કૃત ( સંસ્કાર કરેલ ) વિગેરેમાં પણ સમજવું, એટલે ( ૨ ) તેજ રથ વિગેરે ભાગી જતાં અથવા જુનો થતાં તેને સુધારવો અથવા ભાંગેલા ભાગને બદલવો તે સમાધિ આપનારો હોવાથી દ્રવ્ય સમ્યક્ છે.

(૩) જે બે દ્રવ્યનો સંયોગ નવો ગુણ બનાવવા કરે પણ નાશ કરવા ન કરે તે ખાનાર અથવા ભોગવનારના મનની સમાધિને માટે દુધમાં સાકર મેળવવી વિગેરે છે, તે સંયુક્ત દ્રવ્ય સમ્યગ્ છે.

(૪) તથા જે પ્રયોગમાં લીધેલું દ્રવ્ય આત્માને લાભના હેતુથી સમાધિ માટે થાય છે, તે પ્રત્યુંક દ્રવ્ય સમ્યક્ છે. અથવા બીજી પ્રતિમાં ઉપયુક્ત શબ્દ છે એટલે ઉપયોગમાં લીધેલું દ્રવ્ય મનને સમાધિ દાયક થાય તે ઉપયુક્ત દ્રવ્ય સમ્યક્ છે.

(૫) તથા જઢ ( ત્યજેલું ) ભાર વિગેરે દૂર કરવાથી ચિત્તમાં શાંતિ થાય, તે ત્યક્ત દ્રવ્ય સમ્યક્ છે, (૬) દહીનું વાસણ વિગેરે ફુટી જતાં કાગડા વિગેરેને આનંદ દાયી થવાથી તે ભિન્ન દ્રવ્ય સમ્યક્ છે, (૭) અધીક માંસ વિગેરે છેદવાથી ( અથવા ગુમડામાં નસ્તર મુકવાથી ) જે શાંતિ થાય તે છિન્ન સમ્યક્ છે, આ સાતે પણ ચિત્તને સમાધિ આપનાર હોવાથી દ્રવ્ય સમ્યક્ છે, પણ જો તે બરોબર ન થાય તો ચિત્તમાં કલેશ થતાં અસમ્યક્ થાય છે.

હવે ભાવ સમ્યક્ બતાવે છે.

**तिविहं तु भावसम्मं दंसण नाणे तहा चरित्ते य।**
**दंसण चरणे तिविहं नाणे दुविहं तु नायव्वं ॥२१९॥**

ત્રણ પ્રકારે ભાવ સમ્યક્ છે, દર્શન જ્ઞાન ચારિત્ર એ ત્રણ ભેદ છે, તે દરેક પણ ભેદવાળું છે, તે કહે છે, તેમાં દર્શન અને ચરણ દરેક ત્રણ પ્રકારનાં છે, તે આ પ્રમાણે.

અનાદિ મિથ્યા દૃષ્ટિને ત્રણ પુંજ કર્યા વિનાનો હોય તેને યથા પ્રવૃત્ત કરણ બાકીનાં કર્મ ક્ષીણ થવા વાળો હોય તેને સાગરોપમ કોડા કોડીમાં થોડી ઓછી સ્થિતિ હોય, તેને અપૂર્વ કરણમાં ગ્રંથી ભેદાતા મિથ્યાત્વનો ઉદય ન હોય તેવું અંતરકરણ કરીને અનિવૃત્તિ કરણ વડે પ્રથમ સમ્યકત્વ મેળવે છે, તે ઔપશમિક દર્શન છે, કહ્યું છે કે.

"उसरदेसं दड्ढेल्लयं च विज्झाइ वणदवो पप्प।
इय मिच्छत्ताणुदए उवसमसम्मं लहइ जीवो ॥१॥"

ખારવાળો (ઉષર) દેશ (જગ્યા) મેળવીને જેમ વનનો અગ્નિ (દાવાનલ) બુઝાઈ જાય છે, તેમ મિથ્યાત્વ ઉદય ન આવે ત્યારે ઔપશમિક સમ્યકત્વને જીવ પામે છે. અથવા કોઈ ઉશમ શ્રેણીમાં ઔપશમિક સમ્યકત્વ પામે છે. (૨) તેજ પ્રમાણે સમ્યક્ત્વ પુદ્ગલને આશ્રયી ને જે અધ્યવસાય ઉત્પન્ન થાય તે ક્ષાયોપશમિક છે (૩) તથા દર્શનમોહનીય ક્ષય થવાથી ક્ષાયિક છે.

## ચારિત્રના ત્રણ ભેદ.

(૧) દર્શન પ્રમાણે ચારિત્ર પણ ઉપશમ શ્રેણિમાં ઔપશમિક (૨) કષાયના ક્ષય ઉપશમથી ક્ષાયોપશમિક (૩) તથા ચારિત્ર મોહનીય કર્મના ક્ષયથી ક્ષાયિક ચારિત્ર છે.

જ્ઞાનના બે ભાગો છે,–ક્ષાયોપશમિક, અને ક્ષાયિક તેમાં ચાર પ્રકારના જ્ઞાન આવરણીય કર્મનો ક્ષય ઉપશમ થવાથી મતિ જ્ઞાન વિગેરે ચાર પ્રકારનું ક્ષાયોપશમિક જ્ઞાન છે, અને બધું ઘાતી કર્મ ક્ષય થવાથી ક્ષાયિક કેવળ જ્ઞાન છે.

આ પ્રમાણે ત્રણે પ્રકારમાં ભાવ સમ્યકત્વપણું બતાવે છતે વાદી શંકા કરે છે.

" જો, એમ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેમાં સમ્યગ્વાદનો સંભવ થાય છે, તો, દર્શનનોજ સમ્યકત્વવાદ કેમ રૂઢ થયો છે? કે જે સમ્યગ્દર્શનનું અહીં વર્ણન કરવાનું છે.

ઉત્તરઃ—તે દર્શનના ભાવના ભાવી (વિદ્યમાનપણાથીજ) જ્ઞાનચારિત્રનો ભાવ છે. જેમકે—મિથ્યાદૃષ્ટિને જ્ઞાનચારિત્ર હોતાં નથી. (તેને જ્ઞાન હોય; છતાં અજ્ઞાન કહેવાય.) અહીં સમ્કયત્વની પ્રધાનતા બતાવવા આંધળા તથા દેખતા એવા બે રાજકુમારોનું દૃષ્ટાંત બાલ-(મંદબુદ્ધિવાળા) તથા સ્ત્રી વિગેરેના બોધ માટે કહે છેઃ—

ઊદયસેન નામનો રાજા હતો. તેને વીરસેન તથા સૂરસેન નામે બે કુમારો છે. તેમાં વીરસેન આંધળો છે. તેણે પોતાને યોગ્ય ગાંધર્વાદિક (ગાવા વિગેરેની) કળાઓ શીખી; અને બીજા કુમારે ધનુર્વેદનો અભ્યાસ કરીને લોકમાં પ્રશંસનીય પદવી પામ્યો. આ સાંભળીને વીરસેન કુમારે વિજ્ઞપ્તિ કરી કે, હું પણ ધનુર્વેદનો અભ્યાસ કરૂં. પછી રાજાએ તેના આગ્રહથી આજ્ઞા આપી; અને યોગ્ય ઊપાધ્યાનના ઊપદેશથી, અને અતિશય બુદ્ધિના કારણથી શબ્દવેધી થયો. પછી તે જુવાન થયો; ત્યારે સારા અભ્યાસથી મેળવેલા ધનુર્વેદનાં જ્ઞાનથી અને ઉત્તમવર્ત્તનથી અગણિત ચક્ષુદર્શન સદ્-અસત્‌ભાવથી, તથા શબ્દવેધીપણાથી જ્યારે શત્રુ રાજા લડવા આવ્યો; ત્યારે રાજા પાસે યુદ્ધમાં જવા માંગણી

કરી. રાજાએ આજ્ઞા આપવાથી વીરસેને શત્રુનું સૈન્ય જીતવા પ્રયત્ન કર્યો; પણ શત્રુએ અંધપણું જાણીલીધાથી ચુપ બેસવાથી વીરસેનનું કંઇ ન ચાલ્યું; ત્યારે શત્રુના. સૈન્યે તેને પકડીલીધો. પછી સૂરસેને તે વૃતાંત જાણીને રાજાને પૂછીને સૂક્ષ્મ તીરોના સેંકડોનો વરસાદ વરસાવી શત્રુના સૈન્યને જીતી ભાઇને મુકાવ્યો.

આ પ્રમાણે, અભ્યાસ સારી રીતે કરી ઉદ્યમ કરવા છતાં પણ ચક્ષુની ખામીથી ઇચ્છિત કાર્ય કરવા સમર્થ ન થયો. તેજ પ્રમાણે સમ્યગ્ દર્શન વિના જ્ઞાન ચારિત્ર કાર્ય-સિદ્ધિ ન કરી શકે. તેજ નિર્યુક્તિકાર ગાથાનો ઉપસંહાર કરતાં બતાવે છે.

**कुणमाणोऽवि किरियं, परिच्चयंतोऽवि सयणधणभोए,**
**दिंतोऽवि दुहस्स उरं, न जिणइ अंधो पराणीयं॥२२०॥**

ક્રિયાને કરતો, તથા પોતાનાં સ્વજન, ધન ભોગોને ત્યજવા છતાં તથા દુઃખને ઉર આપવા (સામે જવા) છતાં પણ અંધો અંધપણાને લીધે શત્રુના સૈન્યને જીતી ન શકયો. તે દૃષ્ટાંતથી હવે બોધ આપે છે:—

**कुणमाणोऽवि निवित्तिं, परिच्चयंतोऽवि सयणधण-भोए,**
**दिंतोऽवि दुहस्स उरं, मिच्छद्दिट्ठि न सिज्झइ उ॥२२१॥**

એટલે મિથ્યા દૃષ્ટિ પોતાના દર્શનમાં કહેલી ક્રિયા કરે.

જેમકે પાંચ યમો, તથા પાંચ નિયમો વિગેરે પાળે તથા પોતાના સગાં ધન તથા ભોગોને ત્યાગે. તથા પંચ અગ્નિનો તાપ તપવા વિગેરેથી દુઃખ સહન કરે છતાં મિથ્યા દૃષ્ટિ દર્શનની ખામીથી સિદ્ધિ પદ નથીજ પામતો, (ગાથામાં ઉ શબ્દ એવકારના અર્થમાં છે.) પૂર્વે જેમ અંધ કુમાર શત્રુને ન જીતી શકયો તેમ આ કાર્ય સિદ્ધિમાં અસમર્થ છે, જો એમ છે તો શું કરવું ? તે કહે છે—

**तम्हा कम्माणीयं जेउमणो दंसणंमि पयइज्जा,**
**दंसणवओ हि सफलाणि हुंति तवनाण चरणाइं ॥२२२॥**

જેથી સિદ્ધિ માર્ગનું મૂળ સમ્યગ્ દર્શન છે, તેના વિના કર્મક્ષય ન થાય, તેથી કર્મ શત્રુને જીતવાની ઇચ્છાવાળો મનુષ્ય સમ્યગ્ દર્શન મેળવવા પ્રથમ યત્ન કરે, અને તેની પ્રાપ્તિમાં શું થાય તે બતાવે છે. કે નિશ્ચે દર્શન પામેલાનાં તપ જ્ઞાન તથા ચારિત્રનાં બધાં અનુષ્ઠાનો સફળ થાય છે. તેથી તેમાં યત્ન કરવો.

હવે બીજી રીતે પણ સમ્યગ્ દર્શનના તથા તે દર્શન મેળવેલા મનુષ્યોને પ્રાપ્ત થએલા ગુણ સ્થાનોના ગુણો બતાવે છે.

**सम्मत्तुपत्ती सावए य, विरए अणंत कम्मं से ॥**
**दंसण मोहक्खवए, उवसामंते य उवसंते ॥२२३॥**

खवए य खीणमोहे, जीणे अ सेढी भवे असंखिज्जा ।
तव्विवरीओ कालो, संखिज्जगुणाए सेढीए ॥१२४॥

સમ્યક્ત્વની ઉત્પત્તિ થતાં અસંખ્યેય ગુણવાળી શ્રેણિ થાય છે. તે પાછલી અડધી ગાથાવડે બતાવેલ છે, તે ક્રિયાને આશ્રયી છે.

પ્રશ્ન—કેવી રીતે અસંખ્યેય ગુણવાળી શ્રેણિ થાય ?

ઉત્તર—(૧) અહીં મિથ્યા દૃષ્ટિઓ જે થોડું ઓછું એવી કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળા ગ્રંથિસત્વવાળા છે. તેઓ કર્મ નિર્જરાને આશ્રયી સમાન છે, (૨) અને ધર્મ પૂછવાની ઉત્પન્ન થએલી સંજ્ઞાવાળા પૂર્વે કહેલાઓથી અસંખ્યેય ગુણ નિર્જરાવાળા છે. (૩) ત્યાર પછી પૂછવાની ઇચ્છાવાળા બની સાધુ સમીપે જવાની ઇચ્છાવાળો અસંખ્યેય ગુણે ઉત્તમ જાણવો (૪) ત્યાર પછી ગુરૂને પૂછતાં (૫) ધર્મ સ્વીકારવાની ઇચ્છા થતાં (૬) ત્યાર પછી ધર્મ ક્રિયા કરતાં જે નિર્જરા થાય તેના કરતાં પણ પ્રથમ ધર્મ ક્રિયા કરનારાને વધારે નિર્જરા થાય તે અસંખ્યેય ગુણી જાણવી, આટલે સુધી સમ્યક્ત્વની ઉત્પત્તિનું વર્ણન કર્યું;

ત્યાર પછી શ્રાવકવ્રત ( દેશવિરતિ ) સ્વીકારતો તથા સ્વીકારેલો વિગેરે ઉત્તરોત્તર ગુણ પામેલાને અસંખ્યેય ગુણી નિર્જરા જાણવી, એ પ્રમાણે સર્વ વિરતિમાં પણ જાણવું.

તેનાથી પણ પૂર્વે સર્વ વિરતિ લીધેલાની અસંખ્યેય ગુણી નિર્જરા જાણવી, મૂળમાં "અણંતકમ્મંસે" છે, તેનો અર્થ અનંતાનુબંધી આશ્રયી જાણવો, એટલે ભીમ કહેવાથી ભીમસેન ભામાથી સત્યભામા થાય, તે પ્રમાણે છે. મોહનીય કર્મના અનંત ભાગો છે, તેને ખપાવવાની ઇચ્છાવાળો અસંખ્યેય ગુણ નિર્જરા કરનારો જાણવો, ત્યાર પછી ક્ષપક (ક્ષય કરનારો) જાણવો, ત્યાર પછી ક્ષીણ અનંતાનુબંધી કષાયવાળો જાણવો, તેજ દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિમાં ક્રિયાના સન્મુખમાં ઉભા રહેલ અપવર્ગનું ત્રિક જાણવું ત્યાર પછી સાત પ્રકૃતિ ક્ષીણ થવાથી ઉપશમ શ્રેણિમાં ચઢેલો અસંખ્યેય ગુણ નિર્જરાવાળો જાણવો, ત્યાર પછી ઉપશાંત મોહવાળો જાણવો ત્યાર પછી ચારિત્ર મોહનીયને ક્ષય કરનારો જાણવો, ત્યાર પછી ક્ષીણ મોહવાળો જાણવો, અહિંયાં અભિમુખ વિગેરે ત્રણ યથાસંભવ યોજના કરવી, ત્યાર પછી ભવસ્થ કેવળી (જિન) જાણવા ત્યાર પછી શૈલેશી અવસ્થાવાળો અસંખ્યેય ગુણ નિર્જરાવાળો જાણવો. તેથી એ પ્રમાણે કર્મ નિર્જરા માટે અસંખ્યેય લોક આકાશ પ્રદેશ પ્રમાણ બનાવેલ સંયમ સ્થાનના પ્રચયથી ઉત્પન્ન થયેલ શ્રેણી છે; તે ઉત્તરોત્તર અસંખ્યેય ગુણવાળી જાણવી, કારણ કે ઉત્તરોત્તર પ્રવર્ધમાન અધ્યવસાયના કંડકનો સ્વીકાર છે, (જેમ સંયમ પર્યાય વધે તેમ ચારિત્રમાં આત્માની નિર્મળતા વધે.)

કાળથી તો તેથી વિપરીત અયોગી કેવળીથી માંડીને પ્રતિલોમ પણે સંખ્યેય ગુણવાળી શ્રેણીવડે કાળ જાણવો, તેનો અર્થ આ છે, જેટલા કાળ વડે અયોગી કેવળી જેટલાં કર્મ ખપાવે તેટલાં કર્મ સયોગી કેવળી સંખ્યેય ગુણા કાળ વડે ખપાવે છે, એ પ્રમાણે પ્રતિલોમ પણે જેટલા કાળમાં ધર્મ પુછવાની ઈચ્છાવાળો છે, ત્યાં સુધી જાણવું; (નીચલા ગુણસ્થાનમાં કાળ વધારે થાય અને કર્મ ઓછાં ખપે.)

આ પ્રમાણે બતાવતાં સિદ્ધ કર્યું કે સમ્યગ દર્શન પામેલાને તપ જ્ઞાન અને ચરણ સફળ થાય છે, પણ જો કોઈ ઉપાધિ (સંસારી વાસના) વડે કરે તો તે સફળ થતાં નથી, તે ઉપાધિ કઇ છે, તે હવે બતાવે છે,

**आहार उवहिपूआ, इड्ढीसु य गारवेसु कइतवियं।**
**एमेव बारसविहे, तवंमि नं हु कइ तवे समणो॥२२९॥**

આહાર ઉપધિ પૂજા અને આમર્ષ ઔષધિ વિગેરે રિદ્ધિ છે, અને આહાર ઉપધિ અને પૂજા રિદ્ધિ છે, અર્થાત્ તેવી રિદ્ધિ પૂજા મેળવવા જ્ઞાન ભણે, અને ચારિત્ર પાળે, તથા (તેવું મળવાથી) ત્રણ ગારવમાં બંધાએલો જે ક્રિયા કરે તે કૃત્રિમ (બનાવટી) કહેવાય છે, જેવી રીતે જ્ઞાન ચરણનું અનુષ્ઠાન આહાર વિગેરે માટે કરે, તે કૃત્રિમ હોવાથી મોક્ષ ન આપે, તે પ્રમાણે બાર પ્રકારના બાહ્ય અભ્યંતર તપમાં

ચણુ જાણવું, અને તેવી સંસારી વાસના રાખનારને શ્રમણ ભાવ ન હોય, અને અસાધુનું અનુષ્ઠાન ગુણવાળું ન થાય, તેથી વાસના રહિત સાધુનું જે સમ્યગ દર્શન પૂર્વક તપ જ્ઞાન ચરણ સફળ છે એમ સિદ્ધ થયું, માટે સમ્યગ દર્શનમાં યતના કરવી, અને તત્વાર્થનું શ્રદ્ધાન કરવું તે સમ્યગ દર્શન છે, અને આ તત્વ સઘળાં કલંકને દૂર કરીને જેમણે બધા પદાર્થોમાં સત્તા વ્યાપી કેવળ જ્ઞાનને મેળવેલું છે, તેવા તીર્થંકરે કહ્યું છે તેને હવે અનુક્રમે આવેલા સૂત્રાનુગમમાં સૂત્ર બતાવે છે.

**से बेमि जे अईया जे य पडुपन्ना आगामिस्सा अरहंता भगवंतो ते सव्वे एव माइक्खन्ति एवं भासंति एवं पण्णविंति एवं परूविंति सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा न अज्जावेयव्वा न परिघित्तव्वा न परियावेयव्वा न उद्दवेयव्वा, एस धम्मे सुद्धे निइए समिच्च लोयं खेयण्णेहिं पवेइए, तंजहा-उट्ठिएसु वा अणुट्ठिएसु वा उवट्ठिएसु वा अणुवट्ठिएसु वा उवरयदंडेसु वा अणुवरयदंडेसु वा सोवाहिएसु वा अणोवाहिएसु वा संजोगरएसु वा असंजोगरएसु वा तच्चं चेयं तहा चेयं अस्सिं चेयं पवुच्चइ (सू० १२६)**

ગૌતમ ( સુધર્મા ) સ્વામી કહે છે કેઃ— જે હું કહું છું, તે હું પોતે તીર્થંકરનાં કહેલાં વચનના તત્ત્વને જાણીને કહું છું, તેથી મારૂં વચન માનવા યોગ્ય છે, અથવા બૌદ્ધમતમાં માનેલું ક્ષણિકપણું દુર કરવાવડે કહ્યું કે, જે મેં પૂર્વે કહ્યું; તે હમણાં પણ હુંજ કહું છું, પણ બીજો કહેતો નથી; અથવા 'સે' શબ્દનો અર્થ 'તે' થાય છે, એટલે જે શ્રદ્ધાનમાં સમ્યક્ત્વ થાય છે, તે તત્ત્વને હું કહું છું.

જેઓ પૂર્વ કાળમાં થયા જે વર્તમાનમાં છે, અને ભવિષ્યમાં થશે; તે બધા તીર્થંકરો એમ કહે છે. વળી, પૂર્વેકાળ અનાદિ હોવાથી અનંતા થયા; અને ભવિષ્યકાળ અનંતો હોવથી અને સર્વદા તીર્થંકર હોવાથી અનંતા થશે; અને વર્તમાનકાળ આશ્રયી જે વખતે આ પ્રરૂપણા થતી હોય; તેમાં નક્કી સંખ્યા ન હોવાથી ઊત્કૃષ્ટ અથવા જઘન્ય-પદે કહેવાય, તેમાં ઊત્સર્ગથી અઢી દ્વીપની અંદર એક સોને સીતેર થાય, તે આ પ્રમાણે—

પ-મહા વિદેહમાં એકેક વિદેહમાં ૩૨ શ્રેણી હોવાથી હરેકમાં એકેક ગણતાં ૧૬૦ થાય, અને ૫ ભરત ૫ ઐરાવતના મેળવતાં કુલ ૧૭૦ થાય અને જઘન્યથી ૨૦ થાય તે આ પ્રમાણે—પ મહા વિદેહમાં મહા વિદેહની અંદર રહેલી મહા નદીના બંને કિનારે મળી પૂર્વ પશ્ચિમ સાથે લેતાં ચાર ચાર હોય તે પાંચેના મળી વીશ થાય. અને

ભરત ઐરાવતમાં તો એકાંત સુખમ વિગેરે આરામાં અભાવ છે, બીજા આચાર્ય કહે કહે છે, કે મેરૂના પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહમાં એકેક તીર્થંકર હોવાથી મહાવિદેહમાં બેજ છે, અને તેથી પાંચ વિદેહમાં દશ થયા, તેઓ એમ કહે છે. કે,

**सत्तरसयमुक्कोसं, इअरे दस समय खित्तजिणमाणं ।**
**चोत्तीस पढमदीवे, अणतरऽद्धेय ते दुगुणा ॥१॥**

પૂજા સત્કારને યોગ્ય જેઓ છે, તે અર્હંત કહેવાય છે, તેઓ ઐશ્વર્ય યુક્ત ભગવંતો છે, તેઓની સંખ્યા તેમના સંબંધમાં જ્યારે કોઇ પ્રશ્ન પુછે તેનો અર્થ ઉપર બતાવે છે, સૂત્રમાં વર્ત્તમાનકાળની વાત છે, તેથી આ પણ જાણવું, કે આ પ્રમાણે કહ્યું, અને ભવિષ્યમાં કહેશે, એ પ્રમાણે સામાન્યથી તીર્થંકરો દેવ મનુષ્યની પરખદામાં અર્ધ 'માગધી'માં બધા જીવો પોતાની ભાષામાં સમજે તેમ તેઓ બોલે છે; એ પ્રમાણે પ્રકર્ષથી સંશય દૂર કરવા માટે પાસે રહેનારા સાધુ વિગેરેને જીવ અજીવ આસ્રવ બંધ સંવર નિર્જરા મોક્ષ એ સાત પદાર્થોને બતાવે છે, (એટલે જિનેશ્વર દેવ સાત પદાર્થોનું વર્ણન કરે છે ) એ પ્રમાણે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર જે મોક્ષ માર્ગ છે, તથા મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય યોગ એ પાંચ બંધના હેતુઓ છે, સ્વ અને પરભાવ વડે છતી અછતી વસ્તુ તત્વને સામાન્ય વિશેષરૂપ વિગેરેના પ્રકારથી બતાવે છે, અથવા આ બધાં

પદો એક અર્થવાળાં છે, તે તીર્થંકરો શું બતાવે છે તે કહે છે.

બધાં પ્રાણીઓ એટલે પૃથ્વી પાણી અગ્નિ વાયુ વનસ્પતિ એ એકેંદ્રિય છે, તથા બે ત્રણ ચાર પાંચ ઇંદ્રિયોવાળા જીવો છે, તેમને ઇંદ્રિય ૫ બળ ૩ ઉચ્છવાસ નિશ્વાસ. ૧ આયુ ૧ એ દશ પ્રાણ છે, પ્રાણો (સંસારી) જીવોને પૂર્વે હતા હમણાં છે, અને ભવિષ્યમાં રહેશે, તેથી પ્રાણી કહેવાય છે; તથા બીજી રીતે ચોદ ભેદ જીવોના છે તે ભૂત ગ્રામ કહેવાય છે, અને વર્ત્તમાનમાં બધા જીવે છે, જીવશે, અને પૂર્વે જીવતા હતા, માટે જીવ છે. તે નારકી તિર્યંચ મનુષ્ય અને દેવ એ ચાર ગતિવાળા છે, તથા બધા એ જીવો પોતાનાં કરેલાં કર્મથી સાતા અસાતાના ઉદયથી સુખ દુઃખ ભોગવે છે. તેથી સત્વ છે, અથવા પ્રાણ ભૂત જીવ અને સત્વ એ બધા એક અર્થવાળા શબ્દો છે, કારણ કે તત્વ ભેદ પર્યાયો વડે પદાર્થને સ્વીકારવાનો છે, તેથી કરીને ઉપરના બધા શબ્દો પ્રાણીના પર્યાયવાળા છે, તે જીવોને દંડ ચાબખા વિગેરેથી હણવા નહિં તથા બીજા પાસે બળજબરી કરીને હણાવવા નહિ; તથા નોકર, દાસ, દાસી વિગેરે ઉપર મમત્વભાવથી તેમનો સંગ્રહ ન કરવો; તથા શરીર અને મનની પીડા ઉપજાવીને પરિતાપવા (સંતાપવા) નહિ; તથા જીવથી પ્રાણ દૂર કરવાવડે તેને અપદ્રાવણ ન કરવું. આવો જિનેશ્વરનો કહેલો

દુર્ગતિને અટકાવવાને ભુંગળ સમાન તથા સુગતિની પગથી સમાન ધર્મ છે, અને તે ધર્મ પુરૂષાર્થના પ્રધાનપણાથી વિશેષણો બતાવે છે. પાપના અનુબંધરહિત શુદ્ધ છે, પણ બૌદ્ધ તથા બ્રાહ્મણોથી એકેંદ્રિયથી પચેંદ્રિય સુધીના જીવોની હિંસાની અનુમતિને દુઃખરૂપ—કલંક છે. ( એટલે, બ્રાહ્મણો યજ્ઞ કરાવે છે, અને બૌદ્ધના સાધુઓ સાધુ માટે રાંધેલું ખાય છે, તેથી વધની અનુમતિનો દોષ લાગે છે,) તેવો દોષ જૈનધર્મમાં નથી. વળી, પાંચ મહાવિદેહને આશ્રયી તે, નિરંતર ( નિત્ય ) છે, તથા શાશ્વત તથા ( મોક્ષ-ગતિ આપવાથી શાશ્વત છે, અથવા નિત્ય હોવાથી શાશ્વત છે, પણ એમ ન થાય; કે ભવ્યત્વ માફક પ્રથમ થઇને પછી ન થાય; અને ઘટના અભાવ માફક પ્રથમ ન થઈને નિત્ય થાય; પણ આ ધર્મ તો, ત્રણે કાળમાં શાશ્વત છે. વળી, આ જીવસમૂહને દુઃખસાગરમાં ડુબેલ જાણીને તેમાંથી પાર જવા, જંતુનાં દુઃખ જાણનારા એવા કેવળી ભગવં-તોએ બતાવ્યો છે. આ ગૌતમ સ્વામીએ પોતાની બુદ્ધિએ ન કહેલું બતાવવાનું કારણ શિષ્યોની મતિ સ્થિર કરવા માટે કહ્યું કેઃ—આ શુદ્ધ ધર્મ જીનેશ્વરનો કહેલો છે. આજ સૂત્રમાં કહેલા અર્થને નિર્યુક્તિકાર સૂત્ર—સ્પર્શીક બે ગાથાવડે કહે છેઃ—

**जं जिणवरा अईया, जे संपइ जे अणागए काले ।**
**सव्वेवि ते अहिंसं, वदिंसु वदिहिंति विवदिंति॥२२६॥**

**छप्पिय जीवनिकाए, णोवि हणेणोऽवि अ हणाविज्जा।**
**नोवि अ अणुमन्निज्जा, सम्मत्तस्सेस निज्जुत्ती ॥२२७॥**

આ બંને ગાથાનો અર્થ સરળ છે તેથી ટીકા નથી તેથી થોડામાં લખીએ છીએ. જે જિનેશ્વરો પૂર્વે થયા વર્તમાનમાં છે, અને ભવિષ્યમાં થશે; તે બધાએ ભૂતકાળમાં અહિંસા બતાવી છે, બતાવશે, અને બતાવે છે. એટલે, છ એ જીવનીકાયને હણે નહિ, હણાવે નહિં, અને હણનારને અનુમોદે નહિ. એ સમ્યકત્વની નિર્યુક્તિ છે, તીર્થંકરનો ઉપદેશ એમના સ્વભાવથી પરોપકારી પણે અપેક્ષા વિના સૂર્ય ઉદય માફક પ્રવર્ત્તેલો છે, જેમ સૂર્ય બધાને પ્રકાશ આપે, તેજ પ્રમાણે જિનેશ્વર બોધ આપે, એટલે ૧૨૬ સૂત્રમાં બતાવ્યા પ્રમાણે ધર્મ ચરણ પાળવા માટે ઉઠેલા એટલે જ્ઞાન દર્શન ચારિત્રમાં પ્રયત્ન કરનારા, અને તેનાથી વિપરીત તે ધર્મમાં ઉદ્યમ ન કરનારાને માટે સર્વજ્ઞ ત્રણ જગતના નાથે તેવા તેવા નિમિત્તો ને ઉદ્દેશીને ધર્મ કહ્યો છે, એ પ્રમાણે બધે સમજવું.

અથવા ઉઠેલા અને ન ઉઠેલા એટલે દ્રવ્યથી બેઠેલા અથવા ન બેઠેલા જીવો છે, તેમને વીર પ્રભુએ ધર્મ કહ્યો તેમાં ૧૧ ગણધરોએ ઉભે ઉભે ધર્મ સાંભળ્યો, એટલે પ્રભુના સન્મુખ રહીને ધર્મ સાંભળવા અથવા ચારિત્ર ગ્રહણ કરવા તૈયાર થયેલાને સંભળાવ્યો, તે ઉપસ્થિત છે, અને તેથી

વિપરીત ત્યાં હાજર ન હોય તે અનૂ ઉપસ્થિત (ગેર હાજર) હતા, (અહિં નિમિત્તે સૂત્રમાં સાતમી વિભક્તિ લીધી છે જેમકે ચામડામાં દીપડા મરાય છે.)

શંકા—ભાવથી આવેલા ચિલાતિ પુત્ર વિગેરેમાં ધર્મ કથા ઉપયોગી છે, પણ ગેરહાજર હોય તેને ધર્મ કથા શું ગુણ કરે ?

ઉઃ—જે ગેરહાજર હોય તેવાને ઇંદ્ર નાગ વિગેરે માફક કર્મની પરિણુતિ વિચિત્ર હોવાથી અથવા ક્ષય ઉપશમના મેળવવાથી ગુણકારી થાય છે, તેથી તમારી 'શંકા' નકામી છે.

પ્રાણીને અથવા આત્માને દુઃખ દે (દંડે) માટે દંડ છે, તે મન વચન કાયાએ ત્રણ પ્રકારનો છે, એ ત્રણ દંડથી દૂર થયેલા તે ઉપરત દંડ કહેવાય, તે બધા જીવ ઉપર ઉપકારની બુદ્ધિએ ઉપદેશ દેવાય, એટલે જેમણે દંડ તજ્યો છે, તેવા મુનિઓ સંયમમાં સ્થિરતા કરે, અને નવા ગુણો પ્રાપ્ત કરે, અને બીજાં દંડ ન તજેલા (ગ્રહસ્થીઓ) તે દંડને તજે, માટે તીર્થંકર ઉપદેશ આપે છે,

તથા સંગ્રહ કરાય તે ઉપધિ છે, તે દ્રવ્યથી સોનું વિગેરે છે, અને ભાવથી કપટ છે, તે રાખનાર ઉપધિવાળા છે, તે સોપધિક છે, બાકીના તેથી ઉલટા અનુપધિક છે, તેઓને માટે પણ ઉપદેશ છે, સંયોગ (સંબંધ) તે પુત્ર સ્ત્રી મિત્ર વિગેરે ઉપર પ્રેમનો છે, તેમાં રક્ત થયેલા તે

સંયોગરત કહેવાય, અને તેથી ઉલટા એકત્વ ભાવના ભાવનારા મુનિ અસંયોગરત કહેવાય; તે બંનેને પણ ભગવાને ઉપદેશ આપેલ છે, તેથી તે સત્ય છે. ( ચ શબ્દ નિયમ અર્થ બતાવે છે, માટે ) ભગવાનનું વચન સત્ય છે, તેમ યથાયોગ્યપણે વસ્તુનો સદ્ભાવ કહ્યાથી તે વાચ્ય પણ છે. તે બતાવે છે કે, પ્રભુએ આ પ્રમાણે કહ્યું કેઃ—"સર્વે જીવો હણવા ન જોઈએ" વિગેરે. આ પ્રમાણે સમ્યગ્દર્શનનું શ્રદ્ધાન રાખવું; અને તે શ્રદ્ધાન-જિનેશ્વરનાં પ્રવચનમાં છે. જે સમ્યક્મોક્ષમાર્ગને આપનાર છે. વળી, તે બધા દંભના પ્રબંધથી દુર હોવાથી પ્રકર્ષથી બોલાય છે, ( માટે તે પ્રવચન છે ) પણ, બીજા મતમાં તેવો અહિંસા ધર્મ બતાવ્યો નથી. જેમકે—અન્ય મતવાળા પ્રથમ કહે કે, સર્વ જીવોને ન હણવા. ( न हिंस्यात्सत्र भूतानि ) કહીને યજ્ઞમાં પશુવધની આજ્ઞા આપે છે. એટલે, પ્રથમનાં વચનને તેમનાં પાછળનાં વચનથી બાધા લાગે છે. ( માટે, તે પ્રવચન નથી. ) આ પ્રમાણે સમ્યક્ત્વનું સ્વરૂપ કહીને તેની પ્રાપ્તિમાં શું કરવું તે બતાવે છે.

**तं आइत्तु न निहे न निक्खिवे जाणित्तु धम्मं जहा तहा, दिट्ठेहिं निव्वेयं गच्छिज्जा, नो लोगस्सेसणं चरे (सू० १२७)**

પ્રભુએ કહેલાં તત્ત્વાર્થ ઉપર શ્રદ્ધા રાખવારૂપ-

સમ્યગ્દર્શન મેળવીને કહેલું કાર્ય ન કરવાથી દોષ લાગે; માટે, તેને ગોપવે નહિ. તે પ્રમાણે સંસર્ગ વિગેરે નિમિત્તથી મિથ્યાત્વ દુર કરીને પણ, જીવના સામર્થ્ય ગુણોને છોડે નહિ. ( યથાશક્તિ સંયમ પાળે; પણ, પ્રમાદ ન કરે ) અથવા શિવમતના કે, બૌદ્ધમતનાં વ્રતો ગ્રહણ કરીને વ્રતેશ્વરયાગ વિગેરે છોડીને વિધિએ ગુરૂ પાસે પૂર્વે વ્રતો સ્થાપન કરીને દીક્ષા મૂકીદે નહિ. તેજ પ્રમાણે ગુરૂ વિગેરે પાસે સમ્યક્ત્વ લઇને પાછું તજે નહિ.

પ્રશ્નઃ—શું કરીને ?

ઉ૦—જેવો ધર્મ છે, તેવો શ્રુતચારિત્રરૂપ-ધર્મ સમજીને અથવા, વસ્તુઓનો સ્વભાવ સમજીને તેના ઉપર વિશ્વાસ રાખે; તથા તે ધર્મ જાણીને બીજું શું કરે ? તે કહે છેઃ—દેખેલા સુંદર અને ખરાબ એવાં રૂપોવડે નિર્વેદ પામે; ( વૈરાગ્ય મેળવે. ) તે આ પ્રમાણેઃ—

સાંભળેલા શબ્દો, ચાખેલા રસો, સુંઘેલા ગંધો, ફરશેલા શુભ અને અશુભ સ્પર્શો વડે, રાગદ્વેષ થાય; તે ન કરતાં મધ્યસ્થ રહે; અને વિચારે કે, એમાં રાગદ્વેષ શું કરવો ? વળી પ્રાણી સમૂહની અન્વેષણા જે ઇષ્ટ વતુઓને લેવાની અને અનિષ્ટ વસ્તુને ત્યાગવાની જે બુદ્ધિ છે, તેવો રાગદ્વેષ સાધુ ન કરે, જેને આવી સામાન્ય લોક જેવી એષણા નથી તેને બીજી પણ કુબુદ્ધિ નથી, તે બતાવે છે.

**जस्स नत्थि इमा जाई अण्णा तस्स कओ सिया? दिट्ठं सुयं मयं विण्णायं जं एयं परिकहिज्जइ, समेमाणा पलेमाणा पुणो पुणो जाइं पकप्पंति (सू० १२८)**

જે મોક્ષાભિલાષી સાધુને લોકૈષણા ( સંસારી વાસના ) નથી, તેને બીજી આરંભની પ્રવૃત્તિ પણ હોતી નથી, અર્થાત્ જેણે ભોગ વાસના ત્યાગી, તેને બીજી આરંભ પ્રવૃત્તિ ક્યાંથી હોય ? એટલે સાધુને સાવદ્ય અનુષ્ઠાનની પ્રવૃત્તિ ન હોય, કારણ કે સાવદ્ય પ્રવૃત્તિ ગ્રહસ્થીનેજ હોય છે,

અથવા હમણાંજ બતાવેલી પ્રત્યક્ષ સમ્યક્ત્વ જ્ઞાતી જે જીવોને ન હણવા સંબંધી બતાવી તે દયા જેને ન હોય તેવાને કુમાર્ગ તજવા તથા સાવદ્ય અનુષ્ઠાન છોડવારૂપ બીજી વિવેકની બુદ્ધિ ક્યાંથી હોય ! ( અર્થાત્ દયા સાથેજ બીજી સુબુદ્ધિ હોય છે. )

હવે શિષ્યની મતિ સ્થિર કરવા કહે, કે જે તને મેં કહ્યું તે સર્વજ્ઞ દેવે કેવળ જ્ઞાન વડે સાક્ષાત દેખેલું છે, તે સેવા કરવાવડે મેં સાંભળ્યું, તે લઘુકર્મવાળા ભવ્ય જીવોને માનવા યોગ્ય છે, તથા જ્ઞાના વરણીય કર્મના ક્ષય ઉપશમથી વિશેષ પ્રકારે જાણ્યું, માટે વિજ્ઞાત છે, તેથી તમારે પણ સમ્યક્ત્વ વિગેરે મેં તમને જે કહ્યું તેમાં તમારે યત્ન કરવો, જેઓ ઉપર બતાવેલ માર્ગ ન આદરે તેઓને શું થાય છે તે કહે છે, તે સંસારી મનુષ્યો મનુષ્ય

વિગેરે જન્મમાં અત્યંત ગૃદ્ધ બનીને વારંવાર **મનોજ્ઞ ઇંદ્રિયોના** વિષયમાં વારંવાર આનંદ માનીને ફરી ફરીને એકેન્દ્રિ બે ઇન્દ્રિય વિગેરે જાતિમાં જન્મ લે છે, પણ સંસારને તરી શકતા નથી, જો આ પ્રમાણે તત્વને જાણનારા વર્તમાન સ્વાદ લેનારા છે. જન્મમાં આનંદ માનનારા ઇન્દ્રિય વિષયમાં લીન થયેલા વારંવાર નવો જન્મ વિગેરે સાધનારા સંસારી જીવો હોય, તો સાધુએ શું કરવું, તે કહે છે,

**अहो अराओ य जयमाणे धीरे सया आगय पण्णाणे पमत्ते बहिया पास, अप्पमत्ते सया परिक्कमिज्जासि त्तिबेमि (सू० १२९) सम्यक्त्वा ध्ययने प्रथमोद्देशकः । ४-१ ।**

દિવસે અને રાતે મોક્ષ માર્ગમાંજ યત્ન કરતો, પરિસહ ઉપસર્ગમાં ન ડરનારો જે ધીર પુરૂષ છે, તથા સર્વ કાળ જેણે સત્ અસત્નો વિવેક સ્વીકાર્યો છે, તેને ગુરૂ કહે છે, કે તું જો, પ્રમત્ત જીવો જે ગ્રહસ્થો છે, અથવા અન્ય મતવાળા જેઓ ધર્મથી બહાર રહેલા છે, તેમની દુર્દશા દેખીને તેવું દુઃખ તને ન ભોગવવું પડે માટે તું સર્વદા નિદ્રા વિકથા વિગેરેથી રહિત બની આંખ ફરકવા માત્ર પણ પ્રમાદી ન થઇશ, અને કર્મ શત્રુને જીતવામાં અથવા મોક્ષ માર્ગે જવામાં પરાક્રમી બનજે, આ પ્રમાણે સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવનાર ચોથા અધ્યાયનો પહેલો ઉદ્દેશો સમાપ્ત થયો.

## બીજો ઉદ્દેશો

પહેલા ઉદ્દેશા સાથે બીજાનો આ પ્રમાણે સંબંધ છે, કે પહેલા ઉદ્દેશામાં સમ્યકવાદ બતાવ્યો, અને તે તેનો શત્રુ મિથ્યાવાદ છે, તેને દૂર કરવાથી આત્મ લાભ મેળવે છે, તે દૂર કરવો જ્ઞાન વિના ન થાય, અને વિચારણા વિના પરિજ્ઞા ન થાય, તેથી મિથ્યાવાદથી થયેલ અન્ય તીર્થિકોના મતની વિચારણા કરવા આ કહેવાય છે. આ સંબંધી આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે, **जे आसवा** વિગેરે છે, અને અહિં જે સમ્યકત્વ લીધું તે સાત પદાર્થોનું શ્રદ્ધાન કરવાનું છે, તેમાં મોક્ષાભિલાષીએ શસ્ત્ર પરિજ્ઞા નામના પહેલા અધ્યયનમાં જીવાજીવ પદાર્થના જ્ઞાન વડે સંસાર તથા મોક્ષનાં કારણોનો નિર્ણય કરવો, એટલે તેમાં સંસારનું કારણ આસ્રવ અને તે લેવાથી સંવર પણ જાણવું. તેનું કાર્ય મોક્ષ છે, એમ સુચવ્યું છે, તેટલા માટે આસ્રવ અને નિર્જરા, સંસાર મોક્ષના અનુક્રમે કારણો છે, તેનું સમ્યકત્વ બરોબર વિચારવા માટે કહે છે.

**जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा; जे अणासवा ते अपरिस्सवा, जे अपरिस्सवा ते अणासवा; ए ए पए संबुज्झमाणे लोयं च आणाए अभिसमिच्चा पुढो पवेइयं (सू० १३०)**

સૂત્રમાં જે શબ્દ છે, તે સામાન્યથી લીધેલ છે, અને જે આરંભો વડે આઠ પ્રકારનાં કર્મનો આશ્રય કરે છે, તે આસ્રવો છે, અને જે અનુષ્ઠાનો કરવાથી બધી રીતે કર્મ થાય તે પરિસ્રવ છે, હવે પૂર્વે જે આસ્રવો કર્મ બંધનાં સ્થાન બતાવ્યાં, તે પોતેજ કર્મની નિર્જરાનાં કારણ થાય છે, તેનો ભાવાર્થ આ છે, કે સામાન્ય બુદ્ધિવાળાને મોહ કરાવે તેવાં ફુલની માળા તથા સુંદર સ્ત્રી સુખકારણ વાસ્તે માનવાથી તે વસ્તુઓ તેમને કર્મ બંધનો હેતુ થવાથી આસ્રવ છે, પણ તેજ વસ્તુઓ તત્વને જાણનારા વિષય સુખથી દૂર રહેલા મહાત્માઓને ફુલની માળા વિગેરે નકામી જેવી લાગવાથી તથા સંસાર ભ્રમણ કરાવનારી જાણીને તે વસ્તુઓથી તેને વૈરાગ્ય થાય છે, તેથી કહ્યું કે, જે આસ્રવ છે, તે જ્ઞાનીને પરિસ્રવ એટલે નિર્જરાનું સ્થાન છે, તથા બધી વસ્તુઓનું અનેકાંત પણું બતાવવા તેથી ઉલટું સૂત્ર કહે છે, જે પરિસ્રવો છે તે આસ્રવો થાય છે, એટલે અરિહંત સાધુ તપ સંયમ દશ વિધ ચક્રવાળ સમાચારી અનુષ્ઠાન વિગેરે ભવ્યાત્માને નિર્જરાનાં સ્થાન છે, તેજ ઉત્તમ પદાર્થો જેને અશુભ કર્મનો ઉદય હોય તેવા અશુભ અધ્યવસાય વાળા તથા દુર્ગતિમાં લઇ જવાને આગેવાન બનેલા જંતુને તે ઉત્તમ પદાર્થોની આશાતના કરવાથી તથા સાતા રિદ્ધિ રસનો ગર્વ કરવામાં તત્પર મનુષ્યને તે આસ્રવો થાય છે,

એટલે જેનાથી ધર્મ પ્રાપ્તિ થાય એવા તીર્થંકરો પણ તેવાને પાપનું ઉપાદાન કારણ થાય છે, તેનો પરમાર્થ આ છે, કે જેટલાં કર્મની નિર્જરા માટે સંયમ સ્થાન છે, તેટલાંજ બંધને માટે અસંયમ સ્થાન છે, કહ્યું છે કે,

**यथा प्रकारा यावन्तः, संसारावेशहेतवः ।**
**तावन्यस्तद्विपर्यासा, न्निर्वाणसुखहेतवः ॥१॥**

જેટલા પ્રકારના જેટલા સંસારના ભ્રમણના હેતુઓ છે, તેટલાજ તેને વિપરીત રીતે લેવાથી નિર્વાણ સુખને આપનારા હેતુઓ છે.

એ પ્રમાણે રાગદ્વેષથી જેનું અંતઃકરણ મલિન છે, અને વિષય સુખમાં જે તત્પર છે, તેના વિચારો દુષ્ટ હોવાથી તેને બધું સંસારને માટે છે, જેમ લીમડાના રસમાં જો દુધ સાકર વિગેરે મેળવીએ તો પણ લીમડાની કડવાશથી મીઠી વસ્તુ પણ કડવી થાય છે, પણ સમ્યગદૃષ્ટિ જીવ, જેણે સંસાર સમુદ્રમાંથી નીકળવા માટે વિષય અભિલાષો દૂર કરેલાને સર્વે મોહક વસ્તુઓ અશુચિ રૂપ અને દુઃખનું કારણ છે.

એવું ભાવનારને સંવેગ થતાં તે મોહક વસ્તુઓ સંસારનું કારણ છતાં પણ મોક્ષને માટે થાય છે.

વળી તેજ વિષયને ઉલટા (પ્રતિષેધ) સૂત્ર વડે કહે છે.

**' जे अणासवा ' इत्यादि—પ્રશ્નજન્ય પ્રતિષેધ ( )**

ના! ક્રિયા પ્રતિષેધ પર્યવસાનપણે 'પરિસ્રવ' આ પદવડે સંબંધનો અભાવ હોવાથી આ પર્યુદાસ છે. તે સમજાવે છે. એટલે આસ્રવ (સંસાર કૃત્ય) થી ઉલટું અનાસ્રવ તે વ્રત છે. તો પણ તે વ્રતો અશુભ કર્મના ઉદયથી અશુભ અધ્યવસાય થતાં કર્મને અપરિસ્રવ (નિર્જરા માટે નહીં) થાય, જેમકે કોંકણ આર્ય વિગેરેનું ચારિત્ર કર્મની નિર્જરા માટે ન થયું,

તેમજ અપરિસ્રવ જે પાપનું ઉપાદાન કારણ છતાં કોઇ પણ પ્રવચન (જૈન શાસન) ને ઉપકાર વિગેરે કરવાથી તે અશુભ કૃત્યો કણવીર લતાને ભમાડનારા ક્ષુલ્લકની માફક અનાસ્રવ એટલે કર્મ બંધનનાં કારણ થતાં નથી.

(ઉપરના સૂત્રોનો ભાવાર્થ આ છે કે જે આસ્રવ તે બંધનું કારણ છતાં કારણ વિશેષથી તે કર્મ બંધરૂપે નથી થતું, તેમ નિર્જરાનું કૃત્ય કરવા છતાં તેવા સંજોગોના અભાવે મન પરિણામ બદલાતાં બંધરૂપે થાય છે, તેવી રીતે કોઇને વ્રત લીધાથી અનાસ્રવ થતાં નિર્જરા થવી જોઇએ, છતાં કારણ બદલાતાં તે વ્રત બંધનરૂપે થાય, અને અપરિસ્રવ તે બંધનું કારણ છતાં સંજોગો બદલાતાં બંધરૂપે ન થાય, માટે એકાંત ન પકડવું. પણ બુદ્ધિ પૂર્વક સંજોગો તથા મનના પરિણામ વિચારી અનુમાન કરવું, કે બોલવું.)

અથવા બીજી રીતે બતાવે છે.

જે આસ્રવ કરે-તે આસ્રવો (પચ વિગેરેમાં 'અ' લાગે છે) થાય છે, તેજ પ્રમાણે જે પરિસ્રવ કરે તે પરિસ્રવો (નિર્જરક) છે. એની ચોભંગી થાય છે, તેમાં મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય યોગોવડે જેઓ કર્મના આસ્રવો (બંધકો) છે, તેઓજ બીજાઓના પરિસ્રવો (નિર્જરા કરનારા) છે આ પ્રથમ ભાંગામાં પડેલા બધા સંસારી જીવો ચાર ગતિમાં ભ્રમણ કરનારા છે. તે દરેકને પ્રત્યેક ક્ષણે આસ્રવ તથા નિર્જરા છે પણ જેઓ આસ્રવ કરે તેઓ પરિસ્રવ ન કરે, આ બીજો ભાંગો શૂન્ય છે કારણકે, બંધની જોડે નિર્જરા (થોડેઘણે અંશે) હંમેશાં ચાલુજ છે.

એ પ્રમાણે જે અનાસ્રવવાળા છે, તેઓ પરિસ્રવવાળા છે. એટલે, તેઓ અયોગી કેવળી ૧૪ ગુણસ્થાનમાં રહેલા ત્રીજા ભાગમાં છે, અને ચોથા ભાગામાં સિદ્ધ ભગવંતો છે, તેઓમાં અનાસ્રાવપણું છે, તેમ અપરિસ્રવપણું પણ છે, એમાં પહેલો અને છેલ્લો ભાંગો સૂત્રમાં લીધેલ છે. અને પહેલો છેલ્લો લેવાથી મધ્યના બે ભાંગા સાથે રહેવાથી આવીગયલા જાણવા. જો, એમ છે, તો શું કરવું તે કહે છેઃ—

ઉપર કહેલા પદો (જેનાથી અર્થ સમજાય; તે પદ છે તે) આસવો વિગેરે છે, (અને બીજાને અર્થ સમજાવા માટે શબ્દના પ્રયોગથી જે પદો અને અર્થ કહેવા જોગ

છે, ) તે મને યોગ્યરીતે સમજવાવડે સમજેલો સાધુ વિચારે કે, દુનિયાના જીવો આસ્રવદ્વારવડે આવેલાં કર્મવડે બંધાય છે, તથા તપ અને ચારિત્ર વિગેરેથી કર્મોથી મુકાય છે. આવું તીર્થંકરના કહેલા આગમને અનુસારે જે આજ્ઞામાં રહે; અને વર્તે તે મુકાય. એવું જાણીને કર્મથી છુટવા જુદું બતાવેલ આસ્રવ, તથા પરિસ્રવ સમજીને કયો માણસ ધર્મ-ચારિત્રમાં ઉદ્યમ ન કરે ? કેવીરીતે કહેલ છે, તે બતાવે છે.

આસ્રવો છે, તે જ્ઞાનના પ્રત્યનીકપણાથી એટલે, જ્ઞાન ભણાવનારના ગુણ ભુલવા. ભણતાં અંતરાય કરવી; જ્ઞાન ઉપર દ્વેષ કરવો; જ્ઞાનની અતિશય આશાતના કરવી; જ્ઞાનને સમ્યક પ્રકારે ન બતાવવાથી જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે, તેજ પ્રમાણે દર્શનના શત્રુપણાથી જ્ઞાનમાં બતાવેલાં વિઘ્નો માફક દર્શનમાં વિઘ્ન કરવાથી એટલે, દર્શનને સમ્યક પ્રકારે ન બતાવવું; ત્યાંસુધીના દોષો લગાડવાથી દર્શનાવરણીયકર્મ બંધાય છે. તેજ પ્રમાણે પ્રાણીઓનું, તથા ભૂતોનું તથા જીવોનું તથા સત્વોનું ભલું ચાહી દુઃખ ન આપવાથી શોકનું કારણ ન આપવાથી તથા ન ઝુરવ્યાથી તથા પીડા ન આપવાથી તથા ન સંતાપવાથી (અર્થાત નિર્મલ ચારિત્ર વડે સર્વે જીવોને અભયદાન આપવાથી) સાતા વેદનીય કર્મ બંધાય છે, એથી ઉલટું એટલે જીવોને અસંયમ વડે દુઃખ આપવાથી અસાતા વેદનીય કર્મ બંધાય છે, તેજ

પ્રમાણે અનંતાનુબંધીના ઉત્કૃષ્ટ પણાથી તીવ્ર દર્શન મોહનીયપણે તથા પ્રબળ ચારિત્ર મોહનીયના સદ્ભાવથી મોહનીય કર્મ બંધાય છે, મહાન આરંભથી તથા ઘણા પરિગ્રહથી પંચેન્દ્રિયના વધથી માંસના ખાવાથી નરકનું આયુ બંધાય છે, તથા માયાવીપણે જુઠના કારણે તથા ખોટા તોલ માપ કરવાથી જીવ તિર્યંચનું આયુ બાંધે છે.

સ્વભાવે વિનયવાન તથા સાનુક્રોષ લજ્જાળુપણાથી, તથા અદેખાઈ ન કરવાથી મનુષ્યનું આયુ બાંધે છે, તથા સરાગ-સંયમથી દેશવિરતિ ( શ્રાવકનાં વ્રત) તથા બાળ-તપસ્યાથી અને અકામ નિર્જરાથી દેવનું આયુ બંધાય છે, અને કાર્યમાં સરળ તથા, ભાવમાં સરળ, તથા કોમળ વચન યોગ્યરીતે બોલવાથી શુભ નામ બંધાય છે. અને તેથી ઉલટા દુર્ગુણોથી અશુભ નામ બંધાય છે.

જાતિ, કુળ બળ રૂપ તપ, વિદ્યા, લાભ ઐશ્વર્યનો મદ ન કરવાથી ઊંચગોત્ર બંધાય છે, અને જાતિ વિગેરેનો મદ કરવાથી, તથા પારકાની નિંદા કરવાથી નીચગોત્ર બંધાય છે, દાન, લાભ, ભોગ-ઉપભોગ, અને વીર્ય એ પાંચના અંતરાય કરવાથી અંતરાયકર્મ બંધાય છે. આજ ઉપર કહેલા આસ્રવો છે.

હવે, પરિસ્રવોનું સ્વરૂપ બતાવે છે.

અનશન વિગેરે બાહ્ય અને અભ્યંતર-તપ તે, કર્મની

નિર્જરા કરનાર પરિસ્રવ છે. આ પ્રમાણે આસ્રવ કરનાર અને નિર્જરા કરનારના ભેદોસહિત જીવો બતાવ્યા છે, તે બધા જીવ વિગેરે સાત પદાર્થો મોક્ષ સુધી છે તે જાણવા.

આ પદાર્થોને તીર્થંકર તથા ગણધર ભગવંતોએ લોકોત્તર જ્ઞાનવડે જાણીને જુદા જુદા બતાવેલ છે, અને તેજ પ્રમાણે તેમની આજ્ઞામાં વર્તનાર બીજો કોઇપણ સાધુ ચૌદ પૂર્વ વિગેરેનું જ્ઞાન ધરાવનાર જીવોનાં હિતને માટે બીજાઓને પણ ઉપદેશ આપે છે, તે બતાવે છે.

**आघाइ नाणी इह माणवाणं संसारपडि वन्नाणं संबुज्झ माणाणं विन्नाणपत्ताणं, अट्टावि संता अदुवा पमत्ता अहा सच्चमिणं तिबेमि, नाणागमो मच्चुमुहस्स अत्थि इच्छा पणीया वंकानिकेया काल गहिया निचय निविट्ठा पुढो पुढो जाइं पकप्पयंति (सू० १३१)**

બધા પદાર્થોને બતાવનાર જ્ઞાન છે. તે જ્ઞાન જેને હોય; તે જ્ઞાની કહેવાય. તે જ્ઞાની પ્રવચનમાં મનુષ્યોને ઉપદેશ કરે છે. મનુષ્ય લેવાનું કારણ એ છે કે, પંચેંદ્રિય સંજ્ઞીતિર્યંચ પંચેંદ્રિય સાંભળે સમજે; તોપણ, તેઓ સંપૂર્ણ ચારિત્ર તથા સંવર લઇ શકે નહિ; અને દેવતા વિગેરે સાંભળે, પણ આદરી શકે નહિ. વળી, કેવળીને ઉપદેશની

જરૂર નથી; માટે સંસારમાં રહેલાં ઘાતીકર્મવાળા જીવોને આ ઉપદેશ અપાય છે. વળી, જેઓ ધર્મને ભવિષ્યમાં સમજશે અને સ્વીકારશે જેમ મુનિસુવ્રત સ્વામી તીર્થંકરનો અને , ઘોડાનો દૃષ્ટાંત છે, તેવાઓને ધર્મ સંભળાવાય, અને તે સમજેલા હોય એટલે જેઓના આગળ કહેતાં છદ્મસ્ત સાધુને ખબર ન પડે માટે કેવા જીવોને કહેવું તે કહે છે. વિજ્ઞાન પ્રાપ્ત એટલે હિતની પ્રાપ્તિ અને અહિત છોડવાનો વિચાર કરવાનું જેને જ્ઞાન હોય, તથા બધી પર્યાપ્તિઓથી પર્યાપ્ત એટલે સંજ્ઞી હોવા જોઇએ.

આ સંબંધમાં નાગાર્જુનીયા કહે છે.

**"आघाइ धम्मं खलु से जीवाणं, तं जहा-संसार पडिवन्नाणं माणुस भवत्थाणं आरंभ विणईणं दुक्खुव्वेअसुह सगाणं धम्मस्सवण गवेसयाणं सुस्सूसमाणाणं पडिपुच्छमाणाणं विण्णाण पत्ताणं"**

સંસારમાં રહેલા મનુષ્ય જન્મમાં આવેલા પણ આરંભથી વિરમેલા દુઃખની ઉપેક્ષા કરનારા સુખને વાંછનારા હોય છતાં પણ તેઓ ધર્મ સાંભળવાની ઇચ્છા કરતા હોય, ગુરૂની ઉપાસના કરતા હોય, ધર્મના વિષયને પુછતા હોય અને સમજવાની શક્તિવાળા હોય (આ સૂત્ર સરળ હોવાથી ટીકા નથી પરંતુ આરંભ વિનયીનો અર્થ આરંભથી દૂર હોય) તેઓને જ્ઞાની સાધુ ધર્મ બતાવે છે, તે

કહે છે. अट्टाबि વિગેરે એટલે વિજ્ઞાનને પ્રાપ્ત થએલાને ધર્મને કહેતાં કાંઇ પણ નિમિત્તથી આર્ત ધ્યાનવાળા ચિલાતિ પુત્રની માફક હોય તો પણ ધર્મ પામે, અથવા વિષયના અભિલાષથી શાલિ ભદ્ર માફક પ્રમત્ત હોય છતાં પણ તેવા કર્મના ક્ષય ઉપશમથી જેવો ધર્મ સ્વીકારે છે, તે કહે છે અથવા આર્ત દુ:ખીઓ અને પ્રમત્ત સુખીઓ તેઓ પણ ધર્મ પામે છે તો બીજાઓનું શું કહેવું ? ( અર્થાત ધર્મ પામે છે ) અથવા રાગદ્વેષના ઉદયથી આર્ત તથા વિષયોથી પ્રમત્ત છે. તેઓ જૈનેતર અથવા ગૃહસ્થ સંસારકાંતારમાં પેઠેલા કેવી રીતે તત્વને જાણેલા કરૂણા યોગ્ય રાગદ્વેષ વિષયના અભિલાષને જડમૂલથી ઉખેડવાને કેમ સમર્થ ન થાય, આ વાતને બીજી રીતે ન માને, તેથી બતાવે છે अहासच्च વિગેરે આજે મેં કહ્યું અને કહેવાય છે, તે સત્ય છે, એવું હું કહું છું કે જેવી રીતે સમ્યક્ત્વ અથવા ચારિત્રનો પરિણામ જે દુર્લભ છે, તે પામીને પ્રમાદ ન કરવો, શિષ્ય કહે છે ઠીક પણ શું આધાર લઈને પ્રમાદ ન કરવો ! તે કહે છે, नाणा गमो વિગેરે, 'એટલે કોઈ પણ વખત સંસારમાં રહેલો જીવ મૃત્યુના મોઢામાં ન આવે એવું નથી, કહ્યું છે કે—

**वदत यदीह कश्चिदनु, संतत सुख परिभोग लालितः !**
**प्रयत्न शत परोऽपि, विगत व्यथमायुरवाप्तवान्नरः**

કોઇ ડાહ્યો માણુસ પૂછે કે બોલો, કે અહીંઆ રોજ સુખનાં પરિભોગથી લાડ લડાવેલો અને સેંકડો પ્રયત્ન કરીને રાખેલો પણ વગર વ્યથાના આયુવાળો માણુસ કોઇ પણ છે કે ? (નથી)

**नखलु नरः सुरौघ, सिद्धासुर किन्नर नायकोऽपियः ।**
**सोऽपि कृतान्त दन्त, कुलिशाक्रमेण कृशितो न नश्यति ॥**

દેવતાઓના સમૂહ અને સિદ્ધ વિદ્યાવાળો તથા અસુર કિન્નરનો નાયક પણ અથવા મનુષ્ય પણ એવો કોઈ નથી, કે જે પુરૂષ જમના દાંત રૂપી વજ્રના આક્રમણથી કૃશ કરેલો તે ન નાશ પામે ? વળી–મૃત્યુના મોઢામાં ગયેલો જે કોઇ છે, તેને બચાવવાનો કોઈ પણ ઉપાય નથી કહ્યું છે, કે નાશી જાય, નમી પડે, ચાલ્યો જાય વિસ્તાર કરે અથવા રસાયમ ક્રિયા કરે અને મોટાં વ્રત કરે અને જે વખારે બીકણુ છે, તે ગુફામાં પણ પેસે, તપ કરે, માપસર ખાય, મંત્ર સાધન કરે તો પણ જમના દાંતરૂપ યંત્રની કાતરમાં તે કપાઇને ચીરાય છે ! અને જેઓ વિષય કષાયના અભિલાષથી પ્રમત્ત બનેલા ધર્મને નથી જાણુતા તેઓની શું દશા થાય છે, તે કહે છે, ઇંદ્રિયો તથા મનના વિષયને અનુકૂળ પ્રવૃત્તિ (ઈચ્છા) પ્રમાણે અહીં વિષયના સન્મુખ જેમાં કર્મનો બંધ છે, તે તરફ અથવા સંસારના સન્મુખ પ્રકર્ષપણે જેઓ ગએલા છે તેઓ ઇચ્છા પ્રણીત છે.

જેઓ તેવા છે, તેઓ વંકની અથવા અસંયમની જે મર્યાદા છે, તેનો આશ્રય લીધેલા તે વંકાનિકેત છે, અથવા જેમનું વાંકું નિકેત છે, તેવા છે, (વ્યાકરણના નિયમથી સૂત્રમાંકનો કાથયેલ છે.) અને જેઓએ અસંયમની મર્યાદા (હદ) લીધી છે. તેઓ કાલ (મોત)થી, ઘેરાતા કર્મનાં ઉપાદાન કારણુ જે સાવદ્ય કર્મનાં અનુષ્ઠાન છે, તેમાં રક્ત બનીને વારંવાર એકેંદ્રિય જાતિ વિગેરેમાં નવાં નવાં જન્મ મર્ણ ભોગવે છે, અથવા કાલ ગ્રહિતનો બીજો અર્થ એમ લેવો કે કેટલાક જીવો એમ ચિંતવે કે ધર્મ કરીશું, ચારિત્ર લઈશું, એવી આશાથી બેસી રહે, (અથવા આ હિતાગ્નિના વ્યાકરણના પ્રયોગથી અથવા આર્ષ વચન પ્રમાણે પરનિપાત કરતાં) ગૃહિત કાલ શબ્દ લેતાં, કેટલાક એવું ઇચ્છે કે પાછલી વયમાં કે મર્ણના અંત સમયમાં અથવા પુત્ર પરણાવ્યા પછી ધર્મ કરીશું, હમણાં નહિ, એવી ઉમેદ રાખનારા સાવદ્ય આરંભમાં રક્ત બની ઇચ્છા પ્રમાણે વક્ર અસંયમમાં રહીને ભવિષ્યને ભરોંસે રહીને ધર્મ કરવાનું રાખી વર્તમાનમાં પાપ રક્ત બની પૃથક પૃથક (જુદી જુદી) એકેંદ્રિય જાતિ વિગેરેમાં જન્મ-મર્ણ કરે છે.

બીજી પ્રતિમાં **एत्थ मोहे पुणो पुणो** પાઠ છે. તેનો અર્થ આ છે કે, ઉપર કહેલી રીતે ઇચ્છા એટલે, ઇંદ્રિયોને અનુકૂળ કર્મરૂપ-મોહમાં ડુબેલા વારંવાર એવાં પાપ

કરે છે કે, તેની સંસારથી અપ્રચ્યુતિ (નમુક્તિ) થાય. સંસારભ્રમણ કર્યાંજ કરે; તેથી શું થાય તે બતાવે છે.

**इहमेगेसिं तत्थ तत्थ संथवो भवइ, अहो ववाइए फासे पडिसंवेयंति, चिट्ठं कम्मेहिं कूरेहिं चिट्ठं परिचिट्ठइ, अचिट्ठं कूरेहिं कम्मेहिं नो चिट्ठं परिचिट्ठइ, एगे वयंति अदुवावि नाणी नाणी वयंति अदुवावि एगे (सू० १३२)**

ઇહ (આ) ચૌદરાજ લોક પ્રમાણવાળા સંસારમાં કેટલાક મિથ્યાત્વ, અવિરતિ પ્રમાદ, અને કષાયરૂપદુર્ગુણવાળાં સંસારી જીવોને (તેમનાં પાપનાં ફળ) તે તે નરક તિર્યંચ ગતિ વિગેરે પીડાના સ્થાનમાં વારંવાર જવાથી સંસ્તવ (પરિચય) થાય છે, એટલે, પૂર્વનાં સૂત્રમાં કહ્યા પ્રમાણે તેઓ ઇચ્છાને અનુસાર તત્ત્વો બનાવી ઇંદ્રિયોને વશ થઈ તેને અનુકૂળ આચરીને નરક વિગેરે સ્થાનમાં ગયલાં છતાં પણ, જૈનેતર, અથવા જૈનમતના પાસત્થા (સ્વેચ્છાચારી) સાધુઓ ઔદ્દેશિક વિગેરે દોષિત આહારને નિર્દોષ બતાવનારા નરક વિગેરેના દુ:ખના અનુભવો (સ્પર્શોને) ભોગવે છે, (તે ઇંદ્રિયોથી સૌથી વધારે પરવશ બનેલા) નાસ્તિકનું માનવું બતાવે છે. તેઓ કહે છે કે:—

**पिबखाद च चारु लोचने !, यद तीतं वरगात्रि ! तन्न ते।**

**नहि भीरु ? गतं निवर्त्तते, समुदाय मात्र मिदं कलेवरम् ॥१॥**

તે મતનો નાયક બ્રહુસ્પતિ પોતાની વિધવા બેનને કુમાર્ગે દોરવા કહે છે કે ):—" હે સુંદર લોચનવાળી ! ઇચ્છિત પી, ખા. હે સુંદર શરીરવાળી ! જે ગયું તે તારૂં નથી ! હે બીકણ ! ગયેલું પાછું આવતું નથી ! આ પરમાણુઓના સમૂહ માત્રજ શરીરનું ખોખું છે. ( અર્થાત્ જે શરીરવડે ધર્મ સાધવાનો છે, તેનાવડે ભોગોમાંજ રક્ત થવાનું બતાવ્યું; અને તેની ભોળી બેનને વિવેક ન હોવાથી તેના ફાંસામાં ફસી, અને તેમનાં અધમ આચરણથી અનેક જીવોને કુમાર્ગે દોરવાનું સ્થાન મળ્યું. )

હવે વૈશેષિક મતનું થોડું વર્તન દૂષણરૂપ છે. તે બતાવે છે, કે વૈશેષિક મતવાળા પણ સાવદ્ય યોગના આરંભીઓ છે, તેઓ બોલે છે કે, અભિષેચન (સ્નાન) ઉપવાસ બ્રહ્મચર્ય ગુરૂકુલવાસ, વાનપ્રસ્થ (વનવાસ) યજ્ઞ કરવો, દાન દેવું, મોક્ષણ (પ્રોક્ષણ) દિગ્ નક્ષત્ર મંત્ર કાળ નિયમ વિગેરે છે ( આ બાબતોમાં સ્નાન યજ્ઞ વિગેરે એકેંદ્રી વિગેરેને પીડા કારક છે તેજ પ્રમાણે બીજા મત વાળાઓનું જે સાવદ્ય અનુષ્ઠાન છે તે એવી રીતે બતાવવું-

પ્રશ્ન—કદાચ એમ પણ હોય, પરંતુ બધાએ તેવા ઇચ્છા પ્રણીત વિગેરેથી દુર્ગતિમાં જઇ દુઃખનો સ્પર્શ

ભોગવનારા છે કે કોઇકજ તેને યોગ્ય કર્મ કરનારો દુઃખ ભોગવે છે? તે બતાવે છે.

ઉત્તર—બધા નહીં, પણ જે અત્યંત ક્રૂર વધ બંધન વિગેરેની ક્રિયા વડેજ ( ચીકણાં કર્મ બાંધી ) વૈતરણી તરણ, અસિપત્ર વન પત્ર પડવાની તથા શાલ્મલી વૃક્ષનું આલિંગન વિગેરેથી થએલ નરકની ભયંકર વેદનાની વિરૂપ દશાને ભોગતો સાતમી વિગેરે નરકમાં વસે છે, પણ જે અત્યંત હિંસાવાળાં કર્મો ન કરે તે ઘણી પીડાવાળાં નરકોમાં ઉત્પન્ન થતો નથી, ઠીક, એમ હશે, પણ આવું કોણ કહે છે, '**एग वयंती**' ત્યાદિ ચૌદ પૂર્વી વિગેરે મુનિઓ કહે છે, અથવા જેને સકળ (બધા) પદાર્થોનું બતાવનારૂં જ્ઞાન છે, તે જ્ઞાની બોલે છે તથા જેવું દિવ્યજ્ઞાની કેવળી બોલે છે તેમજ શ્રુત કેવળી બોલે છે, તથા જે શ્રુત (જ્ઞાન વાળા ) કેવળી બોલે છે, તેજ નિરાવરણ કેવળજ્ઞાની બોલે છે, ( તે પ્રત્યાગત સૂત્રવડે જાણવું કે ) **नाणी** વિગેરે–જ્ઞાની કેવળી જે બોલે છે તેવું શ્રુત કેવળી બોલે છે અર્થાત્ શ્રુત કેવળી યથાર્થ બોલતા હોવાથી તે એકજ છે, કારણ કે કેવળી પ્રભુને દરેક પદાર્થ સાક્ષાત્ દેખાય છે, અને શ્રુત કેવળી તેમના ઉપદેશ પ્રમાણે વર્ત્તે છે. તેથી બોલવામાં પણ એક વાકયતા (સરખાપણું) છે; તે કહે છે, તથા વાદીઓનો વિવાદ તથા તેમનું સમાધાન કરે છે.

आवंति केयावंती लोयंसि समणाय माहणाय पुढो विवायं वयंति, से दिट्ठं चणे सुयंचणे मयं चणे-विण्णायं च णे उड्ढं अहं तिरियं दिसासु सव्वओ सुपडि लेहियं चणे-सव्वे पाणा सव्वे जीवा सव्वे भूया सव्वे सत्ता हन्तव्वा अज्जावेयव्वा परियाव्व यव्वा परिघेतव्वा उद्देवयव्वा, इत्थवि जाणह, नत्थित्थ दोसो, अणारिय वयण मेयं, तत्थ जे आरिया ते एवं वयासी, से दुद्दिट्ठं चभे दुस्सुगं च भे दुम्मयं च भे दुव्विणणायं च भे उड्ढं अहं तिरियं दिसासु सव्वओ दुप्पाडिलेहियं च भे, जं णं तुब्भे एवं आइक्कह एवं भासह एवं परूवेह, एवं पण्णवेह सव्वेपाणा ४ हंतव्वा ५ इत्थवि जाणइ नत्थित्थ दोसो अणारिय वयणमेयं, वयं पुण एव माइक्खामो एवं भासामो एवं परूवेमो एवं पण्णवेमो-सव्वे-पाणा ४ नहंतव्वा १ न अज्जावेयव्वा २ नपरिघित्तव्वा ३ न परियावेयव्वा ४ न उद्दवेयव्वा ५ इत्थवि जाणह नत्थित्थ दोसो आयरिय वयणमेयं पुव्वं निकाय समयं पत्तेयं पत्तेयं पुच्छिस्सामि, हंभो पवाइया! किं भे सायं दुक्खं असायं? समिया पडि-

**वण्णे यावि एवं बूयासव्वेसिं पाणाणं सव्वेसिं भूयाण सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं असायं अपरिनिव्वाणं महब्भयं दुक्खं त्तिबेमि (सू० १३३)**

**चतुर्थाध्ययने द्वितीय उद्देशकः ॥४-२॥**

आवन्ती જેટલા केआवन्ती કેટલાક મનુષ્ય લોકમાં જૈનેતર સાધુ, તથા બ્રાહ્મણો જુદું જુદું વિવાદ રૂપે બોલે છે, અર્થાત્ કેટલાક અન્ય દર્શનીઓ પરલોકને બતાવવાની ઇચ્છાવાળા પોતાના મંતવ્યના પ્રેમથી બીજાનું મંતવ્ય જુદું ઠરાવવા વિવાદ કરે છે, જેમકે ભાગવત મતના લોકો કહે છે કે પચીસ (૨૫) તત્વના જ્ઞાનથી મોક્ષ થાય છે. આત્મા સર્વ વ્યાપિ છે, ગુણ રહિત છે, ચૈતન્ય લક્ષણવાળો છે, અને વિશેષ રહિત સામાન્ય તત્વ છે, તથા વૈશેષિક મતવાલા કહે છે, દ્રવ્ય વિગેરે છ પદાર્થના પરિજ્ઞાનથી મોક્ષ છે, સમવાયિ જ્ઞાન ગુણવડે ઇચ્છા પ્રયત્ન દ્વેષ વિગેરે ગુણોથી ગુણવાન્ આત્મા છે, પરસ્પર નિરપેક્ષ સામાન્ય વિશેષ રૂપ તત્વ છે, શાકય મતવાલા કહે છે, પરલોકમાં જનાર આત્માજ નથી, નિશ્ચયથી સામાન્ય ક્ષણિક વસ્તુ છે, મીમાંસક કહે છે, કે મોક્ષ તથા સર્વજ્ઞનો અભાવ છે, તથા કેટલાક મતમાં પૃથ્વી વિગેરે એકેંદ્રિય જીવો નથી, બીજા કેટલાક વનસ્પતિમાં પણ અચેતન પણું માને છે, તથા કેટલાક બે ઇંદ્રિ વિગેરે કૃમી વિગેરેમાં જંતુ પણું

માનતા નથી, અથવા જીવ પણું માનવા છતાં તેના વધમાં બંધ માનતા નથી, અથવા અલ્પ માત્ર બંધ માને છે, તથા હિંસામાં પણ ભિન્ન વાક્ય પણું છે, તે કહે છે,

**प्राणी प्राणिज्ञानं घातकचित्तं च तद्गताचेष्टा ।**
**प्राणैश्च विप्रयोगः पञ्चभिरापद्यते हिंसा ॥**

જીવ, જીવનું જ્ઞાન, ઘાત કરનારનું ચિત્ત, અને તેમાં રહેલી ચેષ્ટા પ્રાણો સાથે વિયોગ, આ પ્રમાણે પાંચને જાણવાથી હિંસા થાય છે. તથા ઔદ્દેશિકના પરિભોગની આજ્ઞા આપવા વિગેરેની જે વિરૂદ્ધ વાત છે, તે પોતાની મેળે વિચારવું, પ્ર—તે બ્રાહ્મણ તથા શ્રમણો ધર્મ વિરૂદ્ધ જે બોલે છે, તે સૂત્ર વડેજ બતાવે છે.

અન્ય દર્શનીનું કહેવું આ છે કે:—( **से दिट्ठं चेण इत्यादि** થી લઈને **नात्थित्थ दोसोत्ति।** ) દિવ્યજ્ઞાનવડે અમે અથવા, અમારા ધર્મના નાયકો, ( તીર્થંકરો ) શાસ્ત્ર રચનારાએ સાક્ષાત્ જોયું છે. અથવા, અમારા મોટા ગુરુ પાસેથી અમે તથા અમારા વડગુરુ પાસેથી ગુરુએ સાંભળ્યું છે. અથવા, તે ધર્મનાયકની પાસે સેવામાં રહેનારા શિષ્યોએ એમ માન્યું છે. અથવા, તેમને આ યુક્તિએ યુક્ત હોવાથી માન્ય છે. અથવા અમોને અથવા, અમારા ધર્મનાયકને આ જાણીતું છે, તે તત્ત્વ ભેદના પર્યાયોવડે અમોએ અથવા, અમારા ધર્મનાયકે પારકાના ઉપદેશથી નહિ; પણ, સ્વયં જાણેલું છે કે, ઉપર નીચે તથા, ચાર દિશા, ચાર ખુણા મળી દશે

દિશામાં તથા, બધાં પ્રમાણો તે, પ્રત્યક્ષ અનુમાન ઊપમાન આગમ અર્થાપત્તિ વિગેરેથી તથા, મનના નિશ્ચયથી અમે તથા, અમારા ગુરુએ વિચારી લીધું છે કે—

સર્વે પ્રાણો, સર્વે જીવો, સર્વે ભૂતો, સર્વે સત્વો હણવા, હણાવવા; સંગ્રહ કરવો; સંતાપવા; દુઃખી કરવા તેમાં કંઈ દોષ નથી; તેમ ધર્મકાર્યમાં પણ સમજવું કે, યાગયજ્ઞ કરવામાં અથવા, દેવતાને બળિદાન આપવામાં પ્રાણી હણાય; તો, પાપનો બંધ નથી. આ પ્રમાણે, કેટલાક **જૈનેતર સંન્યાસીઓ**, તથા પોતાને માટે રસોઈ બનાવેલી **જમનારા બ્રાહ્મણો** ધર્મવિરૂદ્ધ તથા, પરલોકવિરૂદ્ધ બોલે છે. આ પ્રમાણે, તેમનું બોલવું જીવહિંસાનું હોવાથી પાપના અનુબંધવાળું વચન અનાર્ય પ્રણીત ( રચેલું ) છે, પણ જેઓ તેવા **હિંસક ઇંદ્રિય પ્રિય નથી.** તેવાઓ શું કહે છે ? તે બતાવે છે.

(તત્ર વાક્યની શરૂઆત કરવા અથવા નિર્ધારણ માટે છે.) જેઓ દેશ ભાષા તથા ચારિત્ર વડે આર્ય ( ઉત્તમ ગુણવાળા ) છે, તેઓ એમ કહે છે, કે અન્ય મતવળાએ જે કહ્યું તે તેમણે ખરાબ રીતે દેખેલું છે, અર્થાત્ તમોએ અથવા તમારા ગુરૂ તથા ધર્મના નાયકોએ જીવ હિંસાની પુષ્ટિ કરી તેથી નીચલા દોષો તમને લાગુ પડે છે. ( ણું વાક્યાલંકારમાં છે) વળી તમે યાગ અથવા દેવતાના બલિ-

દાનમાં હિંસાને નિર્દોષ માનો છો, પરંતુ આર્ય પુરૂષો તેમાં પણ દોષ માને છે. એવુ બતાવીને હવે આર્ય પુરૂષો પોતાનો મત સ્થાપન કરે છે અને કહે છે, અમે આવું કહીએ છીએ, અને પ્રરૂપણા કરીએ છીએ, કે—

બધા પ્રાણ, જીવ, ભૂત, સત્વ એ ચારે શરીરધારી જીવો છે, તેમને હણવા નહિ, હુકમ ચલાવવો નહિ, સંગ્રહ કરવો વહિ, સંતાપવા નહિ, પીડા આપવી નહિ, ઉપદ્રવ કરવો નહિ. અહીંઆજ દોષ નથી. (અર્થાત્ કોઇ પણ જીવને કોઈપણ રીતે પીડા ન આપનારૂં સંયમજ નિર્દોષ છે,) આ આર્ય પુરૂષોનું વચન છે.

આવું કહેવાથી હિંસા પ્રિય જૈનેતર કહે છે, કે અમને તમારૂં વચન અનાર્ય લાગે છે.

જૈનાચાર્ય—તમારૂં કહેવું તમારા એક દિલવાળા મિત્રોજ સ્વીકારી શકશે. કારણ કે તે યુક્તિ રહિત છે. તેને માટેજ ફરી કહે છે, કે પોતાની વાક્ (વાણી) રૂપ યંત્ર વડે બંધાયલા વાદીઓ પોતાની કુવાણીથી પાછા નહિ ફરે. (આગ્રહ પકડી રાખશે) તેવા વાદી (જૈનેતર) ને તેમના માંનેલા આગમની વ્યવસ્થા કરીને તેનું વિરૂપ (અનુચિત) પણું બતાવવા વડે જૈનાચાર્ય પ્રશ્ન પૂછે છે.

અથવા પ્રથમ પ્રશ્ન કરનારા દરેક વાદીઓને વ્યવસ્થા- પીને જૈનાચાર્ય તરફથી પ્રશ્ન પૂછાય છે કે-બોલો! વાદ

કરનારા જૈનેતર બંધુઓ! તમને સાતા (સુખ) મનને આનંદ ઉપજાવનાર છે, કે દુઃખ? જો એમ કહે કે સુખ વહાલું છે, તો તમારા આગમ (સિદ્ધાંત) ને પ્રત્યક્ષ તથા લોકના માનવા પ્રમાણે બાધા થશે. (તમારો સિદ્ધાંત ખોટો થશે.) કદી તેઓ લુચ્ચાઈથી જુઠું કહે કે અમને દુઃખ પ્રિય છે, તો તેવા વાદીઓને પોતાની વાક્ જાળમાં બંધાયલાને આ પ્રમાણે કહેવું, કે તમને જેમ દુઃખ પ્રિય છે તેમ સર્વે પ્રાણી માત્રને દુઃખ પ્રિય નથી, પણ અપ્રિય છે, અશાંતિકર છે, મહા ભય રૂપ છે.

છતાં હઠ ગ્રહીને તે ન માને તો કહેવું, કે તમારૂં બોલવું સત્ય ક્યારે થાય, કે તે પ્રમાણ રૂપ બને, પણ તેવું પ્રમાણ મળવું દુર્લભ છે કે સુખને બદલે દુઃખ કોઇપણ પ્રિય માને! માટે તમારે અથવા દરેક મોક્ષાભિલાષી કે સુખના અભિલાષીએ કોઇપણ જીવોને હણવા નહિં, પીડવા નહિ તથા કેદમાં નાખવા નહિ વિગેરે જાણવું. તે હણવામાં દોષ છે, છતાં હણવામાં દોષ નથી. એવું માનવું તે અનાર્ય વચન છે. (ઇતિ શબ્દ સમાપ્તિ માટે છે) આવું સુધર્મા-સ્વામી જંબુ સ્વામીને કહે છે.

ઉપર બતાવ્યા પ્રમાણે તે વાદીઓને તેમના વચન યંત્ર વડેજ બાંધીને તેમની અનાર્યતા બતાવી.

આ સંબંધમાં રોહગુપ્ત મંત્રી જેણે જૈનાગમનું

તત્વ સારી રીતે જાણ્યું છે તેણે મધ્યસ્થપણું ધારણ કરીને તમામ મતવાળાની પરિક્ષા કરવા વડે જેમ નિરાકરણ કર્યું તે નિર્યુક્તિકાર ગાથાઓ વડે કહે છે.

**खुड्डग पायसमासं, धम्म कहंपि य अजंपमाणे णं।**
**छन्नेण अन्नलिंगी, परिच्छिया रोहगुत्ते ण ॥२२७॥**

આ ગાથાવડે સંક્ષેપથી ક્ષુલ્લકનું દૃષ્ટાંત કહ્યું છે, ગાથાના પદના સક્ષેપવડે રાજસભામાં બધા વાદીની ધર્મ કથા પ્રગટ સાંભળીને રોહગુપ્ત મંત્રીએ વાદીઓની પરીક્ષા કરી. આ ગાથાનો વધારે ખુલાસો નીચેની કથાથી જાણવો તે કહે છે કે ચંપા નગરીમાં સિંહસેન રાજાનો મંત્રી રોહ ગુપ્ત મહામંત્રી હતો તે જીનેશ્વરના મંતવ્યમાં નિર્મળ હૃદયવાળો બનીને સત્ અસત્વાદના વિચારની ચર્ચા પૂછતો હતો, તે સમયે જે જેને ઈચ્છિત હતું તે તેણે સારૂં કહ્યું, તે સમયે ચુપ બેઠેલા મંત્રીને રાજાએ કહ્યું, ધર્મ વિચારો જણાવવામાં તમે કાંઇ કેમ બોલતા નથી?

મંત્રી બોલ્યો—આ વાદીઓના સ્વપક્ષના આગ્રહવાળાં વચનોવડે શું લાભ થાય? માટે આપણે વિચાર કરીએ પોતાની મેળે ધર્મની પરીક્ષા કરીએ. આ પ્રમાણે બધા વાદીઓને શાંતિનું વચન કહીને રાજાની આજ્ઞા લઇને નીચલું એક પદ બનાવી નગરમાં લટકાવ્યું.

સકુંડલં વા વયણં નવત્તિ, આ ગાથાના બીજાં ત્રણ

પદ મેળવી આખી ગાથા ભંડારમાં રાજા પાસે મુકાવી. પછી જાહેર ઢાંડી પીટાવી કહ્યું કે આ પદ સિવાય ત્રણ પદ નવાં બનાવીને રાજા પાસે જે ગુરૂ લાવશે, તેને રાજા મોં માગ્યું દાન આપશે, તથા તેનો ભક્ત બનશે. આ ગાથાના પદને સર્વે વાદીઓ પોતાને સ્થાને લઈ ગયા. સાતમે દિવસે રાજાના સભા મંડપમાં સર્વે વાદીઓ આવ્યા તેમાં પરિવ્રાડ (પરિવ્રાજક) બોલ્યો.

**भिक्खं पविट्ठेण मएऽज्ज दिट्ठं, पमयामुहं कमल विसाल नेत्तं।**
**वक्खित्त चित्तेण न सुट्ठुनायं, सकुंडलं वा वयणं न वत्ति ॥२२८॥**

ભિક્ષામાં પ્રવેશ કરેલાએ મેં આજે પ્રમદા (યુવાન સ્ત્રી) નું મોઢું જોયું જેમાં કમળ સરખાં વિશાળ નેત્ર હતાં. પણ મારૂં વ્યાક્ષિપ્ત ચિત્ત હોવાથી મને બરોબર ખબર ન પડી, કે તેના મોઢામાં (કાનમાં) કુંડલ હતાં કે નહિ—

(આ ગાથાનો અર્થ સુગમ છે પરંતુ કુંડલ હતું કે નહિ તેની શંકા રહેવાનું કારણ ફક્ત તેણે ચિત્તનો વ્યાક્ષેપ બતાવ્યો.) આ વાદીમાં વીતરાગ (ત્યાગ) દશા ન જોવાથી, તથા પૂર્વે આપેલી ગાથા પ્રમાણે અર્થ ન મળવાથી તિરસ્કાર કરીને રાજાએ રસ્તો પકડાવ્યો, પછી તાપસ બોલ્યો—

फलो दएणं मि गिहं पविट्ठो, तत्थासणत्थापमया मि दिट्ठा ।
वक्खित्तचित्तेण न सुट्ठु नायं, सकुंडलं वा वयणं न वत्ति ॥२२९॥

ફલના ઉદય વડે હું ઘરમાં પેઠો, ત્યાં આસન ઉપર સ્ત્રી બેઠેલી હતી, પણ વ્યાક્ષિપ્ત ચિત્તથી મેં બરોબર નિર્ણય ન કર્યો, કે તે સ્ત્રીના કાનમાં કુંડળ છે કે નહિ. ?

( આમાં પણ વૈરાગ્ય ન હોવાથી તેને રજા આપી. ) પછી બૌધ્ધ અનુયાયી બોલ્યો—

मालाविहारंमि मएऽज्ज दिट्ठा, उवासिया कंचण भुसियंगी ।
वक्खित्तचितेण न सुट्ठु नायं, सकुंडलं वा वयणं न वत्ति ॥२३०॥

માલાના વિહારમાં મેં આજે એક ઉપાસિકા ( તે મતને માનનારી સ્ત્રી) જોઇ, તે સુવર્ણના ભૂશણે ભૂષિત હતી. પણ વ્યાક્ષિપ્ત ચિત્ત વડે મેં ન જોયું, કે કાનમાં કુંડળ છે કે નહિ. ?

આ પ્રમાણે બીજા તીર્થીઓ ( વાદીઓ ) એ પોતાનું કહિ બતાવ્યું પણ કોઇ જૈન સાધુ ન આવ્યો, ત્યારે રાજાએ કહ્યું, કે તેને બોલાવી લાવો. તેથી મંત્રીએ એક નાનો સાધુ

હતો, પણ તેને વૈરાગ્ય દશાએ પરિણમેલો જાણી ગોચરીમાં આવેલ હતો, તેને પ્રત્યુષ ( ઉગતા પ્રભાત ) ની માફક રાજા આગળ આણ્યો. તેથી રાજાએ તે ચોથા પદને આપી ઉત્તર માગતાં ક્ષુલ્લક સાધુએ કહ્યું,

**खंतस्स दंतस्स जिइंदियस्स, अज्झप्पजोगे गयमाणसस्स ।**
**किं मज्झ एएणविचिंतएणं ! सकुंडलं वा वयणं न वत्ति ॥२३१॥**

ક્ષમા ધારણ કરનારા, કામ દમન કરનારા, ઇંદ્રિઓને જીતનારા અને અધ્યાત્મમાં રક્ત એવા મારા જેવા મુનિને શા માટે ચિંતવવું, કે તે પ્રમદાના કાનમાં કુંડળ છે કે નહિ?

આમાં અજાણપણાનું કારણ ક્ષાંતિ વિગેરે ગુણો ધારણનું કારણ બતાવ્યું, પણ ચિત્તના વિક્ષેપનું કારણ ન બતાવ્યું, તેથી રાજાને તેની નિસ્પૃહતા ઉપરથી ધર્મ ભાવનાનો ઉલ્લાસ વધ્યો, પછી રાજાએ ધર્મતત્વ પુછતાં ક્ષુલ્લક સાધુએ માટીનો એક સુકો ગોળો તથા બીજો ભીનો ગોળો ભીંત તરફ ઉછાળી સૂચના કરીને ચાલવા માંડયું, ત્યારે રાજાએ પુછ્યું કે આપ પૂછવા છતાં ધર્મ કેમ કહેતા નથી? ત્યારે તેણે કહ્યું, હે ભોળા રાજા! આ ભીના સુકા ગોળાઓના ફેંકવાથી મેં ધર્મ કહ્યો છે, તે બે ગાથાથી બતાવે છે.

**उल्लो सुक्को य दो छूढा, गोलया मट्टि या मया ।**
**दोवि आवडिया कुड्डे, जो उल्लो तत्थ ( सोऽत्थ ) लग्गइ ॥२३२॥**

**एवं लग्गंति दुम्मेहा, जे नरा कामलालसा ।**
**विरत्ताउ न लग्गंति, जहा से सुक्कगोलए ॥२३३॥**

જે ભીનો તથા સુકો ગોળો છે તે બંન્ને માટીના છે, ભીંત ઉપર ફેકતાં જે ભીનો છે, તે ત્યાં ભીંત ઉપર લાગશે.

એ પ્રમાણે દુષ્ટ બુદ્ધિ વાળા જેઓ કામની લાલસા-વાળા છે, તેઓજ સંસારવાસનામાં ગૃધ્ધ થશે. પણ જેઓ વિરક્ત છે, તેઓ સુકા ગોળા માફક સંસારવાસનામાં ગૃધ્ધ નહિં થાય.

તેનો ભાવાર્થ કહે છે. જેઓ અંગ પ્રત્યંગ જોવાથી વિમુખ છે, તેઓ સ્ત્રીનું મોઢું જોતા નથી, અને જેઓ અંગ પ્રત્યંગ જોવામાં ઉત્સુક છે, તેઓ કામ વાસનાથી ગૃધ્ધ થયેલા ભીના ગોળા માફક સ્ત્રીનું મોઢું જુએ છે, અને તેજ જીવો લાલસાવાળા હોવાથી સંસારપંક અથવા કર્મ-કાદવ તેમને લાગે છે, પણ જેઓ ક્ષમા વિગેરે ગુણોથી યુક્ત સંસાર સુખથી વિમુખ છે, કાષ્ઠ ( નિસ્પૃહ ) મુનિઓ છે, તેઓ સુકા ગોળા માફક હોવાથી ક્યાંય પણ લાગતા નથી. સમ્યકત્વ અધ્યયનમાં બીજા ઉદ્દેશાની નિર્યુક્તિ તથા બીજો ઉદ્દેશો સમાપ્ત થયો.

## હવે ત્રીજો ઉદ્દેશો કહે-છે

બીજા સાથે તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં સમ્યકત્વમાં સાધુને સ્થિર કરવા બીજા મતવાળાની ભૂલો બતાવી, પણ તે સમ્યકત્વ સાથે રહેલું જ્ઞાન છે, તથા તે જ્ઞાનની સફળતા વિરતિ ( વૈરાગ્ય ) છે. પણ આ ત્રણે હોય છતાં પૂર્વે કરેલાં ચીકણાં કર્મનો બંધ નિરવદ્ય તપ કર્યા વિના ક્ષય ન થાય, માટે હવે તે તપનું વર્ણન કરે છે. આ સંબંધથી આવેલા ત્રીજા ઉદ્દેશાનું આ પહેલું સુત્ર છે.

**उवेहि णं बहिया य लोगं, से सव्वलोगंमि ज केइ विण्णू, अणुवीइपास निक्खित्तदंडा, जे केइ सत्ता पलियं चयंति, नरामुयच्चा धम्मविउत्ति अंजू, आरंभजं दुक्खमिणंति णच्चा, एवमाहु संमत्तदंसिणो, ते सव्वे पावाइया दुक्खस्सकुसला परिण्ण मुदा हरंति इयकम्मं परिण्णाय सव्वसो (सू० १३४)**

પૂર્વે બતાવેલો સંસારપ્રિય લોકસમૂહ છે, તેને ધર્મથી વિમુખ જાણીને તેની ઉપેક્ષા કર, અથવા તેમનું અનુષ્ઠાન સારૂં ન માન, च શબ્દથી જાણવું કે તેનો ઉપદેશ ન સાંભળ, પાસે ન જા, તેમની સેવા ન કર, તથા વિશેષ પરિચય ન કર, ( આ બધું નવા શિષ્યને ગુરૂ સમજાવે છે તું ન જઈશ-વિગેરે-કે જો ત્યાં જાય તો સાધુ ધર્મની

વિરૂધ્ધ તેઓ સ્નાન; ઇચ્છિત ભોજન, મઠ બાંધી રહેવું વિગેરે આચરે છે, તેમાં ઢીલ લાગવાથી તે સ્વીકારતાં સાધુ ગૃહસ્થ પણ ન રહ્યો, ન પુરો સાધુ થયો, પરંતુ ગીતાર્થ સાધુ જરૂર પડતાં પરિચય કરે તો વખતે તેવાને પણ પ્રસંગોપાત ઠેકાણે લાવે.)

જે સંસારપ્રિય વેષધારીનો પરિચય ન કરતાં તેની ઉપેક્ષા કરે તે કયા ઉત્તમ ગુણો મેળવે, તે કહે છે કે—

તે નિસ્પૃહી સાધુ બધા મનુષ્ય લોકમાં જેઓ વિદ્વાન્ ( આત્માર્થી ) છે, તેમનાથી પણ સર્વોત્તમ વિદ્વાન્ થશે.

પ્રશ્ન:—લોકમાં કેટલાક વિદ્વાનો છે, કે તેમાં આ શ્રેષ્ઠ થશે! अणुवीइ વિગેરે જે કેટલાક નિક્ષિપ્ત દંડવાળા છે, અર્થાત્ જેમણે કાયા મન વચન વડે પ્રાણીને દુ:ખ આપનારો દંડ ત્યાગ કર્યો છે, તે વિદ્વાનો થાય છેજ, એવું વિચારીને હે શિષ્ય! તું તેમને જો

પ્રશ્ન:—જીવોને દુ:ખ ન આપનારા તેઓ કયા છે! તે કહે છે, કે જેમણે ધર્મનું તત્ત્વ જાણ્યું છે તેવા સત્વવાળા સાધુઓ દુષ્ટ કર્મને ત્યજે છે, અને તે પ્રમાણે જેઓ દંડથી દૂર રહે છે, તેઓ આઠે કર્મને હણે છે, તેજ વિદ્વાન્ છે. તેવું આંખો મીંચી વિચારીને પછી જો, એટલે વિવેકવાળી બુદ્ધિથી તેને તું ધારણ કર,

પ્રશ્ન:—કયા પુરૂષો બધાં કર્મોને ક્ષય કરે છે!

ઉત્તરઃ—તે કહે છે

" નરે " ઇત્યાદિ, માણસોજ સંપૂર્ણ કર્મક્ષય કરવાને સમર્થ છે, પણ બીજી ગતિવાળા નહિ. તેમાં પણ બધાં મનુષ્યો મોક્ષમાં જનારા નથી; પણ જેઓએ અર્ચાતે, શરીરના સંસ્કારો ( શોભાનો ) ત્યાગ કરવાથી જેમનું શરીર મરણ જેવું છે. અર્થાત્ જેમણે શરીરનો મોહ મુકી તેને પુષ્ટ કરવું; કે શોભાવવું એ સઘળું ત્યાગ કર્યું છે. ( મેઘકુમારે જેમ વીતરાગ પ્રભુના ઉપદેશથી આંખો શિવાય શરિરના બીજા ભાગોની મમતા ઉતારીને દવા વિગેરે કરવાનો પણ ત્યાગ કર્યો હતો; અથવા આખા શરીરની ચામડી જીવતાં ઉતારી; તોપણ, કોઇના ઉપર કોપ ન કર્યો; તેવા ખંધક મુનિ માફક થાય છે. ) તેવા સાધુ સર્વ કર્મનો ક્ષય કરે છે.

અથવા અર્ચા એટલે તેજ, અને તે પણ ક્રોધ છે, અને અને તેના કહેવાથી બીજા કષાયો પણ જાણીલેવા. તેનો અર્થ આ પ્રમાણે છે કેઃ—જે પુરૂષમાંથી કષાયરૂપ-અર્ચા સર્વથા નષ્ટ પામી છે, તેવા અકષાયી પુરૂષોનાં આઠ કર્મ નાશ થાય છે. વળી, શ્રુતચારિત્રરૂપ-ધર્મને જાણનારા તે ધર્મવિદો છે, અને જે ધર્મવિદ છે, તે કુટિલતારહિત (સરળ) છે.

પ્રશ્નઃ—તેમ હશે; પણ બીજા સાધુએ શું આલંબન લઈને તેવું કરવું ?

ઉત્તરઃ—" આરંભજ " વિગેરે. સાવદ્યક્રિયા-અનુષ્ઠાનનો

આરંભથી થયલું આરંભજ તે, કૃત્ય દુઃખરૂપ છે, એવું બધાં પ્રાણીઓને પ્રત્યક્ષ છે. અર્થાત્ ખેતી, નોકરી, વેપાર વિગેરે આરંભમાં પ્રવર્ત્તેલો મનુષ્ય, શરીર, તથા મનનાં દુઃખોને ભોગવે છે, તે વાણીથી પણ કહેવાય નહિ. ( એટલું બધું છે, ) તે સાક્ષાત્ સંપૂર્ણ દેખનારા ( કેવળ જ્ઞાની )એ કહેલું છે. આ બધું દુઃખ સ્વયં–અનુભવ સિદ્ધ જાણીને તેઓ શરીરશોભારહિત ( મૃતાર્ચા ) તથા, ધર્મવિદ તથા, સરળ બને છે, એવું કેવળ જ્ઞાનીઓ કહે છે તે બતાવે છે.

આ પ્રમાણે કેવળ જ્ઞાનીઓએ કહેલું છે.

પ્રશ્નઃ—કેવા પુરૂષોએ તે કહેલું છે ?

ઉત્તરઃ—સમત્વ–દર્શીઓ, (સમ્યકત્વ–દર્શીઓ) અથવા, સમસ્ત દેખનારાઓએ કહેલું છે. એટલે, આ ઉદ્દેશાની શરૂઆતથી સઘળું તેમણે કહ્યું છે.

પ્રશ્નઃ—શાથી તેઓએ કહેલું છે ?

ઉત્તરઃ—તેઓ બધા સર્વ વિદ છે, અને પ્રાવાદિકા એટલે, પ્રકર્ષ–મર્યાદાવડે બોલવાના આચારવાળા યથાવસ્થિત પદાર્થને બતાવવા તથા, શરીર, મન સંબંધી દુઃખો બતાવનારા અથવા, તેનું મૂળ કર્મનું સ્વરૂપ બતાવવામાં કુશળ છે કે, જે બતાવવાથી તે દૂર કરવા ઉપાય જાણનારા બનીને તે બધા ઉત્તમ પુરૂષોએ જ્ઞ પરિજ્ઞા વડે જાણીને તે પાપ છોડવા પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કરેલ છે.

આ પ્રમાણે કર્મબંધ ઉદય સત્તાના બતાવવાથી ( બીજા-પણ ) તે પ્રમાણે જાણીને સર્વે પ્રકારે કુશળ બનીને તેઓ પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કરે છે. અથવા મૂળ ઉત્તર પ્રકૃતિના બધા ભેદોને જાણીને એટલે મૂળ પ્રકૃતિ આઠ, ઉત્તર પ્રકૃતિ ૧૫૮ છે તેને જાણીને કર્મબંધનો ત્યાગ કરે છે અથવા પ્રકૃતિ સ્થિતિ અનુભાવ પ્રદેશ એ ચાર પ્રકારોથી જાણીને ત્યાગે છે, અથવા બંધ સત્તાના કારણો વડે કર્મ સ્વરૂપ જાણીને ત્યાગે છે.

હવે તે ઉદયના પ્રકારો બતાવે છે.

મૂળ પ્રકૃતિના ત્રણ ઉદયસ્થાન છે, ( ૧ ) આઠ પ્રકારનો, ( ૨ ) સાત પ્રકારનો ( ૩ ) ચાર પ્રકારનો–એટલે આઠે પ્રકૃતિ સાથે વેદે તો આઠ પ્રકારનો, અને તે કાળથી અનાદિ અનંત અભવ્યોને આશ્રયી છે. ભવ્ય ને આશ્રયી અનાદિ સાંત તથા સાદિ સાંત છે.

અને મોહનીયનો ઉપશમ અથવા ક્ષય હોય, ત્યારે સાત પ્રકારનો ઉદય છે, અને ઘાતિકર્મ ચારે ક્ષય થતાં બાકીના ચાર કર્મનો ઉદય છે, હવે ઉત્તર પ્રકૃતિના ઉદય સ્થાન કહે છે. જ્ઞાનાવરણીય અને અંતરાયનું પાંચે પ્રકારનું એક ઉદયસ્થાન છે. દર્શનાવરણીયના બે છે. દર્શન ચતુષ્કના ઉદયથી ચાર અને કોઇ પણ નિદ્રા સાથે પાંચ–

વેદનીય કર્મનું સામાન્યથી એક ઉદય સ્થાન સાતા કે અસાતાનું છે.

કારણ કે સાતા અસાતા વિરોધી હોવાથી બન્ને સાથે ઉદયમાં એક વખતે ન હોય. મોહનીય કર્મનાં નવ ઉદય-સ્થાન છે, તે કહે છે દશ, નવ, આઠ, સાત, છ. પાંચ, ચાર, બે, એક. એ નવની વિગત—તે દશમાં મિથ્યાત્વ. અનંતાનુબંધીથી સંજવલન સુધી ૪ ક્રોધની ચોકડી—એ પ્રમાણે માનની ચોકડી પણ હોય, તે પ્રમાણે કપટની ચોકડી હોય. તથા લોભની ચોકડી હોય એટલે કોઇ પણ ચોકડીની ચાર હોય, તે મળી પાંચ થઇ. છઠ્ઠો કોઇ પણ એક વેદ હોય, હાસ્ય રતિ અથવા અરતિ શોકનું જોડલું હોય, ભય તથા જુગુપ્સા મળી કુલ ૧૦ થઇ.

ઉપરની દશામાંથી કોઇ જીવને ભય કે જુગુપ્સામાંથી એક ન હોય તો નવ, અને બંન્ને ન હોય તો આઠ, અનંતાનુ બંધીની એક દૂર થતાં ૭ રહી, મિથ્યાત્વના અભાવમાં છ રહી, અપ્રત્યાખ્યાનની ઉદયના અભાવમાં ૫, પ્રત્યાખ્યાન આવરણના ઉદયના અભાવે ૪ હાસ્યરતિનું જોડલું કોઇ પણ ન હોય તો ૨ અને વેદના અભાવમાં ફક્ત સંજવલન એકનો ઉદય રહ્યો.

આયુષ્યનું પણ એકજ ઉદય સ્થાન છે. કારણ કે ચારમાંનું કોઇ પણ એક હોય, નામ કર્મના ઉદયનાં ૧૨ સ્થાન છે.

૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧,

૯, ૮ તેમાં સંસારમાં રહેલા સયોગી તેર ગુણસ્થાન સુધીના જીવોને નામકર્મના દશ ઉદયસ્થાન છે. અને અયોગિ ગુણસ્થાન વાળાને છેવટનાં બેજ છે, અહીં બાર ધ્રુવ ઉદયકર્મ પ્રકૃતિ પ્રથમ બતાવે છે. તેજસ 'કાર્મણ' શરીર બે, વર્ણગંધ રસ સ્પર્શ ૪ ચોકડું અગુરૂલઘુ, ૧ સ્થિર, ૧, અસ્થિર ૧, શુભ ૧, અશુભ, ૧ નિર્માણ, કુલ ૧૨ તેમાં ૨૦ તીર્થંકર કેવળી જ્યારે સમુદ્ઘાત કરે ત્યારે કાર્મણ શરીરયોગીને હોય છે. તે કહે છે. મનુષ્યગતિ ૧ પંચેદ્રિયજાતિ ૧ ત્રસ ૧ બાદર ૧ પર્યાપ્ત ~~૧~~ સુભગ ૧ આદેય ૧ યશકીર્તિ ૧ અને ઉપર કહેલી ધ્રુવ ઉદયની બાર મળી કુલ ૨૦ થઇ. અને ૨૧થી ૩૧ સુધીનાં ઉદય સ્થાનો જીવ ગુણસ્થાનના ભેદથી અનેક ભેદવાળાં હોય છે. તે ગ્રંથ વધી જવાના ભયથી બધા અહીં કહેતા નથી, પણ જાણવા માટે એકેક કહે છે. પ્રથમ ૨૧નો એક કહે છે, ગતિ ૧, જાતિ, આનુપૂર્વી ૧ ત્રસ ૧ બાદર ૧ પર્યાપ્ત અથવા અપર્યાપ્ત ૧ કોઈ એક સુભગ ૧ અથવા દુર્ભગ આદેય અથવા ૧ અનાદેય યશકીર્તિ અથવા ૧ અયશ આ નવ તથા ઉપર કહેલી ધ્રુવ ૧૨ મળી ૨૧ થઈ.

હવે ૨૪નો એક ભેદ કહે છે.

તિર્યંગ્ ગતિ ૧ એકેંદ્રિય જાતિ ૧ ઔદારિક શરીર ૧ હુંડ સંસ્થાન ૧, ઉપઘાત ૧ પ્રત્યેક અથવા ૧ સાધારણ

સ્થાવર ૧ સુક્ષ્મ અથવા ૧ બાદર દુર્ભગ ૧ અનાદેય ૧ અપર્યાપ્ત ૧ યશકીર્તિ ૧ અથવા અયશ આ બાર તથા ઉપર બતાવેલી ધ્રુવની બાર મળી ૨૪ થઇ.

તે ચોવીશમાંથી અપર્યાપ્ત દૂર કરી પર્યાપ્તક તથા પરાઘાત ૧ મેળવતાં ૨૫ થઇ.

અને છવીશ તો કેવલિને ઉપર જે ૨૦ કહી છે. તેમાં ઉદારિક શરીર ૧ આંગોપાંગ ૧ એક સંસ્થાન ૧ પ્રથમ સંહનન ૧ ઉપઘાત ૧ પ્રત્યેક ૧ મળી મિશ્રકાય યોગમાં ૨૬ હોય છે. તે છવીશમાં તીર્થંકર નામ મેળવતાં તીર્થંકરને મિશ્ર કાય યોગમાં ૨૭ હોય છે. તેમાં પ્રશસ્ત વિહાયોગતિ મેળવતાં ૨૮ અને તે ૨૮ માંથી તીર્થંકર નામ દૂર કરી ઉચ્છવાસ ૧ સુસ્વર ૧ પરાઘાત ૧ મેળવતાં (૨૭+૩) ૩૦ થઇ તેમાંથી સુસ્વર ઓછી કરતાં ૨૯ તથા તે ૩૦ માં તીર્થંકર નામ મેળવતાં ૩૧ થઇ.

પણ નવંનો ઉદય તો—

મનુષ્ય ગતિ ૧ પચેંદ્રિય જાતિ ૧ ત્રસ ૧ બાદર ૧ પર્યાપ્ત ૧ સુભગ ૧ આદેય ૧ યશકીર્તિ ૧ તીર્થંકર ૧ એ નવ તીર્થંકરને અયોગી ગુણ સ્થાનમાં હોય છે. પણ તીર્થંકર નામ સિવાય સામાન્ય કેવળી અયોગીને તો આઠ હોય છે.

ગોત્રનું તો સામાન્યથી એકજ ઉદય સ્થાન છે. ઉંચ

અથવા નીચ કોઈપણ એક હોય છે. કારણ કે બંન્ને એક બીજાથી વિરૂદ્ધ છે.

ઉપર બતાવ્યા પ્રમાણે કર્મ પ્રકૃતિના ઉદય વડે અનેક ભેદો જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તે તોડવા પ્રયત્ન કરે છે. જો એમ છે તો (નવા સાધુએ) શું કરવું તે કહે છે.

**इह आणाकंखी पंडिए अणिहे, एगमप्पाणं संपेहाए धुणे सरीरं, कसेहि अप्पाणं जरेहि अप्पाणं–जहा जुन्नाइं कट्ठाइं हव्व वाहो पमत्थइ। एवं अत्त समाहिए अणिहे, विगिंच कोहं अविकंपमाणे (सू० १३५)**

આ પ્રવચનમાં આજ્ઞા પાળવાની આકાંક્ષા રાખનારો 'આજ્ઞાકાંક્ષી' સાધુ જે સર્વજ્ઞના ઉપદેશ પ્રમાણે વર્તનારો છે, તે પંડિત (તત્વજ્ઞાની) છે. અને તે અસ્નિહ થાય છે. આઠ પ્રકારના કર્મ વડે લેપાય તે સ્નિહ છે. તે જેને નથી તે અસ્નિહ છે, અથવા જે સ્નેહ કરે તે સ્નેહવાળો રાગી છે. તેવો જે રાગી ન થાય તે અસ્નિહ છે. તેથી એમ જાણવું કે તે રાગદ્વેષ રહિત છે. અથવા નિશ્ચયથી જે ભાવ-રિપુરૂપ ઇંદ્રિયોના વિષય તથા કષાયથી બંધાતાં કર્મ છે. તેના વડે હણાય તે નિહત અને તેમ ન હણાય તો અનિહત છે.

ઉપર બતાવેલ આજ્ઞાકાંક્ષી પંડીત તથા ભાવરિપુથી અનિહત ગુણવાળો આ પ્રવચન ( જૈન માર્ગ ) માં છે. બીજે નથી અને જે સાધુ અનિહત છે તે પરમાર્થથી કર્મનો સારી રીતે જ્ઞાતા છે. અને તે શું કરે તે કહે છે. इगमप्पाणं ઇત્યાદિ.

તે અનિહત અથવા અસ્નિહ સાધુ પોતાના એકલા આત્માને ધન ધાન્ય સોનું પુત્ર સ્ત્રી તથા પોતાના શરીર વિગેરે ( પુદ્ગલ ઉપાધિ ) થી જુદું જાણીને શરીર વિગેરે બધાનો મોહ છોડે ( સંભાવનામાં લિઙ પ્રત્યય છે. ) તેથી એમ સૂચવ્યું છે કે આત્માને બધી ઉપાધીથી જુદો દેખે તોજ તે શરીરથી જુદો પાડી શકે. અને તેમ મોહ ઉતારવા માટે સંસાર સ્વભાવની ભાવના છે તથા એકત્વ ભાવનાને આવી રીતે ભાવવી.

**संसार एवायम नर्थ सारः, कः कस्य कोऽत्र स्वजनः परो वा ?**
**सर्वे भ्रमन्तः स्वजना परे च, भवन्ति भूत्वा न भवन्ति भूयः ॥१॥**

આ સંસાર અનર્થનો સારજ છે, અને અહીં કોણ કેનો સ્વજન અથવા પરજન છે? બધાએ સંસારમાં ભમતા સ્વજન અને પરજન છે તે પર થઇ પાછા સ્વ થાય. અને કેટલાક ફરી દેખાવ દેતા નથી. ( અર્થાત્ સમુદ્રમાં તણાતાં

અપાર સમુદ્રમાં જ્યાં ભેગા થવાનો તથા સ્થિર રહેવાનો તથા મળવાનો નિશ્ચય નથી, તથા થોડો કાળ પણ એકતા રહેવાનો નિશ્ચય નથી, ત્યાં કોણ પોતાનું કે પારકું છે ? )

**विचिन्त्य मेतद्भवताऽहमेको,**
**नमेऽस्ति कश्चित् पुरतो न पश्चात्,**
**स्वकर्मभिर्भ्रान्तिरियं ममैव,**
**अहं पुरस्तादहमेव पश्चात् ॥[illegible]॥**

ઉપર પ્રમાણે વિચારી હું એકલો છું, [illegible] અ પહેલાં કે પછવાડે કોઇ વથી, પરંતુ મોહનીય કર્મથી આ એક મારા તારાની ભ્રાંતિ છે. ખરી રીતે તો પહેલાં પણ હું અને પછી પણ હું પોતે પોતાનો સ્વજન છું એવી ભાવના તમારે ભાવવી.

**सदैकोऽहं न मे काश्चित्, नाहमन्यस्य कस्यचित् ॥**
**न तं पश्यामि यस्याहं नासौ भावीति यो मम ॥[illegible]॥**

હું સદા એકલો છું. મારો કોઇ પણ નથી, તેમ હું બીજા કોઇનો પણ નથી, હું જેનો થાઉં, તેવો મને કોઇ દેખાતું નથી ! (કર્મ સંબંધ છુટતાં સૌ રસ્તે પડે છે. ) તેમ મારો ભવિષ્યમાં થાય તેવો પણ કોઇ નથી.

**एकः प्रकुरुते कर्म, भुनक्त्येकश्च तत्फलम् ॥**
**जायते म्रियते चैक, एको याति भवान्तरम् ॥४॥**

શ્રી વિજય ... ક્રમાંક: સ્થાન: શેઠ ...

પોતે એકલોજ કર્મ બાંધે છે, તેનાં ફળ પણ એકલો ભોગવે છે, અને જન્મે છે. અને મરે છે પણ એકલોજ તથા ભવાંતરમાં પણ એકલોજ જાય છે વિગેરે ચિંતવે–

વળી તે ભવ્યાત્મા સાધુ શું કરે ? તે કહે છે–

**कसे हि अप्पाणं, जरेहि अप्पाणं**–વિગેરે.

પર (જુદો) આત્મા જે 'શરીર' છે. તેને તપરૂપ કષ્ટ વડે અથવા ચારિત્ર વિગેરેથી કૃશ (દુર્બલ) બનાવ, અથવા કૃષ એટલે કર્મ તોડવામાં હું સમર્થ છું ? એમ વિચારી યથાશક્તિ તેમાં યત્ન કર, તથા જર એટલે શરીરને જીર્ણ બનાવી દે, એટલે તપવડે શરીર એવું કર કે બુઢાપાથી જીર્ણ જેવું લાગે, અર્થાત્ વિગઈનો ત્યાગ કરીને આત્મા (શરીર)ને દુર્બળ બનાવી દેજે.

પ્ર—શા માટે ?

ઉ—જેમ સાર રહિત (સુકાં) લાકડાંને હુવ્યવાહ (અગ્નિ) શીઘ્ર બાળી મુકે છે, એ દૃષ્ટાંત વડે ઉપદેશ આપે છે કે તું કર્મને બાળી મુક.

**एवं अत्त समाहिए**–ઉપર પ્રમાણે આત્મા સમાહિત એટલે જ્ઞાનદર્શન ચારિત્રવડે આત્મ સમાહિત (સમાધિ વાળો) છે તે આત્મ સમાહિત છે, અર્થાત શુભ વ્યાપાર વાળો છે. (અથવા વ્યાકરણના નિયમથી વિશેષણને પ્રથમ લેવાથી આત્મા સમાહિત ને બદલે) સમાહિત આત્મા રૂપ થાય છે, તેવો તું બન.

એટલે જે અસ્નિહ (સ્નેહ રહિત વૈરાગી) હોય અને તે તપ કરે તે તપ રૂપ અગ્નિ વડે કર્મ રૂપ કાષ્ઠને બાળી મુકે છે, ઉપર કહેલા સૂત્રાર્થને દ્રષ્ટાંત તથા બોધને ગાથા વડે નિર્યુક્તિકાર કહે છે.

**जह खलु झुसिरं कट्ठं, सुचिरं सुक्कं लहुं डहइ अग्गी, तह खलु खवंति कम्मं, सम्मचरणे ठिया साहु ॥ नि. २३४**

જેમ સુકા પોલા લાકડાને અગ્નિ જલદી બાળે તેમ ઉત્તમ ચારિત્ર પાળનારો સાધુ કર્મ લાકડાંને શીઘ્ર બાળે છે. આ પ્રમાણે પ્રથમ સ્નેહ રહિત બનીને દ્વેષની નિવૃત્તિ કરવા કહે છે. **विगिंच कोहं** વિગેરે કારણે અથવા એ કારણે અતિ ક્રૂર અધ્યવસાય વાળા ક્રોધને છોડ, અને ક્રોધથી શરીર કંપે છે માટે કહે છે કે તું નિષ્કંપ બનીજા શું ભાવીને? તે કહે છે.

**इमं निरुद्धाउयं संपेहाए, दुक्खं च जाण अदु आगमेस्सं, पुढो फासाइं च फासे, लोयं च पास- विफंदमाणं, जे निव्वुडा पावेहिं कम्मेहिं अणियाणा ते वियाहिया, तम्हा अति विज्जो नो पडिसंजलि- ज्जासि त्तिबेमि॥ (सू० १३६) चतुर्थे तृतीयः ॥४-३॥**

આ મનુષ્યપણું પરિગલિત આયુવાળું વીચારીને ક્રોધ વિગેરેને છોડી દેજે વળી દુક્ખં વિગેરે-તથા ક્રોધ વિગેરે કષાયોથી બળતા મનુષ્યને મન સંબંધી જે દુઃખ ઉત્પન્ન થાય છે, તેને જાણ, તથા તે ક્રોધથી જે નવાં કર્મ બંધાય તેનું ભવિષ્યમાં પણ ઉત્પન્ન થવાનું દુઃખ વીચારીને તે ક્રોધાદિને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે જાણ, અર્થાત્ ત્યાગ કર, આગામી (ભવિષ્ય) ના દુઃખનું સ્વરૂપ કહે છે. પુઢો વિગેરે-જુદી જુદી સાત નારકી વિગેરેમાં મળતા શીત ઉષ્ણ ( ઠંડ તાપ ) ની વેદના તથા કુંભીપાક વિગેરેનાં પીડા સ્થાનોમાં થતાં દુઃખોને ભોગવવાં પડશે. એથી એમ સૂચવ્યું કે ક્રોધથી બળેલાને તેજ ક્ષણે દુઃખ છે, એમ નહીં, પણ ભવિષ્યમાં પણ જુદાં જુદાં સ્થાનોમાં દુઃખ ભોગવવાં પડશે. તેને ઘણા દુઃખીઓ જોઇને બીજા લોક પણ દુઃખીઆ થાય. તે બતાવે છે. લોયં ચ વિગેરે,

કેવળ ક્રોધાદિથી આત્માજ દુઃખ અનુભવતો નથી, પણ શરીર અને મનથી ઉત્પન્ન થએલા દુઃખોવાળા લોકો પરવશ બનીને તેના દુઃખને દૂર કરવા આમતેમ ભટકે છે, તેને જો, વિવેકચક્ષુથી વિચારી જો, ( આ સૂત્ર વડે જેઓ મોહાંધ છે. તેવાઓ સગાને દુઃખી દેખીને અથવા કરૂણાથી ભીંજાએલા હૃદયવાળા છે તેઓ દુઃખીને શાંતિ પમાડવા અનેક ઉપાયો કરવા આમતેમ ભટકતાં અનેક દુઃખો ભોગવે છે.

જેમકે " એક કસાઇને રોજ ૫૦૦ પાડા મારવાની બુરી આદત હતી તે તેણે ન છોડી. પુત્ર પોતે ધર્મી હોવાથી તેમાં સામીલ ન થયો. અંતકાળે બાપને તેના પાપથી દાહ-જ્વરનો ભયંકર વ્યાધિ થયો અનેક ઉત્તમ શીતળ ઔષધિ બાવના ચંદન વિગેરેનો લેપ કરવા છતાં શાંતિ ન થઈ, ત્યારે પુત્રે ગભરાઇ પોતાના પરમધર્મી મિત્રને પૂછયું, તેણે વિચારીને કહ્યું કે તેના નરકના અશુભ કર્મના ચિન્હરૂપ વિષ્ટા અને પિશાબને મેળવી વિલેપન કર, તો શાંતિ થશે. અને તે પ્રમાણે પુત્રે ન છુટકે કર્યું ત્યારે તેને શાંતિ થઇ, અને પિતા મરીને સાતમી નરકમાં ગયો. આ દૃષ્ટાં-તથી પાપી પોતે દુઃખ ભોગવે છે તેમ તેની હાયપીટ જોઇ બીજાં સગાં પણ દુઃખ ભોગવે છે તે બતાવ્યું )

ગુરૂ કહે છે, હે શિષ્ય ! જેઓ ક્રોધ વિગેરે નથી કરતા; તે કેવા હોય છે ? તે સાંભળ. જે નિવ્વુડા વિગેરે, પણ જેઓ તીર્થંકરના બોધથી નિર્મળ હૃદયવાળા છે, તેઓ વિષય અને કષાય અગ્નિના બુઝાવાથી નિવૃત્ત ( શાંત ) થયેલાં પાપ કર્મમાં નિદાન ( વાસના ) રહિત બનેલા છે. તેઓ પરમસુખના સ્થાનને પામેલા છે. અર્થાત્ ઔપશમિક સુખને ભજનારા હોવાથી પ્રસિદ્ધ છે.

પ્ર:—તેથી શું સમજવું ?

ઉ:—તમ્હા વિગેરે. તે રાગદ્વેષથી ઘેરાયલો દુઃખી થાય છે, તેથી અતિ વિદ્વાન્ કે જેણે, શાસ્ત્રોનો પરમાર્થ જાણ્યો

છે, તેવાએ ક્રોધ અગ્નિવડે આત્માને બાળવો નહિ. અર્થાત્ ક્રોધાદિ આવતાં તેને શાંત ( દુર ) કર, એ પ્રમાણે સુધર્મા-સ્વામી જંબુસ્વામીને કહે છે.

---

## ચોથો ઉદ્દેશો.

ત્રીજો ઉદ્દેશો કહ્યો, તેનો આ કહેવાતા ચોથા ઉદ્દેશા સાથે આ પ્રમાણે સંબંધ છે; ગયા ઉદ્દેશામાં નિરવદ્ય તપ બતાવ્યો, અને તે સંપૂર્ણ રીતે સારા સંયમમાં રહેલા મુનિને હોય છે, તેથી સંયમ બતાવવા ચોથો ઉદ્દેશો કહે છે, તેના આવા સંબંધથી આવેલા ચોથા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે.

**आवीलए पवीलए निप्पीलए जहित्ता पुव्व संजोगं हिच्चा उवसमं, तम्हा अविमणे वीरे, सारए समिए सहिए सया जए, दुरणुचरो मग्गो वीराणं अनियट्ट गामीणं, विगिंच मंस सोणियं, एस पुरिसे दविए वीरे, आयाणिज्जे वियाहिए, जे धुणाइ समुस्सयं वसित्ता बंभचेरंसि ॥ सू० १३७ ॥**

आवीलए ઇત્યાદિ આપીડન કર, અર્થાત્ અવિકૃષ્ટ (થોડા) તપવડે શરીરને દુઃખ આપ, આ પ્રથમ દીક્ષા અવસરે છે, પણ જ્યારે સિદ્ધાંત ભણી રહે, ત્યારે પ્રકર્ષથી (વધારે પ્રમાણમાં) તપ કરી કાયાને પીડ, (સુકાવ) ફરી

વધારે તત્વજ્ઞાન મેળવતાં ગુરૂની સેવા કરનાર અંતેવાસી વર્ગ જેણે અર્થસાર (રહસ્ય) મેળવ્યું છે, તેવો મુનિ શરીરને ત્યજવાની ઇચ્છાથી માસ અર્ધમાસનો તપ કરવાવડે નિશ્ચયથી પીડે, શિષ્ય કહે છે કે ઠીક, કર્મ ક્ષય કરવા માટે તપ કરે છે, પણ તે પૂજાલાભ કીર્તિ માટે કરે તો શું થાય? ગુરૂ કહે કે તે માટે કરે તો શરીર પીડવાનો તપરૂપ ઉપદેશ નિરર્થકજ થયો. તે માટે બીજી રીતે કહે છે. કર્મ અથવા કાર્મણ શરીરનેજ પીડે (સુત્રપાઠ થોડો રહી ગયો દેખાય છે) અહીંયા પણ આપીડ, પ્રપીડ, નિષ્પીડ, કાર્મણ શરીર પીલવા માટે જાણવાં. સુત્ર પાઠ આવો જોઇએ, "आवीलए, पवीलए, निप्पीलए कम्मं" અથવા મંદબુદ્ધિવાળા માટે ત્રણેની અવસ્થા બતાવે છે, કે આપીડન તે ચોથા ગુણસ્થાનથી લઇને સાતમા સુધીમાં થોડી થોડી તપસ્યા કરે, અને આઠમા નવમા ગુણસ્થાનમાં પ્રપીડન તે મોટી તપસ્યા કરે, અને ૧૦મા ગુણસ્થાનમાં નિષ્પીડન તે માસ ક્ષપણ વિગેરે મોટો તપ કરે અથવા ઉપશમ શ્રેણીમાં આપીડન, ક્ષપક શ્રેણિમાં પ્રપીડન, અને શૈલેશી અવસ્થામાં નિષ્પીડન તપ જાણવો.

શું કરીને તેવો તપ કરે તે બતાવે છે.

जहिता—વિગેરે; પૂર્વ સંયોગ તે પોતાની પાસે જે કંઇ ધાન્ય ધન સોનું પુત્ર સ્ત્રી વિગેરે હતું, તે ત્યાગીને તપ

કરે, અથવા પૂર્વે અસંયમ જે અનાદિ ભવોના અભ્યાસથી સંબંધી હતો, તેને છોડીને તપ કરે, વળી हिच्चा વગેરે, (હિ ધાતુનો અર્થ ગતિ વાચક છે તેથી) પામીને (મેળવીને) શું ? તે કહે છે. ઇંદ્રિય તથા મનને જીતવાં રૂપ ઉપશામ અથવા સંયમ મેળવીને તપ કરે તેનો સાર આ છે. કે અસંયમ છોડી સંયમ ધારણ કરીને તપ તથા ચારિત્રનાં અનુષ્ઠાન વડે કર્મને વધારે વધારે યથાશક્તિ પીડે જેથી કર્મને પીડવા માટે ઉપશામ મેળવવો, અને તે મેળવ્યા પછી (અવિમનસ્કતા) નિશ્ચલ શાંતિ) મેળવવી તે કહે છે. तम्हा ઇત્યાદિ, જેમ કર્મક્ષય માટે અસંયમનો ત્યાગ, તેથી અવશ્યે સંયમ મળે, તેમાં ચિત્તની અશાંતિ ન હોય, તેથી અવિમના એટલે ભોગકષાયમાં અથવા અરતિમાં જેનું મન ગયું તે વિમન, તેવો જે ન હોય તે અવિમના, અર્થાત્ રાગદ્વેષની ઉપાધિથી જેનું મન ચંચળ નથી તેવા શાંત સ્થિર મનવાળો સાધુ હોય.

પ્ર૦—તે કયો છે ?

ઉ૦—વીર ! જે કર્મ વિદારણ કરવામાં સમર્થ છે. અને 'सारए' ઇત્યાદિ સુઆરત એટલે સારી રીતે જીવન પર્યંતની મર્યાદા એ સંયમ અનુષ્ટાનમાં રક્ત રહે તે સ્વારત કહેવાય, પાંચ સમિતિએ સમિત તથા હિતયુકત તે સહિત અથવા જ્ઞાનાદિ યુકત બનીને સદા (હમેશાં) એકવાર ગુરૂએ અર્પણ કરેલો સંયમ ભારવાળો તે શિષ્ય સંયમભારની યતના કરે

પ્ર–વારંવાર શા માટે સંયમ અનુષ્ઠાનનો ઉપદેશ કરો છો ?

ઉ–તે દુરનુચર છે, દુઃખે કરીને અનુચરાય (પળાય) તેવો છે.

પ્ર–શું ? ઉ–માર્ગ તે સંયમ અનુષ્ઠાન વિધિ—

પ્ર—કેવાઓને ?

ઉ—અપ્રમત્ત સાધુઓને,

પ્રશ્ન—કેવાઓને ? અનિવર્ત્ત તે મોક્ષ છે. તેમાં જેમને જવાની ઇચ્છા છે તેવાઓને આ સંયમ પાળવો કઠણ છે તે કેવીરીતે પળ્યો કહેવાય ? તે બતાવે છે–विगिंचत्र વગેરે માંસ શોણિત જે અહંકાર તથા કામ વાસના વધારનારાં છે. તેને, વિકૃષ્ઠ તપ અનુષ્ઠાન વડે વિવેચકર (દૂરકર) આત્માથી જુદાં જાણી તેને શોષાવીદે, આ વીર પુરૂષોના માર્ગનું અનુચરણ છે, એમ જાણવું. જે આવી રીતે તપકરી શરીરને સુકવે, તેને શું ગુણ થાય છે, તે કહે છે, एष વિગેરે માંસ શોણીતને સુકવે, તે પુરિ (નગર) માં શયન કરવાથી પુરૂષ છે, અને દ્રવ તે સંયમ છે તે સંયમ જેને હોય તે દ્રવિક પુરૂષ છે, અથવા દ્રવ્ય ભૂત છે કારણ કે તેજ મોક્ષમાં જાય છે, કર્મ શત્રુ જીતવામાં સમર્થ હોવાથી તે વીર પણ છે, માંસ શોણિત શોષવાનું બતાવ્યાથી બીજા પદાર્થો મેદ ચરબી વિગેરે શોષવાનું પણ બતાવ્યું જાણવું.

કારણ કે માંસ સુકાતાં તે પણ સાથે સુકાઈ જાય છે. વળી आयाणीज्जे વિગેરે એટલે વીર પુરૂષોના માર્ગે ચાલનારો જે માંસ લોહી સુકવે, તે મોક્ષાભિલાષીઓને આદાનીય ગ્રાહ્ય. માનવાજોગ વચન વાલો વિખ્યાત થાય છે.

પ્રઃ—એવો કોણ છે ?

ઉઃ—જે બ્રહ્મચર્ય તે સંયમમાં રહી કામવાસના જીતવામાં પ્રયત્ન કરે, અથવા સમુચ્છ્રય તે શરીર અથવા કર્મોપચયને તપ ચારિત્ર વડે ધુણાવે. ( કૃશકરે–દુરકરે ) તે આદાનીય તથા વ્યાખ્યાત ( સ્તુત્ય પૂજ્ય ) થાય છે. આ પ્રમાણે અપ્રમત્ત સાધુનું સ્વરૂપ બતાવ્યું. હવે તેવું સંયમ ન પાળનારા જે પ્રમત (પ્રમાદી સાધુઓ) છે તેનું વર્ણન કરે છે.

**नित्तेहिं पलिच्छिन्नेहिं आयाणसोयगढिए बाले अव्वोच्छिन्न बंधणे अणाभिक्कंत संजोए तमंसि अवियाणओ आणाए लंभो नत्थि त्तिबेमि (सू० १३८)**

જે પદાર્થ તરફ લઇજાય—અર્થાત્ પદાર્થનો નિર્ણય કરવા જે દોરે, તે નેત્ર વિગેરે પાંચ ઇંદ્રિયો છે, તેના વડે પોતાના વિષયને ગ્રહણ કરવા વડે જે પાપ થાય, તે અટકાવીને સાધુ થતાં જગત્માં સારા પુરૂષોથી પૂજનીક થઇ બ્રહ્મચર્યમાં રહેવા છતાં પણ ફરીથી તેને મોહનો ઉદય થવાથી સાવદ્ય કૃત્યમાં સંસાર ભ્રમણના બીજ રૂપ કર્મના ઇંદ્રિયોના વિષયો રૂપ સ્રોત( પ્રવાહો ) અથવા મિથ્યાત્વ અવિરતિ

પ્રમાદ કષાય યોગ છે તેમાં ગૃધ્ધ થાય તે આદાન સ્રોત ગૃધ્ધ બને.

પ્રશ્નઃ—કોણ ?

ઉત્તરઃ—બાળ (અજ્ઞ) છે, તે રાગ દ્વેષરૂપ મહા મોહથી મલિન અંતઃકરણવાળો ગૃધ્ધ બને,

પ્રશ્નઃ—પછી તે કેવો થાય ?

ઉત્તરઃ—**अवोच्छिन्न** વિગેરે—એક સરખાં સેંકડો જન્મ મર્ણ આપનાર એવું આઠ પ્રકારના કર્મ રૂપ બંધન તેને મળે છે, વળી **अणाभि.** જેણે સંસારના સંયોગ રૂપ ધન ધાન્ય સોનું, પુત્ર, સ્ત્રી, વિગેરેનો મોહ અથવા અસંયમનો સંયોગ છોડયો નથી; તે "અનભિક્રાંત સંયોગી" છે, તેવા કુસાધુને ઇંદ્રિયોને અનુકુળ વિષય—લાલસાના અંધારામાં અથવા મોહરૂપ—અંધકારમાં પ્રવર્તેલાનું પોતાનું ખરૂં હિત અથવા મોક્ષઉપાય તેણે ન જાણવાથી તીર્થંકરની આજ્ઞા (ઉપદેશનો) લાભ તેને થવાનો નથી એવું હું કહું છું અથવા તેને આજ્ઞા એટલે સમ્યક્ત્વનો લાભ થવાનો નથી. (ભવિષ્યમાં) પણ ધર્મ મળવો દુર્લભ છે. કારણકે, સૂત્રમાં નાસ્તિ શબ્દ છે તે અવ્યય ત્રણે કાળ આશ્રયી છે.)

**जस्स नात्थि पुरा पच्छा मज्झे तस्स कुओसिया ? सेहु पन्नाण मंते बुद्धे आरंभो वरए, संममेयंति**

**पासइ, जेण बंधं वहं घोरं परियावं च दारुणं पलिछिंदिय बाहिरगं च सोयं, निक्कमदंसी इह मच्चिएहिं, कम्माणं सफलं दट्ठूण तओ निज्जाइ वेयवी (सू० १३९)**

જે કોઈપણ બાળ મૂર્ખ સાધુ કર્માદાન સ્રોતમાં ગૃદ્ધ થયેલ છે તથા એકસરખાં જન્મ-મરણ બાંધ્યાં છે. તથા સંસારમોહ છોડયો નથી; અજ્ઞાન અંધકારમાં ભૂલ્યો છે, તેને પૂર્વજન્મમાં ધર્મપ્રાપ્તિ નહોતી; ભવિષ્યમાં પણ થવાની નથી; તેને મધ્યજન્મમાં ક્યાંથી થવાની છે? અર્થાત્ જેણે સમ્યક્ત્વ પૂર્વે પ્રાપ્ત કરેલ હશે; તેનેજ વર્તમાનમાં મળે છે. કારણ કે જેણે સમ્યક્ત્વ પૂર્વે મેળવી તેનો સ્વાદ લીધો; તેને પાછો મિથ્યાત્વનો ઉદય થતાં અપાર્ધ પુદ્ગળ પરાવર્તનના કાળે પણ થશે; પણ સમ્યક્ત્વ વમેલાને ફરી સમ્યક્ત્વનો અસંભવજ થાય તેવું નથી. (અર્થાત્ અભવિનેજ ત્રણે કાળમાં નથી; ) અથવા અનિરૂદ્ધ ઇંદ્રિયવિષયવાળો હોય; તોપણ આદાન સ્રોત ગૃદ્ધ જાણવો એમ કહેલું જાણવું.

( પણ સમ્યક્ત્વ મેળવ્યા પછી પાછું ન મળે તેવું નહિ. )

પણ જે સાધુ તેવો પ્રમાદી ન થઈ સંસારસુખનું સ્મરણ ન કરે; અને ભવિષ્યમાં મળનારી દેવાંગનાના ભોગને ન ઇચ્છે, તેને વર્તમાન કાળમાં પણ ભવિષ્ય-સુખનો અભિલાષ ક્યાંથી હોય? તે બતાવે છે. જે સાધુએ ભોગનાં

ભવિષ્યનાં કડવાં ફળ જાણેલાં છે, તેને પૂર્વે ભોગવેલા ભોગ યાદ આવતા નથી; ભવિષ્યના ભોગની અભિલાષા પણ નથી; તેવા ઉત્તમ સાધુને વ્યાધિને છેદવા સમાન ભોગોને રોગ જાણીને તેને કેવીરીતે ખોટી ઈચ્છા પણ થાય ? અર્થાત્ મોહનીયકર્મ શાંત થવાથી તેને ભોગેચ્છા હોતી નથી. જે સાધુને ત્રિકાળ-વિષયની ભોગેચ્છા દૂર થઈ તે કેવો હોય ? તે કહે છે:—

**સેહુ**—વિગેરે આવો નિરીહ સાધુ પ્રકૃષ્ટજ્ઞાન જે જીવાજીવ સંબંધી તત્ત્વ બતાવનારૂં છે તેને મેળવે; તેથી પ્રકૃષ્ટજ્ઞાનવાળો છે, તેજ બુદ્ધ એટલે, તત્ત્વ જાણનારો છે, તેથીજ તે સાવદ્યઅનુષ્ઠાનના આરંભથી દૂર રહે છે, તેથી આરંભ ઉપરત છે, તે ગુણ ઉત્તમ છે તે બતાવે છે, **સમ્મ** વિગેરે એટલે સાધુઓને તે શોભાવનારૂં ભૂષણ છે. અથવા સમ્યકત્વનું કાર્ય કરનાર હોવાથી તે સમ્યકત્વ છે. માટે ગુરૂ કહે છે:—હે શિષ્ય ! તું તેને જો. તું પણ તેવું મેળવ. શામાટે તે શોભન-( ભૂષણરૂપ ) છે ? તે કહે છે:— **જેણ** વિગેરે જે કારણથી સાવદ્ય-આરંભમાં પ્રવર્ત્તેલો છે. તે સાંકળ વિગેરેથી બંધનું તથા ચાબખા વિગેરેથી માર ખાય છે તથા પ્રાણસંશયરૂપ-ઘોર દુઃખ ખમે છે. તથા શરીર મન સંબંધી પરિતાપ દારૂણ દુઃખ બીજાને દઈને પોતેપામે છે, માટે તે આરંભો છોડવા તે સારૂં છે, શું

કરીને આરંભ છોડે, તે કહે છે. **पलिच्छिन्दि** વિગેરે સ્રોત (પાપનું ઉપાદાન) રૂપ બહારથી ધન ધાન્ય વિગેરે અથવા હિંસાદિ આશ્રવદ્વાર (અઢાર પાપ સ્થાન) છે, તથા ચ શબ્દથી અભ્યંતર રાગદ્વેષ રૂપ અથવા વિષય તૃષ્ણા સ્રોતને ત્યાગીને નિર્મળથા; વળી **णिक्कम्म** કર્મ જેનાં દુર થયાં તે નિષ્કર્મ દર્શી છે, **इह**—આ સંસારમાં મર્ત્ય (માણુસ) લોકમાં જે નિષ્કર્મ દર્શી છે! તેજ બાહ્ય અભ્યંતર પરિગ્રહ છેદનારાઓ છે, શું આધાર લઇને પરિગ્રહને છેદે અથવા નિષ્કર્મ દર્શી બને તે કહે છે, **कम्माणं** વિગેરે મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય યોગોવડે જે કર્મ બંધાય-છે. તે જ્ઞાનાવરણીય વિગેરેનું સફળપણું દેખીને એટલે જ્ઞાનાવરણીયનું ફળ જ્ઞાન ઢંકાવું છે, દર્શનઆવરણીયનું દેખવામાં વિઘ્ન રૂપ છે, વેદનીયનું ફળ રોગ વિગેરે દુઃખો સુખો ભોગવવાના છે.

પ્રશ્નઃ—બધાં કર્મના વિપાકના ઉદયને ઈચ્છતા નથી? પ્રદેશ ઉદયને પણ સદ્ભાવ હોય છે. અને તપ કરવાથી ક્ષય પણ થાય છે ત્યારે કર્મનું સફળ પણું કેવી રીતે ઘટે.

આચાર્યનો ઉત્તરઃ—તે દોષ નથી, અમને બધા પ્રકારનું ઇચ્છવાપણું અહીં નથી, પણ દ્રવ્ય પૂર્ણપણું માનીએ છીએ અને તે છેજ, એટલે દરેકને આઠજ કર્મનો ઉદય છે, એમ નહિ પણ બધા જીવ આશ્રયી સામાન્યથી

જોતાં આઠે કર્મનો સદ્ભાવ છે; તેથી તે કર્મનું અથવા કર્મનું મૂળ આશ્રવ છે. તેનાથી નિશ્ચયથી નીકળી જાય, અર્થાત્-આશ્રવ આવે, તેવું કૃત્ય ન કરે.

પ્રશ્નઃ—કોણ ન કરે?

ઉઃ—વેદવિદ્ જેનાવડે સઘળું ચર-અચરવેદાય, તે વેદ જૈનાગમ છે, તેને જાણે તે વેદવિદ્ જાણવો. અર્થાત્ સર્વજ્ઞના ઉપદેશમાં વર્ત્તનારો હોય તે આ નવાં કર્મ ન બાંધે. આ અમારા એકલાનો અભિપ્રાય નથી; પણ સર્વે તીર્થંકરોનો આ આશય છે તે બતાવે છે.

**जे खलुभो ? वीरा ते समिया सहिया सयाजया संघड दंसिणो आओवरया अहातहं लोयं उवेहमाणा पाईणं पडिणं दाहिणं उईणं इय सच्चंसि परि (चिए) चिट्ठिंसु, साहिस्सामो, नाणं वीराणं समियाणं सहियाणं सयाजयाणं संघड दंसीणं आओ व रयाणं अहा तहं लोयं समु वेहमाणाणं किमत्थि उवाही ?, पासगस्स न विज्जइ नत्थि त्तिबेमि ( सू० १४० ) । चतुर्थे चतुर्थः ४-४ । इति सम्यक्त्वाध्ययनम् ॥ ४ ॥**

સમ્યગ્‌વાદ અને નિરવદ્ય તપ તથા ચારિત્ર કહ્યું. હવે, તેનું ફળ કહે છેઃ—જેખલુ વગેરે (ખલુ શબ્દ વાક્યની શોભા

માટે છે.) જે પૂર્વે અનંતા તીર્થંકરો થયા તથા થવાના છે, અને વર્તમાનમાં કેટલાક છે, તેઓ કર્મશત્રુને વિદારવામાં સમર્થ હોવાથી વીરો છે, સમિતિથી યુક્ત તથા જ્ઞાનાદિથી સહિત છે. સારા સંયમથી યત્નાવાળા છે. **संघड दांसिणोति** શુભ અશુભને નિરંતર સંપૂર્ણદર્શી (દેખનાર) છે. પાપકર્મરૂપ–આત્માથી ઊપરત છે. તેઓ જેવીરીતે લોક ચૌદરાજ પ્રમાણ છે, તેને અથવા, કર્મલોક જે બધી દિશા પૂર્વ વિગેરેમાં રહેલ છે, તેની જીવ–અજીવની વ્યવસ્થાને દેખનારા છે. તેઓ સત્ય સંયમતપમાં સ્થિર રહેલા છે. અર્થાત્ તેમને ત્રિકાળ–વિષય સંબંધી સંપૂર્ણ દેખાય છે. પૂર્વે અનંતા થયા; તે સંયમમાં રહ્યા. પંદર કર્મભૂમિમાં સંખ્યાતા તીર્થંકર–સંયમમાં રહેલા છે, તથા ભવિષ્યમાં અનંતા થવાના છે. તેઓ સંયમમાં સ્થિત રહેશે; તેઓનો ત્રણે કાળનોજ અભિપ્રાય (બોધ) છે, તે હું તમને કહીશ; એવું સુધર્માસ્વામી શિષ્યોને કહે છેઃ—તમે સાંભળો. પૂર્વે કહેલાં ઉત્તમ વિશેષણોવાળાનું જ્ઞાન (અભિપ્રાય) આ છે કે, જે કર્મજનિત ઊપાધિ છે, તે નારક વિગેરે ચાર યોનિમાં જન્મ લેવો; સુખીદુઃખી, સુભગ, દુર્ભગ, પર્યાપ્ત–અપર્યાપ્ત, વિગેરે નવાં નવાં મળે છે કે નહિ? તે સંબંધી પરમતવાળાને શંકા છે કે? ફરી મળી શકે? તેથી, તે તીર્થંકરો સાક્ષાત્ જોઈને કહે છે કેઃ—તેવા સાક્ષાત્

દેખનારાને તે તે વસ્તુ ઉપર મોહ ન રહેવાથી મમતા છુટીજવાથી તેવા પશ્યક (કેવળ જ્ઞાની) ને કર્મજનિત ઉપાધિ ભવિષ્યમાં મળવાની નથી; તે પ્રમાણે હું પણ કહું છું. પણ આ હું મારી બુદ્ધિથી કહેતો નથી, સૂત્રાનુગમ કહ્યો. ચોથો ઉદ્દેશો સમાપ્ત થયો, નય વિચાર તેમાંજ થોડો બતાવી દીધો છે. ચોથું સમ્યકત્વ નામનું અધ્યયન સમાપ્ત થયું. (ટીકાના શ્લોક ૬૨૦ થયા.)

## 'લોકસાર' નામનુ પાંચમું અધ્યયન.

ચોથું અધ્યયન કહ્યા પછી હવે પાંચમું અધ્યયન કહે છે. તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા અધ્યયનમાં સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવ્યું; અને તેની અંદર જ્ઞાન રહેલું છે, એ સમ્યકત્વ તથા જ્ઞાનનું ફળ ચારિત્ર છે, અને ચારિત્રજ મોક્ષનું અંગ પ્રધાનપણે છે, તેથી તે લોકમાં સારરૂપ છે. તે ચારિત્રનું પ્રતિપાદન કરવા માટે આ અધ્યયન છે. આવા સંબંધથી આવેલા 'આ લોકસાર' અધ્યયનના ઉપક્રમ વિગેરે ચાર અનુયોગદ્વાર થાય છે, તે પ્રથમ ઉપક્રમ દ્વારમાં અર્થાધિકાર બે પ્રકારે છે. અધ્યયનનો વિષય પહેલા અધ્યયનમાં કહ્યો છે, અને ઉદ્દેશાનો નિર્યુક્તિકાર ગાથાઓ વડે કહે છે.

**हिंसग विसयारंभग, एग चरत्ति न मुणी पढमगंमि।**

**विरओ मुणीत्ति विइए, अविरयवाई परिग्गहिओ ॥२३६॥**

**तइए एसो अपरिग्गहो, यनिविन्न कामभोगोय ।**
**अव्वत्तस्सेग चरस्स, पच्चवाया च उत्थंमि ॥२३७॥**
**हरओ वमो य तव संयम, गुत्ती निस्संगयाय पंचमए**
**उम्मग्ग वज्जणा छट्ठगंमि, तह राग दोसेय ॥१३८॥**

હિંસક તે હિંસા કરનારો, તથા વિષયો માટે આરંભ કરતો તે વિષયારંભક, તે બંને સાથે લેતાં હિંસક તથા વિષયારંભક છે એટલે જે સાધુ પ્રાણીઓની હિંસા કરે, અને વિષય સુખ લેવા સાવદ્ય આરંભ (સંસારી જેવો) કરે, તે મુની ન કહેવાય, (વ્યાકરણના નિયમ પ્રમાણે સમાસ તથા વિગ્રહ ટીકામાં બતાવ્યા છે. કે જેથી શબ્દનો અર્થ તથા ઉત્પત્તિ સમજાય) તથા વિષય સુખના માટે એકલોજ વિચરે, તે એક ચર છે. તે પણ મુની ન કહેવાય આ ત્રણ અધિકાર હિંસક, વિષયારંભક અને એકચર છે તે પહેલા ઉદ્દેશામાં છે.

બીજા ઉદ્દેશામાં હિંસાદિ પાપસ્થાનથી જે દુર રહે, તે વિરત મુનિ થાય, તે અર્થાધિકાર છે, વદન શીલ તે વાદી, પણ જે અવિરત વાદી હોય, તે પરિગ્રહ રાખનારો બને છે, તે આ બીજા ઉદ્દેશામાં બતાવશે.

ત્રીજા ઉદ્દેશામાં પૂર્વે કહેલો અવિરત જ્યારે પરિગ્રહ ત્યાગે ત્યારે અપરિગ્રહવાળો મુની બને છે, અર્થાત્ કામભોગની વાસનાથી દુર રહેલો, તે મુની છે, તે આમાં બતાવેલ છે.

ચોથા ઉદ્દેશામાં અવ્યક્ત ( અગીતાર્થ ) ને સૂત્રઅર્થ ભણ્યા વિના તથા સૂત્રાર્થ પરિણમ્યા વિના એકલો ફરવાથી દુઃખો ભોગવવાં પડે છે. તે બતાવ્યું છે.

પાંચમામાં હૃદની ઉપમાએ મુની એ થવું, એટલે જલ ભરેલો હૃદ ( હોજ ) પાણી ન ઝરી જાય, તો પ્રશંસવાયોગ્ય છે તેમ જ્ઞાનદર્શન ચારિત્રથી સદા સાધુ ભરેલો હોય, અને વિસરી ન જાય, તથા તે તપ સંયમ ગુપ્તિ . તથા નિઃસંગતા રાખે, તો તે શોભે છે, એમ બતાવ્યું છે.

છઠ્ઠા ઉદ્દેશામાં ઉન્માર્ગ (કુમાર્ગ)નું વર્જન છે એટલે કુદષ્ટિ તથા રાગદ્વેષ છોડવાનું બતાવ્યું છે, આ પ્રમાણે ત્રણ ગાથાનો અર્થ થયો, નામ નિષ્પન્ન નિક્ષેપામાં બે પ્રકારે નામ છે. તે આદાન પદ વડે નામ છે, તથા ગૌણ પણાથી છે તે બંનેને નિર્યુક્તિકાર કહે છે.

**आयाण पएणावंति गोण्ण नामेण लोगसारुत्ति ।**
**लोगस्स य सारस्स य चउक्कओ होइ निक्खेवो॥२३९॥**

( પ્રથમ જે ગ્રહણ કરાય, તે આદાન છે. તેની સાથે પદ શબ્દ જોડતાં આદાન પદ થયું અને તે કરણ ભૂત

વડે "આવન્તી" તે નામ છે. અધ્યયનની અંદર શરૂઆતમાં ( આવંતી બોલાય છે ) તે આદાન પદ નામ થયું તથા ગુણે વડે જે નામ બને, તે ગૌણ અને તેથી જે નામ પડે તે ગૌણ નામ છે. તે હેતુથી લોકસાર નામ છે.

ચૌદ રજ્જુ પ્રમાણ લોક છે તેનો સાર ( પરમાર્થ ) લોકસાર છે. બે પદવાળું આ નામ છે તેથી લોકના તથા સારના દરેકના ચાર પ્રકારે નિક્ષેપા થાય છે, નામ–સ્થાપના દ્રવ્યભાવ છે તેમાં નામ લોક તે કોઈનું નામ લોક હોય. ચૌદ રાજ લોકની સ્થાપનાનું ચિત્ર તે સ્થાપના લોક છે. તેની સ્થાપના નીચલી ત્રણ ગાથાઓથી જાણવી.

तिरिअं चउरो दोसुं, छद्दोसुं अट्ठ दसय एक्केक्के ।
बारस दोसु सोलस, दोसुं वीसाय चउसुंतु ॥१॥
पुण रवि सोलस दोसुं बारस दोसु तु हुंति नायव्वा ।
तिसु दस तिसु अट्ठच्छ, य दोसु दोसुं तु चत्तारि॥२॥
ओयरिय लोअमज्झा, चउरो चउरो यसव्वहिंणेया ।
तिअतिअ दुग दुग, एक्केक्कगं च जा सत्तमीएउ ॥३॥

( ગાથાનો પરમાર્થ ગુરૂગમથી જાણવો કારણ કે ટીકા નથી ) દ્રવ્ય લોકનું સ્વરૂપ જીવ પુદ્ગલ ધર્મ અધર્મ આકાશ કાળ એ છ દ્રવ્યનો સમુહ જેમાં છે તે દ્રવ્ય લોક છે. અને ભાવલોક ઔદયિક ઔપશમિક વિગેરે છ ભાવ વાળો

છે તે જાણવો. અથવા સર્વ દ્રવ્ય પર્યાય યુક્ત સ્વરૂપવાળો જાણવો.

સારના પણ નિક્ષેપામાંનામ, સ્થાપના સુગમને છોડી દ્રવ્ય સાર કહે છે.

**सव्वस्सथूल गुरुए, मज्झे देसप्पहाणसरिराई ।**
**घण एरंडे वइरे, खइरं च जिणा हुरा लाह ॥२५॥**

એમાં પૂર્વાર્ધ અને પશ્ચિમ અર્ધમાં યથા સંખ્ય અનુક્રમે સાર ગણવાં બધામાં ધન સાર ભૂત છે, જેમકે આ કોટીસાર ( કરોડપતિ ) છે અથવા પાંચ કપર્દિકા (બાળકોની રમવાની કોડીઓ) વાળો છે. સ્થૂળમાં એરંડો સાર છે ( અહીં સાર શબ્દ પ્રકર્ષ વાચી છે. ) સ્થૂળ મધ્યે એરંડો અથવા ભીંડો પ્રકર્ષ થયેલો છે, ગુરૂપણામાં વજ્ર ભારે છે. મધ્યમાં ખેરનું ઝાડ છે, દેશમાં આંખો અથવા વેણું છે. પ્રધાનમાં જ્યાં જે પ્રધાન ભાવ અનુભવે તે સચિત્ત અથવા અચિત્ત કે મિશ્રજ હોય તે, તથા સચિત્તમાં બે પગવાળો અપદ છે, તેમાં બે પગમાં તિર્થંકર છે. ચો પગમાં સિંહ છે. અપદ ( ઝાડો ) માં કલ્પવૃક્ષ છે. અચિત્તમાં વૈડૂર્ય મણિરત્ન છે મિશ્રમાં તીર્થંકરજ જ્યારે વિભૂષિત હોય છે, શરીરોમાં મુક્તિ જવાને યોગ્ય તથા વિશિષ્ઠ રૂપની પ્રાપ્તિ ( તીર્થંકર ચક્રવર્તીને આશ્રયી ) હોવાથી ઔદારિક પ્રધાન છે, ગાથામાં આદિ શબ્દ શરીર સાથે લેવાથી સ્વામિત્વ કરણ અધિ-

રણુમા સારતા યોજવી, જેમકે સ્વામીપણામાં ગોરસનું સારભૂત ઘી છે, કરણપણામાં મણી રત્નની સારતાવાળા મુકુટ વડે રાજા શોભે છે, અધિકરણમાં દહીંમાં ઘી, પાણીમાં કમળ ઊગેલું શોભે છે વિગેરે છે. હવે ભાવસાર બતાવે છે.

**भावे फलसाहणया, फलओ सिद्धी सुहुत्तम वरिट्ठा।**
**साहणय नाण दंसण, संजम तवसा तर्हि पगयं ॥२४१॥**

ભાવ વિષયમાં સાર વિચારતાં ફળનું સાધન તેજ સાર છે. જે, મતલબ માટે ક્રિયા કરીએ તે પ્રાપ્ત થાય. ( જેમકે—વિદ્યાર્થી વરસ સુધી ભણે અને પાસ થાય; ત્યારે ભાવસાર છે. ) જોકે, આ ફળ પ્રાપ્તિ પ્રધાન છતાં તે મળે. પછી તેનો અંત પણ આવીજાય અને અનિશ્ચિત પણ છે. તેથી; તે, અનેકાંત અનાત્યંતિક છે, તે કારણથી પરમાર્થથી જોતાં નિઃસાર છે. પણ તેથી ઊલટું એટલે, સિદ્ધિપદજ મેળવવું સાર છે. તે કેવું છે ?

ઉઃ—તે ઉત્તમ સુખવડે શ્રેષ્ઠ છે. કારણકે, તે એકાંત સુખવાળી, અત્યંત સુખ આપનારી સિદ્ધગતિ છે. તથા તેમાં કોઇ જાતની બાધા નથી, માટે તે સર્વોત્કૃષ્ટ છે, અને તેનાં સાધનો પ્રકૃત ( ચાલુ ) ઉપકારક જ્ઞાન દર્શન સંયમ, અને તપછે તે ભાવસાર સિદ્ધિફળ મેળવવા તેનાં સાધન જ્ઞાનાદિક છે. તેમાં આપણું કાર્ય છે. એટલે જ્ઞાનદર્શન ચારિત્રરૂપ-ભાવ

સારવડે અહીં અધિકાર છે. તેથી તે જ્ઞાન વિગેરે જે સિદ્ધિ ( મોક્ષ ) ના ઉપાયો છે, તેની ભાવસારતા બતાવે છે,

**लोगंमि कुसमएसु य, काम परिग्गह कुमग्ग लग्गेसुं।**
**सारो हु नाण दंसण, तवचरण गुणा हियट्ठाए ॥२४२॥**

ગૃહસ્થ લોકમાં ખરાબ ( સંસારી ) સિધ્ધાન્ત છે, તે કામવાસનાના આગ્રહથી કુમાર્ગ છે, તેમાં રક્ત બનેલા હોવાથી કામ પરિગ્રહનો આગ્રહી બની ગૃહસ્થ ભાવને તેઓ પ્રશંસે છે, અને બોલે છે કે.

**गृहाश्रमसमो धर्म्मो, नभूतो न भविष्यति ।**
**पालयन्ति नराः शूराः क्लीवा पाषण्डमाश्रिताः ॥१॥**

ગૃહસ્થાશ્રમ જેવો ધર્મ થયો નથી, થવાનો નથી, તેનું પાલન શૂર પુરૂષો કરે છે, પણ કલીબ (સત્વ વિનાના ) પુરૂષો તેને છોડી બાવા ( સાધુ ) બની જાય છે, કારણ કે ગૃહસ્થાશ્રમને ( ગૃહાશ્રમ ) ને આધારે બધા ત્યાગીઓ રહે છે, તેવું સાંભળીને ( ઓછીબુદ્ધિવાળા ) મહામોહથી મૂઢ બનીને ઇચ્છા મદન કામમાં પ્રવર્તે છે, તેજ પ્રમાણે ખરા સાધુ સિવાયના વેશધારીઓ પણ જેમણે ઇંદ્રિયોની કુચેષ્ટા રોકી નથી તેઓ પણ તે બે પ્રકારની કામ વાસનાને વખાણે છે,

એથી લોકમાં સારરૂપ જ્ઞાનદર્શન તપ ચારિત્રના ગુણો,

ઉત્તમ સુખવાળી શ્રેષ્ટ સિદ્ધિ મેળવવામાટે આદર કરવા યોગ્ય સાર છે, કારણ કે તે હિતસિદ્ધિ આપનાર છે, જો જ્ઞાન દર્શન તપ ચારિત્રના ગુણો હિત માટે સાર છે, તો શું કરવું તે કહે છે,

**चइऊणं संकपयं, सारपयमिणं दढेण घित्तव्वं ।**
**अत्थि जिओ परमपयं, जयणा जा रागदोसेहिं॥२४३॥**

પ્રથમ શંકા છોડી દે, અમારા કરેલા તપવિગેરેનું ફલ મોક્ષ આપશે કે નહિ, એવો વિકલ્પ તે શંકા છે, તે શંકાનુ પદ તે નિમિત્તકારણ છે, જેમકે જિનેશ્વરે કહેલા ઇંદ્રિયોથી ન જણાય, એવા ઝીણા વિષયો હોવાથી તે ફક્ત આગમ પ્રમાણે માનવા જોઇએ, તેમાં ન સમજતાં સંદેહ થાય તો પણ તે છોડીને આ જ્ઞાનાદિક સાર જે પૂર્વે બતાવેલ છે, તેને દઢ પણે ( સ્થિરચિત્તે ) કુમાર્ગે ચાલનારાઓથી ઠગાયા વિના નિશ્ચલપણે માનવાં, તથા પાળવાં, તે શંકા દૂર કરવા ગાથાના પાછલા બે પદમાં કહ્યું છે કે. જીવ છે, આમ પ્રથમ જીવને બધા **પદાર્થમાં** પ્રથમ લેવાથી અને જીવપ્રધાન હોવાથી બીજા અજીવ વિગેરે પદાર્થો પણ જાણી લેવા, ( કે બધા પદાર્થો વિદ્યમાન છે ) તથા જીવ વાળો ( શરીરધારી કે વિના શરીરનો ) જીવ જીવે છે, તથા જીવશે તથા તે સંસારી જીવ શુભ અશુભ કર્મના ફલને ભોગવનારો, અને તે " હું પોતે" એમ પ્રત્યક્ષ

સાધ્ય છે, અથવા તેને થતી ઇચ્છા દ્વેષ પ્રયત્ન વિગેરે કાર્યોના અનુમાનથી પણ સાધ્ય છે, તેજ પ્રમાણે અજીવો પણ ધર્મ અધર્મ આકાશ પુદગલને ગતિ, સ્થિતિ, અવગાહ આપવાના; તથા બે અણુ વિગેરે સ્કંધના હેતુરૂપ છે. તેથી, પાંચ દ્રવ્યસિદ્ધ થયાં, એ પ્રમાણે આસ્રવ-સંવર બંધ નિર્જરા પણ વિદ્યમાન છે. કારણકે, પુરૂષાર્થ પ્રધાનપણે છે. આ પદાર્થમાં આદિજીવ, અને અંતે મોક્ષ ગ્રહણ કરવાથી વચલા પદાર્થો આવીજાય છે. એટલે જીવ તો સૂત્રમાં સાક્ષાત્ છે, અને મોક્ષ હવેપછી બતાવે છે કે, પરમ તેજ પદ તે, પરમપદ છે. એમ જાણવું કે, મોક્ષ શુદ્ધપદ કહેવાતું હોવાથી વિદ્યમાન છે. કારણકે, તે બંધથી વિરૂદ્ધપક્ષમાં છે, અથવા બંધની સાથે અવિનાભાવિપણે છે. ( એટલે બંધ ત્યારેજ કહેવાય કે કોઇપણ અંશે બે પદાર્થ જુદા પડે. જો, જુદા ન પડે; તો, એકજ કહેવાય તે બંધ ન કહેવાય. માટે, જુદો પડે; તે મોક્ષજીવને કર્મરૂપી–અજીવ પદાર્થ પુદ્ગળ સ્કંધરૂપે કંઇ અંશે મળેલો તે સર્વથા જુદો પડે; તે સંપૂર્ણ મોક્ષ છે, અને થોડે અંશે જુદો પડે; તે દેશમોક્ષ છે. )

હવે, મોક્ષ જો હોય; પણ, તે પ્રાપ્ત કરવાનો ઉપાય ન હોય; તો, માણસો શું કરે ?

તેથી, તે બતાવે છે. **यतना** એટલે, રાગદ્વેષ છોડવામાં

યત્ન કરવો; તે પ્રથમ લક્ષણરૂપ–સંયમ પણ વિદ્યમાન છે. તેથી, આ પ્રમાણે જીવ અને પરમપદ વિદ્યમાન છે, તે ( મોક્ષમાં ) શંકા દૂર કરીને જ્ઞાનાદિક–સારપદને મેળવવા દૃઢ પ્રયત્ન કરવો. તેનાથી પણ અપર અપર ( ચઢતો ) સાર તથા શ્રેષ્ઠગતિ છે. એવું બતાવી ઉપક્ષેપ કહે છે:—

**लोगस्सउ कोसारो ?, तस्स य सारस्स को हवइ-**
**सारो ? ।**
**तस्स य सारो सारं, जइ जाणसि पुच्छिओ साह**
**॥२४४॥**

ચઉદ રાજપ્રમાણનો જે લોક છે, તેનો શું સાર છે? તે સારનો શું સાર? તે સારનો શું સાર? જો એ તમે જાણતા હો; તો, હું પુછું છું માટે કહો.

**लोगस्स सार धम्मो, धम्मंपि य नाणसारियं बिंति ।**
**नाणं संजम सारं, संजम सारं च निव्वाणं ॥२४५॥**

બધા લોકનો સાર ધર્મ છે, ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે, સંયમનો સાર નિર્વાણ છે. આ પ્રમાણે નામનિક્ષેપો કહ્યો. હવે, સૂત્રાનુગમમાં સૂત્ર કહેવું જોઇએ. તે કહે છે:—

**आवंती केयावंती लोयंसि विप्परामुसंति अट्ठाए अणट्ठाए, एएसु चेव विप्परामुसंति, गुरु से कामा,**

**तओसे मारंते, जओसे मारंते तओ से दूरे, नेव से अंतो नेव दूरे (सू० १४१)**

आवन्ती—વિગેરે, જેટલા જીવો, મનુષ્ય, અથવા બીજા અસંયત છે, તેમાંના કેટલાક ચૌદ રાજપ્રમાણ લોકમાં ગૃહસ્થ, અથવા અન્ય તીર્થિક લોક છે, તેઓ, છ જીવની-કાયના આરંભમાં પ્રવર્તીને અનેક પ્રકારે વિષયના રસીયા બની પીડા કરે છે. એટલે દંડાથી કે, ચાબખાથી મારવા વિગેરેથી દુઃખ દે છે. શામાટે દુઃખ દે છે? તે કહે છેઃ—

ધર્મ, અર્થ, કામ માટે, પ્રયોજન આવતાં જીવોને ઘાત કરે છે તે બતાવે છે. ધર્મનિમિત્ત તે, શૌચ ( પવિત્રતા ) માટે પૃથ્વીકાય ( કાચી માટી ) ને દુઃખ દે છે. ધન મેળ-વવા ખેતી વિગેરે કરે છે. કામ ( શરીરશોભા ) માટે આભૂ-ષણુ વિગેરે બનાવે છે. એ પ્રમાણે બીજી કાયોની હિંસા કરવા સંબંધી પણુ જાણુવું. હવે, અનર્થથી ( વિનાપ્રયોજને ) તે ફક્ત શોખના માટેજ શિકાર વિગેરે પ્રાણીનો નાશ કરનારી ક્રિયાઓ કરે છે. તેથી, એ પ્રમાણે પ્રયોજને અથવા અપ્રયોજને પ્રાણીઓને હણી; તે છ જીવનિકાયના સ્થા-નમાં વિવિધ પ્રકારે સૂક્ષ્મબાદર પર્યાપ્તક–અપર્યાપ્તક વિગેરે ભેદવાળાં એકેંદ્રિય વિગેરે પ્રાણીઓને દુઃખ દે છે. પછી તેમાંજ પોતે અનેકવાર ઉત્પન્ન થાય છે. અથવા, તે છ જીવ-નીકાયને બાધા કરી તેનાથી બંધાયલાં કર્મવડે તેજ કાયોમાં

ઉત્પન્ન થઇને તેવા તેવા પ્રકારોવડે કર્મોને ભોગવે છે, તે સંબંધમાં નાગાર્જુનીયા આ પ્રમાણે કહે છે:—

**"जावंति केइलोए छकाय वहं समारंभंति अट्ठाए अणट्ठाएवा"** વિગેરે.—

સૂત્રમાં આનો અર્થ આવી ગયો છે.

શંકા—એમ હશે; પણ, શામાટે આવાં કર્મો જીવ કરે છે કે, જે અન્ય કાયમાં જઇને ભોગવવાં પડે છે ?

ઉત્તરઃ—**गुरुसे०** વિગેરે તત્ત્વને નહીં જાણનારા તે જીવને સુંદર શબ્દ વિગેરે ઇચ્છવા યોગ્ય કામ ( વિષયો ) દુઃખેકરીને છોડવા યોગ્ય છે ? કારણકે, અલ્પ સત્ત્વવાળા જેમણે પુણ્યનો સમૂહ પૂરો નથી કર્યો; તેઓને તે ઉલ્લંઘવું દુષ્કર છે, તેથી તે કાયમાં આરંભ કરે છે, અને તેથી પાપ બંધાય છે, તેથી શું થાય તે કહે છે, તે સંસારી જીવે છ જીવ નિકાયને દુઃખ દેવાથી તથા અધિક વિષય લાલસા કરવાથી પોતે માર તે આયુષ્યનો ક્ષય (મરણ વશ) ને પ્રાપ્ત થાય છે, અને મરેલા જીવને જન્મ અવશ્ય થવાનો છે, જન્મમાં પાછું મરણ થવાનું, એ પ્રમાણે જન્મ મરણ રૂપ સંસાર સમુદ્રમાં ઉપર આવવું, નીચે જવું, તેથી જીવ છુટતો નથી, પછી બીજું તે શું કરે છે, તે કહે,છે, जओ વિગેરે જેથી તે મૃત્યુના મધ્યમાં પડેલો પરમ પદના ઉપાયો જ્ઞાન વિગેરે રત્નત્રયથી, અથવા તેનું કાર્ય મોક્ષ તેથી દૂર રહે, અથવા

સુખનો અર્થી તે કામોને ત્યજતો નથી, અને વિષય રસ ન છોડ વાથી પાછો મરણના મુખમાં જાય છે, તેથી જન્મ જરા મરણ રોગ શોકથી ઘેરાયેલો સુખથી દૂર રહે છે, તે અધિક વિષય રસીયાને મૃત્યુના મુખમાં પડતાં શું થાય છે તે કહે છે, " नेवसे. વિગેરે " પછી તે વિષય સુખના કિનારે આવતોજ નથી તેનો અભિલાષ હૃદયમાં રહેવાથી કામ વાસનાને ન ત્યાગવાથી સંસારથી દૂર નથી થતો, અથવા જેને અધિક વિષય આસ્વાદ છે તે કર્મની અંદર છે કે બહાર છે ! ઉત્તર 'नेवसे.' તે જીવકર્મના મધ્યમાં ભિન્નગ્રંથી હોવાથી નથીજ; કારણકે, ભવિષ્યમાં તેનાં કર્મ અવશ્ય ક્ષય થશે તેમ દૂર પણ નથી; કારણકે, કોટીકોટી ( કોડાકોડી ) સાગરોપમમાં થોડું ઓછું એવી તેની સ્થિતિ છે, પૂર્વે કહેલાં કારણોથી ચારિત્રની પ્રાપ્તિમાંજ તે કર્મની અંદર નથી તેમ દૂર નથી. એમ બોલવું શક્ય છે. ( ચારિત્ર આત્મામાં એકવાર ફરસ્યું હોય; તો, તેનો મોક્ષ થાય છે, અથવા જેણે આ પ્રાણોનું લેવારૂપ કર્મ ન કર્યું, તે સંસારના અંતર્ભૂત છે. કે બહાર વર્તે છે. ! તેવી શંકાનુ સમાધાન કરે છે, તે જીવ રક્ષક સાધુનાં ઘાતિકર્મો ક્ષય થવાથી કેવળી તે સંસારના મધ્યમાં નગણાય, તેમ દૂર પણ નથી, કારણ કે ચાર અઘાતિકર્મ બાકી છે, આ ( કેવળીને આશ્રયી છે ) જેણે ગ્રંથી ભેદ કરીને દુષ્પ્રાપ્ય એવું સમ્યકત્વ પ્રાપ્ત કર્યું

અને સંસારના આરાતીય તીરે (મોક્ષમાં જવાની તૈયારીવાળો) કેવા અધ્ય વસાયવાળો હોય છે, તે કહે છે,

**से पासइफुसियमवि कुसग्गे पणुन्नं निवइयं वाएरियं, एवं बालस्स जीवियं मंदस्स अवियणाओ, कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण मूढे विप्परि आसमुवेइ, मोहेण गब्भं मरणाइ एइ, एत्थ मोहे पुणो पुणो (सू० १४२)**

જેનું મિથ્યાત્વ પડલ (પડદો) દૂર થયેલ છે, અને સમ્યકત્વના પ્રભાવથી સંસારની અસારતા જાણેલી છે, (દશ્ય ધાતુનો અર્થ પ્રાપ્તિના અર્થમાં છે,) તે જાણે છે કે, કુશના અગ્ર ભાગે રહેલા પાણીના બિંદુ માફક સંસારી (બાલ) જીવનું આયુષ્ય છે, અને તે પાણીના બિંદુ ઉપર ઉપરથી આવતા પાણીના બીજા બિંદુથી પ્રેરણા થતાં વાયુના ઝપાટાથી પડતાં વાર ન લાગે, તેમ આ બાલ જીવનું જીવિત છે, તેનું ક્ષણમાત્ર જીવિત જાણીને, તત્ત્વ જાણનારો ડાહ્યો સાધુ તેમાં મોહ ન કરે, માટે બાળ શબ્દ લીધો છે, એટલે બાળ તે અજ્ઞાની છે, તે અજ્ઞાનપણાથી જીવિતને બહુ માને છે, તેથી બાળ છે, મંદ છે, સદ્‌અસત્‌ના વિવેકથી શૂન્ય છે, તેથી બુદ્ધિહીન હોવાથીજ પરમાર્થને જાણતો નથી, અને પરમાર્થને ન જાણવાથીજ જીવિતને બહુ માને છે, અને પરમાર્થ ન જાણવાથી તે શું કરે છે, તે કહે છે, 'कूराग.'

વિગેરે' તે નિર્દયતાનાં કૃત્યો કરે છે, હિંસા જૂઠ વિગેરે જે બીજા લોકોને આશ્ચર્ય પમાડે તેવાં મહાન પાપ અથવા અઢારે પાપ સ્થાનને તે બાલ જીવ કરે છે, (આત્મને પદ ક્રિયાપદ લેવાથી પોતાને માટે તે કરે છે, ) તેનું ફળ બતાવે છે, ક્રૂર કર્મના વિપાકથી મેળવેલા દુઃખવડે શું કરવું ? એમ વિચારમાં મૂઢ બનેલો કયા કૃત્યથી મારૂં આ દુઃખ દૂર થશે, એમ મોહથી મોહિત થયેલો વિપર્યાસ (ઉલટો રસ્તો) પામે છે, એટલે તે મૂઢ જે પ્રાણીની ઘાત વિગેરે પાપકૃત્યો જે દુઃખ મળવાનાં કારણો છે, તેજ હિંસાના કૃત્ય પાપ દૂર કરવા માટે ફરી કરે છે! વળી 'મોહેણ' મોહ અજ્ઞાન છે, અથવા મોહનીય કર્મ છે, તે મિથ્યાત્વ કષાય વિષયનો અભિલાષ રૂપ છે, તેના વડે મૂઢ થયેલો નવાં અશુભ કર્મ બાંધે છે, તેનાથી ગર્ભમાં જાય છે, પછી જન્મ બાલાવસ્થા કુમાર જોવન બુઢાપો વિગેરે તેને મળે છે, વળી તે વિષય કષાય વિગેરેથી કર્મ નવાં બાંધીને આયુના ક્ષયથી મરણ પામે છે, આદિશબ્દથી પાછો ગર્ભ જન્મ વિગેરે મેળવે, એમ જાણવું. પછી તે નરક વિગેરેનાં દુઃખ પામે છે, તે કહે છે. एत्थ. ઉપર કહેલા મોહ કાર્ય તે ગર્ભ મરણ વિગેરેમાં વારંવાર અનાદિ અનંત ચાર ગતિરૂપ સંસાર કાંતારમાં તે જીવ ભ્રમણ કરે છે, પણ તેનાથી મુકત થતો નથી, ત્યારે કેવી રીતે ભ્રમણ

ન કરે ? ઉત્તર મિથ્યાત્વ કષાય અને વિષયના અભિલાષથી દૂર રહેતો-તે કેવી રીતે દૂર થાય ? ઉત્તર-વિશિષ્ટ જ્ઞાનની ઉત્પત્તિથી ? પ્ર.-તે કેવી રીતે મળે ? ઉ.-મોહના અભાવથી ? જો આ પ્રમાણે એક બીજાને આશ્રયે રહેલાં છે, જેમકે મોહ અજ્ઞાન અથવા મોહનીય કર્મ તેના અભાવથી વિશિષ્ટ જ્ઞાન, તે પણ મોહનીય કર્મ દૂર થવાથી એ પ્રમાણે ઈતર ઇતર આશ્રય દોષ ખુલ્લોજ થાય છે, ? એટલે એમ થયું કે જ્યાં સુધી વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કર્મ શાંત કરવાની પ્રવૃત્તિ પણ ન થાય. ઉત્તર-તમે જે કહેલો દોષ લાગતો નથી. કારણ કે અર્થ ( પદાર્થ ) નો સંશય આવતાં પણ પ્રવૃત્તિ થતી દેખાય છે, તે સૂત્ર કહે છે.

**संसयं परिआणओ संसारे परिन्नाए भवइ, संसयं अपरियाणओ संसारे अपरिन्नाए भवइ (सू० १४३)**

બંને બાજુના અંશ જેમાં દેખાય ત્યાં સંશય થાય છે, તે અર્થ સંશય અને અનર્થ સંશય એમ બે ભેદે છે. અહીં અર્થ તે મોક્ષ, તથા મોક્ષનો ઉપાય છે, તેમાં મોક્ષમાં સંશય નથી, કારણ કે તેને પરમ પદ એમ સ્વીકાર્યું છે, પણ તેના ઉપાયમાં સંશય હોય તો પણ પ્રવૃત્તિ થાય છે, અર્થ સંશય તે પ્રવૃત્તિનું અંગ છે, અને અનર્થ તે સંસાર અને સંસારનાં કારણો છે, તેના સંદેહમાં પણ નિવૃત્તિ થાયજ, કારણ કે અનર્થ સંશય તે નિવૃત્તિનું અંગ છે, એથી

અર્થમાં અથવા અનર્થમાં રહેલ સંશયને જાણતો હોય તેને હેય ઉપાદેયની પ્રવૃત્તિ થાય છે, તેજ પરમાર્થથી સંસારનું પરિજ્ઞાન છે, તે બતાવે છે, તે પરિજ્ઞાન વડે સંશયને જાણનારાથી ચાર ગતિવાળો સંસાર અથવા તેનું મૂળ કારણ મિથ્યાત્વ અવિરતિ વિગેરે અનર્થપણે જ્ઞ પરિજ્ઞાવડે જાણેલું થાય છે, તે બતાવે છે, અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે ત્યાગ થાય છે, પણ જે સંશયને નથી જાણતો, તે સંસારને પણ નથી જાણતો, તે બતાવે છે, संशयं. સંદેહને બંને પ્રકારે ન જાણનારાની હેય ઉપાદેયની પ્રવૃત્તિ નહીં થાય, અને પ્રવૃત્તિ વિના સંસાર અનિત્ય છે, અશુચિથી ભરેલો છે, ઘણાં દુઃખ આપનારો છે, નિઃસાર છે. એમ તે જાણતો નથી, આ નિશ્ચય કેવી રીતે થાય—કે તે સંશય જાણનારે સંસાર જાણ્યો છે? તથા શું નિશ્ચય કરવો? ઉત્તર—સંસારના પરિજ્ઞાનનું કાર્ય વિરતિની પ્રાપ્તિ થાય છે, તેથી સર્વ વિરતિમાં પ્રષ્ઠ (શ્રેષ્ટ) વિરતિને બતાવવા કહે છે.

**जे छेए से सागारियं न सेवइ, कट्टु एवमवियाणओ बिइया मंदस्स बालया. लद्धा हुरत्था पडिलेहाए आगमित्ता। आणविज्जा अणासेवणयत्तिबेमि ( सू० १८४ )**

जे छेए—જે નિપુણ છે, જેણે પુણ્ય પાપ જાણ્યાં છે, તે મૈથુન (સંસાર સંબંધ) મન વચન કાયાથી કરતો

નથી, તેનેજ સંસાર જાણુનારો કહેવો, (તે જે સ્ત્રીસંગ મન વચન કાયથી ન કરે ) પણ મોહનીય કર્મના ઉદયથી જે પાસત્થા (શિથિલ સાધુ) છે, તે સેવે છે, અને સેવીને પછી સાતા તથા ગૌરવ નાશ થવાના ભયથી શું કરે તે કહે છે, કટ્ટુ એકાંતમાં કુચાલ સેવીને ગુરૂ વિગેરે એ પૂછતાં જુઠું બોલે, આવી રીતે જુઠું બોલી પાપ છુપાવનારને શું થશે તે કહે છે, વિઇઆ અબુદ્ધિમાનને પ્રથમ તો કુકર્મ કર્યું તે અજ્ઞાનતા છે, અને પાછું જુઠું બોલતાં મૃષા વાદનો દોષ લાગે છે, તથા તે ફરી ન કરવાપણે ફરી અનુત્થાન (ચાલુ) છે, આ સંબંધે નાગાર્જુનીયા આ પ્રમાણે કહે છે.

" जे खलु विसए सेवइ सेवित्ता वाणालोएइ, परेणवा पुट्ठो निण्हवइ, अहवा तं परंसएण वा दोसेण पाविट्ठयरेण वादोसेण उवलिंपिज्जंत्ति "

જે કુકર્મ કરે કરીને આલોચના કરતો નથી, અથવા બીજાએ પૂછતાં જુઠું બોલે છે, અથવા પાપી પોતાના દોષો વડે વધારે વધારે લેપાય છે. જો એમ છે, તો શું કરવું, તે કહે છે, લદ્ધાહુ કામો પ્રાપ્ત થયે છતે પણ હુરત્થે ચિત્ર ક્ષુલ્લક (મુનિ) માફક તેનાં કડવાં ફળ જાણીને ચિત્તથી તે બહાર કરે (અથવા હુશબ્દ અપિ અર્થમાં લઇ રેફનો આગમ થયો તે બીજીના અર્થમાં પ્રથમ વિભક્તિ લેતાં ) આવો અર્થ થાય છે કે, મેળવેલા હોય, તે વિપાકદ્વારવડે

વિચારીને તથા તે શબ્દાદિનાં કડવાં ફળ જાણીને બીજાને તેવાં પાપ કરવાની આજ્ઞા પણ પોતે ન આપે, તેમ પોતે પણ છોડે, એવું સુધર્મા સ્વામી કહે છે, જે મેં પૂર્વે કહ્યું, તે મેં એક સરખો શ્રેષ્ટ જ્ઞાન પ્રવાહ મેળવ્યો છે; અને શબ્દાદિનાં કડવાં ફળને જાણવાથી દેખવાથી જિનેશ્વરના વચન ઉપર મને આનંદ થયો છે, (પ્રથમ ભગવાનનું વચન સાંભળ્યું, તેથી કડવાં ફળ જાણ્યાં પછી અનુભવ્યું તેથી વિશ્વાસ થયો) તેથી હું કહું છું કે

पासह एगे रूवेसुगेद्धे परिणिज्जमाणे, इत्थ फासे पुणो पुणो, आवंती केयावंती लोयंसि आरंभ जीवी, एएसु चेव आरंभ जीवी, इत्थवि बाले परिपच्चमाणे रमई पावेहिं कम्मेहिं असरणे सरणंति मन्नमाणे, इह मेगेसिं एग चरिया भवइ, से बहु कोहे बहुमाणे बहुमाए बहुलोभे बहुरए बहुनडे बहुसढे बहु संकप्पे आसवसत्ती पलिउच्छन्ने उट्ठिय-वायं पवयमाणे मामे केइ अदक्खू अन्नाय पमाय दोसेणं, सययं मूढे धम्मं नाभि जाणइ, अट्टा पयामाणव! कंम कोविया जे अणुवरया अविज्जाए पलिमुक्ख माहु आवट्टमेव अणुपरियट्टंति त्तिबेमि (सू० १४५) लोकसारे प्रथमोद्देशकः ॥ ५-१

હે એકાંત ધર્મ રકત મનુષ્યો ? તમે દેખો ? (રૂપમાં બહુવચન લેવાથી આદિ શબ્દનો અર્થ થાય છે, એટલે રૂપઆદિ) કે રૂપ વિગેરે ઇંદ્રિયોના રસ જે ખાસ કડવાં ફળ આપનાર અસાર છે, તેમાં ગૃદ્ધ થયેલા અથવા સંસારમાં પડેલા જીવો સ્વાદ લઈને પછી દુઃખ ભોગવવા નરક વિગેરે પીડા સ્થાનમાં ગયેલા છે, તે પ્રાણીઓને જુઓ ? (કોઈને નરક ઉપર વિશ્વાસ ન હોય તો કસાઈખાનામાં પશુ પક્ષીઓને ગળે છુરી ફરતી દેખો, કે તે પશુ પક્ષીઓ આવી દશામાં પડવાનું શું કારણ છે, તથા પશુને મારનારા મરાવનારા માંસનો સ્વાદ કરનારાની શું દશા થશે, તે પણ વિચારો ?) તે વિષય રસના સ્વાદુઓ ઇંદ્રિઓને વશ થઈ શું ફળ મેળવે તે કહે છે, एत्थफासे. આ સંસારમાં ઇંદ્રિયથી પરવશ થયેલો મૂઢ બનીને કર્મની પરિણતિરૂપ સ્પર્શોને વારંવાર તેવા તેવા સ્થાનમાં તે ભોગવે, પાઠાંતરમાં एत्थमोहे છે, આ સંસારમાં મોહ તે અજ્ઞાન અથવા ચારિત્ર મોહમાં વારંવાર મૂઢ બને છે, કોણ ? ઉત્તર–आरंती–જે કોઈ ગૃહસ્થ આ લોકમાં પેટ ભરવા પાપ આરંભ કરનારા છે તેઓ (બીજાને દુઃખ દેઇને) પોતે પાછાં તેવાં દુઃખ મેળવે છે, વળી તે ગૃહસ્થોનો આશ્રય કરીને રહેલ આરંભ કરનારો કરાવનારો અનુમોદનારો જનેતર કે પાસત્થો વેષ વિડંબક સાધુ છે, તે પણ ગૃહસ્થો માફક દુઃખ ભોગવે છે, તે

બતાવે છે, एएसु સાવદ્ય આરંભમાં પડેલા ગ્રહસ્થોમાં શરીર નિર્વાહ માટે રહેતો જૈનેતર કે પાસત્થો સાધુપણ આરંભ જીવી હોય, તે પૂર્વે બતાવેલો દુઃખનો ભાગીયો થાય, વળી ગૃહસ્થ કે જૈનેતર તો દૂર રહો, પણ જે સંસાર સમુદ્રથી તરવારૂપ સમ્યક્ત્વ રત્ન મેળવીને મોક્ષનું એક કારણ વિરતિ પરિણામ પામીને પણ જો પાપકર્મના ઉદયથી ચારિત્રને પૂરૂં ન પાળે તો તે પણ સાવદ્ય અનુષ્ઠાન કરનારો બને છે, તે કહે છે एत्थवि આ અર્હત્ પ્રણીત સંયમ મેળવીને રાગદ્વેષથી વ્યાકુલ બનેલો અંદરથી તપતો અથવા ઉત્કંઠા કરતો વિષયની આાંકક્ષાથી રમે છે, ? કોની સાથે ? ઉત્તર-પાપ કૃત્યોવડે વિષય રસ લેવા સાવદ્ય અનુષ્ઠાનમાં ચિત્ત લગાડે છે, શું કરતો ? ઉત્તર—असरण કામાગ્નિ અથવા પાપકર્મથી બળતો જો કે સાવદ્ય અનુષ્ઠાન અશરણ છે, છતાં તેનું શરણ લેતો ભોગની ઇચ્છાવાળો અજ્ઞાન અંધકારથી છવાયેલી દૃષ્ટિવાળો (કામાંધ બનેલા) વારંવાર અનેક દુઃખોને અનુભવે છે, ગૃહસ્થ કે જૈનેતર દૂર રહો, પણ પ્રવજ્યા (દીક્ષા) લેઈને પણ કેટલાક વેષ વિડંબકો દુરાચારોને આચરે છે, તે બતાવે છે, इहमे આ મનુષ્ય લોકમાં કેટલાક એકલા ફરે છે, (ચરાય તે ચરણ અથવા ચર્યા, એકલાની ચર્યા તે એક ચર્યા ) તે એકલવિહારીપણું પ્રશસ્ત અપ્રશસ્ત એમ બે ભેદે છે, તથા તે દ્રવ્યથી ભાવથી એમ બે ભેદે છે, તેમાં દ્રવ્યથી

તે ગૃહસ્થ પાખંડી વિગેરેનું વિષય કષાય વિગેરે માટે એકલાનું ફરવું થાય, અને ભાવથી અપ્રશસ્ત ન હોય, કારણ કે રાગ દ્વેષના અભાવથી તે એક ચર્યા હોય છે, અને રાગ દ્વેષના અભાવમાં અ પ્રશસ્ત પણું ન કહેવાય, પ્રશસ્ત એક ચર્યા તે દ્રવ્યથી પ્રતિમા ધારણ કરેલા ગચ્છમાંથી નીકળેલા જિનકલ્પીને છે, તથા સ્થવિર કલ્પીને સંઘ વિગેરેના કાર્ય માટે એકલા જવું પડે તે છે, અને ભાવથી તો પ્રશસ્ત એકચર્યા રાગ દ્વેષના વિરહથી થાય છે, તેમાં દ્રવ્યથી તથા ભાવથી એકચર્યા તે કેવળ જ્ઞાન ઉત્પન્ન ન થયેલા તીર્થંકરોએ સંયમ લીધા પછીનો છદ્મસ્થ કાલ છે, બાકીના બધા ચાર ભાંગામાં આવે છે, તેમાં પ્રથમ અપ્રશસ્ત દ્રવ્ય એક ચર્યાનું દૃષ્ટાંત કહે છે, પૂર્વ દેશમાં ધાન્યપૂરક નામના સંનિવેશમાં જુવાન વયમાં દેવકુમાર જેવા રૂપવાન્ તાપસે ગામના નીકળવાના રસ્તા ઉપર છઠનો તપ શરૂ કર્યો, બીજા તાપસે પાસેના ગામમાં પર્વતની ગુફામાં અઠમ તપ કરીને આતાપના લેવા લાગ્યો, પછી ગામમાંથી નીકળતાં તે તાપસને ઠંડ તાપ સહેતો દેખીને લોકોએ તેના ગુણોથી રંજીત થઈને આહાર વિગેરેથી તેનું સન્માન કર્યું, લોકોએ પૂજતાં તથા સત્કાર કરતાં તે તપાસે લોકોને કહ્યું, કે મારાથી પણ બીજો પહાડની ગુફાવાળો તાપસ વધારે કષ્ટ સહન કરે છે, તેથી લોકોએ તેને વારંવાર સ્તુતિ કરતો જોઇ તેમણે તે બીજા

તાપસની પણ પૂજા કરી, અને પારકાના ગુણો ગાવા દુષ્કર છે, એમ જાણીને તેનો પણ સત્કાર કર્યો. આ પ્રમાણે બંને ભાઇએ એકલા રહીને પૂજાવા માટે તપ કર્યો, તેથી તે અપ્રશસ્ત છે. આ પ્રમાણે બીજા પણ એક ચર્યાના દૃષ્ટાંતો યથા સંભવ વિચારી લેવા. આ પ્રમાણે સૂત્રાર્થ કહેતાં સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ વડે નિર્યુક્તિકાર કહે છે.

**चारो चरिया चरणं, एगट्ठं वंजणं तहिं छक्कं ।**
**दव्वं तु दारु संकम जल थल चाराइयं बहुहा ॥२४३॥**

ચાર (તે ચર ધાતુનો અર્થ ગતિ તથા ખાવાના અર્થમાં છે, તેનું ભાવમાં ચાર રૂપ બને છે,) તથા ચર્યા શબ્દ (પા. ૩-૧-૧૦૦ ના સૂત્ર પ્રમાણે) બને છે, તેમ ચરણ પણ બને છે, એક તે અભિન્ન, અર્થ (સમાન અર્થ) વાળા તે એકાર્થ કહેવાય છે. જેના વડે અર્થ પ્રગટ કરાય તે વ્યંજન શબ્દ છે, અર્થાત્ ચાર, ચર્યા અને ચરણ એ ત્રણે શબ્દ એક અર્થવાળા છે, તેથી તેના જુદા નિક્ષેપા છ પ્રકારે છે, નામ સ્થાપના સુગમને છોડીને જ્ઞ શરીર ભવ્ય શરીરથી જુદો 'દ્રવ્ય ચાર' તે અડધી ગાથામાં બતાવ્યો છે, दव्वं तु તુ શબ્દનો અર્થ પુનઃ છે, દ્રવ્ય આવી રીતે થાય છે, દારૂ (લાકડું) ચાલે છે, તે જલમાં તથા સ્થલમાં ચાલે છે, તેથી તે પ્રથમ કહે છે, તે લાકડું જલમાં સ્થલમાં અનેક પ્રકારે ચાલે છે, એટલે લાકડાનો પૂલ વિગેરે પાણીમાં

બનાવે છે, અને સ્થલમાં ખાડા વિગેરે ઓળંગવા માટે લાકડાં ગોઠવે છે, તેમજ જલમાં લાકડાની નાવ વડે ચલાય છે, જમીન ઉપર રથ વિગેરેથી ચલાય છે, તેમજ આદિ શબ્દથી તે લાકડું મહેલ બનાવવા વિગેરેમાં દાદર બનાવવામાં કામ લાગે છે, તથા જે જે દ્રવ્ય એક દેશથી બીજા દેશમાં જવા માટે વપરાય તે દ્રવ્ય ચાર છે. હવે ક્ષેત્ર ચાર વિગેરે કહે છે,

**खित्तं तु जंमि खित्ते, कालो काले जहिं भवे चारो ।**
**भावंमि नाण दंसण, चरणं तु पसत्थ मपसत्थ॥२४७॥**

જે ક્ષેત્રમાં ચાર (ચાલવાનું) કરીયે અથવા જેટલું ક્ષેત્ર ચાલીએ, તે ક્ષેત્ર ચાર કહેવાય છે, તે પ્રમાણે જે કાલમાં ચાલીએ, અથવા જેટલો કાળ ચાલીએ તે કાળ ચાર છે,

ભાવમાં ચાર કે ચરણ બે પ્રકારનું છે, પ્રશસ્ત અને અપ્રશસ્ત છે. તેમાં પ્રશસ્ત ચરણ તે 'જ્ઞાન દર્શન અને ચારિત્ર' છે, અને એનાથી ઉલટું અપ્રશસ્ત ચરણ તે ગ્રહસ્થ અને અન્યદર્શીનીઓનું સંસારી વર્તન છે. તેથી આ પ્રમાણે દ્રવ્ય વિગેરે ચાર પ્રકારનું ચરણ બતાવીને વર્તમાનમાં ઉપયોગીપણે સાધુનો પ્રશસ્ત ભાવ ચાર પ્રશ્ન દ્વારાએ નિર્યુક્તિકાર બતાવે છે.

**लोगे चउव्विहंमी, समणस्स चउव्विहो कहं चारो ?**

**होई थिई अहिगारो, विसेसओ खित्तकालेसुं ॥२४८॥**

ચાર પ્રકારના દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવરૂપ લોકમાં શ્રમ સહેનાર તે શ્રમણ (યતિ) નો કેવી રીતનો દ્રવ્યાદિ ચાર પ્રકારનો ચાર છે ?

ઉત્તર—અહીં ધૃતિ (ધૈર્યતા)નો અધિકાર છે, એટલે ચાર પ્રકારે ધૈર્યતા રાખવી.

## ચાર પ્રકારની ધૈર્યતા.

દ્રવ્યથી ધૈર્યતા-એટલે અરસ (રસ રહિત) તથા વિરસ તે તુચ્છ તથા લુખ્ખું વિગેરે ભોજન મળે, તો પણ તેમાં ધૈર્યતા રાખવી,

ક્ષેત્ર ધૈર્યતા—એટલે કુતીર્થિકે લોકોને પોતાના રાગી બનાવ્યા હોય, અથવા કુદરતીજ લોકો અભદ્રક હોય (તો સાધુનું બહુ માન ન કરે તેથી) સાધુએ ઉદ્વેગ ન કરવો,

કાળ ધૈર્યતા—તે દુકાળ વિગેરે મુશ્કેલીના વખતમાં જેવું ભોજન વિગેરે મળે, તેમાં સંતોષ રાખવો.

ભાવ ધૈર્યતા—તે કોઇ આક્રોશ કરે, હાંસી કરે અપમાન કરે, તોપણ ક્રોધાયમાન ન થવું, પણ વિશેષે કરીને તો ક્ષેત્રકાળમાં હલકાપણું હોય ત્યાં વધારે ધૈર્યતા રાખવાની છે, કારણ કે પ્રાયે તેના નિમિત્તેજ દ્રવ્ય અને ભાવમાં અધૈર્યતા થાય છે.

હવે ફરીથી દ્રવ્યાદિકના ભાંગાથી સાધુનો ચાર કહે છે.

**पावोकरए अपरिग्गहे अगुरुकुल निसेवए जुत्ते।**
**उम्मग्ग वज्जए राग, दोसविरए य से विहरे ॥२४९॥**

'**पापो परतः**—એટલે પાપના હેતુ જે સાવદ્ય અનુષ્ઠાન હિંસા, જૂઠ અદત્ત આદાન (ચોરી) અને બ્રહ્મચર્ય ભંગ એ પાપોથી પોતે દૂર રહે, તથા પરિગ્રહ ન રાખે તે અપરિગ્રહ. એટલે દ્રવ્યચારમાં પાંચે મહાવ્રત પાળવાનું બતાવ્યું, તથા ક્ષેત્ર ચાર હવે બતાવે છે કે—ગુરૂકુલ તે ગુરૂ પાસે રહેવું, તથા તેની સેવામાં રહેવું. એટલે આખી જીંદગી સુધી ગુરૂના ઉપદેશ વિગેરેથી (તેમનું મન પ્રસન્ન કરીને) ચારિત્ર નિર્મળ પાળવું, આથી કાળ ચાર બતાવ્યો. કે આખી જીંદગી સુધી બધો કાળ ગુરૂની આજ્ઞામાં વર્ત્તવું.

હવે ભાવચાર કહે છે, સાધુ માર્ગથી ઉલટો તે ઉન્માર્ગ છે, એટલે કોઈ પણ જાતનું કુકર્મ હોય તેનું વર્જન કરે, તે ઉન્માર્ગ વર્જક છે. તથા રાગદ્વેષથી વિરત બનીને તે સાધુ વિહાર કરે તથા સંયમ અનુષ્ઠાન યોગ્ય રીતે કરે. નિર્યુક્તિકારે ચાર બતાવ્યો.

હવે પાછું સૂત્ર આશ્રયી ચાર (ચર્યા) બતાવે છે. તેમાં પૂર્વે વિષય કષાય નિમિત્ત જે એકચર્યા (એકલવિહાર) કરે. તે કેવો થાય તે કહે છે. **से बहुकोहे**—વિગેરે એટલે વિષયગૃદ્ધ બનેલો ઇંદ્રિયોને અનુકૂલ વર્ત્તનારો એકલો પડેલો પતિત સાધુ અથવા ગ્રહસ્થ હોય, તેનું બીજા માણસો

અપમાન કરે તો તે બહુ ક્રોધવાળો બને, તથા કોઇ તપ વિગેરેના કારણે વંદન કરે તો બહુમાનવાળો ( અહંકારી ) બને. તથા કુરૂકુચાદિ ( કુચેષ્ટા ) તથા કલ્ક ( ખોટી ) તપશ્ચ્યા કરીને બહુ કપટી બને અને આ બધું કૃત્ય આહાર વિગેરેના લોભથી કરે માટે તે બહુ લોભી બને, અને તેજ કારણથી બહુ રજવાળો એટલે બહુ પાપરૂપ કર્મ રજવાળો અથવા આરંભ વિગેરેમાં બહુ રકત બને તેથી બહુરત કહેવાય છે, તથા નટની માફક ભોગો ( સંસારી સુખ ) લેવા બહુવેષો ધારણ કરે તે બહુ નટ કહેવાય. તેજ પ્રમાણે ઘણા પ્રકારે શઠપણું કરે તેથી બહુ શઠ કહેવાય, તથા સંસારી કૃત્યના ઘણા વિચારો કરે તેથી બહુ સંકલ્પી (સંકલ્પવાળો ) કહેવાય, એજ પ્રમાણે ચોર વિગેરેની પણ એકચર્યા ( અપ્રશસ્તમાં ) જાણવી, આવી રીતનો હોય તેની કેવી અવસ્થા થાય, તે કહે છે.

આસવ વિગેરે—આસ્રવો તે હિંસા વિગેરે છે, તેમાં સકત ( સંગ ) રાખે તે આસ્રવ સકત કહેવાય, અર્થાત્ હિંસા વિગેરે પાપ કરનારો હોય.

પલિતં—તે કર્મ-તેનાવડે અવચ્છન્ન છે. એટલે કર્મથી અવષ્ટબ્ધ ( લેપાયલો ) છે. આવી રીતે અનેક દુર્ગુણવાળો હોય, છતાં પણ પોતે ( લોકોને ઠગવા ) શું કહે તે કહે છે.

उट्ठिय—ધર્મ ચરણ (ચારિત્ર) માટે હું ઉદ્યમ કરનારો

છું, એટલે પતિત સાધુ પણ એજ પ્રમાણે બોલે કે હું ચારિત્ર પાળું છું, અને તે પ્રમાણે ન પાળવાથી કર્મ વડે લેપાય છે, અને તે સાધુ વેષધારી મોઢેથી પોતાને સાધુ બોલતો આસ્રવોમાં વર્ત્તતો છતાં આજીવિકાના ભયથી કેવી રીતે વર્ત્તે છે. તે કહે છે, મામે—મને બીજા કોઇ પાપ કરતાં ન દેખો, એથી તે પાપ છાનાં કરે છે, અથવા તે અજ્ઞાનથી અથવા પ્રમાદના દોષથી પાપ કરે છે. વળી **सययं**—સતત ( નિરંતર ) મોહનીય કર્મના ઉદયથી અથવા અજ્ઞાનથી મૂઢ બનેલો શ્રુત અને ચારિત્ર ધર્મને જાણતો નથી, એટલે તેને ધર્મ અધર્મનો વિવેક નથી, જો આમ છે, તો શું કરવું તે કહે છે;

अट्टा—વિષય કષાયોથી આર્ત્ત (પીડાયલા) બનીને તેઓ આઠ પ્રકારનાં કર્મ બાંધવામાં કોવિદ (કુશળ) છે. પણ ધર્મ અનુષ્ઠાનમાં કુશળ નથી, (એવું ગુરૂ સાંભળનાર ભવ્ય જીવોને આશ્રયી કહે છે.) હે જંતુઓ ! હે મનુષ્યો ! તમે જુઓ ! (મનુષ્ય ધર્મ કરવાને યોગ્ય હોવાથી મનુજ શબ્દ લીધેલે છે) હવે કયા મનુષ્યો નિરંતર ધર્મને ન સમજતાં કર્મ બંધમાં કુશળ છે, ? તે કહે છે.

**जे अणुवरया**—જે કોઇ (ચોક્કસ અમુક એમ નહીં) પણ પાપ અનુષ્ઠાનથી વિરક્ત (નિવૃત્ત) ન હોય, તેઓ જ્ઞાન દર્શન ચારિત્ર જે મોક્ષનો માર્ગ છે, તેજ વિદ્યા છે.

તેથી ઉલટી અવિદ્યા છે, તેનાથી પણ તેઓ પરિ (બધી રીતે) ઘેરાયલાં છતાં મોક્ષ કહે (અર્થાત્ અજ્ઞાન દશામાં રહી કુકર્મ કરી તેનાથી મોક્ષ માને) તેઓ ધર્મને જાણતા નથી, હવે ધર્મને જાણનારો શું મેળવે તે કહે છે.

आवट्ट—ભાવ આવર્ત્ત તે સંસાર છે. તે સંસારમાં કુવાના અરટના ન્યાયે જન્મ મરણનું ભ્રમણ કર્યા કરે છે, અને નરક વિગેરે ચાર ગતિમાં તે વારંવાર જન્મ લે છે. આ પ્રમાણે સુધર્માસ્વામી કહે છે, આ પ્રમાણે લોક સાર અધ્યયનમાં પ્રથમ ઉદ્દેશો સમાપ્ત થયો.

## લોકસાર અધ્યયનનો બીજો ઉદ્દેશો.

હવે બીજો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. પહેલા ઉદ્દેશામાં કહ્યું કે એક પર્યાયવાળો (ત્યાગી) બનીને પણ સાવદ્ય અનુષ્ઠાન કરવાથી તથા વિરતિ ( ચારિત્ર ) ન પાળવાથી તેને મુનિ ન કહેવો. આ બીજા ઉદ્દેશામાં તેનાથી ઉલટો તે ચારિત્ર પાળીને પાપ અનુષ્ઠાન ત્યાગનારોજ મુનિ કહેવાય છે, તે કહે છે. આ સંબંધથી આવેલા ઉદ્દેશાનું પહેલું સૂત્ર કહે છે.

**आवन्ती के यावन्ती लोए अणारंभ जीविणो तेसु, एत्थो वरए तं झोसमाणे, अयं संधीति अदक्खू, जे इमस्स विग्गहस्स अयं खणोत्ति अन्नेसी**

**एस मग्गे आरिहेहिं पवेइए, उट्ठिए नो पमायए, जाणित्तु दुक्खं पत्तेयं सायं, पुढो छंदा इहमाणवा पुढो दुक्खं पवेइयं से आविहिंसमाणे अणवय माणे पुट्ठो फासे विपणुन्नए (सू० १४६)**

આ મનુષ્ય લોકમાં જેઓ કેટલાક મનુષ્યો આરંભ રહિત જીવનાશ છે, અહીં આરંભ એટલે સાવદ્ય અનુષ્ઠાન અથવા પ્રમાદીપણું છે કહ્યું છે કે.

**आदाणे निक्खे वे, भासुस्सग्गे अ ठाण गमणाई ॥ सव्वो पमत्त जोगो, समणस्सवि होइ आरंभो ॥१॥**

કોઇ પણ વસ્તુ લેવી કે મુકવી, બોલવું, મલ પરઠવો, સ્થાનમાં રહેવું. અથવા જવું આવવું, આ બધું કાર્ય સાધુ જો પ્રમાદથી કરે, તો તેને આરંભ (નો દોષ) લાગે છે, પણ તેથી ઉલટું તે પ્રમાદ ન કરે, તો અનારંભી કહેવાય છે, તેવું નિરારંભ જીવન ગુજારે, છે, તેવા સાધુઓ સમસ્ત આરંભથી નિવૃત થએલા છે, અને જે ગૃહસ્થીઓ પુત્ર કલત્ર કે પોતાના શરીર વિગેરેના રક્ષણ માટે આરંભ કરે છે, તેમના ઉપર જીવન ગુજારે છે, તેનો ભાવાર્થ આ છે, કે સાવદ્ય અનુષ્ઠાન કરનાર ગૃહસ્થો છે, તેમનાં આશ્રયે પોતાના દેહનો નિર્વાહ કરવાવાળા અનારંભ જીવનવાળા તે સાધુઓ હોય છે, જેમ કાદવના આધારે રહેલ છતાં કમળ

નિર્લેપ હોય છે, તેમ તેઓ નિર્લેપ છે, જો એમ છે, તો શું સમજવું, તે કહે છે, આ સાવદ્ય આરંભવાળા કર્તવ્યમાં સંકુચિત ગાત્રવાળો બને. અથવા અહીં જિનેશ્વરે કહેલા ધર્મમાં રહી પાપારંભથી નિવૃત થાય. પ્રશ્ન—તે શું કરે? તે સાવદ્ય અનુષ્ઠાનથી આવેલ (થતા) કર્મને ક્ષય કરતો મુનિ ભાવને ભજે, પ્રશ્ન—શું આલંબન લઇને ઉપરત થાય? ઉ—अयंसंधी વિગેરે (અવિવક્ષિત કર્મ બતાવ્યા વિનાનો ધાતુ હોય તે પણ અકર્મક ધાતુ થાય છે. જેમકે, જો! મૃગ દોડે છે! એમ અહીં પણ "अद्राक्षीत्" ક્રિયા છતાં પણ આસંધિ એમ પ્રથમા વિભકિત કરી છે.) આ પ્રત્યક્ષ નજરે દેખાતો આર્ય ક્ષેત્ર સુકુલમાં જન્મ ઇંદ્રિયોની પૂરી શકિત ધર્મની શ્રદ્ધા તથા વૈરાગ્ય લક્ષણવાળો અવસર મળ્યો છે, અથવા મિથ્યાત્વનો ક્ષય થયો છે. અથવા મિથ્યાત્વનો હાલ તને ઉદય નથી, એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિના હેતુ ભૂત કર્મ વિવર લક્ષણવાળો સંધિ (અવસર) અથવા શુભ અધ્યસાયના જોડાણ રૂપ સંધિ તને મળ્યો છે, તેને તારા આત્મામાં સ્થાપન કરેલો તું નજરે જો, એથી હવે તું એક ક્ષણ પણ પ્રમાદ ન કરજે. વિષય વિગેરેના કારણે પ્રમાદી ન થઇશ, કયો પ્રમાદી ન થાય? ઉત્તર—जे इमस्स જે એટલે જેણે તત્વ પ્રાપ્ત કર્યું, એવા તત્વ જ્ઞાનીને "જેના વડે આઠ પ્રકારનું કર્મ" વિશેષ કરીને ગ્રહણ થાય તે ઇંદ્રિયોવાળું વિગ્રહ (શરીર) ઔદા-

રિક છે, તેનો આ વર્ત્તમાનનો સમય (ક્ષણ) સુખમાં કે દુઃખમાં વીત્યો. અને ભવિષ્યમાં વીતશે. તે દરેક ક્ષણ શોધવાનો સ્વભાવ છે, તે અન્વેષી કહેવાય છે, અને તે સદા અપ્રમત્ત રહે છે, આચાર્ય કહે છે કે આ હું નથી કહેતો પણ एसमग्गे આ કહેલો મોક્ષ માર્ગ આર્ય પુરૂષોએ કહેલો છે. એટલે બધા ત્યાગવારૂપ ધર્મ (કુતીર્થ વિગેરે)થી દૂર રહી મોક્ષ કિનારે પહોંચેલા એવા તીર્થંકર ગણધરોએ પ્રકર્ષથી પૂર્વે કહેલો છે, વળી તીર્થંકરોએ પૂર્વે કહેલો અને હવે કહેવાતો માર્ગ કહયો છે, એટલુંજ નહિ પણ તે પ્રમાણે વર્ત્તવાનું છે. તે કહે છે. उट्ठिए—સંધિ (અવસર) મળેલો જાણીને ધર્મ ચરણ માટે તૈયાર થએલો તું (સાધુ) એક ક્ષણમાં પણ પ્રમાદ ન કરીશ. વળી બીજું શું સમજવાનું છે? તે કહે છે-जाणित्तु-દરેક પ્રાણીનું દુઃખ અથવા તેનું મૂળ કારણ કર્મ જાણીને તથા મનને પ્રસન્ન કરનારૂં સુખ જાણીને તું પ્રમાદી ન થઇશ. વળી દરેક જીવને દુઃખ અથવા કર્મ જુદું છે, એટલુંજ નહિ પણ કર્મનું મૂળ કારણ અધ્યવસાય પણ દરેક પ્રાણીનો જુદોજ છે. તે બતાવે છે, पुढो—જેઓનો અભિપ્રાય પ્રથક્ છે તેઓ પ્રથક્ છંદવાળા કહેવાય છે. એટલે જુદી જુદી જાતના બંધના અધ્યવસાયના સ્થાનવાળા છે. તેઓ इह—તે આ સંસારમાં અથવા સંજ્ઞાવાળા સંજ્ઞી લોકમાં મનુષ્યો છે. અને તેજ પ્રમાણે બીજા

જીવો પણ જાણવા, અને દરેક સંજ્ઞી પ્રાણીનો જુદો જુદો સંકલ્પ હોવાથી તેના કાર્યરૂપ કર્મ પણ જુદુંજ છે, અને તેના કારણરૂપ દુઃખ પણ જુદા રૂપવાળું છે, અને કારણ ભેદ થાય તો અવશ્યે કાર્ય ભેદ થાય છે, તેથી પૂર્વે કહેલું ફરીયાદ કરાવીને કહે છે, પુઢો દુઃખના ઉપાદાનના ભેદથી પ્રાણીઓનું દુઃખ પણ જુદું જુદું બતાવ્યું કારણ કે બધા પ્રાણીઓને પોતાનાં કરેલાં કર્મ ભોગવવામાં ઈશ્વર (સમર્થ)પણું છે, પણ બીજાનું કરેલું પોતે ન ભોગવે, આવું માનીને શું કરે? તે કહે છે, સે-તે અનારંભ જીવી સાધુ પ્રત્યેક પ્રાણીના સુખ દુઃખના અધ્યવસાયને જાણનારો જુદા જુદા ઉપાયો વડે પ્રાણીઓની હિંસા ન કરતો તથા જુઠું ન બોલતે, (સંયમ પાળે) તેમ તું પણ જો (સૂત્રમાં પ્રાકૃતના અથવા આર્ષ વચનથી 'પશ્ય'નો લોપ થયો છે. એ પ્રમાણે પર સ્વમાં પણ જ્યાંપદ ન લીધું હોય ત્યાં લેવું) આવી રીતે જીવ હિંસા ન કરનારો બીજું શું કરે તે કહે છે, પુટ્ઠો-તે પાંચ મહાવ્રતમાં સ્થિર રહીને જે પ્રમાણે સંયમ પાળવાની પ્રતિજ્ઞા લીધી છે. તે પ્રમાણે પાળવામાં ઉદ્યમ કરે, અને પરિષહ ઉપસર્ગો આવતાં તેનાથી થતા શીત ઉષ્ણ વિગેરે સ્પર્શ અથવા દુઃખના સ્પર્શ આવે તેને સહન કરી આકુલ ન થાય, પણ સંસાર અસાર છે વિગેરે જુદી જુદી ભાવનાઓવડે (ધર્મમાં) પ્રેરે, અને પ્રેરણા તે સમ્યક્ પ્રકારે સહેવું. પણ તે દુઃખ પડવાથી આત્માને

દુઃખી ન માનવો. (વ્યાકુલ ન થવું), પણ જે સમભાવે રહી પરીષહોને સહે, તેને શું ગુણો થાય, તે કહે છે,

**एस समिया परियाए वियाहिए, जे असत्ता पावेहिं कम्मेहिं उदाहु ते आयंका फुसंति, इति उदाहु धीरे ते फासे पुट्ठो अहियासइ, से पुव्वि पेयं पच्छापेयं भेउर धम्मं विद्धंसण धम्मम धुवं अणिइयं असासयं चयावचइयं विपरिणाम धम्मं, पासह एयं रूवसंधिं (सू० १५७)**

પૂર્વે કહેલો જે પરીષહોનો પ્રણોદક (સહેનારો) સમ્યક અથવા શમિતા શમના ભાવવાળો પર્યાય તે ચારિત્રને ગ્રહણ કરીને સમ્યક્ પર્યાયવાળો બને અથવા શમિતા (શાંત સ્વભાવી) દીક્ષાવાળો બને તેજ સ્તુત્ય થાય છે પણ બીજો નહિ, આ પ્રમાણે પરીષહ અને ઉપસર્ગમાં અક્ષોભ્યપણું બતાવીને હવે વ્યાધિની સહનશીલતા બતાવે છે. **जे असत्ता** એટલે જેમણે કામવાસનાને દૂર કરી તૃણ અને મણિ તથા માટીનું ઢેફું તથા સોનામાં સમાન ભાવ ધારણ કર્યો છે, તેવા સમતાને પામેલા મુનિઓ પાપ કૃત્યોમાં અસક્ત એટલે પાપના ઉપાદાનના અનુષ્ઠાનથી દુર રહેલા છે, તેમને કદાચિત્ આતંક તે શીઘ્ર જીવને પણ દુર કરે તેવા જીવ લેણ શૂળ વિગેરે વ્યાધિઓ પીડા કરે, ત્યારે તેઓ શું કરે? તે કહે છે. અને આ કહેનાર કોણ છે તે પણ

કહે છે, ધી ( બુદ્ધિ ) વડે રાજે. તે ધીર પુરૂષ તીર્થંકર અથવા ગણધર છે, તેઓ કહે છે કે તેવા જીવ લેણુ વ્યાધિઓ વડે પીડાયલો છતાં તે દુઃખેના અનુભવવાળા સ્પર્શોને સમ્યક્ પ્રકારે સહન કરે, સહન કરતાં શું વિચારે ? તે કહે છે, से पूव्व—તે સાધુ જીવ લેણુ દુઃખથી પીડાતો છતાં આ પ્રમાણે વિચારે, કે પૂર્વે પણ મેં આવું અશાતા વેદનીય કર્મથી ઉદયમાં આવેલું દુઃખ સહન કર્યું છે, અને પછવાડે પણ મારે સહન કરવાનું છે, કારણ કે સંસાર ઉદરના વિવરમાં રહેનારો ( સંસારીજીવ ) એવો કોઈપણ નથી કે, જેને અસાતાવેદનીય કર્મના ઉદયમાં આવેલા વિપાકથી રોગોનાં દુઃખો ન તે ભોગવે ! વળી તેજ પ્રમાણે કેવળી પ્રભુને પણ મોહનીય વિગેરે ચાર ઘાતિકર્મ ક્ષય થતાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા છતાં વેદનીયકર્મના સદ્ભાવથી તે અસાતા–વેદનીકર્મનો ઉદય થવાનો સંભવ છે. તેથીજ તીર્થંકરોને પણ પ્રથમ કર્મ બંધાય; પછી સ્પષ્ટ થાય; પછી નિધત્ત થાય; પછી નિકાચન થાય; ત્યારપછી ઉદયમાં આવતાં અવશ્યે વેદવું પડે; પણ ભોગવ્યા વિના મોક્ષ ન થાય; તેથી અન્ય સાધુ વિગેરેએ પણ અસાતાવેદનીકર્મ ઉદય આવતાં સનતકુમાર ચક્રવર્તી માફક "મારે પણ સહન કરવું; એવું વિચારીને ખેદ ન કરવો. કહ્યું છે કે:—

**स्वकृत परिणतानां दुर्नयानां विपाकः**

**पुनरपि सहनीयोऽन्यत्रते निर्गुणस्य ।**
**स्वयमनु भवतोऽसौ दुःख मोक्षाय सद्यः**
**भवशत गति हेतुर्जायतेऽनिच्छतस्ते ॥१॥**

પોતાના કરેલાં દુષ્ટ કૃત્યોનો ઉદયમાં આવેલો આ વિપાક ( ફળ ) આવેલ છે. તે તારે મધ્યસ્થ રહીને સહન કરવો જોઈએ. તે પ્રમાણે વિપાક સહન કરતાં શીઘ્ર દુઃખથી મોક્ષ ( છૂટકારો ) થશે. પણ જો તું ભોગવવામાં સમતા નહી રાખે તો તે વિપાક નવા સો ભવનો હેતુ થશે ( ચાર ગતિમાં સેંકડો વાર જન્મ મરણ કરવાં પડશે )

વળી આ ઔદારિક શરીર ઘણો કાળ સુધી પણ રસાયણ વિગેરે અમૂલ્ય ઔષધોથી પોષ્યા છતાં પણ માટીના કાચા ઘડાથી પણનિઃસારતર ( તદન નકામું ) બધી રીતે હમેશાં નાશપામનારૂં છે, તે બતાવે છે, भिदुर ब्रम्ह અથવા પૂર્વે અને પછી પણ આ ઔદારિક શરીર હવે પછી કહેવાતા ધર્મવાળું છે, પોતાની મેળે ભેદાય તે ભિદુર છે, તે ધર્મ- વાળું જે હોય, તે ભિદુર ધર્મવાળું છે, એટલે આ ઔદા- રિક શરીરને સારી રીતે પોષ્યું હોય, તો પણ વેદનાનો ઉદય થતાં માથું પેટ આંખ છાતી વિગેરે અવયવોમાં પોતાની મેળેજ ભેદન થાય છે, તથા હાથ પગ વિગેરે અવયવો પોતાની મેળે વિધ્વંસ ( શૂન્ય ) થતા હોવાથી વિધ્વંસન ધર્મવાળું છે, તથા જેમ રાત્રીના અંતે નક્કી

સૂર્યોદય થાય, તે ધ્રુવ કહેવાય, પણ શરીર તેવું ન હોવાથી અધ્રુવ કહેવાય છે, તથા અપ્રચ્યુત ( નાશ ન થાય ) અનુત્પન્ન ( ઉત્પન્ન ન થાય ) એવા એક સ્થિર સ્વભાવવાળું કૂટની અંદર નિત્ય રહેલું છે, તે નિત્ય કહેવાય, પણ તેવું નિત્ય શરીર ન હોવાથી અનિત્ય છે, તથા તેવા તેવા રૂપ વડે પાણીની ધારા માફક શાસ્વત હોય તેવું શરીર ન હોવાથી અશાસ્વત છે, તથા ઇષ્ટ અનુકૂળ આહારના ભોજનથી ધૃતિ ઉપષ્ટંભ વિગેરેમાં ઔદારિક શરીર વર્ગણાના પરમાણુના ઉપચયથી ચય તથા ઘટવાથી અપચય છે; એવા ધર્મવાળું હોવાથી ચયાપચયિક છે, એથીજ વિવિધ પરિણામ વાળું છે, તેથી તે વિપરિણામ ધર્મવાળું છે, જો આવી રીતે શરીર નાશવંત છે, તો તે શરીર ઉપર શું અનુબંધ ( મમત્વ ) હોય ? અને કંઇ રીતે મૂર્છા હોય ? તેથી આ શરીરે વડે કુશલ ( ધર્મ ) અનુષ્ઠાન વિના બીજી કોઇ પણ રીતે સફળતા નથી; તે કહે છે.

**पासह** આ રૂપસંધિ ( યોગ્ય અવસર ) ને જુઓ ! કે નાશવંત ધર્મથી ઘેરાયલું આ ઔદારિક શરીર છે, તેમાં પાંચે ઇંદ્રિયોની સંપૂર્ણ શક્તિના લાભનો અવસર છે, અને તે દેખીને જુદા જુદા રોગોથી ઉત્પન્ન થયેલા સ્પર્શોના દુ:ખોને ઉત્તમ સાધુ સહન કરે ,આ પ્રમાણે ( હૃદયચક્ષુથી ) દેખનારને શું થાય, તે કહે છે,

**समुप्पेह माणस्स इक्कायणरयस्स इह विप्प मुक्कस्स नात्थि मग्गे विरयस्स त्तिबेमि (सू० १४८)**

સારી રીતે દેખતાને આ ભેદુર ધર્મવાળું શરીર છે, એવું વિચારતાં તેને માર્ગ નથી. અર્થાત્ ચાર ગતિમાં ભ્રમણ નથી. તે કહે છે. એટલે આ આત્માને બધા પાપ આરંભોથી મર્યાદામાં લેવાય (કબજે રખાય) અથવા કુશલ (ધર્મ) અનુષ્ઠાનમાં ઉદ્યમવાળો કરાય, તો તે આયતન કહેવાય, અને તે જ્ઞાનદર્શન ચારિત્ર એ ત્રણમાં એક રૂપે હોય તો એકાયતન છે, અને તેમાં રમણતા કરે તો આત્મા એકાયતનરત છે, તેવો નિસ્પૃહી જ્ઞાની મુનિ इह આ શરીર અથવા આ જન્મમાં વિવિધ ઉત્તમ ભાવનાઓ વડે શરીરના અનુબંધથી મુકાય તે વિપ્રમુક્ત છે, તેને નરકતિર્યંચ મનુષ્ય ગતિમાં ભ્રમણ નથી, તેમજ વર્તમાન કાળ બતાવવાથી ભવિષ્યમાં પણ ભ્રમણ નથી એમ કહ્યું, અથવા તેજ જન્મમાં બધા (આઠે) કર્મનો ક્ષય થવાથી તેને નરકાદિ માર્ગ નથી. પ્રશ્ન—કોને ! ઉ—જે હિંસા વિગેરે આશ્રવ દ્વારોથી નિવૃત્ત છે. તેને સંસાર ભ્રમણ નથી. આ પ્રમાણે સુધર્મા સ્વામી કહે છે કે હું મારી સ્વ કલ્પનાથી નથી કહેતો. પણ જે વીર વર્ધમાન સ્વામીએ દિવ્ય જ્ઞાન વડે જાણીને વચનથી કહ્યું તે હું તમને કહું છું. આ પ્રમાણે વિરત તે મુનિ છે, એમ કહ્યું, હવે અવિરતવાદી તે પરિગ્રહવાળો છે, એમ પૂર્વે કહેલું, તે સિદ્ધ કરે છે,

**आवंति केयावंति लोगंसि परिग्गहावंती, से अप्पं वाबहुंवा अणुंवा थूलंवा चितमंतंवा अचित्तमंतंवा एएसु चेव परिग्गहावंती, एतदेव एगसिं महब्भयं भवइ, लोग वित्तं च णं उवेहाए, एएसंगे अवियाणओ (सू० १४९)**

જે કોઈ મનુષ્યો આ લોકમાં પરિગ્રહ યુક્ત છે તેમની પાસે આવી રીતનો પરિગ્રહ છે, **सेअप्पं वा** જે પરિગ્રહાય (લેવાય) તે પરિગ્રહ છે તે અલ્પ (થોડો) હોય, જેમ છોકરાને રમવાની કોડીઓ, વિગેરે, અથવા ધનધાન્ય, સોનુ, ગામ, દેશ, વિગેરે ઘણો પરિગ્રહ હોય; અથવા તૃણ, લાકડું વિગેરે મૂલ્યથી અણું (ઓછી કિંમતનું) હોય; અથવા પ્રમાણ (કદમાં) નાનું વજ્ર (હીરો) વિગેરે હોય; અથવા મૂલ્યથી તથા પ્રમાણથી સ્થુળ (મોટું) હાથી ઘોડા વિગેરે હોય; અને આ વસ્તુઓ સચિત્ત અથવા અચિત્ત હોય. આ બતાવેલા પરિગ્રહવડે પરિગ્રહવાળા બનીને, એ પરિગ્રહ રાખનારા ગૃહસ્થીઓ સાથેજ વેષધારી સાધુઓ રહેનારા હોય. (જેમકે— ગૃહસ્થનું ઘર, અને વેષધારી મઠ કે સ્વમાલિકીનો ઉપાશ્રય તથા ગૃહસ્થને ધન તેમ વેષધારીનું દ્રવ્ય, તથા ગૃહસ્થને નોકર-ચાકરને બેટા-બેટીનો પરિવાર. તેમ વેષધારીને નોકર-ચાકર, અને ચેલા-ચેલીનો વ્યવસાય, આ મમત્વભાવે પરિગ્રહ છે.)

અથવા આ છ જીવનિકાયમાંજ અથવા, વિષયભૂત ( વસ્તુરૂપ ) થોડું વિગેરે જે દ્રવ્ય કહ્યું; તેમાં મૂર્છા કરતાં પરિગ્રહ ધારી બને છે. તેજ પ્રમાણે અવિરત ( સંસારી ) રહ્યા છતાં હું વિરત છું, એવું બોલતો અલ્પ-પરિગ્રહ રાખવાથી પણ પરિગ્રહધારી બને છે. એજ પ્રમાણે બીજાં વ્રતોમાં પણ જાણવું. કારણકે તેણે આસ્રવોનું નિવારણ ન કરવાથી એક દેશ ( થોડો ) અપરાધ કરવાથી પણ સંપૂર્ણ અપરાધપણાનો સંભવ થાય છે.

શંકા—જો, આ પ્રમાણે અલ્પ-પરિગ્રહ પણ રાખવાથી પરિગ્રહપણું થાય છે. તો, હાથમાં ભોજન કરનારા દિગંબર-( વસ્ત્રરહિત, ) તથા સરજસ્ક બોટિક વિગેરે જે છે, તેઓ અપરિગ્રહવાળા મુનિ થશે. કારણકે, તેમને તેવા થોડા પરિગ્રહનો પણ અભાવ છે.

આચાર્યનું સમાધાન—તેમ નથી; કારણકે, " પરિગ્રહનો અભાવ છે. " એ હેતુ અપ્રસિદ્ધ (જૂઠો) છે. સાંભળો. સરજસ્ક (                ) ને અસ્થિ (                ) વિગેરેનો પરિગ્રહ છે, અને બોટિકોને પીચ્છી વિગેરેનો પરિગ્રહ છે. આ ( બાહ્ય પરિગ્રહ છે, ) તથા અંદરનો પરિગ્રહ પણ છે. કારણકે, શરીરધારી છે, તથા આહાર વિગેરે પરિગ્રહ તેમને વિદ્યમાન છે.

ધર્મને ટેકો આપવારૂપ તે હોવાથી નિર્દોષ છે એમ

કહેશો; તો, અમને પણ તે સમાનજ છે. તો પછી, દિગંબર ( નગ્નપણાના ) આગ્રહનો કદાગ્રહ શામાટે જોઈએ ?

હવે, જે અલ્પ ( થોડો ) વિગેરે પણ પરિગ્રહ રાખે છે, અને અપરિગ્રહપણાનો અભિમાન રાખે છે, તેમનો આહાર શરીર વિગેરે મોટા અનર્થને માટે થાય છે, તે બતાવે છે एत देव એ અલ્પબહુપણા વિગેરેના પરિગ્રહ વડે કેટલાકને પરિગ્રહપણું નરકાદિ ગમનના હેતુ પણાથી અથવા બધાને તેનો અવિશ્વાસ થતો હોવાથી મહાભય રૂપ થાય છે, કારણકે આ પ્રકૃતિ (સ્વભાવ) પરિગ્રહની છે, અથવા તે પરિગ્રહ ધારી પોતે બધાથી ચમકે છે. (કે મારો પરિગ્રહ કોઈ ન લેઈ લે!) અથવા દિગંબરને આ શરીર નભાવવા આહારાદિક લેવા બીજું અલ્પ પાત્ર ત્વકત્રાણ ( કપડું ) વિગેરે રૂપ ધર્મોપકરણના અભાવથી ગૃહસ્થના ઘરમાં આહાર વાપરતાં સમ્યગ ઉપાયના અભાવથી અવિધિએ અશુદ્ધ આહાર વિગેરે ખાતાં કર્મ બંધથી ઉત્પન્ન થએલ મહા ભયનો હેતુ હોવાથી મહાભય છે, તથા આ ધર્મ શરીરને બધી રીતે આચ્છાદન (ઢાંકવા) ના અભાવથી બીભત્સ હોવાથી બીજાઓને મહાભય રૂપ છે.

આ પ્રમાણે પરિગ્રહ મહાભય છે, તેથી કહે છે કે लोग-અસંયત લોકનું અલ્પ વિગેરે વિશેષવાળું દ્રવ્ય તેમને મહાભય રૂપ છે, (સૂત્રમાં ચ શબ્દ પુનઃ ના અર્થમાં છે,

ણું વાકયની શોભા માટે છે) અથવા લોક વિત્તને બદલે લોકવૃત્ત લઇએ તો આહાર ભય મૈથુન પરિગ્રહ સંજ્ઞાવાળું લોકવૃત્ત છે. તે લોકોનું વલણ મોટા ભયને માટે છે. એવું ઉત્તમ સાધુએ જ્ઞ પરિજ્ઞાવડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તે લોકોની સંસારી ચેષ્ટાઓને ત્યાગી દેવી, તે ત્યાગનારને શું થાય, તે કહે છે, **एएसंगे**—એ થોડું ઘણું દ્રવ્ય સંગ્રહ કરવાનું અથવા શરીર આહાર વિગેરેની મૂર્છાને ન કરવાથી તે પરિગ્રહ રાખવાથી થતું દુઃખ તે સાધુને ન થાય–(આના સંબંધમાં લૌકિક કથા જાણવા જેવી છે. એક સંન્યાસી રોજ એકેક ઘરથી સીધું લઇ સંતોષથી રહેતો, કોઇ બાઇને પરગામ જવાનું હોવાથી તેણે બોલાવી સીધું પ્રથમ આપ્યું. એમ ઘણી બાઇઓએ ચિંતા ટાળવા પ્રથમ સીધું આપવાથી સંન્યાસીને બે મણ બોજો થયો. તે ઉપાડવા એક નાનુ ઘોડું માગી લીધું તેને છુટું મુકતાં કોઇના ખેતરમાં બગાડ કરવાથી રાજ્યના કાયદા પ્રમાણે દંડ ન ભરવાથી સંન્યાસીને ચાબખાનો માર ખાવો પડયો, તે વખતે સંન્યાસીને પરિગ્રહનું દુઃખ સમજાયું, અને પરિગ્રહ ત્યાગી ખરો સંન્યાસી થયો, અને બીજી બાઇને ચિંતા કરવી ન પડે, માટે સાધુ માફક ઉદર પૂર્ત્તિનું રાંધેલું અન્ન લેવા લાગ્યો) વળી.

**से सुपडिबुद्धं सूवणीयं ति नच्चा पुरिसा पर-**

**मचक्खू विपरिक्कम्मा, एएसु चेव बंभचेरं त्तिबेमि, से सुयं च मे अज्झत्थयं च मे-बंधपमुक्खो अज्झत्थेव, इत्थ विरए अणगारे दीहरायं तितिक्खए, पमत्ते बहिया पास, अपमत्तो परिव्वए, एयं मोणं सम्मं अणुवासिज्जासि त्तिबेमि (सू० १५०) लोकसार अध्ययने द्वितीयोद्देशकः ॥५-२॥**

से० તે પરિગ્રહ છોડનારને સારી રીતે પ્રતિબદ્ધ તથા સારી રીતે ઉપનીત જ્ઞાન વિગેરે છે, ( પરિગ્રહ છોડનારને સારી રીતે ત્રણ રત્નોની પ્રાપ્તિ છે ) એવું જાણીને ગુરૂ કહે છે, હે માનવ ! તું પરમ જ્ઞાન ચક્ષુવાળો બનીને અથવા મોક્ષની એકદૃષ્ટિવાળો બનીને જુદી જુદી જાતના તપ અનુષ્ઠાનની વિધિવડે સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કર, શા માટે આ પરાક્રમ કરવાનો ઉપદેશ કરે છે ? **एएसुचेव** જેઓ આ પરિગ્રહથી વિરક્ત બનીને પરમ ચક્ષુવાળા થયા છે, તેઓમાંજ પરમાર્થથી બ્રહ્મચર્ય છે, પણ બીજામાં નથી, કારણ કે બ્રહ્મચર્યની નવવાડ બીજામાં નથી, અથવા બ્રહ્મચર્ય નામનો આ શ્રુતસ્કંધ છે, અને તેનું વાચ્ય પણ બ્રહ્મચર્ય છે, તે આ બ્રહ્મચર્ય પરિગ્રહ ન રાખનારાઓમાંજ છે. આ પ્રમાણે સુધર્મા સ્વામી કહે છે, કે મેં કહ્યું, અને હવે કહીશ, તે બધું સર્વજ્ઞના ઉપદેશથી કહું છું, તે બતાવે છે, **सेसु-**

**अंचमे**—જે જે કહ્યું, અને જે હવે કહીશ, તે મેં તીર્થંકર પાસે સાંભળ્યું છે, અને તે પ્રમાણે મારા આત્મામાં સ્થિર થયું, માટે અધ્યાત્મ છે, એટલે મારા ચિત્તમાં પણ તેજ પ્રમાણે છે, શું છે? તે બતાવે છે, બંધથી મોક્ષ તે બંધ પ્રમોક્ષ છે, તે અધ્યાત્મમાંજ છે, અને અધ્યાત્મ તે બ્રહ્મચર્ય છે, બ્રહ્મચર્યવાળાનો મોક્ષ છે, વળી ઇત્થ આ પરિગ્રહ રાખવાથી વિરત તે છે, પ્ર.-કોણ છે? ઉ.-જેને ગૃહ નથી તે અણગાર છે, તે સાધુ દીર્ઘરાત્ર (આખી જીંદગી) સુધી પરિગ્રહના અભાવવાળો બનીને ભૂખ તરસ વિગેરેનાં આવેલાં કષ્ટોને સહન કરે, વળી ગુરૂ ઉપદેશ કરે છે, **पमत्ते**-વિષયો વિગેરે પ્રમાદોથી ધર્મથી વિમુખ થએલા ગૃહસ્થો તથા વેષધારીઓને તું જો, દેખીને શું કરવું? તે કહે છેઃ—

અપ્રમત્ત બનીને સંયમ-અનુષ્ઠાનમાં યત્ન કરે. વળી, **एयम्** આ પૂર્વે કહેલું સંયમ-અનુષ્ઠાન મુનિનું સર્વસ્વમૌન છે. તે સર્વજ્ઞનું કહેલું છે, તે સારીરીતે પાળવું આ પ્રમાણે હું કહું છું.

---

## ત્રીજો ઉદ્દેશો.

હવે ત્રીજો ઉદ્દેશો કહે છે. તેનો અર્થ આ પ્રમાણે છેઃ—બીજા ઉદ્દેશામાં કહ્યું કેઃ—અવિરતવાદી તે, પરિગ્રહવાળો છે, અને આ ત્રીજા ઉદ્દેશામાં તેથી ઉલટું કહે છે. આ પ્રમાણે સંબંધથી આવેલા આ ઉદ્દેશાનું પહેલું સૂત્ર કહે છે.

**आवंती केयावंती लोयंसि अपरिग्गहावंती एएसु चे व अपरिग्गहावंती, सुच्चा वई मेहावी पंडिआण निसामिया समियाए धम्मे आरिएहिं पवेइए जहित्थ मए संधी झोसिए एवमन्नत्थ संधी दुज्झो सए भवइ, तम्हा बेमि नो निहणिज्ज वीरियं (सू० १५१)**

આલોકમાં જે કોઇ પરિગ્રહવાળા વિરત સાધુઓ છે, તે બધાએ આ અલ્પ વિગેરે દ્રવ્ય છોડે; છતે અપરિગ્રહધારી મુનિ બને છે, અથવા છ જીવનીકાયમાં મમત્વભાવ તજવાથી અપરિગ્રહધારી થાય છે.

પ્રઃ—ઠીક. પણ, અપરિગ્રહભાવ કેવીરીતે બને ? તે કહે છે. **सोच्चा वईति.** ( બીજી વિભક્તિના અર્થમાં પ્રથમ વિભક્તિ છે, તેથી ) વાણી તે આ તીર્થંકરે કહેલા આગમરૂપ–આજ્ઞાને સાંભળીને મેધાવી ( મર્યાદામાં રહેલો ) શ્રુતજ્ઞાન ભણેલો હેય ઉપાદયને સમજી તત્ત્વ ગ્રહણ કરવાની પ્રવૃત્તિ જાણનારો બને; તથા, પંડિત તે ગણધર આચાર્ય વિગેરેનાં વિધિ નિયમરૂપ–વચનોને સાંભળી સચિત્ત–અચિત્ત વસ્તુનો જાણ બની તેના પરિગ્રહનો ત્યાગ કરી અપરિગ્રહી બને. પ્ર૦ ઠીક. તેમ હશે; પણ, નિરાવરણ જ્ઞાન ઉત્પન્ન થએલા તીર્થંકરોનો કયે સમયે વાણીનો યોગ ( ઉપદેશ ) થાય છે, કે અમે સાંભળીએ ?

ઉત્તરઃ—ધર્મ કથાના અવસરમાં, પ્ર૦ તેઓએ કેવો ધર્મ કહ્યો ? એવી શંકા દૂર કરવા કહે છે. **समिय.** સમતા એટલે, શત્રુમિત્રમાં સમભાવ રાખવો; તેનાવડે આર્યોએ ધર્મ કહેલો છે. કહ્યું છે કેઃ—

**जो चंदणेण बाहुं, आलिंपइ वासिणाव तच्छेति ।**
**संथुणइ जोआणिंदाति, महेसिणो तत्थ समभावा ॥१॥**

જે કોઇ ભક્તિથી મુનિને ભુજા ઉપર ચંદનનો લેપ કરે, અથવા વાંસલાથી ચામડી છોલે, અથવા કોઇ સ્તુતિ કરે, કોઇ નિંદે, તો પણ તે મુનિ બધા જીવો ઉપર સમભાવ રાખે છે. ( તેજ મહર્ષિ છે ) અથવા આર્ય એટલે દેશથી ભાષાથી કે ઉત્તમ આચરણથી તેઓ આર્ય ( સુધરેલા ) છે, તે બધા ઉપર ભગવાને સમભાવ રાખી ઉપદેશ આપેલો છે. તેજ કહ્યું, છે કે—

**जहा पुण्णस्स कत्थइ, तहा तुच्छस्स कत्थइ–विगेरे.**

જેમ પુણ્યવાનને ધર્મ સંભળાવે, તેમ તુચ્છને પણ ધર્મ સંભળાવે અથવા શમિ ( શમ. શાંતિધારક ) નો ભાવ તે શમિતા તે શાંત હૃદય રાખીને બધા હેયધર્મ ( કુરીવાજો ) ને ત્યાગવાથી આર્ય બનેલા તેમણે પ્રકર્ષથી અથવા પ્રથમથી આધર્મ કહ્યો છે અર્થાત્ પાંચે ઇંદ્રિયો તથા મનને કબજે કરવા વડે ( કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી ) તીર્થંકરોએ ધર્મ કહ્યો. ઠીક એમ હશે, તેવી રીતે બીજા-

ઓએ પણ પોતાના અભિપ્રાય પ્રમાણે ધર્મો કહ્યા છેજ, આવી શંકા થાય, તે દૂર કરવા આચાર્ય કહે છે, કે તેમ નહીં. આ ધર્મ ભગવાનેજ કહ્યો છે, તે કહે છે, जहेत्थ વિગેરે દેવતા અને મનુષ્યની સભામાં ભગવાને આ પ્રમાણે કહ્યું, જેમ મેં અહીં જ્ઞાન વિગેરે મોક્ષસંધિ ( અવસર ) સેવન કર્યો છે, અથવા આ જ્ઞાનદર્શન ચારિત્રરૂપ મોક્ષ માર્ગમાં અથવા સમભાવ રૂપમાં તથા ઇંદ્રિય નોઇંદ્રિયના ઉપશમમાં મેં મોક્ષાભિલાષી બની પોતાની મેળેજ સંધાય (તે સંધિ) અથવા જે કર્મ સંતતિ સંધાય અને એક ભવથી બીજા ભવમાં સાથે જાય તે આઠ પ્રકારના કર્મ સંતતિરૂપ છે. તેને ક્ષયકરી મેં (તીર્થંકરોએ) ધર્મ કહ્યો. તેજ મોક્ષ માર્ગ છે, પણ બીજો નહીં. તે કહે છે જેમ મેં અહીં કર્મ સમૂહ ( સંધિ ) તોડયો. તેમ અન્યત્ર બીજા અન્ય તીર્થિકે કહેલા મોક્ષ માર્ગમાં કર્મ સંતતિ રૂપ સંધિ દુઃક્ષય તે દુઃખે કરીને ક્ષય થાય તેમ છે, કારણ કે તે અસમીચીન પણે હોવાથી તેમાં ખરા ઉપાયનો અભાવ છે.

જો જિનેશ્વરે અહીં કર્મસંધિ તોડયો છે, તો શું સમજવું તે કહે છે, જેમ આજ માર્ગમાં રહીને ઉત્કૃષ્ટ તપશ્ચર્યા વડે મેં કર્મ ખપાવ્યું, તેજ પ્રમાણે અન્ય મુમુક્ષુ પણ સંયમ અનુષ્ઠાનમાં તથા તપમાં પોતાની શક્તિને યોજે, પણ પ્રમાદ ન કરે, સુધર્માસ્વામીએ પોતાના

શિષ્યને કહ્યું, કે આ પ્રમાણે પરમ કારૂણ્યથી ભીંજાયેલા હૃદયવાળા અને પરહિતનો એક ઉપદેશ દેનારા શ્રી વીર વર્ધમાન સ્વામીએ અમને કહ્યું છે.

પ્રશ્ન–કયો માણસ એવી ક્રિયા કરનારો થાય ? તે કહે છે.

**जे पुव्वुट्ठाई नो पच्छा निवाई, जे पुव्वुट्ठाई पच्छा निवाई, जे नो पुव्वुट्ठायी नो पच्छा निवाई सेऽवि तारिसिए सिया, जे परिन्नाय लोगमन्ने सयंति ॥ सू० १५२ ॥**

જે કોઇએ સંસારનો ( અસ્થિર ) સ્વભાવ જાણવાવડે ધર્મ ચરણમાં એક તત્પર મનવાળો બનીને પ્રથમથી દીક્ષાના અવસરે સંયમ અનુષ્ઠાન કરવાને તૈયાર થએલો હોય તે 'પૂર્વોત્થાયી' છે, અને પછીથી શ્રદ્ધા તથા સંવેગથી વિશેષથી વધતા પરિણામવાળો હોય, તો તે ચારિત્રથી ભ્રષ્ટ થતો નથી, ( પડવાના સ્વભાવવાળો તે નિપાતિ છે. એટલે ચારિત્ર લેઇને નિપાત કરે તે નિપાતી છે, આવો નિપાતી ન હોય તે નોનિપાતી કહેવાય ) એટલે સિંહ પણે ઘરથી નીકળી દીક્ષા લે, અને લીધા પછી સિંહ માફક પાળે, તે ગણધર ભગવંત જેવા પહેલા ભાંગામાં સાધુ જાણવા,

બીજો ભાંગો સૂત્ર વડે બતાવે છે, પહેલાં ચારિત્ર લે તે પૂર્વોત્થાયી પછી કર્મ પરિણતિના વિચિત્ર પણાથી તેવી ભવિતવ્યતાના મરણે નંદિષેણ માફક પડી જાય ( ચારિત્ર

મુકી દે ) અને કોઈ તો ગોષ્ઠામાહિલ માફક સમ્યગ દર્શનથી પણ દૂર થાય.

ત્રીજા ભાંગામાં અભાવ હોવાથી લીધો નથી, તે આ છે, 'जे नोपुव्वुट्ठायी पच्छानिवाती' એટલે પૂર્વે દીક્ષા લે, તો પછી નિપાત કે અનિપાત કહેવાય. ધર્મવાળો હોય, તો ધર્મની ચિંતા કહેવાય, પણ દીક્ષા લીધાનોજ નિષેધ હોય તો દીક્ષામાં રહયો, કે ગયો, તેની ચિંતાજ તે સંબંધી દૂર રહી, ચોથો ભાંગો બતાવે છે.

જેણે પૂર્વે દીક્ષા લીધી નથી; તે પાછળથી પડતો નથી. તે અવિરત એટલે, ગૃહસ્થ જાણવો; તેને સમ્યગ્ વિરતિના અભાવથી પોતે દીક્ષા લેતો નથી; અને દીક્ષા લીધા પછીજ પડવાનો સંભવ થાય; પણ, દીક્ષા લીધા વિના તેનો સંભવ ન હોવાથી પડતો નથી; અથવા તે ભાંગામાં શાક્ય મત વિગેરેના સાધુઓ જાણવા. કારણકે, તેમનામાં ચારિત્ર લેવું અને મુકીદેવું; એ જૈન રીતિએ બંનેનો અભાવ છે.

શંકા—ગૃહસ્થો ચોથા ભાંગામાં છે તે બોલવું યોગ્ય છે, કારણકે, તેમનામાં સાવદ્ય-અનુષ્ઠાન છે, અને દીક્ષા ન લેવાથી મહાવ્રતને લેવાની પ્રતિજ્ઞારૂપ-મંદીર (મેરૂ) પર્વતના આરોપ ( ચડવા )ના અભાવથી પડવાનો અભાવ છે. પણ શાકય મત વિગેરેને દીક્ષા લેવાથી પડવાનો સંભવ છે, તો કેવી રીતે પડવાનો અભાવ ન હોય ?

ઉત્તર—**सोऽपि**-તે શાકયાદિ સાધુ સમુદાય ને પણ પંચ મહાવ્રત ભારના આરોપણુના અભાવથી તથા તેમનાં અનુષ્ઠાન સાવદ્ય વ્યાપારવાળાં હોવાથી પૂર્વોત્થાયી નથી, તેમ દીક્ષાના અભાવથી પશ્ચાત્ નિપાતા પણ નથી તેથી તે ગૃહસ્થ સમાનજ છે, કારણ કે તે બંનેમાં આસ્રવ દ્વારોનું રોકાણ નથી, અથવા ઉદાયી રાજાને મારનારા વિનય રત્ન સાધુ જેવો કપટી ચોથે ભાંગે છે. તેજ પ્રમાણે બીજા પણ જેઓ સાવદ્ય અનુષ્ઠાન કરનારા છે. તે પણ તેવાજ છે, તે બતાવે છે. જેઓ સ્વયૂથ્યા (જૈન મતના) પાસત્થા (પતિત સાધુ) વિગેરે બંને પ્રકારની પરિજ્ઞા વડે લોક સ્વરૂપને જાણી (વ્રત સમજીને લેઇને) પાછા રાંધવા રંધાવવા માટે તેજ લોક (ગૃહસ્થો)ને આશ્રયે રહે છે, અથવા ગૃહસ્થને શોધે છે (તેના ઉપર મમત્વ કરી આધાકર્મી આહાર લે છે.) તેઓ પણ ગૃહસ્થ સરખાજ જાણવા, આ પોતાની બુદ્ધિથી નહીં. પણ શાસ્ત્રકારનું વચન છે, તે બતાવે છે.

**एयं नियाय मुणिणा पवेइयं, इह आणाकंखी पंडिए अणिहे, पुव्वावररायं जयमाणे, सया सीलं सुपेहाए सुणिया भवे अकामे अझंझे, इमेण चेव जुज्झाहि, किंते जुज्झेण बज्झओ ? ॥ सू० १९३ ॥**

**एतद्**—જે ઉત્થાન નિપાત વિગેરે પૂર્વે બતાવ્યું, તે

કેવળ જ્ઞાનના અવલોકનવડે જાણીને તીર્થંકરે કહ્યું છે, અને આ બીજું કહ્યું છે, इह આ મૌનીંદ્ર પ્રવચનમાં રહેલો તથા તીર્થંકરના ઉપદેશને સાંભળવાની ઇચ્છાવાળો તે, આજ્ઞાકાંક્ષી આગમના અનુસારે પ્રવૃત્તિ કરનારો છે. પ્ર૦ કોણ એવો છે? ઉ૦ સદ્-અસદ્‌ના વિવેકને જાણનારો તથા સ્નેહરહિત રાગ-દ્વેષથી પ્રમુક્ત રાતદિવસ ગુરૂની આજ્ઞામાં રહેનારો યત્નવાળો થાય; તે બતાવે છે. રાત્રિના પહેલા પહોરે તથા છેલા પહોરે સદાચારથી વર્તે; અને વચલા બે પહોરમાં યથોકતવિધિએ નિદ્રા લે, અને વૈરાત્રાદિક (સૂત્રાર્થ-ચિંત્વન) કરે. આ પ્રમાણે રાત્રિની યતના બતાવવાથી દિવસનું પણ સમજીલેવું. કારણકે, આદિઅંત લેવાથી મધ્યનું અવશ્ય આવીજાય છે. किं च વળી सदा- સર્વકાળ ૧૮૦૦૦ ભેદવાળું શીલવ્રત અથવા સંયમ પાળે; અથવા શીળ ચાર પ્રકારનું છે. મહા-વ્રતને સારીરીતે પાળવાં; ત્રણ ગુપ્તિઓ પાળવી.

પાંચ ઇંદ્રિયોનું દમન કરવું; કષાયનો નિગ્રહ કરવો. આ પ્રમાણે ચાર પ્રકારનું શીળ વિચારીને મોક્ષના અંગ-પણે પાલન કરજે; પણ એક નિમેષ (આંખને ફરકવાનો કાળ) માત્ર પણ પ્રમાદવશ ન થઇશ. પ્ર૦ કયો માણસ શીળનો સંપ્રેક્ષક થાય? તે કહે છેઃ—જે શીળનાં રક્ષણનું ફળ (મોક્ષગમન) છે, તથા કુશીલ સેવવાનું ફળ નરકગમન વિગેરે આગમથી જાણે છે, તે ગીતાર્થ સાધુ अकाम-ઇચ્છા

મદન કામ (સંસારી વાસના) રહિત બને, તથા તેને ઝંઝા (માયા અથવા લોભ ઇચ્છા) ન હોય, તેથી અઝંઝ કહેવાય, અને કામ તથા ઝંઝાનો પ્રતિષેધ કરવાથી મોહનીયના ઉદયનો પ્રતિષેધ કર્યો, અને તેના પ્રતિષેધથી શીલવાળો બને, એનો ભાવાર્થ આ છે. કે ધર્મ સાંભળીને અકામ (સુશીલ) થાય, અને અઝંઝ થવાથી અમાયી થાય, આ બંને ગુણથી ઉત્તર ગુણ લીધા, અને તે ઉપલક્ષણથી મૂળગુણ (મહાવ્રત) પણ લીધાં, તેથી અહિંસક સત્યવાદી પણ થાય, વિગેરે સમજી લેવું,

શંકા—જીવથી શરીર જુદું છે, આવી ભાવના ભાવનાર તથા પોતાનું બળવીર્ય ગોપવ્યા વિના ધર્મ કરનાર ૧૮૦૦૦ શીલાંગ ધારણ કરનારને તથા ઉપદેશમાં કહેવા મુજબ વર્ત્તવા છતાં પણ મારો સર્વથા કર્મમલ દૂર નથી થયો, તેથી તમે તેનું અસાધારણ કારણ કહો ! કે જેના વડે હું શીઘ્ર સંપૂર્ણ કર્મમલ કલંકથી રહિત થાઉં, હું આપના ઉપદેશથી સિંહ સાથે પણ યુદ્ધ કરીશ, કારણ કે કર્મ ક્ષય કરવા માટે હું તૈયાર થયો છું, તેથી કંઈ પણ મને અશક્ય નથી,

તેનો ઉત્તર સૂત્રકાર આપે છે, ઇંદ્રિય તથા મનરૂપ ઔદારિક શરીર વડે તું યુદ્ધ કર. કારણ કે તે વિષય સુખનો પિપાસુ બની સ્વેચ્છાએ ચાલી તારૂં અહિત કરે છે, તેથી

એનેજ સુમાર્ગે ચાલીને વશ કર, બીજા બાહ્ય શત્રુ સાથે યુદ્ધ કરવાની શી જરૂર છે? અંદર રહેલા તારા છ રિપુનો જય કરવાથી બધું કાર્ય સિદ્ધ થશે, તેથી બીજું કંઇ પણ વધારે દુષ્કર નથી પણ આજ સંયમ વિગેરે સામગ્રી અગાધ સંસાર સમુદ્રમાં ભટકતા જીવને કરોડો કરોડો (હજારો) ભવે પણ મળવી દુર્લભ છે! તે સૂત્રકાર બતાવે છે,

**जुद्धारिहं खलु दुल्लहं, जहित्थ कुसलेहिं परिन्ना विवेगे भासिए, चुए हु बाले गब्भाइसु रज्जइ, अस्सिं चेयं पवुच्चइ, रूवंसि वा छणंसि वा, से हु एगे संविद्ध पहे मुणी, अन्नहा लोग मुवेहमाणे, इय कम्म परिण्णाय सव्वसो से न हिंसइ, संजमई नो पगब्भइ, उवेहमाणो पत्तेयं सायं, वण्णाएसी नारभे कंचणं, सव्व लोए एग प्पमुहे विदिस प्पइन्ने निव्विण्णचारी अरए पयासु ॥ सू० १५४ ॥**

આ ઔદારિક શરીર ભાવ યુદ્ધ કરવાને યોગ્ય છે, (ખલુ શબ્દ નિશ્ચયના અર્થમાં છે, અને તે ભિન્ન ક્રમવાળો છે) તે ખરેખર દુર્લભજ છે, અર્થાત્ તે દુઃખેથીજ પ્રાપ્ત થાય છે, કહ્યું છે કે.

**ननु पुनरिद मति दुर्लभ, मगाध संसार जलधिविभ्रष्टम्, मानुष्यं खद्योतक, तडिल्लता विलसित प्रतिमम् ॥ १ ॥**

આ અતિ દુર્લભ મનુષ્યપણું અગાધ સંસાર સમુદ્રમાં પડેલાને ખજુવા (આગીયો કીડો) જેવું કે વીજળીના ઝબકારા જેવું થોડો કાળ રહેનારૂં મળેલું છે! વિગેરે સમજવું જોઇએ.

અથવા બીજી પ્રતિમાં "जुद्धारियं च दुल्लहं" પાઠ છે, તેમાં સંગ્રામ (લડાઇનું) યુદ્ધ અનાર્ય (જંગલી પણાનું) છે, અને પરિષહ વિગેરેથી લડવું તે આર્ય યુદ્ધ છે, તેથી તે દુર્લભ છે. માટે હે શિષ્ય! તેની સાથે યુદ્ધ કર, તેથી તારાં બધાં કર્મના ક્ષયરૂપ-મોક્ષ થોડા વખતમાંજ થશે; અને તેથી ભાવયુદ્ધ કરવા યોગ્ય ઔદારિક-શરીર મેળવીને કોઇક મનુષ્ય તો, તેજ ભવે મરૂદેવી માફક બધાં કર્મનો ક્ષય કરે છે, કોઇ તો, ભરત રાજા માફક (પૂર્વ ભવો આશ્રયી) સાત આઠ ભવમાં મોક્ષ મેળવે છે, અને કોઇ તો અર્ધ પુદ્ગલ પરાવર્ત્તન થયા પછી મોક્ષ મેળવે છે, પણ અપર (અભવી) મોક્ષે નહીં જાય, શા માટે? તે કહે છે, જેમ જે પ્રકારે આ સંસારમાં કુશલ તીર્થંકરોએ પરિજ્ઞા વિવેક (પરિજ્ઞાન વિશિષ્ટતા) કોઇનો કંઇ પણ અધ્યવસાય સંસારનો વિચિત્ર હેતુ બતાવ્યો છે, અને તેજ બુદ્ધિમાને સ્વીકારવો જોઇએ, હવે પૂર્વે કહેલું પરિજ્ઞાનનું જુદા જુદાપણું બતાવવા કહે છે, (ભવ્ય અને અભવ્યપણું સ્વભાવથીજ છે. ભવ્ય કાળાંતરે પણ મોક્ષમાં જશે, પણ અભવ્ય નહીં જાય) કોઇ

દુર્લભબોધિ દુર્લભ પણ મનુષ્યપણું પામીને તથા મોક્ષગમનના એક હેતુરૂપ ધર્મ પામીને પણ કર્મના ઉદયથી ફરીથી પણ ધર્મથી ભ્રષ્ટ થઇ બાલ ( મૂર્ખ ) જીવ ગર્ભ વિગેરેમાં જાય છે, એટલે ગર્ભ જેમાં પ્રથમ છે, એવી કુમાર યોવન વિગેરે અવસ્થાઓમાં વૃદ્ધ થઇ જાય છે, અને ( એને પ્રિયમાનીને ) એ અવસ્થાઓ સાથે મારો વિયોગ ન થાઓ એવા વિચારવાળો બને છે, અથવા ધર્મથી ભ્રષ્ટ થઇને એવાં કામ કરે છે, કે જેનાવડે તે બાળજીવ તેવી તેવી ગર્ભ વિગેરેની પીડાઓના સ્થાનમાં ઉત્પન્ન થાય છે, "रिज्जइ" ( કોઇ પ્રતિમાં પાઠ છે ) એટલે જાય છે (એવો અર્થ લેવો ) પ્ર. ઠીક, એમ હશે પણ આવું કયાં કહ્યું છે ? ઉ–જે પૂર્વે કહ્યું છે, કે આ જિનેશ્વરના વચનમાં પ્રકર્ષથી કહ્યું છે. અને હવે પછી પણ તેજ કહે છે, 'रूवे'–ચક્ષુ ઇંદ્રિયના વિષયમાં રાગી થએલો, અથવા રસ ઇંદ્રિયમાં સ્પર્શ ઇંદ્રિયમાં રાગી થએલો ક્ષણમાં પ્રવર્ત્તે છે, ક્ષણનો અર્થ હિંસા છે, તેથી જેમ તે હિંસામાં વર્ત્તે છે, તેમ જૂઠ વિગેરેમાં પણ પ્રવર્ત્તે છે, પણ રૂપ વિષયોમાં પ્રધાન હોવાથી તથા તે રૂપવાળું હોવાથી ( તુર્ત તેમાં મન દોડતું હોવાથી ) લીધું છે, અને આસ્રવ ( પાપ ) દ્વારોમાં હિંસા મુખ્ય અને પ્રથમ હોવાથી તે લીધેલ છે, અર્થાત્ અજ્ઞાની માણુસ રૂપ વિગેરે માટે ધર્મથી ભ્રષ્ટ થઇને ગર્ભ વિગેરેનાં

દુઃખ ભોગવે છે. એમ આ જિનેશ્વરના માર્ગમાં કહેલ છે, પણ જે ડાહ્યા માણસે આ વિષય રસને પાછું ગર્ભાદિ ગમનનો હેતુ જાણીને પોતે ધર્મથી ભ્રષ્ટ ન થઈને હિંસા વિગેરે આસ્રવ દ્વારથી દૂર રહે છે, તે કેવો થાય, તે કહે છે. તે એકલોજ જીતેંદ્રિય મુનિ ત્રણ જગતને માનનારો બનીને સમ્યગ રીતે તેણે મોક્ષ માર્ગ પગ તળે ખુંદી નાંખ્યો છે, એટલે જ્ઞાન દર્શન ચારિત્ર વડે મોક્ષ માર્ગ સંમુખ કર્યો છે, તથા બીજી પ્રતિમાં 'संविद्ध भये' પાઠ છે, એટલે તે જીતેંદ્રિય મુનિએ ભય જાણ્યો છે, એટલે જે હિંસા વિગેરે આસ્રવદ્વારથી દૂર રહે તે મુનિજ ખુંદેલા મોક્ષ માર્ગવાળો છે. વળી બીજી રીતે મુનિ હોય તે કહે છે, જે વિષય કષાયથી પરાભવ પામેલો છે, હિંસા વિગેરે કૃત્યમાં રક્ત છે, તેવો ગૃહસ્થ અથવા પાખંડી જન સમૂહ છે તેને રાંધવા રંધાવવામાં અથવા ઔદ્દેશિક તથા સચિત્ત આહાર વિગેરેમાં રક્ત છે. તેવાની (દુર્દશા વિચારી) તેની સંગતિ ન કરતો, અને તેવા પાપમાં પોતાના આત્માને ન જોડતો, અશુભ વ્યાપાર છોડીને, મોક્ષ માર્ગ જાણનારો મુનિ બને છે, લોકને ઉલટા માર્ગે ચાલેલા જોઈને પોતે શું કરે? તે કહે છે. પૂર્વે કહેલા અશુભ હેતુઓથી જે કર્મ બાંધ્યું છે તેનાં ઉપાદાન કારણો સંપૂર્ણ જ્ઞ પરિજ્ઞા વડે સમજીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે સર્વથા છોડે, કેવી રીતે

છોડે તે કહે છે. 'स' તે કર્મ છોડનારો કાય વાચા અને મન વડે જીવોની હિંસા ન કરે, ન મરાવે, મારતાને ભલો ન જાણે, વળી પાપોના ઉપાદાનમાં પ્રવર્ત્તતા પોતાના આત્માને રોકે, અથવા સત્તર પ્રકારના સંયમમાં આત્માને જોડે, અથવા આ ચાર સંપૂર્ણ પાળવા સંયમ માફક પોતે આચરણ કરે, વળી 'नो पगब्भइ' એટલે અસંયમ કર્મમાં (પાપના ઉદયથી) પ્રવર્ત્તતો છતાં પ્રગલ્ભતા (ધૃષ્ટ પણું) ન કરે, પાપના ઉદયથી છાનું કુકર્મ કરે તો પણ લજ્જાયમાન થાય, (પશ્ચાત્તાપ કરે) પણ ધૃષ્ટતા ન કરે (કે એમાં શું પાપ છે ?) વળી આ બતાવવાથી એમ સૂચવ્યું કે મોક્ષ માર્ગ જાણેલો મુનિ ક્રોધ ન કરે, ન જાતિ વિગેરેનો અહંકાર કરે, ન કપટ કરે, ન લોભ કરે, શું આલંબીને આ કરે ? તે કહે છે. 'उत्प्रेक्ष माणः' બધાં પ્રાણીના મનને પોતાનું અનુકુળ તે સાતા (સુખ) છે. પણ બીજાના સુખ વડે પોતે સુખી નથી, તેમ પારકાના દુઃખે દુઃખી નહીં, તેવું જાણીને પોતે હિંસા ન કરે, દરેક પ્રાણીના સુખને વિચારતો મુનિ શું કરે ? તે કહે છે, જેના વડે પ્રશંસા થાય તે વર્ણ (કીર્ત્તિ) છે. તેનો અભિલાષી બનીને બધા લોકમાં કોઇપણ જાતનો પાપારંભ ન કરે. અથવા તપસંયમ વિગેરેનો આરંભ પણ યશકીર્તિ માટે કરે નહીં, પણ પ્રવચન (જૈનશાસન)ની પ્રભાવના માટે કરે, તેવા પ્રભાવકો નીચે મુજબ છે,

**प्रावचनी धर्म कथी वादीनैमित्तिक स्तपस्वी च ।**
**विद्यासिद्धः ख्यातःकवि रपिचोद्भावका स्त्वष्टौ ॥१॥**

સિદ્ધાંત ભણેલો, ધર્મ કથા કહેનાર, વાદી (ન્યાયને અભ્યાસી) જ્યોત્સી (જોશી) તપશ્ચર્યા કરનાર, વિદ્યા (ચમત્કારવાળો) સિદ્ધ મંત્રવાળો, કવિ એ આઠ ધર્મના પ્રભાવકો છે.

અથવા વર્ણ તે રૂપ, તેને અભિલાષી ન બને એટલે સુગંધી તેલ વિગેરે ન લગાડે, કેવો બનીને આ સદાચાર પાળે ? **एको**—બધાં મલ કલંક દૂર થવાથી એક તે મોક્ષ છે, અથવા રાગદ્વેષના રહિતપણાથી એક તે સંયમ છે, તેમાં જેનું મુખ ગયેલું છે, તથા મોક્ષ અથવા તેના ઉપાયમાં એક દૃષ્ટિ (લક્ષ્ય) રાખીને કંઇપણ પાપારંભ ન કરે, વળી મોક્ષ તથા સંયમ તરફ છે. તે દિશા, અને તે સિવાયની બીજી વિદિશા છે, તેમાંથી પ્રકર્ષે તરેલો તે વિદિક્ પ્રતીર્ણ છે. અને એવો હોય તે આરંભ રહિત બને, કુમાર્ગને પરિત્યાગ કરવાથી તે પાપારંભને અન્વેષી ન હોય, વળી ચરણ તે ચાર છે, અને તે અનુષ્ઠાન છે. નિર્વિણ્ણનું અનુષ્ઠાન કરે તે નિર્વિણ્ણચારી છે, કયાંથી હોય ? તે કહે છે. **प्रजास्वरतः** વારંવાર જન્મે તે પ્રજા (પ્રાણીઓ) તેમાં અરત હોય, એટલે તેના આરંભથી નિવૃત હોય, અથવા મમત્વ વિનાને હોય, અને શરીર વિગેરેમાં પણ જે મમત્વ

રહિત હોય તે નિર્વિણ્ણ ચારીજ હોય છે, અથવા પ્રજા (સ્ત્રીઓ) તેમાં અરક્ત હોય તે આરંભમાં પણ નિર્વેદ (મોહ રહિત) હોય, કારણ કે કારણના અભાવમાં કાર્યનો પણ અભાવજ હોય છે, અને જે પ્રજામાં અરક્ત અને આરંભરહિત છે, તે કેવો હોય? તે કહે છે,

**सेवसुमं सव्व समन्नागय पन्नाणेणं अप्पाणेणं अकरणिज्जं पावकम्मं तं नो अन्नेसी, जं संमंति पासहा तं मोणं ति पासहा जं मोणंति पासहा तं संमंति पासहा, न इमं सक्कं सिढिलेहिं अद्दिज्जमाणेहिं गुणासाए हिं वंक समायारेहिं पमत्ते हिंगार मावसंतेहिं, मुणी मोणं समायाए धुणे सरीरगं, पंत लूहं सेवंति वीरा सम्मत्तदंसिणो, एस ओहंतरे मुणी, तिण्णे मुत्ते विरए वियाहिए त्तिबेमि (सू० १५५) लोकसारे तृतीयोद्देशकः ॥५-३॥**

વસુ તે દ્રવ્ય છે, અને અહીં તેનો અર્થ સંયમ છે, તે જેને હોય તે નિવૃત આરંભવાળો છે. અને તે મુનિ વસુવાળો છે, તથા જે આત્માને સર્વ સમ્યક પ્રકારે આવેલું (મળેલું) પ્રજ્ઞાન તે બધા પદાર્થોનો પ્રકાશ કરનારૂં છે. તેવા આત્મા વડે (પદાર્થોનું પુરૂં જ્ઞાન પ્રાપ્ત કરેલાએ) જે પાપ કૃત્ય કરવા યોગ્ય નથી તે પોતે કદીપણ કરવાને ઇચ્છતો

નથી, અર્થાત્ પોતે પરમાર્થને જાણેલો હોવાથી પોતે સાવદ્ય અનુષ્ઠાન કરતો નથી, જે સમ્યગ પ્રજ્ઞાન છે, આજ ગત પ્રત્યાગત સૂત્ર વડેજ બતાવે છે. સમ્યગ એટલે સમ્યગ જ્ઞાન અથવા સમ્યકત્વ છે. તેની સાથે ચારિત્ર છે, આ બનેનું સહભાવ પણું હોવાથી એકનું ગ્રહણ કરવાથી બીજું પણ ગ્રહણ કરેલું જાણવું, એ ન્યાય છે, જે આ સમ્યગ જ્ઞાન અથવા સમ્યકત્વ છે. તે (હે શિષ્યો) તમે જુઓ કે મુનિનો ભાવ તે મૌન છે, એટલે સંયમ અનુષ્ઠાન તે મૌન છે. તેને જુઓ, તથા જે મૌન છે, તે સમ્યગ જ્ઞાન અથવા નિશ્ચય સમ્યકત્વ છે. તે તમે જુઓ, કારણ કે જ્ઞાનનું ફળ વિરતિ છે, તથા જ્ઞાન છે તે સમ્યકત્વને પ્રકટ કરવા પણે છે. તેથી તે સમ્યકત્વ જ્ઞાન ચરણ ત્રણેની એકતા જાણવી, અને આ જેવા તેવાથી પાળવું શકય નથી, માટે કહે છે, કે આ સમ્યકત્વ વિગેરે ત્રણ સારી રીતે કરવાં તેને શકય નથી તે કોને? શિથિલ પુરૂષો જેઓ અલ્પ પરિણામ પણે મંદ વીર્યવાળા છે, તથા જેમનામાં સંયમ તપની ધીરજ તથા દૃઢપણું નથી તેમને સંયમ પાળવો અશકય છે, વળી (આર્દ્રઃ,) પુત્ર કલત્ર વિગેરેના પ્રેમથી જેમનું હૃદય ભીંજાયલું છે, તેમને પણ સંયમ દુષ્કર છે, તથા જેમને ગુણો તે શબ્દ વિગેરેનો આસ્વાદ છે, તેમને સંયમ અશકય છે, વળી વક્ર સમાચારવાળા (કપટી) ઓને અશકય છે, તથા વિષય કષાય વિગેરેથી જેઓ પ્રમાદી છે, તથા જેઓને ઘર ઉપર મમત્વ

છે. તે અગાર સેવનારા (મઠધારી બનેલા) ને પાપ વર્જન રૂપ સંયમ (મૌન) અનુષ્ઠાન કરવું અશકય છે, (સૂત્રમાં અ નો લોપ થવાથી ગાર છે. પણ અગાર લેવું.)

પ્રઃ—ત્યારે કેવી રીતે શકય થાય? મુનિ તે ત્રણ જગત્‌ને માનનારો, તેનું મૌન તે મુનિ પણું (બધાં પાપ કર્મ ત્યાગવા રૂપ) છે. તે ગ્રહણ કરીને ઐાદારિક શરીર અથવા કર્મ શરીર દૂર કરે, તે ધૂનન (દૂર કરવું) કેવી રીતે થાય? તે કહે છે. પ્રાન્ત વાસી અથવા વાલ ચણાદિ અથવા અલ્પ આહાર લે, તે પણ વિગઇ રહિત લુખો લે, આવો આહાર કોણ લે? વીર પુરૂષો કર્મ વિદારણ કરવાને સમર્થ હોય તેવા, વળી તે કેવા છે? સમ્યક્ત્વ દાર્શઓ અથવા સમત્વ દર્શીઓ છે, અને જે તુચ્છ લુખો આહાર ખાનારો છે, તેને શું ગુણ થાય તે કહે છે, કે ઉપર બતાવેલ ઉત્તમ ગુણવાળો ભાવૌઘ (સંસાર) ને તરે છે, કોણ તરે? મુનિ હોય તે, (અને તેવા ગુણો ધારણ કરવાથી) હમણાંજ વર્ત્તમાન કાળમાં તીર્ણ (તર્યો જેવો)જ છે, અને તે બાહ્ય અભ્યંતર સંગના અભાવથી મુક્ત જેવોજ છે, પ્ર૦ આવો કોણ છે? ઉ.–જે સાવદ્ય અનુષ્ઠાનથી વિરત હોય તે. આ પ્રમાણે બતા૦યો સુધર્માસ્વામી કહે છે કે મેં એમ ભગવાન મહાવીર પાસે સાંભળ્યું તે તમને કહ્યું.

લોકસાર અધ્યયનમાં ત્રીજો ઉદ્દેશો સમાપ્ત થયો.

## ચોથો ઉદ્દેશો.

હવે ચોથો ઉદ્દેશો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે છે, પહેલા ઉદ્દેશામાં હિંસા કરનાર વિષયારંભ કરનાર એકલ વિહારી હોય તો પણ તેને મુનિત્વનો અભાવ બતાવ્યો, પણ બીજા અને ત્રીજામાં તો હિંસા અને વિષય આરંભ તથા પરિગ્રહ છોડવા વડે સાધુપણું છે, તથા હિંસા કરનાર પરિગ્રહ ધારીના દોષો બતાવ્યા. અને તેનાથી વિરત (મુકત) હોય તેજ મુનિ છે, એમ બતાવ્યું, અને આ ચોથા ઉદ્દેશામાં એકલા ફરનારાને મુનિપણાનો અભાવ છે, તેથી તેના દોષો બતાવવાવડે કારણો કહે છે. આ પ્રમાણે સંબંધથી આવેલા ચોથા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે,

**गामाणुगामं दूइज्जमाणस्स दुज्जायं दुप्परक्कंतं भवइ, अवियत्तस्स भिक्खुणो (सू० १५९)**

બુદ્ધિ વિગેરે ગુણોનો ગ્રાસ કરે (નાશ કરે) તે ગ્રામ છે. એક ગ્રામથી બીજે ગામ જવું તે ગ્રામાનુગ્રામ છે, દૂયમાન તે વિચરતો (ધાતુના અનેક અર્થ છે) અર્થાત્ ગામ ગામ જે સાધુ એકલો વિચરે, તેને કેવા દોષ લાગે, તે કહે છે, દુષ્ટ ગમન તે દુર્યાત છે, એટલે એકલો વિચરે તો નિંદનીય છે, તેને અનુકૂલ પ્રતિકૂલ ઉપસર્ગના કારણે કાં તો અરણીક મુનિ માફક તે ગૃહસ્થ બની જાય, તથા ગતિમાં ભેદ કરવાથી દુષ્ટ વ્યંતરીની જંઘા છેદવા માફક

( પ્રતિકૂલ ઉપસર્ગમાં ચારિત્રથી અશ્રદ્ધાવાળો ) થાય, એટલે એકલ વિહારીને ગમન કરતાં ઉપરના દોષો લાગે છે, તથા દુષ્ટ પરાક્રાંત એટલે એકલો સાધુ જે મકાનમાં રહે, તેને ચારિત્ર ભ્રષ્ટ થવાનું કારણ થાય છે, જેમકે સ્થુલ ભદ્રની ઈર્ષા કરનાર કોશ્યા વેશ્યાને ઘેર ચોમાસું કરવા જનાર સિંહ ગુફાવાસી મુનિને પતિત થવા વખત આવ્યો, અથવા ચતુષ્પ્રોષિત ભર્તૃકા ( )ના ઘેર રહેલા મુનિને પોતે મહાસત્વવાન હોવાથી અક્ષોભ હોવા છતાં પણ દુષ્પરાક્રાંત થયું, પણ એ પ્રમાણે બધાને દુર્યાત દુષ્પરાક્રાંત થતું નથી, તે બતાવવા વિશેષ ખુલાસો કરે છે, કે અવ્યક્ત (ભિક્ષા લેનારા તે) ભિક્ષુને તે દોષો લાગે છે, તે અવ્યક્ત શ્રુત અને વયથી થાય છે. તે બતાવે છે, શ્રુત અવ્યકત તે આચાર પ્રકલ્પ (બ્રહત્ કલ્પ) અર્થથી ન ભણ્યો હોય, આ સ્થવિર કલ્પીને આશ્રયી છે, પણ ગચ્છથી નિકળેલા જિનકલ્પીને નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીનું જ્ઞાન જોઇએ, અને વયથી અવ્યકત તે ગચ્છમાં રહેલાને ૧૬ વર્ષ અને જિન કલ્પિને ૩૦ વર્ષની ઉમર જોઇએ, અહીં ચોભંગી થાય છે,

(૧) જે શ્રુત તથા વયથી અવ્યકત (અપૂર્ણ) છે તેને એકલ વિહાર ન કલ્પે, કારણ કે તેને સંયમ તથા આત્મા (પોતા)ની વિરાધનાનો સંભવ છે.

(૨) શ્રુતથી અવ્યકત પણ વયથી વ્યકત છે, તેને પણ

અગીતાર્થપણાથી સંયમ તથા આત્મ વિરાધનાનો સંભવ હોવાથી એકલ વિહારનો નિષેધ છે.

(૩) તથા શ્રુતથી વ્યકત પણ વયથી અવ્યકત હોય તેને પણ બાળકપણાથી સર્વ પ્રકારે પરા ભવના કારણે અને વિશેષથી ચોર તથા કુલિંગિ (અન્ય દર્શની બાવા વિગેરે) નો ભય છે, તેથી તેને પણ એકલવિહાર ન કલ્પે.

(૪) પણ જે બંને પ્રકારે વ્યકત છે, તેને કારણ પડે અથવા પ્રતિમા સ્વીકારી હોય, અથવા (ઉચિત સોબતીના અભાવે) એકલ વિહાર કરવો પડે તો કરે, આવાને પણ કારણના અભાવમાં એકલ વિહારની આજ્ઞા આપી નથી. કારણ કે તે એકલવિહારમાં ઇર્યા સમિતિ તથા ગુપ્તિ વિગેરેમાં ઘણા દોષો થાય છે, તે બતાવે છે.

(૧) એકલો ભમતાં જે ઇર્યાપથ (માર્ગ) જોતો ચાલે, તેને પછવાડે કૂતરા વિગેરેનું દેખવું બની શકે નહીં, અને કૂતરા વિગેરેને દેખવા જાય તો ઇર્યા પથનું ભાન ન રહે, એ પ્રમાણે બધી સમિતિઓનું જાણી લેવું, વળી અજીર્ણના કારણે અથવા વાયુના રોકવાથી અથવા રોગો ઉત્પન્ન થતાં સંયમ તથા આત્માની વિરાધના થાય, તેથી જૈન શાસનની પણ હીલના થાય, તથા તેના ઉપર દયા લાવીને ગૃહસ્થો તેની ચાકરી કરે, તો અજ્ઞાનપણાથી છકાયનું ઉપમર્દન કરતાં સંયમને બાધા ઉપજાવશે, અને તેવો

દયાળુ ગૃહસ્થ ન મળે તો દવા ન કરવાથી તે સાધુની આત્મ વિરાધના થાય, તથા અતિસાર (ઝાડા) વિગેરેમાં પેશાબ ઝાડા. વિગેરેથી કપડાં તથા શરીર ખરડાઇ જવાથી દુગંચ્છા આવતાં લોકો જૈન ધર્મની હીલના (નિંદા) કરે, વળી ગામડા વિગેરેમાં રહેતાં બ્રાહ્મણ વિગેરે કેશ લુંચન વિગેરેથી અધિક્ષેપ (તિરસ્કાર) કરતાં પરસ્પર વિવાદ થતાં મારામારીનો પણ વખત આવે, આ બધું ગચ્છમાં રહેલા સમુદાયમાં વિચરતાને ન સંભવે, કારણ કે ક્રોધ વિગેરે થતાં ગુરૂ ઉપદેશ આપી બંનેને શાંત રાખે. કહ્યું છે કે—

**अक्कोस हणण मारण धम्मब्भंसाण बाल सुलभाणं;**
**लाभं मण्णइ धीरो, जहुत्तराणं अभावंमि ॥१॥**

આક્રોશ વધ માર ધર્મ ભ્રંશ વિગેરે બાલકોને સુલભ છે, આટલું છતાં ઉત્તરના દોષોના અભાવે ધીર માણસ તેમાં લાભ માને છે, અર્થાત્ સમુદાયમાં રહેનારો કોઇથી લડે તો ગુરૂ ઉપદેશ આપે કે આ માર વિગેરેનું દુઃખ પણ સારૂં છે. કારણ કે પાછળથી દુર્ગતિનો સંભવ નથી પણ જે સંઘાડાથી જુદો પડી એકલો વિચરતો હોય તેને ફકત દોષોનોજ સંભવ છે.

**साहंमिएहिं संमुज्जएहिं एगागिओ अ जो विहरे ।**
**आयंक पउरयाए छक्काय वहंमि आवडइ ॥१॥**

પોતાના સમુદાયના સાધુ યોગ્ય વિહાર કરતા હોય, તેમને

છોડીને જે એકલો વિચરે, તેને રોગોનો વધ.રો થતાં છકાયના વધમાં તે પડે છે, ( દોષો લગાડે છે )

**एगाणिअस्स दोसा इत्थी साणे तहेव पडिणीए ।**
**भिक्खऽविसोहि महव्वय तम्हा सबिइज्जए गमणं ॥२॥**

એકલા ફરનારાને સ્ત્રી કૂતરો તથા પ્રત્યનીકથી દુઃખ થવા સંભવ છે, તથા ગોચરીની અશુદ્ધિ તથા મહાવ્રતમાં પણ દોષો લાગે માટે બીજા સાધુ સહિત વિચરવું, પણ ગચ્છમાં રહેનારાને તો ઘણા ગુણો થાય છે, તેની નિશ્રાએ બીજો બાળ વૃદ્ધ વગેરેને ઉદ્યત વિહારનો સ્વીકાર થાય, કારણ કે પોતે તરવામાં સમર્થ હોય, તે બીજો અશકત ડુબતો કોઈ લાકડાને વળગેલો હોય, તેને પણ પોતે તારે છે, આ પ્રમાણે ગચ્છમાં પણ યોગ્ય વિહાર કરનારો બીજા સીદાતા (બેસી રહેલા)ને વિહાર કરાવે છે, આ પ્રમાણે એકલા વિચરતાના દોષોને જાણીને તથા ગચ્છમાં વિચરતાનો ગુણો જાણીને કારણના અભાવમાં પંડિત અને ઉમ્મર લાયક સાધુએ પણ એકલ વિહાર ન કરવો, તો અગીતાર્થ અને નાની ઉમરવાળાએ તો ક્યાંથી એકલ વિહાર કરવો ?

શંકા—જેનો સંભવ હોય તેનો પ્રતિષેધ થાય, પણ એકાકી વિહારનો સંભવ નથી કારણ કે કયો મૂર્ખ સાધુ સોબતીઓને છોડીને બધા દુઃખોનું સ્થાન એવો એકલ વિહાર પસંદ કરે !

ઉત્તરઃ—કર્મપરિણતિને કંઇપણ અશક્ય નથી; તે બતાવે છે.

સ્વતંત્રતા જે રોગરૂપ છે, તેને ઔષધતુલ્ય માનનારાને બધાં દુઃખોના પ્રવાહમાં તણાતાને બચવા માટે સેતુ ( પૂલ ) સમાન સંપૂર્ણ કલ્યાણનું એકસ્થાનરૂપ-શુભ આચારના આધારરૂપ-ગચ્છમાં રહેનારા સાધુને પ્રમાદથી ભૂલ થતાં તેને ઠપકો અપાય; ત્યારે, તે સાધુ સદુપદેશને ન ગણતાં સારા ધર્મને વિચાર્યા વિના કષાય-વિપાકની કડવાશને દીલમાં ન લેતાં પરમાર્થને વિચાર્યા વિના કુલપુત્રતા ( ખાનદાની ) પછવાડે મુકી વચન માત્રથી પણ કોઇને ઠપકો આપતાં સુખનાં વાંછકો બનવા માટે ન ગણાય એટલી આપદાવાળા થવા માટે ગચ્છમાંથી નીકળી જાય છે, અને પછી તેઓ આલોક તથા પરલોકના અપાયો ( દુઃખોને ) મેળવે છે. કહ્યું છેઃ—

**जह सायरंमिमीणा, संखोहं सायरस्स असहंता ।**
**णिंति तहो सुहकामी निग्गयमित्ता विणस्संति ॥१॥**

જેમ, સાગરમાં રહેલાં માછલાં સમુદ્રનો ક્ષોભ ન સહન કરીને સુખ મેળવવા બહાર જતાં નાશ પામે છે. તેજ પ્રમાણે સુખાભિલાષી સાધુ એકલો પડતાં નાશ પામે છે, તે નીચલી ગાથામાં બતાવે છે.

**एवं गच्छ समुद्दे सारण वीईहिं चोईया संता ।**

**णिंति तओ सुहकामी, मीणा व जहा विणस्संति॥१॥**

ગચ્છ સમુદ્રમાં રહેતા સાધુને પ્રમાદથી ભૂલતાં પ્રેરણા કરતાં પોતે કંટાળી નીકળીજાય; તો, તે સુખના વાંચ્છક માછલા માફક નાશ પામે છે.

**गच्छंमि केइ पुरिसा सउणी जह पंजरंतरणी रुद्धा।**
**सारण वारण चोइय पासत्थगया परिहरंति ॥३॥**

શકુની પક્ષીને જો, પાંજરામાં પૂરેલ હોય; તો, જીવ-હિંસા વિગેરે ન કરી શકે. તેજ પ્રમાણે સ્મારણ (દોષને યાદ કરાવવા) વારણ (પાપથી અટકાવવા,) અને ધર્મમાં પ્રમાદ કરતાને પ્રેરણા કરવાથી પાસ ત્થા (ઢીલાપણાને) પામ્યા હોય; છતાં પણ, ગચ્છમાં રહેલા સાધુઓ પાછા સુધરી જાય છે.

**जहा दिया पोयमपक्खजायं, सवासया पवितुमणं मणागं;**
**तम चाइया तरुणम पत्तजायं ढंकाइ अव्वत्तगमं हरेज्जा ॥४॥**

જેમ, પક્ષીનું બચ્ચું પાંખો વિનાનું પોતાના માળા-માંથી નીકળવાની ઇચ્છા કરે; ત્યારે, પાંખોના જોર વિનાનું તે બચ્ચું આમતેમ કુદકા મારતાં તેને મોર વિગેરે ઉપાડી જાય છે.

ઉપર પ્રમાણે સિદ્ધાંત પૂરા ભણ્યા વિના, અને લાયક

ઊમ્મર વિના ગુરૂએ ઠપકો આપતાં જે સમૂદાયથી રીસાઈ નીકળી જાય; તે તીર્થિંક ધ્વાંશ ( ) વિગેરેથી ભ્રષ્ટ થાય છે તે શાસ્ત્રકાર બતાવે છે.

**वयसावि एगे बुइया कुप्पंति माणवा, उन्नयमाणेय नरे महया मोहेण मुज्झइ, संबाहा बहवे भुज्जो २ दुरइक्कम्मा अजाणओ अपासओ एयं ते मा होउ, एयं कुसलस्स दंसणं, तद्दिट्ठीए तम्मुत्तीए तप्पुरक्कारे तस्सन्नी तन्निवेसणे जयं विहारी चित्त निवाई पंथ निज्झाई पलि बाहिरे, पासियपाणे गच्छिज्जा (सू० १५७)**

કોઈ વખત તપ સંયમનાં અનુષ્ઠાન વિગેરેમાં ખેદ આવતાં; અથવા, પ્રમાદથી ભૂલતાં ગુરૂ વિગેરેએ ધર્મના કારણે વચનથી પણ ઠપકો આપતાં પરમાર્થને નહીં જાણનારા કેટલાક સાધુઓ ક્રોધાયમાન થાય છે, અને બોલે છે કે, " આ ગુરૂએ મને આટલાબધા સાધુઓ વચ્ચે ઠપકો આપ્યો. મેં શું ગુનોહ કર્યો હતો ? અથવા, આ બીજા પણ તેવી ભૂલ કરનારા છે. મને પણ એટલોજ અધિકાર છે, તેથી મારા જીવિતને પણ ધિક્કાર હો ! વિગેરે વિચારતાં મહામોહના ઉદયવડે ક્રોધરૂપ–અંધારાવડે ઢંકાઈગયલી ચક્ષુવાળા તેઓ સાધુનો ( શાંતિરૂપ )–સમુચિત આચાર છોડીને

બંને પ્રકારે જ્ઞાનથી તથા, વયથી અશક્ત બનેલા જેમ, સમુદ્રમાંથી બહાર જતાં માછલું નાશ પામે; તેમ, ગચ્છમાંથી નીકળીને તેઓ એકલા ફરતાં ધર્મભ્રષ્ટ થાય છે, અથવા કોઇ માણુસ વચનથી એમ કહે કેઃ—

"આ માથામાં લોચ કરાવેલા મેલથી શરીર ગંધાતાવાળા પ્રગત અવસરે ( દહાડો ચડેજ ) આપણે દેખવા. (અર્થાત્ આ અપશકુન થયા કે સામા મળ્યા.) આવું બોલતાંજ કેટલાક સાધુ ક્રોધથી અંધા બનીજાય છે, અથવા કોઇનો સ્પર્શ થાય; તોપણ, કોપાયમાન થઇજાય છે, અને કોપાયમાન થઇ બીજા સાથે લડે; તેથી એવા અનેક દોષો જે ગુરૂથી જુદા પડયા હોય; સિદ્ધાંતનો પરમાર્થ ન જાણ્યો હોય; તો તેને રક્ષકના અભાવે દોષો થાય; પણ, ગુરૂ સાથે હોય; તો, લડનારને ઉપદેશ આપે કે—

**आक्रुष्टेन मतिमता तत्वार्थान्वेषणे मतिः कार्या ।**
**यदि सत्यं कः कोपः ? स्यादनृतं किं नु कोपेन ॥१॥**

બુદ્ધિમાન પુરૂષે ક્રોધ કરતાં વિચાર કરવો; અને તત્વ શોધવામાં બુદ્ધિ જોડવી. જો, તે કહેનારનું બોલવું સત્ય હોય; તો, કોપ કેમ કરવો ? અને તેનું બોલવું જૂઠું હોય; તો, તારે કોપ શું કામ કરવો ? (કારણકે તે તને લાગતું નથી.)

**अपकारिणि कोपश्चेत्, कोपे कोपः कथं न ते;**
**धर्मार्थकाममोक्षाणां प्रसह्य परि परिपान्थिनि;॥२॥**

જો તારે બગાડનાર ઉપરજ કોપ કરવો હોય, તો તેં કોપ ઉપરજ તારો કોપ કેમ થતો નથી કારણ કે ધર્મ અર્થ કામ અને મોક્ષ આ ચારે ને અતિશે વિઘ્ન કારક આ કોપ છે, (કોપવાળો માણસ ચારેને ભૂલી જાય, અને અનર્થ કરે છે ) વિગેરે—પ્રશ્ન કયા કારણે વચનથી પણ ઠપકો આપતાં આ લોક અને પરલોકનું બગાડનાર સ્વપરને બાધા કરનાર ક્રોધને લોકો પકડી રાખે છે? ઉ—જેને ઉન્નત (ઘણું) માન છે, અથવા જે પોતાના આત્માને ઉંચો માને છે, તેવો માણસ પ્રબળ મોહનીય કર્મના ઉદયથી અથવા અજ્ઞાનના ઉદયથી મુંઝાય છે, એટલે કાર્ય અકાર્યના વિચારના વિવેકથી શૂન્ય થાય છે, તેવા મુંઝાયલાને કોઈએ શિખામણ આપવા કાંઇ કહ્યું હોય, અથવા મિથ્યાત્વીએ વાણીથી તિરસ્કાર કર્યો હોય, ત્યારે પોતે જાતિ વિગેરે કોઇપણ જાતનો મદ ઉત્પન્ન થતાં માનરૂપ મેરૂ પર્વત ઉપર ચઢીને કોપાયમાન થાય છે, કે હું આવો! તેનો પણ આ તિરસ્કાર કરે છે, ધિક્કાર છે, મારી ઉંચ જાતિને! ધિક છે મારા પુરૂષાર્થને! ધિક્ છે મારા જ્ઞાનને! આ પ્રમાણે અભિમાન ગ્રહથી ઘેરાયલો વચનના ઠપકા માત્રથી પણ ગચ્છમાંથી નીકળી જાય છે, અથવા નીકળ્યા પછી બીજા સાથે ક્લેશ કરવાથી વિટંબના પામે છે અથવા કોઈ ઓછી બુદ્ધિવાળા મનુષ્યે તેને કુલાવ્યો હોય કે " આ ઊત્તમ કૂળમાં ઉત્પન્ન

ચએલો, સુંદર ચેહરાવાળો, તીક્ષ્ણ બુદ્ધિવાળો કોમળ વચન-વાળો બધાં શાસ્ત્ર જાણનારો ભાગ્યશાળી સુખથી સેવવા યોગ્ય છે, આવાં સાચાં જૂઠાં વચન સંભળાવીને ઉંચે ચઢાવેલો અહંકારી બનીને મહાન્ ચારિત્ર મોહથી અથવા સંસારના મોહથી મુંઝાય છે, અને તે અહંકારથી મહા-મોહે મુંઝાયેલાને કોઈ વચનથી પણ જરા ઠપકો આપે, તો ગચ્છમાંથી નીકળી જતાં ઓછું ભણવાથી ગામ ગામ વિચરતાં શું દુઃખ થાય તે કહે છે, તે ઓછું ભણેલાને એકલા ફરતાં ઉપસર્ગ સંબંધી પીડા થાય, અથવા જુદા જુદા રોગો સંબંધી પીડા વારંવાર થાય, તે પીડાઓને એકલા વિચરતા સાધુને શાસ્ત્રોને ન જાણવાથી નિરવદ્ય વિધિએ દૂર કરવી મુસ્કેલ છે, કેવા સાધુને મુશ્કેલ છે? તે કહે છે તે જુદી જુદી રીતે આવેલી પીડાઓ સારી રીતે સહેવાનો ઉપાય ન જાણવાથી, તથા સારી રીતે સહેવાનું ફળ ન જાણતો હોવાથી તેને તે પીડા સહેવી મુશ્કેલ છે, પછી આતંક પીડાથી પીડાઇ આકૂળ બનેલો એષણા શુદ્ધિને પણ ત્યજી દે, પ્રાણીને થતું દુઃખ પણ વિસરી જાય, વાક્ (વચન) રૂપ કંટકથી પ્રેરાયલો અંદર પણ ક્રોધ કરીને બળે, પણ આવી ઉત્તમ ભાવના ન ભાવે કે, આ પીડાઓ મારા કર્મના વિપાકો ઊદયમાં આવ્યાથી થઈ છે પણ, બીજો પ્રાણી તો, તેમાં નિમિત્ત માત્ર છે. વળી,

**आत्मद्रोह ममर्यादं मूढ मुज्झित सत्पथम् ।**
**सुतरामनु कर्षेत, नरकार्च्चिच ष्मादिन्धनम् ॥१॥**

આત્માને દ્રોહ કરનાર જે અમર્યાદા છે, તે મૂઢ માણસને સુમાર્ગેથી ઘસડીને નરકની અગ્નિરૂપ-જ્વાળામાં ઇંધન તરીકે નાંખે. (અર્થાત્ મર્યાદા છોડીને બહાર નીકળે; તે નરકનાં જેવાં દુઃખો અહીં, અને પરલોકમાં બંને જગ્યાએ ભોગવે.)

આવી ઉત્તમ ભાવનાઓ આગમને ન ભણવાથી આપરિમલિત મતિવાળાને હોતી નથી. આ બતાવીને ગુરૂમહારાજ શિષ્યોને કહે છે કે:—આ એકલા ફરનારાને બાધા દૂર કરવી મુશ્કેલ હોવાથી અંજાણપણાથી પીડા દેખવા વિના મારા ઉપદેશથી તું બહાર ન જતો; પણ આગમને અનુસરી સદા આપણા ગચ્છમાં રહેનારો બન, સુધર્માસ્વામી કહે છેઃ—આ અભિપ્રાય કુશળ એવા વર્ધમાન સ્વામીનો છે, કે જેમ, એકલા ભટકનારાને દોષો છે, તેમ આચાર્ય પાસે હમેશાં રહેનારાને ગુણો છે. હવે, આચાર્યના સમીપમાં રહે; તેણે શું કરવું? તે કહે છેઃ—તે આચાર્ય મહારાજની દૃષ્ટિ જેમાં હોય; તે પ્રમાણે હેય ઉપાદેય પદાર્થોમાં વર્તવું; (જેમ કહે તેમ કરવું;) અથવા સંયમમાં દૃષ્ટિ તે **तद्दृष्टि** અથવા તેજ આગમજ દૃષ્ટિ એટલે આગમમાં બતાવ્યા પ્રમાણે સર્વ વ્યવહાર

કરવો; એટલે, આગમમાં બતાવ્યા પ્રમાણે સર્વસંગથી વિરતિ કરી ( મમત્વ–ત્યાગી ) ને સંયમકૃત્ય કરવાં; તથા પુરસ્કારને સર્વત્ર આગળ સ્થાપવો; અને તે પ્રમાણે આચાર્ય સંબંધી વર્તવું; તથા આચાર્યની સંજ્ઞા પ્રમાણે આચરવું. અર્થાત્ તેમનું કહેલું ધ્યાનમાં લઈ પછી તે પ્રમાણે વર્તવું; પણ પોતાની મતિકલ્પનાથી કંઈપણ કાર્ય ન કરે; તથા ગુરૂનું નિવેશન તે પોતાનું કરે; એટલે, સદા ગુરૂકુળ–વાસ સેવે; ત્યાં ગુરૂકુળમાં વસતો કેવો થાય ? તે કહે છે. યતનાથી વિહાર કરનારો થાય; યતનાથી પડિલેહણા કરતો પ્રાણીને ઉપમર્દન ન કરે. વળી, આચાર્યના ચિત્ત (અભિપ્રાય) પ્રમાણે ક્રિયામાં પ્રવર્તે; તે ચિત્તનિપાતી કહેવાય છે, તથા ગુરૂ કોઈ જગ્યાએ ગયા હોય તો, તે તરફ ધ્યાન રાખે; તે પંથ નિર્ધ્યાયી કહેવાય; તથા ગુરૂના સંથારાનો દેખનાર તે સંસ્તારક પ્રલોકી. અને ગુરૂ ભૂખ્યા હોય; તો, આહાર શોધે; તે વિગેરે દરેક રીતે ગુરૂની આરાધના કરવાથી સદા ગુરૂનો આરાધક બને. વળી, દરેકવખતે ગુરૂનો અવગ્રહ કાર્યપ્રસંગ સિવાય આગળપાછળ સાચવે, ( કાર્યપ્રસંગે અવગ્રહમાં જાય, નહિ તો સાડાત્રણ હાથની અંદર ન જાય, ) આ સૂત્રથી ત્રણ ઈર્યા ઉદ્દેશકમાં રહી છે. ( તેમાં ઇર્યા સમિતિનું વર્ણન છે,) વળી કોઇ પણ કાર્યમાં ગુરૂએ મોકલ્યો હોય, તો પ્રાણીઓને સાડાત્રણ હાથની જગ્યામાં શોધતો તેને દુઃખ ન થાય, તેમ યતનાથી ચાલે. વળી—

**से अभिक्कममाणे पडिक्कममाणे संकुचमाणे पसारेमाणे विणिवट्टमाणे संपलिज्जमाणे एगया गुण समियस्स रीयओ काय संफासं समणुचिन्ना एगतिया पाणा उद्दायंति, इहलोग वेयण विज्जा वाडियं, जं आउट्टिकयं कम्मं तं परिन्नाय विवेगमेइ, एवं से अप्पमाएण विवेगं किट्टइ वेयवी (सू० १५८)**

તે સાધુ સદા ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલનારો હોય છે, તે અભિક્રમ જતો કે પાછો ફરતો, કે હાથપગને સંકોચતો; હાથ વિગેરે અવયવને પસારતો, બધા અશુભ વેપારથી પાછો હટતો, હોય ત્યારે બરોબર રીતે બધી બાજુએ હાથપગ વિગેરે શરીરના અવયવોને તથા તેના સ્થાનોને રજોહરણ વિગેરેથી પૂંજીને ગુરૂ કુલવાસમાં વસે, ત્યાં રહેનારની વિધિ કહે છે. જમીન ઉપર એક ઉરૂ (જાંઘ) સ્થાપીને બીજો ઉંચો રાખીને બેસે, નિશ્ચળ સ્થાને તમ ન બેસાય તો ભૂમી દેખીને પૂંજીને કુકડીના બેસવા પ્રમાણે સંકોચે, અથવા જરૂર પડે લાંબા પહોળા પણ કરે. સુવું હોય; તો પણ મોરની માફક સુવે. કારણકે તે મોરને બીજા પ્રાણીનો ભય હોવાથી એક પાસે સુવે, તથા હમેશાં સચેતન સુવે, તેજ પ્રમાણે સાધુને પાસું ફેરવવું હોય તો પણ દેખીને પુંજીને ફેરવે, એજ પ્રમાણે બધી ક્રિયાઓ પુંજી પ્રમાર્જી ને યતનાથી કરે; આ પ્રમાણે અપ્રમાદી પણે ક્રિયા કરતાં છતાં અવશ્ય

અનવાકાળને લીધે શું થાય, તે કહે છે, કદાચ તે ગુણયુક્ત સાધુને અપ્રમત્ત પણે બધાં અનુષ્ઠાન કરવા છતાં, જતાં આવતાં સંકોચતાં પસારતાં પાછા ફરતાં પ્રમાર્જન કરતાં કોઇ પણ અવસ્થામાં પોતાની કાયાના સમાગમમાં આવેલા સંપાતિમ ( ઉડતા ) કેટલાક જંતુઓ પરિતાપ પામે, કેટલાક ગ્લાની પામે, કોઇનો અવયવ નાશ પામે, અને અંત અવસ્થાતો સૂત્રકારજ બતાવે છે કે, કેટલાક પ્રાણથી પણ દૂર થાય છે, આમાં કર્મ સંબંધી વિચિત્રતા છે, શૈલેશી અવસ્થામાં રહેલા સાધુને મશક વિગેરેના કાયનો સ્પર્શ થતાં કોઇ જંતુ મરણ પામે, તો પણ બંધના ઉપાદાન કારણ યોગના અભાવથી બંધ નથી. ઉપશાંત તથા ક્ષીણમોહ તથા સયોગી કેવલિને સ્થિતિ નિમિત્ત " કષાયો "ના અભાવથી એક સમયનોજ બંધ છે. અ પ્રમત સાધુને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી કોડા કોડી સાગરોપમની અંદરનો બંધ છે, પણ પ્રમત્ત સાધુને અનાકુટ્ટીના કારણે તથા વિના દેખે વર્તન કરવાથી કોઇ પ્રાણીનો પોતાના પગ વિગેરેથી સ્પર્શ થતાં તેને ઉપતાપના વિગેરે થતાં જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અપ્રમત્ત માફક છે. પણ પ્રમાદના કારણે કાંઇક વિશેષ બંધ છે. અને તે તેજ ભવે ક્ષેપાય (દૂર થઈ શકે) છે, તે સૂત્ર વડેજ બતાવે છે. આ જન્મમાંજ ભોગવવું, તે આ લોક વેદન છે, તેનાવડે ભોગવવું તે આલોકવેદન વેદ્ય છે,

તેથી આવી પડેલું વે આલોકવેદનવેદ્ય આપતિત છે, તેનો ભાવાર્થ આ છે, પ્રમત્ત યતિએ પણ જે વિના ઇચ્છાએ ભુલ કરી તે કાયના સંઘટ્ટન વિગેરેથી કર્મ બંધ થયો, તે આ ભવના અનુબંધ રૂપે છે, તે ભવે ખેરવી શકાય તેમ છે, આકુટ્ટીથી કરેલા કૃત્યમાં શું કરવું તે કહે છે, આગમમાં કહેલ કારણ વિના (ફક્ત ભુલથી) પ્રાણીને દુઃખ દીધું હોય, તો જ્ઞ પરિજ્ઞાએ જાણીને વિવેક કરવો, પ્રાયશ્ચિત લેવું, તે દશ પ્રકારનું છે, (તે ગુરૂ પાસે લેવું) અથવા તેનો અભાવ કરે, અર્થાત્ એવું કૃત્ય કરે કે તેનો અભાવ થાય, કર્મનો જેમ અભાવ થાય, તે બતાવે છે, **एवं**—હવે બતાવે તે ઉપાય પ્રમાણે તે ક્રોધાદિથી કરેલા કૃત્યના વિવેક માટે વેદવિદ્ (જ્ઞાતા) સાધુ પ્રમાદને દૂર કરી દશ પ્રકારમાંથી કોઇ પણ પ્રકારનું જે યોગ્ય હોય, તે સમ્યગ્ અનુષ્ઠાન વડે કરીને અભાવ કરે, અથવા તીર્થંકર તેજ વેદવિદ્ છે, અથવા આગમ જાણનારા ગણધર ચૌદ પૂર્વી વિગેરે મુનિઓ અપ્રમાદ વડે શીઘ્ર અભાવ કરે છે. હવે અપ્રમાદી કેવી રીતનો હોય છે, તે કહે છે.

**से पभूयदंसी पभूय परिन्नाणे उवसंते समिए साहिए सयाजए दट्ठं विप्पाडिवेएइ अप्पाण किमेस जणो करिस्सइ? एस से परमारामो जाओ लोगंमि इत्थिओ मुणिणा हु एवं पवेइयं, उब्बाहिज्जमाणे**

गाम धम्मेहिं अवि निब्बलासए अवि ओमोयरियं कुज्जा अवि उड्ढं ठाणं ठाइज्जा अवि गामाणुगामं दूइज्जिज्जा अवि आहारं वुच्छिंदिज्जा अवि चए इत्थिसु मणं, पुव्वं दंडा पच्छा फासा पुव्वं फासा पच्छा दंडा, इच्चेए कलहा संगकरा भवंति, पडिलेहाए आगमित्ता आणविज्जा अणासेवणाए त्तिबेमि, से नो काहिए नो पासणिए नो संपसारणिए नो मामए णो कय किरिए वइ गुत्ते अज्झप्प संवुडे परिवज्जइ सयापावं एयं मोणं समणुवासिज्जासि त्तिबेमि ( सू० १४२ ) ॥५-४॥ लोकसारे चतुर्थः

તે સાધુ પ્રમાદના વિપાક વિગેરેનું અથવા અતીત અનાગત વર્ત્તમાનના કર્મ વિપાકનું પ્રભૂત ( ઘણું રહસ્ય ) દેખવાના સ્વભાવ વાળો હોવાથી પ્રભૂત દર્શી કહેવાય છે, પણ વર્ત્તમાનનો સ્વાર્થ દેખીને કાંઇ પણ ન કરે, તથા સત્વ ( જીવ સમૂહ ) નું રક્ષણ કરવાના ઉપાયમાં ઘણું જ્ઞાન ધરાવે, અથવા સંસાર ભ્રમણ તથા મોક્ષ મેળવવાનાં કારણ ઘણી રીતે જાણે; માટે 'પ્રભૂત પરિજ્ઞાની' કહેવાય છે, અર્થાત્ સંસારનું જેવું સ્વરૂપ હોય તેવું બધા જીવોને બતાવે છે, किंच-વળી કષાયનો ઉદય ન કરે, તેથી અથવા

ઇંદ્રિય અને મનને કબજામાં રાખવાથી 'ઉપશાંત' છે, તથા પાંચ સમિતિ વડે સમિત અથવા સમ્યગ રીતે મોક્ષ માર્ગ તરફ ચાલવાથી સમિત છે. તથાં જ્ઞાન વિગેરેથી સહિત છે, તથા સદા યત્ન કરવાથી સદાયત છે, આ પ્રમાણે અપ્રમત્ત બનીને ગુરૂ સેવામાં રહેતો, પોતાના પ્રમાદથી પૂર્વે કરેલાં અશુભ કૃત્યોનો અંત કરે છે, તે સાધુ સ્ત્રી વિગેરેના અનુકૂલ પરિષહ આવતાં શું કરે, તે કહે છે. 'દૃષ્ટ્વા' સ્ત્રીઓને પોતાના આત્માને ઉપસર્ગ કરવાને આવતી દેખીને વિચારે કે, હું સમ્યગ દૃષ્ટિ છું, તથા પંચ મહાવ્રતનો ભાર મેં લીધો છે, શરદ રૂતુના ચંદ્ર સમાન નિર્મળ કુલમાં મેં જન્મ લીધો છે. હું અકાર્ય ત્યજવા માટેજ તૈયાર થયો છું, તે સ્રી સમૂહને દેખી વિચારે, કે આ સ્ત્રીઓથી મારે શું પ્રયોજન છે? મેં જીવવાની આશા ત્યાગ કરી છે, આ લોકનું સુખ સર્વથા છોડયું છે, તેથી તે સ્રી મને શું ઉપસર્ગ કરવાની છે? મારૂં મન કેમ ચલાયમાન કરશે? અથવા વિષયોનું સુખ દુઃખ રૂપે પરિણમવાથી મને આ સ્રીઓ શું સુખ આપવાની છે? અથવા પુત્ર કલત્ર વિગેરે મને કાળ ઝડપશે, અથવા રોગો પીડશે, ત્યારે તે કેવી રીતે બચાવી શકશે? અથવા આ પ્રમાણે સ્રીઓના સ્વભાવને ચિંતવે, તે સૂત્રકારજ બતાવે છે. કે આ સ્રી સમૂહ રમણતા કરાવે માટે આરામ છે, તથા પરમ આરામ હોવાથી પરમારામ છે, તેવું સુખ દેખાડનારી

સ્ત્રી તત્વ જાણનાર જ્ઞાની સાધુને પણ તેના હાસ વિલાસ ઉપાંગ તથા આંખના કટાક્ષ દેખાડવા વિગેરે બિંબોકવડે તે મુંઝવે છે, આ લોકમાં જે કોઇ સ્ત્રી સમૂહ છે તેને મોહરૂપ જાણીને તેઓ પોતે પુરૂષને ન ત્યજે, તે પહેલાં પોતે ત્યજવી, આ તીર્થંકરે કહેલું છે, તે બતાવે છે, '**મુનિના**' શ્રી વર્ધમાન સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી તેમણે કહ્યું છે કે, "સ્ત્રીઓ ભાવ બંધનરૂપ છે." એવું પૂર્વે પ્રકર્ષથી કહ્યું છે, અને આ પણ કહ્યું છે કે અતિશે મોહના ઉદયથી પીડાયલો તે 'ઉદ્બાધ્યમાન' છે પ્ર૦ શાથી ? ઉ૦ ઇંદ્રિયોના ગ્રામ એટલે તેઓના ધર્મમાં ફસતાં પીડાય, ત્યારે ગચ્છમાં રહેલો હોય તો ગુરૂ સમજાવે, ઉ૦ કેવી રીતે ? પ્ર૦ તે કહે છે–કે તેવો સાધુ નિર્બલ નિઃસાર એટલે લુખ્ખું સુકું ખાનારો બને, અથવા નિર્બળ બનીને ખાય, અર્થાત્ ઘણી તપસ્યા કરવાથી શરીર થાકતાં ઇંદ્રિયોના વિષયો પણ શાંત થઇ જાય છે, કારણ કે આહાર ઓછો લેવાથી બળ ઓછું થઇ જાય છે, તે બતાવે છે. અવમોદરી (ઓછું ખાવું તે) કરે, અને જો અંતપ્રાંત ખાવા છતાં પણ મોહ શાંત ન થાય, તો તેથી પણ અસ્નિગ્ધ આહાર વાલ ચણા વિગેરેના ૩૨ કોળીયા માત્ર ખાય, તેથી પણ શાંત ન થાય, તો કાયોત્સર્ગ વિગેરે કાય ક્લેશનો તપ કરે, તે બતાવે છે, ઉર્ધ્વ સ્થાને રહે, તથા શીત અથવા ઉષ્ણતા વિગેરેમાં (એટલે

ઠંડમાં નદી કિનારે અને ઉનાળામાં તપેલી રેતીમાં) કાઉસગ્ગ કરે, તેથી પણ શાંત ન થાય, તો ગામે ગામ વિચરે. જો કે કારણ વિના વિહાર નિષેધ્યો છે, છતાં મોહ શાંત કરવા રોજ ચાલી ચાલીને કાયા થકવીને મોહ દૂર કરે, એથી વધારે શું કહે? અર્થાત્ જે કારણથી વિષય ઇચ્છા દૂર થાય, તેવું કૃત્ય કરે, અને છેવટે આહાર પણ ત્યાગ કરે. અતિપાત કરે (ઉંચેથી પડીને મરે) ઉદબંધન કરે (ગળે ફાંસો ખાય) પણ સ્ત્રીમાં મન ન કરે, (અપિ સમુચ્ચયના અર્થમાં છે) સ્ત્રીમાં જે મન ગયું, તે ત્યજે, તેના પરિત્યાગમાં બે પ્રકારના કામો (ઈચ્છા કામ મદન કામ) પણ દૂરથી ત્યજેલા જાણવા. કહ્યું છે કે—

**काम जानामि ते रूपं, सकल्पात् किल जायसे ।**
**न त्वां संकल्पयिष्यामि, ततो मे न भविष्यसि ॥१॥**

હે કામ હું તારૂં સ્વરૂપ જાણું છું, કે તું સંકલ્પથી ઉત્પન્ન થાય છે ( પણ હું તારો સંકલ્પ કરવાનો નથી, તેથી તું મારા હૃદયમાં આવવાનો નથી !

પ્રશ્ન–પણ શા માટે સ્ત્રીમાં મન ન કરવું? ઉ૦ સ્ત્રી સંગમાં વર્તનારો અપરમાર્થ દૃષ્ટિવાળો પ્રથમથીજ તે સ્ત્રીનો સંગ ન છોડવા પૈસો પેદા કરવા ખેતી વેપાર વિગેરેની સાવદ્ય ક્રિયા કરતો અગણિત ( અત્યંત ) ભૂખ તરસ ઠંડ તાપ વિગેરેના પરિષહો સહેવાના આ

લોકમાંજ દુઃખ રૂપ. દંડો સહે છે, અને તે દંડો સ્ત્રી સંબંધ કરવા પહેલાંજ કરાય છે, (તેથી પૂર્વે કહ્યું છે) અને સ્ત્રી ગ્રહણ કર્યા પછી વિષયના નિમિત્તથી બંધાયલા પાપ વડે નરક વિગેરેનાં દુઃખોના સ્પર્શો ભોગવવા પડશે, સ્ત્રીના અકાર્યમાં પ્રવર્ત્તેલાને પૂર્વે દંડ અને પછી હાથ પગ વિગેરે છેદાવાના સ્પર્શો છે, અથવા પૂર્વે (કોઇ સ્ત્રી સાથે છુપું કુકૃત્ય કરતાં) તાડના (લાકડીનો માર) વિગેરે છે, અને પછીથી સ્ત્રીનો સંબંધ તથા આલિંગન ચુંબન વિગેરે છે તે બતાવે છે.

બંદી (          ) એ આણેલ અને રોકેલ રાજ-કુમારીએ ગવાક્ષમાંથી ફેંકયો તે નીચે પડેલ આવીલ (          ) ને લેવાથી રાજ પુરૂષોએ દેખવાથી ઠોકયો, ત્યારે રાજકુમારીને મૂર્છા થવાથી તેને દેખતાં ઇંદ્રદત્ત વણિક ને પ્રથમથી દંડા ખાવા પડયા, અને પાછળથી કન્યા મળતાં સ્પર્શ વિગેરેનું સુખ મળ્યું, અથવા કોઇને પ્રથમ સુખ વિગેરેના સ્પર્શો છે, અને પાછળથી લલિતાંગ કુમારની માફક બીજા વ્યભિચારીઓને દુઃખ પડે છે, किंच વળી આ સ્ત્રી સંબંધો કલેશ સંગ્રામનો સંગ (સંબંધ) કરાવે છે, અથવા કલહ ( ક્રોધ ) તથા આસંગ તે રાગ છે, એટલે રાગદ્વેષ કરાવનારા છે, જો એમ છે, તો શું કરે, તે કહે

છે. ઐહિક અમુષ્મિક ( આ લોક પરલોક ) સંબંધી અપાયોના કારણે સ્ત્રી સંગની પ્રત્યુપેક્ષાવડે **आगमेत्तात्ति.** જાણીને આત્માને આસેવન ( કુચાલ ) થી રોકે, આ પ્રમાણે હું કહું છું, તે તીર્થંકરના વચન પ્રમાણે કહું છું સ્ત્રીસંગમાં દુઃખ છે, માટે સંગ ન કરવો. વળી તે ત્યાગવાનો ઉપાય બતાવે છે.

'**स**' તે સ્ત્રીસંગનો ત્યાગી મુનિ સ્ત્રીના કપડાંની, વેષની તથા શણગારની કથા ન કરે, આ પ્રમાણે તે ત્યજાય છે, તથા તેમને નરકમાં લઇજનારી તથા સ્વર્ગમોક્ષમાં વિઘ્નરૂપ અર્ગલા જેવી જાણીને તે સ્ત્રીનાં અંગઉપાંગને ન દેખે, કારણ કે સ્ત્રીઓને દેખતાં તેના કટાક્ષો મહાન અનર્થને માટે થાય છે. કહ્યું છે કે.

**सन्मार्गे तावदास्ते प्रभवति पुरुषस्तावदेवेन्द्रियाणां,**
**लज्जां तावाद्विधत्ते विनयमपिसमा लबते तावदेव।**
**भ्रूचापाकृष्टमुक्ताः श्रवणपथजुषो नीलपक्ष्माण एते**
**यावल्लीलावतीनां न हृदि धृतिमुषो दृष्टिबाणाः पतन्ति**
**॥ १ ॥**

નીતિકાર કહે છે કે પુરૂષ સન્માર્ગમાં ઇંદ્રિયોને રાખવા ત્યાં સુધીજ સમર્થ થાય છે, તથા ત્યાં સુધીજ લજ્જા છે, તથા વિનય પણ ત્યાં સુધીજ છે, કે લીલાવતી ( સુંદર સ્ત્રી ) ના કાનના છેડા સુધી ખેંચાઇને નીલી પાંખો-

વાળા ભાપણુના ચાપવડે ખેંચીને છોડેલા ( કટાક્ષો ) પુરૂષના હૃદયની ધીરજને ચોરનારા દૃષ્ટિબાણો ત્યાં સુધી ન પડે. તથા તે સ્ત્રીઓને નરકની આપનારી જાણીને તેની સાથે સંપ્રસારણ ( ખાનગી વાત ) પોતાની સગી બેન વિગેરેથી પણ ન કરવું, કહ્યું છે કે.

**मात्रा स्वस्रा दुहित्रा वा, न विविक्तासनो भवेत् ।**
**बलवानिंद्रियग्रामः पंडितोऽप्यत्र मुह्यति ॥१॥**

માતા બેન કે દીકરી પોતાની હોય; તેની સાથે પણ એકાંતમાં ન બેસે. કારણકે, ઇંદ્રિયોનું પ્રબળ વધારે છે. જેમાં, પંડિત પણ મોહ પામે છે ! ! ! આવું જાણીને સ્વાર્થમાં તત્પર સ્ત્રીઓમાં મમત્વ ન કરવો; તથા તે સ્ત્રીને મોહ કરનારી મંડન વિગેરેની ક્રિયા પોતે ન કરે; તથા સ્ત્રીઓની વેઆવચ્ચ પોતે ન કરે. અર્થાત્ કાયાના વ્યાપારનો નિષેધ કર્યો; તથા આ સ્ત્રીઓને સારા—( મોક્ષનાં ) અનુષ્ઠાનમાં વિઘ્નરૂપ માનીને વાણી માત્રથી પણ આલાપ ન કરે. આથી વચનનો નિષેધ કર્યો; તેમ અધ્યાત્મ-( મનને ) કબજામાં રાખી સ્ત્રીના ભોગમાં મન પણ ન રાખે; એટલે, સૂત્રનો અર્થ વિચારવામાં ધ્યાન રાખીને મનનો તે સંબંધી વ્યાપાર પણ રોકે. આવો ઉત્તમ સાધુ બીજું શું કરે ? તે કહે છે કેઃ—સર્વથા સર્વકાળ પાપ તથા પાપનાં ઉપાદાન કારણ છોડે. હવે સમાપ્ત કરે છે કે, આ આખા

ઊદ્દેશામાં શરૂઆતથી કહેલું મુનિનો ભાવ મૌન છે, તેને આત્મામાં તું ચિંતવજે. આ પ્રમાણે સુધર્માસ્વામી કહે છે:— ચોથો ઊદ્દેશો સમાપ્ત થયો.

---

## પાંચમો ઊદ્દેશો કહે છે.

પાંચમા ઊદ્દેશાનો ચોથા સાથે આ પ્રમાણે સંબંધ છે કે, ચોથામાં કહ્યું કે:—અગીતાર્થ અપાકટ વયનો સાધુ એકલો વિચરતાં દુ:ખ પામે છે, તેથી તે દુ:ખો દૂર કરવા ઈચ્છતા સાધુએ હમેશાં આચાર્યની સેવામાં રહેવું; તથા, તે આચાર્યે પણ હૃદની ઊપમાવાળા થવું; અને તેમની સાથે બીજા સાધુએ રહી તપ-સંયમથી યુક્ત બનીને નિ:સંગપણે વિચરવું. ( એ પાંચમા ઊદ્દેશામાં છે. ) આવા સંબંધે આવેલા ઊદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે.

**सेबेमि तंजहा—अवि हरए पडिपुण्णे समंसि भोमे चिट्ठइ उवसंत रए सारक्खमाणे, से चिट्ठइ सोय मज्झगए से पास सव्वओ गुत्ते, पास लोए महेसिणो जे य पन्नाणमंता पबुद्धा आरंभो वरया सम्ममेयंति पासह, कालस्स कंखाए परिव्वयंति, त्तिबेमि (सू० १६०)**

से ( જેવા ) ગુણુવાળો આચાર્ય હોય; તે હું તમને

તીર્થંકરના ઉપદેશના અનુસારે કહું છું. તે આ પ્રમાણે છેઃ—( વાક્ય સ્થાપવા ‘ તથા ’ વપરાય છે. તથા, અપિ- શબ્દ ભાંગાના સમુચ્ચય માટે વપરાય છે. )

## હ્રદ ( હોદ–કુંડ ) નું વર્ણન.

તેના ચાર ભાંગા નીચે સુજબ છે, (૧) તે હોદમાં ધીરે ધીરે પાણી નીકળતું હોય અને પાછું બીજી બાજુથી ભરાતું હોય તે સીતા તથા સીતોદા નદીના પ્રવાહના કુંડ જેવું છે. (૨) બીજો કુંડ તે પાણી નીકળે ખરૂં, પણ પાછું બીજું ન આવે તે પદ્મ દ્રહ જેવું છે. (૩) તથા ત્રીજો પાણી નીકળે નહીં પણ આવે ખરૂં તે લવણ સમુદ્ર જેવો છે. (૪) જેમાં પાણી આવે પણ નહીં અને નીકળે પણ નહીં, છે, મનુષ્ય લોકની બહારના સમુદ્ર માફક છે, તેજ પ્રમાણે આચાર્ય પોતે શ્રુતને અંગીકાર કરીને બીજાને ભણાવે છે, તેથી તે પહેલા ભાગમાં આવે છે, તથા ક્રોધના કારણે બીજા ભાંગામાં આવે છે, એટલે કષાયના ઉદયમાં ગ્રહણનો અભાવ છે તેથી તપ તથા કાયોત્સર્ગ વિગેરેથી ક્ષપણ (            ) ના ઉપપત્તિનું કારણ છે, આલોચનાને અંગીકાર કરવાથી ત્રીજો ભાંગો લાગુ પડે, આલોચનાના કારણે કોઇને સંભળાવી શકે નહીં, કુમાર્ગમાં પડેલો ચોથા ભાંગામાં છે કારણ કે તેને પ્રવેશ નિર્ગમનો અભાવ છે, અથવા ધર્મિ ભેદથી ભેદો યોજાય છે, સ્થવિર કલ્પિઆચાર્યો પ્રથમ ભંગમાં છે,

બીજા ભાંગામાં તીર્થંકરો છે, ત્રીજા ભાંગામાં અહાલંદિક છે તેમને કોઇ વખત અર્થની પ્રાપ્તિ થઇ ન હોય, ત્યારે આચાર્ય વિગેરે પાસેથી તેમને તેના નિર્ણયનો સદ્ભાવ છે, અને પ્રત્યેક બુદ્ધોને ઉભય ( લેવું આપવું ને ભણવું ભણાવવું ) તેનો નિષેધ હોવાથી તેઓ ચોથા ભાંગામાં છે, પણ આ જગ્યાએ પ્રથમ ભંગમાં આવેલા ને ભણવા ભણાવવાનો સદ્ભાવ હોવાથી તેનો અધિકાર છે, અને તેવા હ્રદ રૂપ આચાર્યનોજ અહીં દૃષ્ટાંત છે, અને તે હ્રદ નિર્મલ જલનો ભરેલો, તથા સર્વ રૂતુમાં જન્મનારાં ( ઉત્પન્ન થનારાં ) કમળોથી શોભાયમાન છે, સમ ભૂભાગમાં રહેલ પાણીનું નીકળવું અને આવવું નિત્યજ થાય છે, પણ કોઇ દહાડો સુકાતો નથી, અને સુખેથી તેમાં તરવાનું તથા નીકળવાનું બની શકે તેવો છે, તથા ઉપશાંત તે રજ વિગેરે જે પાણીને કાળું બનાવે તે જેમાંથી દૂર થયેલ છે, તથા જુદી જુદી જાતના જળચર જીવોના સમૂહને બચાવતો અથવા જળચર જીવોવડે પોતાની રક્ષા કરતો રહેલ છે, આ આપણી ચાલુ ક્રિયા દૃષ્ટાંતમાં લેવાની એટલે આ હ્રદ જેવા આચાર્ય છે, તે પ્રથમ ભાંગાના લેવા, પાંચ પ્રકારના આચાર યુક્ત છે, અને આચાર્યની આઠ પ્રકારની સંપદાથી જોડાયેલો છે, તે બતાવે છે.

**आयार सुअ सरीरे वयणे वायण मई पओगमई**
**एएसु संपया खलु अट्ठमिआ संगह परिन्ना ॥१॥**

આચાર, શ્રુત, શરીર, વચન, વાચના, મતિ, પ્રયોગ-મતિ, અને આઠમી સંગ્રહ-પરિજ્ઞા છે. અર્થાત્ આચારમાં સારો, સિદ્ધાંતનું પૂર્વાપરનું જ્ઞાન, શરીર સુંદર, વચન માન-નીય હોય; વાચના આપવામાં હોંશીયાર હોય; બુદ્ધિ તીક્ષ્ણ હોય; પ્રયોગમતિવાળો, તથા સાધુ-સમુદાયને યોગ્ય ઉપ-કરણ વિગેરેનો સંગ્રહ કરનારો હોય.

તથા, છત્રીશ પ્રકારના ગુણોના સમુદાયને ધારનારો કુંડની માફક નિર્મળ જ્ઞાને ભરેલો સમાન-ભૂભાગ એટલે, સંસક્ત વિગેરે ( રાગદ્વેષ )-દોષથી અદોષિત, અથવા સુખ-વિહારનાં ક્ષેત્રમાં મધ્યસ્થ રહે; તથા, જ્ઞાનદર્શન-ચારિત્ર નામનો મોક્ષમાર્ગ ઉપશમવાળા સાધુઓનો છે, તેમાં રહે છે. સમતા ધારે, કેવો બનીને ? ઉપશાંત થઇ છે રજરૂપ મોહનીકર્મ જેને, શું કરતો ? જીવનિકાયની પોતે રક્ષા કરતો બીજાને સારો ઉપદેશ દેવાવડે રક્ષા કરાવતો; અથવા નર-કપાત અટકાવી બચાવવાથી પરનો રક્ષક બને છે. 'સ્રો તોં મધ્ય ગતઃ' આથી પ્રથમ ભંગામાં આવેલા સ્થવિર આચાર્યને કહે છે, તેને શ્રૂતઅર્થના દાન ગ્રહણનો સદ્ભાવ છે, તેથી સ્રોત મધ્યગતપણું છે તે આચાય કેવા હોય ? તે કહે છે:— તે આચાર્ય ક્ષોભાયમાન ન થાય; તેવા હ્રદ જેવા બધીરીતે ઇંદ્રિયો તથા મનને વશ રાખનારા ગુપ્તિએ ગુપ્ત છે તેને તું જો. ( આવું શિષ્ય ને ગુરૂ કહે છે, ) તથા આચાર્ય

શિવાય પણ, એવા બીજા બહુ સાધુઓ સંભવે છે. એવું બતાવવા કહે છેઃ—આ મનુષ્યલોકમાં પૂર્વે બતાવેલા સ્વરૂપ–( ગુણો )વાળા મહર્ષીઓ ( મોટા મુનિઓ ) છે તેમને તું જો તે મહર્ષિંઓ કેવા છે? તે કહે છેઃ—ફક્ત આચાર્યોજ હ્રદ જેવા છે. એટલુંજ નહિ; પણ, બીજા સાધુઓ પણ તેવા હ્રદ જેવા છે. પ્રકર્ષથી જણાય તે પ્રજ્ઞાન. પોતાનું તથા, પરનું સ્વરૂપ બતાવનાર તે આગમ છે, તેને ભણેલા અર્થાત્ આગમના જાણ ( ગીતાર્થ ) હોય; કદાચ, તેવું જાણનારા છે છતાં, મોહના ઉદયથી કોઈ વખત હેતુ ઉદાહરણના અસંભવમાં, અને જ્ઞેયના ગહનપણાથી સંશયમાં પડેલા સમ્યગ્–શ્રદ્ધાનને ન માનનારા પણ હોય; તેથી, ખુલાસો કરે છે કે, प्रबुद्धा પ્રકર્ષથી જેમ, તીર્થંકર કહે; તેવુંજ તત્ત્વ પોતે સમજેલા હોય; અને તેવા છતાં ભારી કર્મને લીધે સાવદ્ય–અનુષ્ઠાનને છોડનારા ન હોય; ( ચારિત્ર ન પાળે; ) તેથી, ખુલાસો કરે છે કે, आरंभो परताः તે સાવદ્યયોગથી દૂર રહેલા મહર્ષીઓ છે. અમારા ઉપરોધ ( શરમથી ) ગ્રહણ ન કર; પણ તમારે તમારી નિર્મળ બુદ્ધિવડે વિચારીને જોવા, તે બતાવે છે. આ જે મેં કહ્યું; તે તમે ( હે શિષ્યો ! ) પણ, મધ્યસ્થતા ધારણ કરીને સમર્યાદને જુઓ; વળી આ પણ જુઓ. કાળ તે, સમાધિ—મરણ છે. તેની અભિકાંક્ષાવડે સાધુઓ મોક્ષમાર્ગવાળા સંયમમાં

બધી પ્રકારે વર્તે છે. આ પ્રમાણે હું કહું છું. ( ઇતિ **બ્રવીમિ** શબ્દ, પ્રકરણ, ઉદ્દેશો, અધ્યયન, શ્રુતસ્કંધ કે, પરિસમાપ્તિમાં આવે છે તેમાં, અહીં અધિકારની સમાપ્તિમાં જાણવો. આચાર્યનો અધિકાર કહ્યા પછી વિનેય ( શિષ્ય ) નો અધિકાર કહે છે:—

**वितिगिच्छ समावन्नेणं अप्पाणेणं नो लहइ समाहिं. सिया वेगे अणुगच्छंति, असिता वेगे अनुगच्छंति, अणुगच्छ माणेहिं अणणुगच्छ माणे कह न निविज्जे ? (सू० १९१)**

વિચિકિત્સા તે, ચિત્તનો વિપ્લવ છે, આમ પણ છે. એવા પ્રકારના સંકલ્પો તે, યુક્તિથી ઉત્પન્ન થતા અર્થમાં મોહના ઉદયથી મતિનો વિભ્રમ થાય છે. તે આ પ્રમાણે:— આ મહાન્તપનો કલેશ રેતીના કોળીયા ખાવા જેવું નિઃસ્વાદ છે, તે કરવાથી તેનું ફળ મળશે કે નહિ ? કારણકે, ખેતી કરનાર વિગેરેને મહેનત કરવા છતાં, ફળ મળે છે કે, નથી પણ મળતું ? આવી મતિ મિથ્યાત્વનો અંશ ઉદયમાં આવવાથી તથા, જ્ઞેયને જાણવું ગહન છે તેથી થાય છે, તે જ્ઞેયને બતાવે છે.

અર્થ ત્રણ પ્રકારનો છે. ( ૧ ) સુખથી સમજાય દુઃખથી સમજાય; અને બીલકુલ ન સમજાય. આ ત્રણે સાંભળનારના આધાર ઉપર ભેદ છે, તેમાં સુખાધિગમ બતાવે છે.

જેમકે—ચક્ષુવાળો હોય; અને ચિત્રકળામાં નિપુણ હોય; તેને રૂપપ્રસિદ્ધિ ( ચિત્ર કરવું ) સુલભ છે, અને અનિપુણને દુઃખેથી ચીતરાય; પણ આંધળાથી તો, બીલકુલ દેખાય વિના ન ચીતરાય; તેમાં, અનધિગમ રૂપ તો, અવસ્તુજ છે, અને સુખાધિગમ પણ શંકાનો વિષય ન થાય, પણ જે દેશકાળ સ્વભાવથી વિપ્રકૃષ્ટ હોય; તેમાંજ શંકા થાય, તે ધર્મ—અધર્મ, આકાશ વિગેરેમાં જે વિચિકિત્સા થાય તે જાણવી; અથવા ' विद्वग्विच्छति ' વિદ્વાનની જુગુપ્સા એટલે, વિદ્વાનો તે સાધુઓ છે. જેમણે સંસારનો સ્વભાવ જાણ્યો છે, અને સમસ્ત સંગનો ત્યાગ કર્યો છે, તેઓની જુગુપ્સા ( નિંદા ) કરે છે. કારણકે, તેઓ સ્નાન કરતા નથી; તથા, પરસેવાના મેલથી ગંધાતાં શરીરવાળા છે. તેઓને નિંદે છે, ' નિંદનારા કહે કે, ' જો, અચિત્ત પાણીથી સ્નાન કરે; તો, શું દોષ છે? આ જુગુપ્સા છે, તે જુગુપ્સાને અથવા, વિચિકિત્સાને પ્રાપ્ત કરેલા આત્માવાળો ( શંકાવાલો ) ચિત્તની સમાધિ અથવા જ્ઞાનદર્શન ચારિત્રરૂપ સમાધિને પામતો નથી, કારણ કે વિચિકિત્સાથી મલેન ચિત્તવાળાને આચાર્ય કહે તોપણ સમ્યક્ત્વ નામની બોધિ ( ભગવાનના વચન ઉપર આસથા ) મેળવતો નથી; અને જે બોધિ મેળવે છે, તે ગૃહસ્થ અથવા સાધુ હોય, તે બતાવે છે, ' सिताः ' પુત્ર સ્ત્રી વિગેરેમાં રાગી બનેલા હોય, અથવા

લઘુકર્મવાળા સમ્મકૂત્વને પમાડનાર આચાર્યને અનુસરે છે. અર્થાત્ આચાર્યનું કહેલું માને છે તે પ્રમાણે કેટલાક ગૃહવાસ છોડેલા સાધુઓ શંકા વિગેરેથી રહિત બની આચાર્યના માર્ગને અનુસરે છે. તેમનામાં પણ જો કોઇ કોરડુ માફક હોય, તે પણ તેવા બીજા ઉત્તમ માર્ગને અનુસરનારા સાધુને જોઇ તે આ કોરડુ જેવો પણ તેનાં અશુભ કર્મ ઓછાં થતાં તે પણ સમ્યકૂત્વ પામે, તે બતાવે છે. આચાર્યનું કહેલું સમ્યકૂત્વ માનનારા શ્રાવકોથી પરિચયમાં આવતો અથવા પ્રેરણા કરાતો ન માને, તો પછી કેવી રીતે નિર્વેદ ન પામે ? અર્થાત્ ખરાબ કૃત્યની મિથ્યાત્વાદિ રૂપ વિચિકિત્સાને છોડીને તે પણ સમ્યકૂત્વ પામે; અથવા સાધુ-શ્રાવક જેઓ સંસારમાં રક્ત અથવા વિરક્ત હોય; તેઓ આચાર્યનું કહેલું સમજે; તો, કોઇ અજ્ઞાનના ઊદયથી મંદબુદ્ધિ હોવાથી તપસ્વી સાધુ ઘણા વર્ષનો દીક્ષિત હોય; તે જો, ન સમજે; તો, કેમ ખેદ ન પામે ? ( કદાચ, ) તપ અને સંયમનો નિર્વેદ ન હોય; અને અનિર્વેદી હોય; તો, આવી પણ ભાવના ભાવે. જેમકે—જો, હું ભવ્ય નહી હોઉં; તો, મને સંયતભાવ પણ નથી. કે, પ્રકટ-( ખુલ્લુ કરીને ) ગુરૂ કહે છે તોપણ, હું સમજતો નથી. આ પ્રમાણે ખેદ પામતાને આચાર્ય સમાધિનાં વચન કહે છે કે:—હે સાધુ ! ખેદ ન કર ! તું ભવ્ય છે. કારણ કે, તું સમ્યકૂત્વ પામ્યો

છે, અને તે ગ્રંથીભેદ વિના ન હોય, અને ગ્રંથીભેદ ભવ્યત્વ વિના ન હોય. કારણકે, અભવ્યને ભવ્ય, કે અભવ્યપણાની શંકા પણ ન થાય.

વળી, અવિરતિનો પરિણામ બાર કષાયનો ક્ષય ઊપશમ ઊપશમ કે, ક્ષય થતાંજ હોય છે, અને તે વિરતિનું પામ્યો છે. તેથી, દર્શનચારિત્ર-મોહનીયનો તારેક્ષયોપશમ થયો છે. નહીતો, સમ્યગ્દર્શન-ચારિત્રની પ્રાપ્તિ ન હોય પણ, તને કહ્યા છતાં જો, બધા પદાર્થો ન સમજાય; તો, જ્ઞાનાવરણીયકર્મના ઊદયનું ~~લક્ષણ જાણવું~~; ત્યાં તો, તારે શ્રદ્ધારૂપ-સમ્યક્ત્વ સ્વીકારવું. તે કહે છે:—

**तमेव सच्चं नीसंकं जं जिण हिं पवेइयं (सू० १६२)**

જ્યાં આગળ સ્વસમય, પરસમયના જાણ આચાર્ય ન હોય; તથા, ઝીણી ગૂઢ બાબતોમાં, અને અતીંદ્રિય પદાર્થોમાં બંને પક્ષને માન્ય દૃષ્ટાંત તથા, સમ્યગ્હેતુના અભાવથી જ્ઞાનાવરણીયના ઊદયથી સમ્યગ્જ્ઞાન ન હોય; ત્યાં પણ આ પ્રમાણે ચિંતવવું કે, તેજ એક સત્ય છે અને તેજ નિઃશંક છે કે, જિનેશ્વરે કહેલા અત્યંત સૂક્ષ્મ-અતીંદ્રિય પદાર્થો જે ફક્ત આગમથી માનવાયોગ્ય છે (તે મારે પ્રમાણ છે.) તથા, માનવામાં શંકા ન હોય; તે નિઃશંકિત કહેવાય. કે ધર્મ—અધર્મ, આકાશ, પુદ્ગળ વિગેરે જે તીર્થંકરે કહેલું છે, તે રાગદ્વેષને જીતેલા જિનો છે, માટે તેમનું

કહેલું સત્યજ છે. આવું શ્રદ્ધાન કરવું. બરાબર રીતે પદાર્થ ન સમજાય; તોપણ, શંકા ન કરવી.

પ્રઃ—શું સાધુને પણ શંકા થાય છે કે; તમે આમ કહો છો?

ઉઃ—સંસારની અંદર રહેલા જીવોને મોહના ઉદયથી શું ન થાય? તે પ્રમાણે આગમમાં કહેલું છે.

ગોતમનો પ્રઃ—હે ભગવન! સાધુનિગ્રંથો કાંક્ષામોહનીયકર્મ વેદે છે?

"अत्थि णं भंते ! समणा निग्गंथा कंखा मोहणिज्ज कम्मं वेदेंति ? हंता अत्थि, कहन्नं समणावि णिग्गंथा कंखा मोहणिज्जं कम्मं वे यंति ? गोयमा ! तेसु तेसु नाणन्तरेसु चरित्त तरेसु संकिया कंखिया विइगिच्छा समावन्ना भेय समावन्ना कलुस समावन्ना, एवं खलु गोयमा ! समणावि निग्गंथा कंखा मोहणिज्जं कम्मं वेदंति, तत्था लंबणं 'तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं' से णूणं भंते एवं मणं धारे माणे आणाए आराहए भवति हंता गोयमा ! एवं मणं धारे माणे आणाए आराहए भवति,"

ઉઃ—હા.

પ્રઃ—કેવી રીતે તે વેદે છે?

ઉ:—તેવા તેવા જ્ઞાનના કે, ચારિત્રના વિષયમાં ન સમજતાં શંકા, કાંક્ષા, વિચિકિત્સાવાળા બની ભેદોને પામેલા ન સમજાતાં હૃદયમાં ઝંખવાણા બને છે. તેથી હે ગૌતમ! તે ઠીક છે કે, સાધુને પણ શંકા વિગેરે થાય.

ગૌતમ કહે છે:—હે ભગવાન્! તે સમયે સાધુ મનમાં એમ ચિંતવે કે, "તેજ સત્ય, નિ:શંક છે. કે જે, જિનેશ્વરે કહેલું છે." તો, તે આજ્ઞા પાળવાનો આરાધક થાય કે?

ઉ:—હે ગૌતમ! એમ મનમાં ધારે; તો આરાધક થાય છે.

વળી ગુરૂ ઉપદેશ આપે છે કે, સાધુએ વિચારવું કે—

**वीतरागा हि सर्वज्ञा मिथ्या न ब्रुवते क्वचित् ।**
**यस्मात्त स्माद्वचस्तेषां, तथ्यं भूतार्थ दर्शनम् ॥१॥**

વીતરાગ પોતે સર્વજ્ઞ છે. અને તેથી, નિશ્ચે તેઓ જુઠું ન બોલે. જેથી, તેમનું વચન જીવોનું સ્વરૂપ બતાવનારૂં સાચું છે. વિગેરે સમજીલેવું.

વળી, આ વિચિકિત્સા દીક્ષા લેનારને આગમમાં મતિ સ્થિર થયલી ન હોવાથી થાય છે. તેવાએ પણ ઉપર બતાવેલું રહસ્ય ચિંતવવું; તે કહે છે:—

**सड्ढिस्स णं समणुन्नस्स संपव्वय माणस्स समियंति मन्नमाणस्स एगया समिया होइ १ समियंति मन्नमाणस्स एगया असमिया होइ २ असमियंति**

**मन्नमाणस्स एगया समिया होइ ३, असमियंति मन्नमाणस्स एगया असमिया होइ ४, समियंति मन्नमाणस्स समियावा असमियावा समिया होइ उवेहाए ५, असमियंति मन्नमाणस्स समियावा असमियावा असमिया होइ ऊवेहाए ६, उवेह माणो अणुवेहमाणं बूया-उवेहाहि समियाए इच्चेवं तत्थ संधी झोसिओ भवइ, सेउट्ठियस्स गइसमणुपासह इत्थवि बाल भावे अप्पाणं नो उवदंसिज्जा (सू० १६३)**

શ્રદ્ધા ધર્મની ઇચ્છા તે જેને હોય; તે, શ્રદ્ધાવાન્ છે. તેવા ભવ્યજીવને સંવિગ્ન, અને યોગ્ય વિહાર કરનારા સાધુઓએ, અથવા સંવિગ્ન વિગેરે ગુણોથી દિક્ષા લેવાયોગ્ય હોય; તેને દિક્ષા લેતાં શંકા થાય; તો, તેને જીવાદિ પદાર્થમાં બોધ પામવાની અશક્તિ હોય; તો, તેને સમજાવવું કે, હે ભદ્ર! જિનેશ્વરે જે કહેલું છે, તે શંકારહિત અને સત્ય છે. આ પ્રમાણે દિક્ષા લેતાં બોધ આપવાથી તેનો આત્મા ચારિત્રથી નિર્મળ થતાં; ચઢતા કંડકથી પછીના કાળમાં પણ નિર્મળ ભાવના વધે; અથવા બરોબર રહે; ઓછી પણ થાય અથવા અભાવ પણ થાય. આવી જીવની વિચિત્ર પરિણામતા બતાવે છે, તે શ્રદ્ધાવાળાને સમજાવીને

દીક્ષા લીધા છતાં, પોતે જિનેશ્વરનું કહેલું વચન શંકારહિત સાચું માનતો પાછળથી પણ શંકા, કાંક્ષા, વિચિકિત્સા, વિગેરેથી રહિત નિર્મળ સમ્યક્ત્વવાળો હોય છે, પણ ભગવાનનાં વચનમાં શંકા ઉત્પન્ન થતી નથી. (૧) કોઈને દીક્ષા લેતાં શ્રદ્ધા હોવાથી માનવા છતાં પાછળથી ન્યાય ભણતાં કોઇ જાતનો એકાંત પક્ષ પકડતાં હેતુ દૃષ્ટાંતનો લેશ હાથમાં આવતાં પૂર્વાપર વિચાર ન થવાથી; અને જ્ઞેયપદાર્થ ગહન હોવાથી મતિ મુઝાતાં કોઈ વખત મિથ્યાત્વના અંશનો ઉદય થતાં; તે જિનવચનને સમ્યક્ માનતો નથી. તે કહેઃ—આ બધા નયના સમૂહના અભિપ્રાયના કારણે અનંત ધર્મથી યુક્તવસ્તુ જેવી છતાં, મોહના ઉદયથી એકનયના અભિપ્રાયવડે એક અંશ સાધવા માટે તે સાધુ જાય છે. જો, નિત્ય જિનેશ્વરે કહેલ; તે ફરી અનિત્ય કેમ થાય? અથવા અનિત્ય તે, નિત્ય કેમ થાય? કારણકે, તે બન્ને પરસ્પર વિરોધી છે.

તે પ્રમાણે અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એક સ્વભાવવાળું નિત્ય છે, અને તેથી ઉલટું દરેક ક્ષણે નાશ પામનારૂં અનિત્ય છે. વિગેરે અસમ્યક્ભાવને પામે છે, પણ તે એવું વિચારતો નથી, કે અનંત ધર્મવાળી અને બધા નયના સમૂહથી યુક્ત વસ્તુ છે, તે મંદ બુદ્ધિવાળાને તે માનવું અતિગહન હોવાથી અશક્ય છે, પણ શ્રદ્ધાથી માનવા યોગ્ય છે, પણ હેતુથી ક્ષોભાયમાન ન થવું, કહ્યું છે કેઃ—

**सर्वैर्नयै र्नियत नैगम संग्रहाद्यै;**
**रेकैकशो विहित तीर्थिको शासनैर्यत् ॥**
**निष्ठांगतं वहु विधै र्गम पर्ययैस्तैः**
**श्रद्धेयमेव वचनं न तु हेतु गम्यम् ॥** (ઇત્યાદિ)

બધા નયો વડે એટલે નૈગમ સંગ્રહ વિગેરે અનેકથા નિયત એક એક અંશથી અન્ય તીર્થિક શાસનવાળાએ બતાવેલ જે બહુ પ્રકારના ગમપર્યાયોવડે સંપૂર્ણતા પામેલું તમારૂં વચન શ્રદ્ધા કરવા યોગ્ય છે. પણ ત્યાં હેતુથી જાણવા યોગ્ય નથી,

જેથી વિચારવું કે હેતુતો એક નયના અભિપ્રાય પ્રમાણે વર્તે છે. તથા એક ધર્મને સાધે છે, પણ બધા ધર્મને સાથે સાધનારને હેતુનો અસંભવ છે, ( તેથી તેને શંકા થાય છે. ) (૨) વળી વિચિત્ર ભાવનાને બતાવે છે, કે કોઇ મિથ્યાત્વના લેશથી મુંઝાએલાને શંકા થાય કે શબ્દ પુદ્ગલનો કેવી રીતે બને એવું ઉલટું માનીને મિથ્યાત્વના પરમાણુઓના ઉપશમપણાથી પછીથી શંકા વિગેરે ગુરૂના ઉપદેશથી દૂર થતાં તે શ્રદ્ધાવાળો થાય છે; કે જો શબ્દ પુદ્ગલનો બનેલો ન હોય તો તેનો કરેલો અનુગ્રહ અથવા ઉપઘાત કાન ઉપર કેવી રીતે થાય? કારણ કે આકાશ માફક શબ્દ અમૂર્ત્ત હોય તો કાનને કાંઇ પણ ન થાય એમ સમજીને સમ્યક્ત્વ પામે છે (૩) કોઇને આગમમાં રમણતા ન થવાથી

મતિ અપરિણત થતાં વિચારે કે એક સમયમાંજ પરમાણુ લોકાંતે કેવી રીતે જાય એમ ખોટું માનતાં કોઇ વખત કુ હેતુના વિતર્કના પ્રકટ અવસરે પૂરેપૂરો મિથ્યાત્વી બને છે, કે ચૌદરાજ લોકનો એક છેડાથી બીજા છેડા સુધી જતાં આકાશ પ્રદેશને સાથે સ્પર્શ ન થવાથી સમયનો ભેદ પડે, તે ભેદ ન પડે તો બે જગ્યાએ એક સાથે સ્પર્શ ન થાય તેથી પરમાણુનું તેટલા પણું થાય, એટલે તે એવું માને કે લોકને બન્ને છેડે રહેલા પ્રદેશોનો એક વખતે પરમાણુએ સ્પર્શ કર્યો માટે તેટલો મોટો પરમાણુ છે, અથવા તે બન્નેનું છેટું પરમાણુ જેટલું છે, આ તેનું માનવું ખોટું છે. પણ તે આગ્રહી બનેલો વિચારતો નથી, કે વિસ્રસા પરિણામ વડે શીઘ્ર ગતિપણાથી પરમાણુનું એક સમયમાં અસંખ્યેય પ્રદેશનુ ગમન થાય છે, જેમકે આંગળીના માપ જેટલા એક દ્રવ્યના અસંખ્યાત આકાશ પ્રદેશ છે, તેટલા બધાને એક સમયમાં પરમાણુ ઓળંગી જાય છે. પ્ર૦ એ કેવી રીતે બને ? ઉ૦ જે પ્રત્યક્ષ દેખાય છે તે ના નહિ પાડી શકાય, કારણ કે જ્યાં સૌને દેખીતું પ્રત્યક્ષ પ્રમાણ હોય, ત્યાં અનુમાન વિગેરેનું પ્રયોજન નથી, જો એક સમયમાં અનેક પ્રદેશ ઓળંગવા ન માનીયે તો અંગુલ માત્ર પ્રદેશ ઓળંગતાં અસંખ્યેય સમય નિકળી જાય; તો આપણે દેખેલું ઈષ્ટ છે તેને પણ બાધા આવે, માટે તે શંકા નકામી છે (૪).

હવે ભાંગાની સમાપ્તિ કરવા પરમાર્થ બતાવે છે, કે ભગવાનનું વચન સાચું છે, એવું માનીને શંકા વિગેરે છોડીને તે વસ્તુ યત્ન વડે તેવા રૂપેજ સમ્યક્ અથવા અસમ્યક્ પૂર્વે ભાવી હોય તો પણ ગુરૂના સહવાસથી તેમનો ઉપદેશ વિચારતાં તે શિષ્ય શ્રદ્ધાવાળો થાય છે, જેમ ઇર્યા પથમાં ઉપયોગ રાખનારને કોઇ વખત જીવહિંસા થાય. ( તો પણ તેને દોષ લાગતો નથી. ) (૫) હવે તેથી ઉલટું બતાવે છે, કોઇ વસ્તુ ખોટી રીતે માનતાં છદ્મસ્થ સાધુને ટુંક બુદ્ધિથી શંકા થાય, તે સમયે તે વસ્તુ ખોટી અથવા સાચી વિચારી હોય, તો તેણે ખોટી વિચારેલી હોવાથી ખોટા વિચારને લીધે અશુભ અધ્યવસાય હોવાથી તે મિથ્યાત્વ છે, કારણ કે જેવી શંકા કરે તેવોજ ભાવ મેળવે, એવું વચન છે, (૬) અથવા સમ્યક્ માનનારને બીજી રીતે ખુલાસો કરે છે, શમિનો ભાવ શમિતા છે તે શમિતાને માનનારો શુભ અધ્યવસાયવાળો ઉત્તર કાલમાં પણ ઉપશમ વાળોજ રહે છે, અને બીજો તો શમિતાને માનવા છતાં કષાયના ઉદયથી અશમિતા થાય છે, એજ પ્રમાણે બીજા ભાંગામાં સમ્યક્ શબ્દની યોજના કરવી, કે સારૂં વિચારે તો સારૂં ફળ મેળવે, તેજ પ્રમાણે સારૂં નરસું તેનો વિવેક વિચારતો બીજાને પણ ઉપદેશ દેવાને સમર્થ થાય છે, કહ્યું છે, કે આગમમાં મતિ પરિણત થવાથી યથાયોગ્ય પદાર્થનો

સ્વભાવ બતાવવાથી આ યોગ્ય છે, આ અયોગ્ય છે, એવું વિચારતો વિદ્વાન્ બીજા નહિ વિચારતાને પણ સમજાવે છે, એટલે ગાડરનાં ટોળા માફક એક પછી એક જેમ દોડે તેમ કોઈ વિના વિચારનો શંકાવાળો હોય, તેને કહે કે હે ભદ્ર! તું મધ્યસ્થતા રાખીને નિર્મળ ભાવથી વિચાર કે જિનેશ્વરનું કહેલું જીવાદિતત્વ વિચાર યુક્તિને યોગ્ય છે કે નહીં? તે આંખો મિંચીને વિચાર, અથવા સંયમને સારી રીતે પાળનારો હોય, તે સંયમ સારી રીતે ન પાળનારને કહે, કે હે ભદ્ર! સમ્યગ્ ભાવ પામીને હવે સંયમમાં સારી રીતે ઉદ્યમ કર! શું આલંબીને? ઉ— પૂર્વે કહેલા પ્રકારે તે સંયમમાં કર્મ સંતતિ ક્ષય કરવા રૂપ જે સંધિ છે. તે જો સંયમ સારો પાલે તો, કર્મ દૂર કરાય તેમ છે, આ કર્મ સંતતિ તે સિવાય બીજી રીતે ક્ષય થાય તેમ નથી. વળી સારી રીતે સંયમ પાળનારને શું લાભ થાય, તે કહે છે, 'સે'—તે સમ્યક્ રીતે દીક્ષા લેવાને તૈયાર થએલાને શંકા રહિત ધર્મ શ્રદ્ધા હોવાથી ચારિત્ર લઈ ગુરૂકુલ વાસમાં રહેવાથી અથવા ગુરૂની આજ્ઞામાં વર્ત્તવાથી જે ગતિ થાય છે, અથવા જે પદવી પ્રાપ્ત થાય છે, તેને હે શિષ્યો! તમે સારી રીતે જુઓ! બધા લોકમાં પ્રશંસા, જ્ઞાન દર્શનમાં સ્થિરતા ચારિત્રમાં નિષ્કંપતા અને તેને શ્રુત જ્ઞાનની આધારતા થાય છે, અથવા સ્વર્ગ મોક્ષ વિગેરેની ઉત્તમ ગતિ

મળે છે, તેને જુઓ! અથવા સંયમમાં પ્રયત્ન (ન) કરનારને ઉપરના ઉત્તમ ગુણો વિના પાસત્થા વિગેરેની ગતિ જે બધા લોકોને હાંસી રૂપ છે. તે અથવા અધમ સ્થાનની ગતિ મળે છે. તે તમે દેખો! આ પ્રમાણે સંયમ પાળનાર અને પ્રમાદ કરનાર સાધુની ઉંચ નીચ ગતિને જાણીને પાંચ પ્રકારના સારા આચારમાં તમારે પ્રવર્ત્તન કરવું, પણ જે ચારિત્ર લેવામાં પ્રમાદ કરે તેની નીચ ગતિ થાય તેથી શું સમજવું, તે કહે છે, કે જેઓ અસંયમમાં બાલ ભાવમાં રમેલા છે, જે સુગતિ સકલ કલ્યાણના આધાર રૂપ છે, તેને ન મેળવી શકે, અર્થાત્ હે શિષ્ય! તું દીક્ષા લઇને બાળ ચેષ્ટા માફક કુકૃત્ય ન કરીશ! તે બાલ જેવા આચાર શાક્ય કપિલ વિગેરેના મતને માનનારા આચરે છે, અને બોલે છે, કે નિત્ય, અને અમૂર્ત આત્મા હોવાથી આકાશ માફક તેનો અતિ પાતજ નથી! અથવા વૃક્ષ છેદતાં કે બાળતાં આકાશનો ભેદ કે બળવું થતું નથી, તેમજ શરીર વિકારી છે. તેને ઘા વિગેરે થતાં અવિકારી આત્માને કંઇ પણ થતું નથી! તેઓ કહે છે કે.

**न जायते न म्रियते कदाचिन्नायं भूत्वा भवितेति।**

આત્મા જન્મે નહીં, તેમ મરતો પણ નથી, કોઇ પણ દિવસ આ થઇને થવાનો નથી! ( જેવો છે તેવોજ રહેવાનો છે )

**नैनं छिन्दन्तिशस्त्राणि, नैनं दहति पावकः**
**नचैनं क्लेदयन्त्यापो, नशोषयति मारुतः ॥१॥**

જીવને શસ્ત્રો છેદે નહી, અગ્નિ બાળે નહીં, પાણી ભીંજાવે નહીં, તેમ પવન શોષણ કરતો નથી.

**अच्छेद्योऽयम भेद्यो यम विकारी सउच्यते ।**
**नित्यः सततग स्थाणुं रचलोऽयं सनातनः ॥**

આ આત્મા અછેદ્ય અભેદ્ય અવિકારી નિત્ય તથા હંમેશાં ગમન કરનાર સ્થાણુ તથા અચલ અને સનાતન ( પુરાણો ) છે. ( વિગેરે તેમનાં વચનો છે ) તે પ્રાણીને હણવા વિગેરેમાં પ્રવર્ત્તનારાને તેના નિષેધ માટે કહે છે.

**तुमंसि नाम सच्चेव जं हंतव्वंति मन्नसि, तुमंसि नाम सच्चेव जं अज्जा वेयव्वंति मन्नसि, तुमंसि नाम सच्चेव जं परियावेयव्वांति मन्नसि, एवं जं परिघित्तव्वांति मन्नसि, जं उद्दवेयंति मन्नसि, अंजू चेयपडिबुद्धजीवी, तम्हा न हंता नवि घायए अणुसंवेयण मप्पाणेणं जं हंतव्वं नाभिपत्थए ( सू० १६४ )**

તમે જે આત્માને હણવા પણે વિચાર્યો તે તુંજ છે, ( નામ શબ્દ સંભાવના માટે છે, ) જેમ તમે માથું હાથ પગ પાસાં પીઠ પેટવાળા છો, તેમ આ પણ છે. કે જેને

તમે હણવા યોગ્ય માનો છો, જેમ તમને કોઇ મારવા આવે તો તે દેખીને તમને દુઃખ થાય છે, તેવી રીતે બધાને છે, તેને દુઃખ ઉત્પન્ન કરવાથી પાપ બંધાય છે, તેનો ભાવાર્થ આ છે, કે અહીંયાં અંતર આત્મા જે આકાશ જેવો છે તેની હિંસા મારવા વડે નથી પણ શરીર આત્માની હિંસા છે, કારણ કે જ્યાં કંઇ પણ આધાર રૂપ પોતાનું શરીર છે, તેને સર્વથા દૂર કરવું તેજ હિંસા છે, એવું જૈનો માને છે. કહ્યું છે કે

**पंचेंद्रियाणि त्रिविधं बलंच,**
**उच्छ्वास निःश्वास मथान्यदायुः ।**
**प्राणा दशैते भगवद्भिरुक्ता**
**स्तेषां वियोजी करणं तु हिंसा ॥१॥**

પાંચ ઇંદ્રિયો ત્રણ બળ શ્વાસોશ્વાસ, અને આયુ એ દશ પ્રાણ ભગવાને કહેલા છે. તેનો વિયોગ કરવો તે હિંસા છે.

વળી સંસારમાં રહેલા જીવને સર્વથા અમૂર્તપણું ન ઘટે. કે આકાશની માફક જેના વડે વિકાર ન થાય, તથા બધી જગ્યાએ પ્રાણીને દુઃખ દેતાં પહેલાં આત્માની તુલના વિચારવી, એવું જોડેના સૂત્રથી બતાવે છે. તું પણ તેજ છે. કે તને આજ્ઞા કરવામાં આવે તે માને છે. તથા બીજા જીવને પરિતાપવા. એવું માને છે. તેજ પ્રમાણે જેને ગ્રહણ કરવા, તે તું માને છે. જેને દુઃખ દેવું તે પણ તું માને છે.

પણ જેવું તને વિરૂદ્ધ થતાં દુઃખ થાય, તેમ બીજાને પણ જાણવું, અથવા જે કાયને તુ હણવાનો વિચાર કરે છે. ત્યાં અનેકવાર તું હતો. આ પ્રમાણે જુઠ વિગેરેમાં પણ સમજવું કે. બીજો જુઠું બોલી તને ઠગે તો તને ન ગમે, તેમ તું જુઠું બોલે તો બીજાને ન ગમે, જો હણાનારો તથા હણનારો બન્નેને ઉપર કહ્યા પ્રમાણે એકતા થાય તો શું! તે કહે છે,

'अज्जु' રૂજુ પ્રગુણ તેજ છે કે, જે ઘાતક અને હંતવ્યના એક પણ'ના બોધને માને ( પોતાના જીવ માફક સર્વ જીવોને માને ) તેજ પ્રતિબુદ્ધ જીવી સાધુજ પોતે પરિજ્ઞાન વડે જીવે છે, પણ જીવની હિંસા કરનારો પોતાના સમાન બીજાને ન માનનારો જીવતો નથી. જો એમ છે, તો શું કરવું ? તે કહે છે. હણનારા જીવને પોતાની માફક મોટું દુઃખ થાય છે, માટે પોતાની ઉપમાંથી બીજાની હિંસા ન કરવી, ન બીજા પાસે મરાવવા, હણનારાને અનુમોદવા નહિ, વળી સંવેદન તે અનુભવ છે. કે જે બીજા જીવોને 'મોહના ઉદયથી' હણવા વિગેરેથી દુઃખ દે છે, તે પોતે પછવાડે દુઃખ ભોગવે છે, એવું જાણીને કોઇને પણ હણવો નહીં, મનમાં પણ વાંછે નહિં, પ્ર૦ આત્માથી અનુભવ સાતા કે અસાતા રૂપ છે, તે વાતને નૈયાયિક તથા વૈશેષિક મતવાળા આત્માથી ભિન્ન ગુણ ભૂત સંવેદનનું

એકાર્થ પણું સમવાયિ જ્ઞાન વડે માને છે, તેવું તમે માનો છો, કે આત્મા સાથે એકપણે માનો છો? તેનો ઉત્તર સૂત્રકાર આપે છે,

**जे आया से विन्नाया, जे विन्नाया से आया, जेण वियाणइ से आया, तं पडुच्च पडिसंखाए, एस आयावाई समियाए परियाए वियाहिए त्तिबेमि ( सूं० १६५ ) ॥ ५-५ ॥**

જે આત્મા નિત્ય ઉપયોગ લક્ષણુવાળો છે. તેજ વિજ્ઞાતા છે, પણ તે આત્માથી પદાર્થનો અનુભવ કરાવનાર જ્ઞાન જુદું નથી, અને જે વિજ્ઞાતા છે, તે પદાર્થનો પરિછેદક ઉપયોગ તે પણ આ આત્માજ છે. કારણ કે જીવનું લક્ષણ ઉપયોગછે, અને ઉપયોગ તે જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન અને આત્માને અભેદ પણે માનવાથી બૌદ્ધમતને અનુકુળ જ્ઞાનજ એકલું સિદ્ધ થશે, એમ તમને શંકા થાય તો જૈનાચાર્ય કહે છે, કે તેમ નથી, ભેદનો અભાવ ફકત અમે અહીં બતાવ્યો, પણ એકતા કહી નથી, જો એમ માનતા હો કે જ્યાં ભેદનો અભાવ તેજ ઐકયતા છે, તો તે માનવું ફક્ત વાર્ત્તામાત્ર છે; કારણ કે 'ધોળુંવસ્ત્ર' તેમાં ધોળું તથા પટ એ બંનેમાં ભેદનો અભાવ હોવાછતાં એકતાની પ્રાપ્તિ નથી, એમાં પણ શુકલ પણાના વ્યતિરેક વડે બીજો કોઇપણ પટ (વસ્ત્ર) નથી, એમ માનો તો તે અશિક્ષિત (મુર્ખ) નો

ઉલ્લાપ છે, કારણ કે તમારા કહેવા પ્રમાણે માનતાં શુકલ (ધોળા) ગુણનો અભાવ થતાં સર્વથા પટનો અભાવ થવા જશે.

વાદી—ત્યારે એમ માનતાં આત્મા વિનષ્ટ થયો !

જૈનાચાર્ય—થવા દો ! અમારી કંઇ હાનિ નથી, કારણ કે અનંત ધર્મવાળી વસ્તુનો અપર (બીજો) મૃદુ વિગેરે ધર્મનો સદ્ભાવ છે, તેનો નાશ થાય તો પણ અવિ-નષ્ટ (કાયમ)જ છે, એજ પ્રમાણે આત્માનો પણ પ્રત્યુત્પન્ન જ્ઞાન આત્મક પણાથી વિનાશ થવા છતાં બીજો અમૂર્ત્તત્વ અસંખ્ય પ્રદેશપણું અગુરૂલઘુ વિગેરે ધર્મોના સદ્ભાવથી આત્માનો અવિનાશજ છે ! આટલુંજ બસ છે ! ( જૈનમત પ્રમાણે મૂળ વસ્તુ દ્રવ્ય પણે કાયમ રહે છે. અને ફકત પર્યાયોનોજ નાશ અને ઉત્પત્તિ છે. તેથી પર્યાય નાશ થવા છતાં મૂળ દ્રવ્ય વસ્તુતો કાયમજ રહે છે )

શંકા—જે આત્મા તે જાણનારો, એમ તૃપ્રત્યયવાળો કર્ત્તાના અભિધાનથી અને આત્માના કર્ત્તવ્ય પણાથી એમ થયું કે જે આત્મા તેજ વિજ્ઞાતા એમ અહીં વિપ્રત્તિ પત્તિનો અભાવ થયો, કે જેના વડે આ જાણે છે, તે ભિન્ન પણ હોય. જેમકે તે કરણ અથવા ક્રિયા થશે ? જો કરણ માનીએ, તો દાતરડા માફક ભિન્ન પદાર્થ થશે, અને જો ક્રિયા મા-નીએ તો કર્ત્તામાં રહેલી સંભવે છે, એમ કર્મમાં રહેલી

પણ સંભવે છે, આ પ્રમાણે ભેદના સંભવમાં ક્યાંથી એકયતા હોય? જૈનાચાર્ય શિષ્યને કહે છે, કે તેવાને ખુલ્લું કહેવું જે મતિ વિગેરે જ્ઞાન રૂપ કરણવડે અથવા ક્રિયાવડે સામાન્ય વિશેષ આકારપણે જે કોઇ (જીવ) વસ્તુને જાણે છે તે આત્મા છે. અને તે આત્માથી ભિન્ન જ્ઞાન નથી; તેમ કરણ પણે ભેદ નથી, એકને કર્મ કરણના ભેદ વડે ઉપલબ્ધિ થાય છે, જેમકે દેવદત્ત આત્માને આત્માવડે જાણે છે, ક્રિયા-ા પક્ષમાં પક્ષસંબંધી અભેદ છે એવું તમે પણ સ્વીકાર્યું છેજ, વળી

**भूतिर्येषां क्रियासैव, कारकं सैव चोच्यते**

જેમાં ભૂતિ ( થવાપણું ) છે તેજ ક્રિયા છે, અને તેજ કારક છે, આ વચન વિગેરેથી એક પણુંજ છે,

જ્ઞાન અને આત્માનું એકપણું માનતાં શું થાય? તે કહે છે,

તે જ્ઞાન પરિણામને આશ્રયી આત્મા તે નામેજ વ્યપદેશ કરાય છે, જેમકે ઇંદ્રિથી ઉપયુક્ત હોય તે ઇંદ્ર કહેવાય, અથવા મતિ જ્ઞાની શ્રુતજ્ઞાની અવધિજ્ઞાની મન પર્યવજ્ઞાની, કેવળજ્ઞાની છે. અને જે જ્ઞાન આત્માનું એકપણું સ્વીકારે છે, તેને શું ગુણ થાય, તે કહે છે. ઉપર બતાવેલી નીતિએ યથાવસ્થિત આત્મવાદી થાય, અને તેના સમ્યગ્ ભાવવડે અથવા શમિતા ( ઉપશમપણા )વડે પર્યાય રૂપ છે,

એટલે તેજ સંયમ અનુષ્ઠાન રૂપ પ્રસિદ્ધ છે, ( ઇતિ શબ્દ સમાપ્તિ માટે છે ) લોકસાર અધ્યયનમાં પાંચમો ઉદ્દેશો પૂરો થયો.

---

## છઠ્ઠો ઉદ્દેશો—

પાંચમો ઉદ્દેશો કહ્યો હવે છઠ્ઠો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે છે, ગયા ઉદ્દેશામાં કહ્યું કે આચાર્યે નિર્મળ હ્રદ (કુંડ) જેવા થવું, તેવા ઉત્તમ આચાર્યના સંસર્ગથી શિષ્યને કુમાર્ગનો પરિત્યાગ થાય. તેથી રાગદ્વેષની અવશ્યે હાનિ થાય, માટે આ પ્રતિપાદન ( સિદ્ધ ) કરવાના સંબંધ વડે આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે,

**अणाणाए एगे सोवट्ठाणा आणाए एगे निरुव-ट्ठाणा, एयं ते मा होउ, एयं कुसलस्स दंसणं तद्दिट्ठीए तम्मुत्तीए तप्पुरक्कारे तस्सन्नी तन्निवेसणे ( सू० १६६ )**

અહીંઆં તીર્થંકર ગણધર વિગેરેનો ઉપદેશ માનનાર હોય, તેને વિનેય (શિષ્ય) કહેલ છે, અથવા સર્વ ભાવના સંભાવિત પણાથી સામાન્યથી અભિધાન છે, અનાજ્ઞા એટલે ભગવાનના ઉપદેશ વિના પોતાની મેળે આચરે, તે અનાચાર છે, તે અનાચારમાં પ્રવર્ત્તેલા કેટલાક ઇંદ્રિયોને વશ થએલા અને દુર્ગતિમાં જવાની ઇચ્છાથી પોતાના મતના અભિમાન

ગ્રહથી બંધાયલા ( કદાગ્રહી ) છે, તથા ઉપસ્થાન તે બના-વટી તેમનું ધર્માચરણુ છે, તેમાં ઉદ્યમ 'કરનારા' તે સોપસ્થાન વાળા છે, તેઓ બોલે છે, કે 'અમે પણુ પ્રવ્રજિત છીએ' છતાં સારા ધર્મના વિશેષ વિવેકથી રહિત બનીને સાવદ્ય આરંભમાં વર્ત્તે છે. તેમ કેટલાક કુમાર્ગની વાસના વાળા ( મિથ્યાત્વી ) નથી, પણુ આળસ નિંદ્રા સ્તંભ (માન) વિગેરે ( ૧૩ કાઠિયા )થી બુદ્ધિ હણાતાં તીર્થંકરના કહેલા સદાચારમાં નિરૂપસ્થાન વાળા ( સારા ધર્માનુષ્ઠાન રહિત ) છે. એટલે મિથ્યાત્વી ચારિત્રના નામે અનાચાર કરે, અને સમ્યક્ત્વી જીવો પ્રમાદથી સંયમ પાળવામાં ખેદ પામે છે. તે બંનેને દુર્ગતિ મળવાની છે, તેવું જાણીને ગુરૂ કહે છે હે શિષ્ય! તને તેવી દુર્ગતિ ન થાઓ! ( માટે સમ્યક્ત્વ ધારણુ કરી ને પ્રમાદ છોડી પુરો સંયમ પાળ! ) આવું સુધર્માસ્વામી પોતાની બુદ્ધિથી નથી કહેતા, તે કહે છે, '**एतद्**' ઉપર કહેલું ( જિનેશ્વરનું છે ) અથવા આજ્ઞા રહિત નિરૂપસ્થાન પણું છે, અને આજ્ઞા પાલનમાં સોપ સ્થાનપણું (ચારિત્ર) છે, આવું તીર્થંકરનું દર્શન (મંતવ્ય) છે,

અથવા હવે પછી જે ઉપદેશ કહે છે, તે તીર્થંકરનું દર્શન છે, કે કુમાર્ગ છોડીને હમેશાં આચાર્યની સેવા કર-નારા થવું, તે આચાર્યની દૃષ્ટિમાં રહેવું તે 'તદૃષ્ટિ' છે, એટલે તીર્થંકરે કહેલા આગમમાં દૃષ્ટિ રાખનારો છે; તથા

તે આચાર્ય અથવા તીર્થંકરની આજ્ઞા પાલનારની મુક્તિ થાય છે, તે 'તન્મુક્તિ' છે, તથા તે સાધુ આચાર્યને બધાં કાર્યમાં આગળ કરે તેથી પુરસ્કાર છે, અર્થાત્ આચાર્યની અનુમતિથી કાર્ય કરનારો છે, તત્સંજ્ઞી, તે તેમના જ્ઞાનથી ઉપયુક્ત છે, તથા 'તન્નિવેશન' એટલે તે સદા ગુરૂકુળ નિવાસી છે, તેવાને શું ગુણ થાય, તે કહે છે,

**अभिभूय अदक्खू अणभिभूए पभू निरालंव णयाए जे महं अबहिमणे, पवाएण पवायं जाणिज्जा, सह संमइयाए परवागरणेणं अन्नेसिं वा अंतिए सुच्चा ( सू० १६७ )**

પરિષહો તથા ઉપસર્ગોને જીતીને અથવા ઘાતિ ચતુષ્ટયને જીતીને તત્વને જોયું, તથા અનુકૂલ પ્રતિકૂલ ઉપસગ આવતાં અથવા અન્ય તીર્થિકોથી પોતે હાર્યો નહીં; એવો સમર્થ ( પ્રભુ, ) નિરાલંબનતાને ધારણ કરે; પણ, તે આ સંસારમાં માતાપિતા, સ્ત્રી વિગેરેનું અવલંબન ન ચાહે; તથા, તીર્થંકરની આજ્ઞા બહાર વર્તવામાં નરક વિગેરેમાં જવાનું છે." એવુ ભાવવામાં સમર્થ થાય; પ્રશ્ન. પણ કયો પુરૂષ પરિસહ ઊપસર્ગને જીતનારો છે? તથા કોઈથી પણ, ન હારીને નિરાલંબનપણું લેવામાં સમર્થ થાય? આવું શિષ્ય પૂછે તો, તીર્થંકર, સુધર્માસ્વામી અથવા આચાર્ય તેને કહે છે:—

ઉ:—જેણે મોક્ષને લક્ષ્યમાં રાખ્યો છે, તે મહાપુરૂષ

લઘુકર્મવાળો મારા ઊપદેશથી બહાર ન હોય. માટે અબહિર્મન (સ્થિરચિત્તવાળો) છે, તે સર્વજ્ઞના ઊપદેશ પ્રમાણે ચાલે

પ્રઃ—પણ, તેના ઊપદેશનો નિશ્ચય કેવી રીતે થાય? કે, આ જિનેશ્વરનો છે?

ઉઃ—પ્રકૃષ્ટવાદ તે, પ્રવાદ છે. આચાર્યની પરંપરાએ ચાલેલો; તેને સર્વજ્ઞના ઊપદેશ તરીકે જાણીલે. અથવા અન્ય મતવાળાની અણિમાદિ આઠ પ્રકારની લબ્ધિ (ઐશ્વર્ય) દેખીને પણ તીર્થંકરના વચનથી બહાર મન ન કરે, પણ તેવાઓને ઇંદ્ર જાળીયા જેવા ઠગનારા જાણીને તેમનું અનુષ્ઠાન તથા તેમના વાદો (વચનનો) ને વિચારે (પરીક્ષા કરે)

પ્ર૦—કેવી રીતે?

ઉ૦—"पवाएण पवायं जाणिज्जा" પ્રકૃષ્ટવાદ તે પ્રવાદ 'સર્વજ્ઞ વાક્ય' છે, તે પ્રવાદ વડે બીજા તીર્થિકોના પ્રવાદની પરિક્ષા કરે, જેમકે વૈશેષિકો 'તનુ ભુવન વિગેરે કરનારને ઇશ્વર માને છે, કહે છે કે.—

**अन्यो जंतु रनीशाःस्या, दात्मनः सुखदुःखयोः**
**ईश्वर प्रेरितो गच्छेत् स्वर्ग वा श्वभ्रमेवच**

બીજો જીવ પોતાનું સુખ દુઃખ ભોગવવા અસમર્થ છે, પણ ઇશ્વરની પ્રેરણા થતાં તે સ્વર્ગે અથવા નરકમાં જાય છે.

આવા પ્રવાદોને જીનેશ્વરના પ્રવાદ વડે વિચારવા જેમકે આકાશમાં ઇંદ્ર ધનુષ્ય વિગેરે વિસ્રસા પરિણામે પરિણમીને પોતાને રૂપે બનેલાં છે, તેનો બનાવનાર જુદો ઇશ્વર વિગેરે કારણની કલ્પના કરવામાં અતિ પ્રસંગ આવશે, તથા ઘટપટ વિગેરેમાં દંડ ચક્ર ચીવર ( કપડું ) પાણી કુંભાર તુરી વેમ શંલાકા કુવિંદ વિગેરેના વ્યાપારથી આંતરા વિના મળતા આત્મ લાભ વાળાને મુકી તેને બદલે નહીં દેખાતા એવા ઇશ્વરથી પદાર્થો બને છે એવી કલ્પના કરતાં રાસભ (ગધેડા) ને પણ કર્તા કાં ન ગણવો ?

વાદીનો ઉત્તર—તનુકરણ વિગેરેમાં પણ પોતાનું કરેલું કૃત્ય અને તેથી બંધાયેલું કર્મ તેના વિના અવંધ્ય છે. પણ પોતાના કર્મની વિચિત્રતા છે. કર્મની ઉપલબ્ધિ સિવાય આવું કયાંથી હોય ? જૈનાચાર્ય કહે છે, જો તમે એમ માનો તો બંન્નેમાં તે સમાન કથન છે, વળી કારણરૂપ માતા પિતા એક છતાં અપત્યની વિચિત્રતા દેખવાથી અધિક નિમિત્ત વડે ભાવવું, અને તે ઇશ્વરનો સ્વીકાર કરવા કરતાં અદૃષ્ટ (નશીબ) નેજ ઇચ્છવું સારૂં છે ? કારણ કે તેના વિના સુખ દુઃખ સુભગ દુર્ભગ વિગેરે જગતની વિચિત્રતા ન હોય ! હવે સાંખ્ય મતવાળા કહે છે.

સત્ત્વ, રજ, તમઃ એ બધાંની સામ્યઅવસ્થા પ્રકૃતિ છે. પ્રકૃતિથી મહાન, તેથી અહંકાર, તેથી અગ્યાર ઇંદ્રિયો, તેથી પાંચ તન્માત્ર, તેથી પંચભૂત, અને તેથી બુદ્ધિ. એ

વિચારેલ અર્થને પુરૂષ (આત્મા) જાણે છે. પણ, તે પોતે અકર્તા, અને નિર્ગુણ છે. તે પ્રમાણે પ્રકૃતિ કરે છે, અને પુરૂષ ભોગવે છે. ત્યારપછી, કૈવલ્ય અવસ્થામાં હું દૃષ્ટા છું. એવું નિવર્તે (દૂર થાય) છે. વિગેરે તેમનું માનવું યુકિતવિકળ હોવાથી તેમના આંતરા વિનાના મિત્રોજ માનશે. કારણકે, પ્રકૃતિ અચેતન હોવાથી કેવીરીતે આત્માના ઉપકાર માટે ક્રિયાની પ્રવૃત્તિ કરશે ? અને હું દુઃખ દેનારો છું. એવું આત્મા દેખીને પોતાના ઉપકારની પ્રવૃત્તિ પોતે ન કરે ? કારણકે, પ્રકૃતિ અચેતન હોવાથી તેને વિકલ્પ થવાનો સંભવજ નથી; અને પ્રકૃતિ જો, નિત્ય હોય; તો, પ્રવૃત્તિની નિવૃત્તિનો અભાવ થઈજાય; અને પુરૂષનું કર્તાપણું ન હોય; તો, સંસારથી ઉદ્વેગ, અને મોક્ષની ઉત્કંઠા વિગેરેનો અભાવ થશે. કહ્યું છે કેઃ—

**नविरक्तो ननिर्विण्णो, न भीतो भव बंधनात्**
**नमोक्ष सुखकांक्षी वा पुरुषो निष्क्रियात्मकः ॥१॥**

તે વિરકત નથી; ખેદ પામેલો પણ નથી; તેમ, ભવબંધનથી ડરેલો નથી; અથવા, મોક્ષ-સુખનો આકંક્ષી નથી. એવા ગુણવાળો ક્રિયારહિત પુરૂષ છે. તેનો ઉત્તર જૈનાચાર્ય કહે છેઃ—

**कःप्रव्रजति सांख्यानां, निष्क्रिय क्षेत्रभोक्तरि**
**निष्क्रि यत्वात् कथंवाऽस्य, क्षेत्र भोक्तृत्वमिष्यते**

આત્માનિષ્ક્રિય છે. ત્યારે, સાંખ્યમતમાં દીક્ષા કોણ લે છે ? તથા ક્ષેત્ર ભોગવવામાં નિષ્ક્રિયપણાથી તેનું ક્ષેત્ર ભોગવવું કેવીરીતે ઇચ્છે છે ?

બૌદ્ધમતવાળા બધુ ક્ષણિક માને છે. તેનો ઉત્તરઃ—

જો, અન્વયરહિત વિનાશ થાય; તો, પ્રતિનિયતકાર્ય કારણભાવ સિદ્ધ ન થાય; પણ, એક સંતાન પરંપરાથી સિદ્ધ થાય છે. તેવું તમારૂં કહેવું ભણ્યા વિનાના જેવું છે ! કારણકે સંતાનવાળાના વ્યતિરેક (અભાવથી) કોઇપણ સંતાન નથી, અને સંતાનનું મૂળ પૂર્વ કાળમાં રહેવા પણું છે, તેજ કારણ હોય તો બધું એ બધાંનું કારણ થશે, કારણ કે બધાને પૂર્વ કાળમાં રહેવા પણું છે, તેથી તમારૂં કહેવું માલ વિનાનું છે, વળી.

**यज्जात मात्र मेव, प्रध्वस्तं तस्यका क्रियाकुंभे, नोत्पन्न मात्र भग्ने क्षिप्तं सन्तिष्ठते वारि ॥ १ ॥**

જો ઘડો બનવા વખતેજ નાશ પામે તો તે ઘડામાં શું ક્રિયા થઇ ? અને ઉત્પન્ન થતાંજ ઘડો ભાંગે, તો તેમાં નાંખેલું પાણી રહી શકે નહિ;

**कर्त्तारिजात विनष्टे धर्मा धर्म क्रिया न संभवति; तदभावे बंधःको ? बंधाभावेच कोमोक्षः ? ॥२॥**

ધર્મ પાપ કરનારો તુર્ત નાશ પામે, તો ધર્મ અને અધર્મની ક્રિયા સંભવે નહિ, અને ધર્મ અધર્મના અભાવમાં

પુણ્ય પાપનો બંધ ન હોય, અને તે બંધના અભાવમાં મોક્ષ કોનો થાય ?

બ્રહસ્પતિ ( ચાર્વાક ) મતવાળા ફક્ત પાંચ ભૂતોને માનતા હોવાથી જીવ પુણ્ય પાપ પરલોકનો તેમને અભાવ થતાં નિર્મર્યાદ પણે અમાનુષી કૃત્ય કરનારાને તિરસ્કાર પદ યુક્ત કૃત્યવાળાને ઉત્તર ન આપવો, તેજ ઉત્તર છે ! (તેમની જોડે વાત કરવી પણ અયોગ્ય છે) વળી.

**अब्रह्मचर्य रक्तैर्मूढैः, परदार घर्षणा भिरतैः; मायेंद्र जाला विषयवत् प्रवर्त्तितमसत् किमप्येतत् ॥१॥**

દુરાચારમાં રક્ત અને પરસ્ત્રી આલિંગનમાં મૂઢ બનેલા ઇંદ્ર જાલના જૂઠા પદાર્થ માફક આ લોકોએ એવું અસત્ મંતવ્ય ફેલાવ્યું છે ? વળી.

**मिथ्याच दृष्टि र्भवदुःख धात्री,**
**मिथ्यामतिश्चापि विवेक शून्या;**
**धर्मा य येषां पुरुषा धमानां,**
**तेषाम धर्मो भुविकीदृशोऽन्यः ॥ २ ॥**

ભવોનું દુઃખ આપનારી માતા સમાન જેમનું મિથ્યા દર્શન છે, અને જેમની મિથ્યા મતિ વિવેક રહિત છે, કે જે અધમ પુરૂષોએ ધર્મને નામે અધર્મ ફેલાવ્યો છે, તેવાને પૃથ્વીમાં બીજો કયો અધર્મ હશે ?

આ પ્રમાણે બધા તીર્થોના વાદમાં જિનેશ્વરના મતને અનુસરીને વિચારી અસત્યને દૂર કરવું; અને તે સર્વજ્ઞનું વચન તથા કુમાર્ગનું બરોબર નિરાકરણ કરીને તીર્થીકોના પ્રવાદોને આ બતાવેલા ત્રણ પ્રકારેવડે જાણે. (૧) મનન કરવું તે મતિ છે, અને જ્ઞાનઆવરણીયકર્મના ક્ષય ઉપશમથી કોઇપણ જ્ઞાન થાય; તે જ્ઞાનજ છે, તેથી એકદમ તેજ ક્ષણે મનના કારણે મતિશ્રુત અવધિ કે, બીજાં જ્ઞાનવડે (નિર્મળતા થતાં,) પોતે બીજા વાદોની પરીક્ષા કરે; અથવા જ્ઞાનવડે જોવાયોગ્ય તેમને શોભનિક તથા, મિથ્યાત્વ કલંકરહિત નિર્મળમતિ ( બુદ્ધિવડે ) બધા વાદોના સ્વરૂપને જાણે. કારણકે, સ્વ, અને પરનું સત્યપણું બતાવનાર મતિ છે. કોઇ વખતપર ( તીર્થંકરના ) ઉપદેશથી જાણે; અથવા તેમનું કહેલ આગમ ભણીને તેનાવડે જાણે; અથવા તેથી ન સમજાય; તો, બીજા આચાર્ય વિગેરે પાસે સાંભળીને યથાવસ્થિત વસ્તુના સદ્ભાવને જાણે; અને જાણીને શું કરે ? તે કહે છેઃ—

**निद्देसं नाइवट्टेजा मेहावी सुपडिलेहिया सव्वओ सव्वप्पणा सम्मं समभिण्णाय, इह आरामो परिव्वए निट्ठियट्ठी वीरे आगमेण सया परक्कमे ( सू० १६८ )**

( નિર્દેશ કરાય તે ) નિર્દેશ એટલે, જિનેશ્વર વિગેરેનો જે ઉપદેશ ( સાધુના હિત માટે ) છે, તેનું મર્યાદામાં રહેલ મેધાવીસાધુ ઉલ્લંઘન ન કરે. શું કરીને ? તે કહે છેઃ—

સારીરીતે વિચારીને કે, આ ત્યાગવાજોગ અન્ય મતો છે, અને આ ગ્રહણ કરવાયોગ્ય તીર્થંકરનાં વચન છે. તેને પોતે બધા પ્રકારોથી એટલે, દ્રવ્યક્ષેત્ર કાળભાવ-રૂપે તથા સામાન્ય વિશેષરૂપે-બધા પદાર્થોને ઉત્તમ મતિ વિગેરે ત્રણ જ્ઞાનથી વિચારીને હમેશાં આચાર્યની આજ્ઞા પાલન કરનારો બની બધાં દર્શનોનું નિરાકરણ કરે.

પ્રઃ—શું કરીને ? તે કહે છેઃ—બધા મતોનું તત્ત્વ સારીરીતે જાણીને, વિચાર કરી નિરાકરણ કરે. વળી, આ મનુષ્યલોકમાં સંયમમાં રતિ કરે; કારણકે, પરમાર્થથી વિચારતાં એકાંત અત્યંત રતિ ( આનંદ ) સંયમમાં છે, તે સંયમને પૂરો પાળવાની પરિજ્ઞાવડે જાણીને તેમાં લીન રહી ઇંદ્રિયોની ઉન્મત્તતા રોકીને સંયમ-અનુષ્ઠાનમાં રકત રહેવું. **किंभूत** વિગેરે. અહીં નિષ્ઠિત તે મોક્ષ છે, તેનો અર્થી બન, અથવા નિષ્ઠિત તે, પૂરો. અને અર્થ તે, પ્રયોજન છે. તે પ્રયોજનવાળો વીર તે કર્મને વિદારણ કરવામાં તૈયાર બનીને સર્વજ્ઞે બતાવેલા આચાર વિગેરેમાં સર્વકાળ યત્ન કરીને કર્મરિપુને જીત; અથવા, મોક્ષમાર્ગમાં ગમન કર.

આ પ્રમાણે સુધર્માસ્વામી કહે છે. આવો ઉપદેશ વારંવાર શામાટે કરે છે ? તેનું કારણ કહે છેઃ—

**उड्ढं सोया अहेसोया, तिरियं सोया वियाहिया**
**एए सोया विअक्खाया, जेहिं संगंति पासह ॥ १ ॥**

શ્રાતા એટલે, કર્મ આવવાનાં આસ્રવદ્વારો છે, તે દરેક ભવના અભ્યાસથી વિષયોના અનુબંધ વિગેરેથી જીવકર્મ પુદ્‌ગળોને લીધાંજ કરે છે, તેથી ઊંચે શ્રોત તે વૈમાનિક દેવીના અભિલાષની ઇચ્છા, અથવા વૈમાનિક દેવના સુખનું નિયાણું કરવું; કે, મને તેવું મળો. અધો ( નીચે ) ભવન-પતિના દેવોના સુખનો અભિલાષ, અને તિર્યંગ્‌લોકમાં વ્યંતર તથા મનુષ્ય તથા તિર્યંચના વિષયોની ઇચ્છા થાય છે, તે શ્રાતા છે, અથવા પ્રજ્ઞાપકના આશ્રથી ઊંચે તે પહાડનાં શિખરો તથા મોટાં મેદાન હોય; અથવા મોટા ધોધ પડતા હોય. નીચે નારકી તથા નદીના કિનારાની ઉંડી ગુફાઓનાં સ્થાન તથા તિર્યક્ લોકમાં આરામ સભા વિગેરે ઘર વિગેરે જીવોને ઉપભોગનાં સ્થાનો છે, તે બનાવટી કે સ્વભાવિક બને છે અથવા કર્મ પરિણુતિના કારણે મળેલાં છે, એ બધાં (રમણિક અરમણિક) સ્થાનો કર્મના આસ્રવ દ્વારો હોવાથી શ્રોતની માફક સ્રોતો છે, આ ત્રણે પ્રકારો વડે તથા બીજાં પાપોના ઉપાદાનના હેતુવડે પ્રાણીઓની થતી આસક્તિને અથવા કર્મના અનુષંગને જો, તે કર્મના અનુષંગના કારણથીજ એ સ્રોતો છે. એમ કહે છે, માટે તું સદા જૈનાગમ પ્રમાણે ઉદ્યમ કર.

**आवट्टं तु पेहाए इत्थ विरमिज्ज वेयवी, विणइत्तु सोयं निक्खम्म एसमहं अकम्मा जाणइ पासइ पडिलेहाए नावकंखइ इह आगइं गइं परिन्नाय ( सू० १६९ )**

રાગદ્વેષ કષાય અને વિષય રૂપ જે આવર્ત્ત છે, તે અથવા કર્મ બંધનો જે ભાવ આવર્ત્ત છે, તેને જોઇને તું વિષય રૂપ ભાવ આવર્ત્તને વેદ (આગમ)ને જાણનારો બનીને તેનાથી વિરમ, અર્થાત્ આસ્રવ દ્વારનો અટકાવ કર, બીજી પ્રતિમાં "विवेगं किट्टइ वेदवी." પાઠ છે, એટલે આસ્રવ દ્વારને અટકાવી તેનાથી થતા કર્મ બંધનો વેદવિદ્ માણસ અભાવ કરે? આસ્રવ દ્વારના નિરોધથી શું થાય? તે કહે છે, આસ્રવ દ્વારને દૂર કરવા દીક્ષા લઇને પ્રયાસ કરે, તેજ આ પ્રત્યક્ષ પ્રયોજન છે. અને તે આપણી ચાલુ વાતમાં મુખ્ય છે. તેથી 'આ' સર્વનામ વાચી શબ્દથી સૂચવ્યું, કે જે કોઇ મહા પુરૂષ અતિશય વાળાં (ઉત્તમ સંયમનાં) કૃત્ય કરીને કેવો થાય? તે કહે છે—અકર્મા એટલે ઘાતિ કર્મ રહિત બને, (કર્મનો અર્થ ઘાતિ કર્મ લીધેલ છે) આ ઘાતિ કર્મ દૂર થવાથી તે વિશેષથી જાણે, તથા સામાન્યથી દેખે છે, તથા બધી લબ્ધિઓ તેને થાય છે, એથી તે પૂર્વે જાણે છે, અને પછી દેખે છે. આથી ક્રમનો ઉપયોગ બતાવ્યો છે; તે પ્રમાણે તેને દિવ્ય (કેવળ) જ્ઞાન ઉત્પન્ન થવાથી ત્રણ લોકમાં માથાના મુકુટના મણિ સમાન (માનનીય) તથા સુરા સુર નરેંદ્રથી પૂજ્ય બને છે, તથા સંસાર સમુદ્રના કિનારે પહોંચનારો સંપૂર્ણ જાણેલ બની તે પોતે શું કરે? તે કહે છે, તે જાણવાનું જાણેલા સુર અસુર તથા માણસોથી થતી પૂજાને અનુભવીને પણ તેને કૃત્રિમ અનિત્ય અસાર સોપાધિક (ઇંદ્રજાળ જેવી)

માનીને ઇંદ્રિયોના વિષયોને જીતવાથી ઉત્પન્ન થએલ સુખની નિસ્પૃહતાથી તેવી ઇંદ્રાદિની પૂજાને પણ તેઓ ઇચ્છતા નથી, વળી આ મનુષ્ય લોકમાં રહ્યા છતાં કેવળ જ્ઞાનથી જીવોની આગતિ સંસાર ભ્રમણ તથા તેનાં કારણોને જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે સંસાર ભ્રમણ દૂર કરે છે, તેના નિરાકરણથી શું થાય ! તે કહે છે.

**अच्चेइ जाईमरणस्स वट्टमग्गं विक्खायरए, सव्वे सरा नियट्टंति, तक्का जत्थ न विज्जइ, मइ तत्थ न गाहिया, ओए, अप्पइट्ठाणस्स खेयन्ने, से न दीहे न हस्से न वट्टे न तंसे न चउरंसे न परिमंडले न किण्हे न नीले न लोहिए न हालिद्दे न सुक्किल्ले न सुरभिगंधे न दुरभिगंधे न तित्ते न कडुए न कसाए न अंबिले न महुरे न कक्खडे न मउए न गरुए न लहुए न उण्हे न निद्धे न लुक्खे न काऊ न रुहे न संगे न इत्थी न पुरिसे न अन्नहा परिन्ने सन्ने उवमा न विज्जए, अरूवी सत्ता, अपयस्स पयं नत्थि, ( सू० १७० )**

જાતિ (જન્મ) અને મરણના માર્ગના ઉપાદાન કારણ રૂપ કર્મને તે કેવળી સાધુ ઉલંઘે છે, અર્થાત્ બધાં કર્મોનો ક્ષય કરે છે, અને કર્મ ક્ષય થવાથી શું ગુણ થાય છે, તે

કહે છે, વિવિધ પ્રકારે પ્રધાન પુરૂષાર્થપણે રચેલાં શાસ્ત્રોના વિષયથી તપ અને સંયમ અનુષ્ઠાનનો વિષય અંતે મોક્ષ આપનાર કહ્યો છે, તે મોક્ષ બધા કર્મના ક્ષય રૂપ છે, અથવા જે સ્થાનમાં મોક્ષના જીવો (સિદ્ધ ભગવંતો ) રહેલા છે, તે સ્થાન જે આકાશ પ્રદેશમાં રહેલ છે, તેમાં પોતે રત છે. (સૂત્રમાં વ્યાખ્યાતનો અર્થ મોક્ષ લીધો છે) અને ત્યાં પોતે અત્યંત એકાંત બાધા રહિત સુખવાળા છે, અને ક્ષાયિક જ્ઞાન દર્શન રૂપ સંપદાથી યુક્ત બનેલા અનંત કાળ રહેવાના છે- (નમુત્થુણંમાં સિવ મયલ મરૂય મણંત મકખય મવ્વા બાહ મપુણરાવિત્તિ સિદ્ધિ ગઇ નામ ધેયં ઠાણં સંપત્તાણંનો અર્થ વિચારવો )

પ્ર૦-ત્યાં કેવી રીતે રહેલા છે ? તે કહે છે ત્યાં શબ્દોની પ્રવૃત્તિ નથી, અર્થાત્ શબ્દોથી કહેવાય એવી ત્યાં કોઇ પણ અવસ્થા નથી, તે બતાવે છે, 'સવ્વે' સંપૂર્ણ સ્વરો તે અધ્યયન ( ભણવાનું ભણાવવાનું ) જેમ અહીં છે, તેમ ત્યાં વાચ્ય વાચક સંબંધમાં ઉચ્ચારણ પણ નથી, કારણ કે શબ્દો તો રૂપ રસ ગંધ અને સ્પર્શ સમજાવવામાં કોઇપણ કારણે સંકેત કાળમાં ગ્રહણ કર્યા હોય, ત્યારે અથવા તેની તુલનામાં પ્રવર્ત્તે છે, પણ ત્યાં સિદ્ધોને શબ્દ વિગેરેની પ્રવૃત્તિ નથી, એથીજ મોક્ષ અવસ્થા શબ્દોથી કહેવાય તેમ નથી; ફક્ત શબ્દથી કહેવાય તેમ નથી, એમ નહીં પણ ઉત્પેક્ષણીય પણ નથી તે પણ બતાવે છે,

જ્યાં પદાર્થનો સંબંધ હોય ત્યાં તેના અધ્યવસાયના અસ્તિત્વમાં ઉહ તર્કો થાય, પણ જ્યાં તે નથી ત્યાં શબ્દોની પ્રવૃત્તિ કેવી રીતે થાય ? પ્ર–શામાટે ત્યાં તર્કનો અભાવ છે ? તે કહે છે–'**मनन**' કરવું તે મતિ છે અર્થાત્ તે મનનો વ્યાપાર છે. અને પદાર્થની ચિંતા (વિચાર)ની ચાર પ્રકારની ઔત્પાદિકા વિગેરે બુદ્ધિ છે. ત્યાં તેનો ગ્રાહક નથી. (પ્રયોજન નથી) કારણ તે મોક્ષ અવસ્થામાં બધા વિકલ્પોનો અભાવ છે,(ત્યાંવિકલ્પ થઈ શકતો નથી) ત્યાં મોક્ષમાં જે જીવો જાય તેઓને કોઈ પણ જાતના કર્મોનો અંશ છે કે.અથવા અકર્મ બનીને જાય છે,? તેનો ઉત્તર—કર્મ સહિત જે જીવો છે તેમનું ત્યાં ગમન નથી, એવું બતાવે છે. '**ओजः**' એકલોજ અર્થાત્ સંપૂર્ણ મલરૂપ કલંકથી રહિત ત્યાં સિદ્ધ ભગવંત છે, વળી તેમને ઔદારિક શરીર વિગેરેનું અથવા કર્મનું પ્રતિષ્ઠાન્ નથી, માટે તેઓ અપ્રતિષ્ઠાન છે. એટલે મોક્ષ અપ્રતિષ્ઠાન છે, તે મોક્ષને જાણવામાં 'ખેદજ્ઞ' (નિપુણ) છે. અથવા અપ્રતિષ્ઠાન નામનું નરક છે, ત્યાં તેમને લોકનાડી પર્યંતનું પરિજ્ઞાન છે, તેના આવેદન વડે બધા લોકની ખેદજ્ઞતા બતાવેલી છે ( સર્વે જીવોનું તેઓ દુઃખ સુખ જાણે છે ) સર્વ સ્વરનું નિવર્તન જે અભિપ્રાય વડે કહ્યું છે, તે અભિપ્રાયને હવે પ્રકટ કરે છે. તે પરમપદનો અભ્યાસી લોકાંતે કોશના છઠ્ઠા ભાગે ( $\frac{1}{6}$ કોશ ) જે

ક્ષેત્ર છે, તેમાં રહેલ છે, તેમને અનંત જ્ઞાન તથા દર્શન છે, તે સંસ્થાનને આશ્રયી પોતે દીર્ઘ ન થાય, ન હ્રસ્વ થાય, ન ગોલાકારે. ન ત્રિકોણ, ન ચતુષ્કોણ, ન ગોળા જેવો, તેમજ વર્ણરહિત તે કાળો નીલો લોહિત (લાલ) હારિદ્ર (પીળો) ધોળો કોઇ પણ જાતનો રંગ તેમને નથી, તેમ સુરભિ કે દુરભિ ગંધનથી, તેમ તીખો કડવો કષાયલો ખાટો મધુર રસ નથી, તેમજ કર્કશ (ખરબચડો) મૃદુ ગુરૂ શીત ઉષ્ણ સ્નિગ્ધ લૂખો કોઇપણ જાતનો સ્પર્શ નથી, તથા ઉષ્ણ શબ્દથી કાપોત વિગેરે લેશ્યાપણ નથી, અથવા કાય-વાળો નથી, એટલે જેમ વેદતાંવાદી કહે છે કે, એકજ મુક્ત આત્મા તેની કાયમાં બીજા ક્ષીણ કલેશવાળા પ્રવેશ કરે છે, જેમ સૂર્યનાં કિરણો સૂર્યમાં સમાઇ જાય છે, ( તેમ ઇશ્વરમાં બધું સમાઈ જાય છે ) તેમ જૈનમાં સિદ્ધનું સ્વ-રૂપ નથી.

વળી ન રૂહ ( એટલે બીજ અને જન્મના અર્થમાં રૂહ શબ્દ વપરાય છે ) એટલે કર્મ બીજના અભાવથી ફરીથી તેમને જન્મ નથી. પણ જેમ બૌદ્ધમતવાળા માને છે કે પોતાના દર્શનનું અપમાન થવાથી તે મુક્ત પરમાત્મા પણ જન્મ લે છે,

**दग्धेन्धनः पुन रूपैति भवं प्रमथ्य**
**निर्वाण मप्य न वधारित भीरुनिष्ठम्**

**मुक्तः स्वयंकृत भवश्च परार्थ शूर**
**स्त्वच्छासन प्रतिहतेष्विह मोहराज्यम् ॥१॥**

જૈનાચાર્ય તેમના મંતવ્યથી તેમનું ખંડન કરવા જિનેશ્વરની સ્તુતિ કરતાં કહે છે કે, બળેલું લાકડું જેમ ઉગી ન શકે, તેમ મોક્ષમાં ગયેલા કર્મ રહિત થએલા જીવને જન્મ મર્ણ ન હોય છતાં સંસારનું પ્રમર્થન કરીને નિર્વાણ પ્રાપ્ત કર્યા પછી મુક્ત થઈને પણ બૌદ્ધ નાયક પોતાની મેળે નવો ભવ લેનાર પારકાને (શિક્ષા કરવા) માટે શૂર બનેલા તેણે વિના વિચારે બીકણપણાના અંતવાળું નિર્વાણ માન્યું છે (અર્થાત્ પરોપકાર કરવા દુષ્ટને દંડદેવા પોતાના શાસ્ત્રનું મહત્વ વધારવા જન્મ લે છે ) એવા વિપ-રીત બોલનારા જેઓ તમારી આજ્ઞાથી બહાર રહેલા છે, તેમને વિષે મોહ રાજાનું આવું પ્રબળ રાજ્ય છે ! (જૈન ધર્મમાં એવું મંતવ્ય છે કે મુક્ત જીવને ફરી જન્મ નથી)

તથા અમૂર્ત્ત થવાથી તેને સંગ ન હોવાથી તે અસંગ છે, તથા સ્ત્રી પુરૂષ નપુંસકની ગણતરીમાં નથી. (ત્યારે કેવા છે તે કહે છે) વિશેષથી જાણે તે પરિજ્ઞ છે, તથા સામાન્ય બરોબર જાણે (દેખે) એવી સંજ્ઞાવાળો જ્ઞાનદર્શન યુક્ત છે. પ્ર—જો સ્વરૂપથી મુક્તાત્મા ન જણાય તો, ઉપમાદ્વાર વડે આદિત્યની ગતિ માફક જણાય છે કે ? ઉ—નહીં તે કહે છે, સાદૃશ વસ્તુની ઉપમા થાય છે કે તેની માફક આ

છે પણ તે સિદ્ધ મુક્ત આત્માની તુલના કે તેમના જ્ઞાન કે સુખની તુલના લોકની વસ્તુની સાથે થતી ન હોવાથી અનુપમ છે. પ્ર–શા માટે ? ઊત્તર–તે મુક્ત આત્માની જે સત્તા છે તે રૂપ રહિત છે. અને તે અરૂપીપણું ઉપર કહેલ દીર્ઘ વિગેરેનો નિષેધ કરવાથી બતાવ્યુંજ છે.

વળી તેને પદ 'તે અવસ્થા કોઇ પણ જાતની ન હોવાથી અપદ છે, તેનું અભિધાન પણ નથી કે જે પદ વડે અર્થ બોલાય કારણ કે વાચ્ય પદાર્થનો અભાવ છે. કારણ કે જે કહેવાય છે, તેજ શબ્દરૂપ ગંધ રસ ફરસ વિગેરેમાંથી કોઇ પણ એક વિશેષણથી બોલાય છે. તેનો અભાવ છે તે બતાવે છે. અથવા દીર્ઘ વિગેરે શબ્દોથી રૂપ વિગેરેનું વિશેષથી નિરાકરણ કર્યું હવે સામાન્યથી પછીના સૂત્રમાં નિરાકરણ કરે છે.

**सेनसद्दे न रूवे न गंधे न रसे न फासे, इच्चेव त्तिबेमि ( सू० १७१ ) षष्ट उद्देशकः लोक सारा ध्ययनं समाप्तं ॥ ५–६ ॥**

તે મુક્ત આત્માને શબ્દરૂપ ગંધ રસ કે સ્પર્શ નથી આજ ભેદો મુખ્યત્વે વસ્તુના છે, અને તેના પ્રતિષેધથી બીજો કંઇ વિશેષ ભેદ દેખાતો નથી, કે જેથી અમે બીજું બતાવીએ ! આ પ્રમાણે સુધર્મા સ્વામી કહે છે. સૂત્રાનુગમ કહ્યો, અને તેની સમાપ્તિથી અપવર્ગને પામેલો ( મોક્ષ

વિષય કહેવાનો) ઉદ્દેશો પૂરો થયો, તે મોક્ષની પ્રાપ્તિમાં તપની વક્તવ્યતા થોડામાં બતાવી પંચમ અધ્યયન પૂરૂં થયું (ટીકાના શ્લોક ૧૧૧૫ થયા)

पठ तु पठ तु भव्यो जन्म मारा दिहंतृ
जिन कथित सुबोधं गुंफ्फितं यद्गणेशैः
मुनिवर शिव बीजं दर्शनं ज्ञान चारौ
प्रभवति हृदि यस्मात् श्रेय आचार सूत्रं ॥ १ ॥

जीयाच्चिरं मुनिवरो खलु मोहनोयत्
पन्यास हर्ष मुनिपो ममतारकौद्धौ
देवाधि देव निरतो मुनिदेव साधुः
सर्वे चबोध विमला यतयो जयंतु ॥ २ ॥

धन्यं सूर्यपुरं जिनेद्र भवनै धर्मेण य दीपितं
पूज्यैः साधु गणै रलंकृत महो श्राद्धाः सदा धार्मिकाः
दीक्षा तीर्थ पतें मयाऽत्र रुचिरा पर्याय मुख्या हृता
शांति र्यत्र समाधि सारव्यजनका चित्ते स्थिता सर्वदा ॥ ३ ॥

## શ્રી મોહનલાલજી જૈન. શ્વે. જ્ઞાનભંડાર અને સંસ્કૃત ધાર્મિક પાઠશાળા

# શ્રી સંઘને જાહેર વિનંતિ.

સુરત, મુબઇ, અમદાવાદ વિગેરે શહેરોમાં મુનીરાજો સાધ્વીઓ વિહાર કરે તેમને સંસ્કૃત અને ધાર્મિક જ્ઞાન આપવા પંડિતની આવસ્યકતા રહે છે તેમ ભંડારમાંથી યોગ્ય પુસ્તકો મળે તેવા હેતુથી જ્ઞાનભંડાર થવા જોઇએ. તે ધ્યાનમાં લઈને શ્રીમાન્ પૂજ્ય મુનીવર મોહનલાલજી મહારાજે જ્ઞાનભંડારની યોજના માટે સુરતમાં ઉપદેશ કર્યો અને તેના માટે પોતાનું તમામ પુસ્તક સંઘને અર્પણ કર્યું અને જ્ઞાન ભંડારનું મકાન ઝવેરી નગીનચંદ કપુરચંદે બંધાવી આપ્યું તને લગભગ પંદર વર્ષ થયાં ખર્ચ વધવાથી માણસની અગવડ હતી તે ધ્યાનમાં લઇ પ્રવર્તક મહારાજશ્રી કાંતીમુનીજીની આજ્ઞા લઇ સંઘની પ્રાર્થનાથી શ્રીમત્પંન્યાસજી શ્રી રિદ્ધિમુનિજી મહારાજે ઉપધાન કરાવ્યા અને માલના ઘીની પેદાસ આ ખાતે લેવાની શરતે શેઠ લાલુભાઈ હેમચંદ સુખડીયા તથા નાનપુરાવાલા શેઠ હીરાચંદ જીવણજીએ ખર્ચ આપવા ઇચ્છા જણાવી. અને તે પ્રમાણે સારી પેદાસ પણ થઇ અને તેથી ટ્રસ્ટી અને કાર્યવાહકોએ રવિવાર તા૦૨૯–૧–૨૨ ના રોજ મીટીંગ ભરી તેને અનુમોદન આપી મહા સુદ ૫ તા–૨–૨–૨૨ ના રોજ સંઘને એકત્ર કરી ઉઘાડ

ભંડારની સાથે ધાર્મિક સંસ્કૃત પાઠશાળા પણ ચાલુ કરી એટલે પ્રભાતમાં એક કલાક જૈન બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે અને બપોરના એકથી ત્રણ સુધી મુનીવરો અભ્યાસ કરે છે, અને ત્રણ થી પાંચ સુધી ભંડારમાંથી કોઇને પણ પુસ્તક આપવામાં આવે છે.

## આવક અને ખરચ

લગભગ સાત હજાર રૂપીયા આવી જવાથી માસીક પેદાસ ૩૦ રૂપીયાની છે અને ઉઘરાણી પુરી આવતાં ૪૫ રૂપીયાં પેદાસ થશે એમ સંભવે છે પરંતુ પંચાવન રૂપીયાનું માસીક ખર્ચ હોવાથી ટ્રસ્ટડીડ થતાં સુધી નીચલા ગૃહસ્થોએ તાબડતોબ મદદ આપી પાઠશાળા વિગેરે શરૂ કરાવી છે તેમને માટે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. અને બીજા પણ બંધુઓ યોગ્ય મદદ આપવા ધ્યાનમાં લેશોજી. આ ભંડારમાં ભણનારાઓને પુસ્તક વીગેરે વાંચવા મળે છે. પણ બાળકોને તો ઉત્તેજન માંટે ઇનામ વીગેરેની પણ યોજના છે. માટે બાળકોને પણ ભણુવા મોકલવાં.

૪૦) હીરાચંદ જીવણજી.
૨૫) ઝવેરી ફકીરચંદ નગીનચંદ
૨૦) શેઠ દલીચંદ વીરચંદ
૨૦) શેઠ ચુનીલાલ દાળીયા
૧૦) પાલણપુરવાલા મેતા ચેલાભાઇ નાથુભાઇ

૧૦) ગાંધી કેશવલાલ અમુલખ.
૧૫) કલાણચંદ દેવચંદ ઝાંપાવાલા
૧૫) બીલીમોરાવાલા શેઠ. છમનાજી ચાંપાજી. સાધારણ ખાતામાંથી.

## જ્ઞાન ભંડારમાં વેચાતાં પુસ્તકો

આચારાંગ. ભા-૧ એકથી ત્રણ. દરેકના બે રૂપીયા. અગાઉથી મોકલવા.

આચારાંગ ત્રીજાચોથાના અઢી રૂપીયા અગાઉથી મોકલવા તેમાં સંપૂર્ણ સૂત્ર સમાપ્ત થશે.

દશવૈકાલીક ભા-૧-૨-૩-૪ ના ચાર રૂપીયા અગાઉથી મોકલવા.

દશવૈકાલીક સૂત્રદિપિકા ના રૂ-૪ અગાઉથી મોકલવા.

સૂયગડાંગ. ભા-૧ લો છપાય છે.

દ્વાદશપર્વ કથા છપાય છે.

પુસ્તક મોકલતાં વિલંબ થાય તો ફરી કાર્ડ લખી સુચના કરવી.

આ ભંડારના મેનેજીંગ ટ્રસ્ટી ચુનીલાલ ગુલાબચંદ. દાળીયાને નીમવામાં આવ્યા છે. ઉપરનાં પુસ્તકો જૈન વિજય પ્રેસમાં સુરત ખપાટીયા ચકલામાં વી. પી. થી મળશે.

ગિરધરલાલ હુંગસી શેઠ
ઓ. સેક્રેટરી.

"જૈન વિજય" પ્રેસ—સુરત.